શિક્ષાપત્રનું આચમન

ભાગ-૩



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રી વલ્લભઃ ॥

શિક્ષાપત્રનું આચમન

ભાગ - ૩

(ભાગ ૩ : શિક્ષાપત્ર ૨૧ થી ૩૦)

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

SHIKSHAPATRANU AACHMAN - PART III

by **Prof. Rameshbhai V. Parikh**

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન

- શ્રી વિજયભાઇ એમ. દેસાઈ, **(માત્ર રૂબરૂમાં)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
  ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ - ૪૦૦ ૦૦૨.
  ફોન : (૦૨૨) (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
  ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
- શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ **(રૂબરૂ અને પોસ્ટ દ્વારા)**
  'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
  બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  Email : shpct@hotmail.com

પ્રથમ આવૃત્તિ : માગશર વદ-૯, સં. ૨૦૪૩
બીજી આવૃત્તિ : સં. ૨૦૫૩ ત્રીજી આવૃત્તિ : સં. ૨૦૫૬
ચોથી આવૃત્તિ : સં. ૨૦૫૮ પાંચમી આવૃત્તિ : સં. ૨૦૬૨
છઠ્ઠી આવૃત્તિ : સં. ૨૦૬૮ સાતમી આવૃત્તિ : સં. ૨૦૭૦
આઠમી આવૃત્તિ : સં. ૨૦૭૨ **આઠમી આવૃત્તિ : સં. ૨૦૭૩**

પુસ્તક પ્રકાશન સહાય : **રૂા.૭૦=૦૦**

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા



શ્રી હરિરાયજીના નાના ભાઈ શ્રીગોપેશ્વરજી

(શિક્ષાપત્ર પરની વ્રજભાષા ટીકાના કર્તા)

શ્રીહરિરાયમહાપ્રભુજીના હસ્તાક્ષર



इतिश्रीद्विठ्ठलेश्वरचरकमलैकतानश्रीगोविं
दसुतश्रीद्कल्याणरायविरचिताजलभेदवि
वृतिःसंपूर्णा॥ ॥ ॥ ॥संवत्१७२८वर्षे
ज्ये॰सु॰११सोमेश्रीहरिरायेणालेखि॥ ॥ ॥

સમર્પણ

વડોદરાથી ખેરાળુ જતાં સડસડાટ દોડતી મોટરમાં બનેલી ઘટના છે. **પૂ. પા. જીજી** અને આપશ્રીનાં માતૃચરણ **પૂ.પા. શ્રીભાભીજી મહારાજ** કયા વિષય પરત્વે ભગવદ્દ્વાર્તાનું આયોજન કરવું તે અંગે વિચારવિમર્શ કરી રહ્યાં હતાં, ત્યારે આજના સમયમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવા અને આચરવામાં અસામર્થ્યવાન જીવોને ભગવદ્દ્માર્ગે લઈ જવાની અનુકંપાથી જેમનાં હૃદયમાં બિરાજીને શ્રીહરિરાયચરણે શિક્ષાપત્રની ભગવદ્દ્વાર્તા સપ્તાહનું આયોજન કરવાની આજ્ઞા કરી અને કરાવી, જેમની પરમ કૃપાના ફળસ્વરૂપે શિક્ષાપત્ર પરની ભગવદ્દ્વાર્તાની સપ્તાહોનું સુચારુ આયોજન થયું અને તેના પરિણામે આ ગ્રંથો પ્રકાશિત થઈ શક્યા તેવાં ભક્તવાત્સલ્યમય **પ.પૂ. શ્રીભાભીજી મહારાજનાં** યુગલ ચરણકમળોમાં સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે વિનીત ભાવે આ ત્રીજું પુષ્પ સમર્પણ.

અનુક્રમણિકા

૧. પ્રસ્તાવના ૫-૭

૨. સ્વાન્તઃ સંલાપ - પ. ભ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી ૮

૩. હજી આપણામાં પુષ્ટિમાર્ગ પ્રવેશ્યો નથી!
- ગો. શ્રીશ્યામમનોહરજી ૯-૧૪

૪. શિક્ષાપત્ર ૧૧ થી ૨૦ : સિંહાવલોકન ૧-૪

૫. શિક્ષાપત્ર ૨૧ : સંપૂર્ણ વિવેચન ૫-૩૦

શિક્ષાપત્ર ૨૨ : સંપૂર્ણ વિવેચન ૩૧-૩૬

શિક્ષાપત્ર ૨૩ : સંપૂર્ણ વિવેચન ૩૭-૫૯

શિક્ષાપત્ર ૨૪ : સંપૂર્ણ વિવેચન ૬૦-૮૦

શિક્ષાપત્ર ૨૫ : સંપૂર્ણ વિવેચન ૮૧-૮૭

શિક્ષાપત્ર ૨૬ : સંપૂર્ણ વિવેચન ૮૮-૧૦૯

શિક્ષાપત્ર ૨૭ : સંપૂર્ણ વિવેચન ૧૧૦-૧૪૦

શિક્ષાપત્ર ૨૮ : સંપૂર્ણ વિવેચન ૧૪૧-૧૬૩

શિક્ષાપત્ર ૨૯ : સંપૂર્ણ વિવેચન ૧૬૪-૧૮૮

શિક્ષાપત્ર ૩૦ : સંપૂર્ણ વિવેચન ૧૮૯-૨૦૦

પ્રસ્તાવના

'શિક્ષાપત્રનું આચમન' ભાગ - ૨ પ્રકાશિત થતાંની સાથે તરત જ શ્રીમહાપ્રભુજીની કૃપાથી 'શિક્ષાપત્રનું આચમન' ભાગ - ૩ પુસ્તક પ્રકાશિત કરવાની અનુકૂળતા થઈ આવી. અતિઅલ્પ સમયમાં 'શિક્ષાપત્રનું આચમન' ભાગ - ૩ આજે પ્રકાશિત થાય છે, તેનો સવિશેષ આનંદ છે.

'શિક્ષાપત્રનું આચમન' ભાગ - ૧ અને ૨ પુસ્તકોનું અવલોકન કરી, પૂજ્યાપાદ શ્રીઆચાર્યચરણોએ હાર્દિક પ્રસન્નતા વ્યક્ત કરી, આશીર્વાદ પાઠવ્યા છે. પોતાના નિત્યના સત્સંગમાં આ ગ્રંથોનો ઉપયોગ કરનાર શિક્ષિત, અશિક્ષિત, આબાલવૃદ્ધ સૌ વૈષ્ણવોએ પણ આનંદ વ્યક્ત કર્યો છે. વ્યક્તિગત રીતે રૂબરૂમાં અને પત્રથી પણ આ ગ્રંથોના ઉપયોગથી શિક્ષાપત્રોને સમજવામાં તેમને થયેલી અનુકૂળતા તેમણે રજૂ કરી છે. આ ગ્રંથોના વાચનથી તેમનામાં થયેલ જીવન-પરિવર્તનની વાત પણ નિખાલસ રીતે તેમણે કહી છે - લખી છે.

સંપ્રદાયના મહાનુભાવ વિદ્વાનોએ પણ આ બંને ગ્રંથોનું અવલોકન કરી, મને ઘણું પ્રોત્સાહન આપ્યું છે. તે સૌનો હું અંતઃકરણપૂર્વક ઋણી છું.

અમૃતના મહાસાગર જેવાં ૪૧ શિક્ષાપત્રોમાં ડૂબકી મારવાનું પણ જીવમાં સામર્થ્ય નથી. આપણે તો કિનારે ઊભાઊભા તે સાગરમાં જાગતા તરંગોને માણીએ અને ક્યારેક એમની કૃપાના ફળસ્વરૂપે એ તરંગો સામે આવીને આપણાં દેહ, મન અને ઇંદ્રિયોને ભીંજવી જાય, ત્યારે એ અમૃતરસમાં તરબોળ બનીએ. ક્યારેક હાથની નાની અંજલિમાં એ અમૃતના થોડક કણ સરખી રીતે ટકી રહે, તો એનું પાન કરી લઈએ. એથી વિશેષ કરવાની આપણામાં કોઈ ક્ષમતા ન હતી અને આજે પણ નથી.

આપણી આવી અસહાય સ્થિતિમાં પરમ પૂજ્યપાદ ગો. શ્રીઇન્દિરાબેટીજી મહોદયાએ તેમનાં મતૃચરણ પરમ પૂ.પા.શ્રીભાભીજી મહારાજના મનોરથસ્વરૂપે આપશ્રીના શ્રીગિરિરાજભુવનના પ્રાંગણમાં આપશ્રી-પ્રણીત શ્રીઅનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રીવૈષ્ણવ મહિલા મંડળ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે શિક્ષાપત્ર-સત્સંગ-સમાહનું ત્રણ વર્ષ સુધી અનોખું આયોજન કર્યું અને તેના પરિણામસ્વરૂપ આ ત્રણ

ગ્રંથો પ્રકાશિત થયા છે. શિક્ષાપત્રના ૩૧ થી ૪૦ પત્રોનો સત્સંગ-સપ્તાહ કાર્યક્રમ હવે પછી યોજાશે, ત્યારે તેનો ચોથો ભાગ પ્રકાશિત થઈ શકશે. આપણે ઈચ્છીએ કે આ કાર્યક્રમ અત્યંત નજીકના ભવિષ્યમાં યોજાય, જેથી ચાર ગ્રંથશ્રેણી સ્વરૂપે સમગ્ર શિક્ષાપત્રનું આચમન આપણને સુપ્રાપ્ય બને.

'શિક્ષાપત્રનું આચમન' ભાગ - ૧ની બધી જ પ્રતોનું વૈષ્ણવોમાં વિતરણ થઈ જવાથી હવે તે અપ્રાપ્ય છે. વૈષ્ણવોની તે માટે ઘણી માંગ પણ છે; પરંતુ જ્યાં સુધી ચારેય ભાગની આ ગ્રંથશ્રેણી પ્રકાશિત ન થાય ત્યાં સુધી તેનું પુનઃપ્રકાશન કરવામાં વ્યવસ્થા અંગેની કેટલીક મુશ્કેલીઓ છે. તેથી વૈષ્ણવો તે માટે ધીરજ રાખે, એવી અપેક્ષા છે.

પૂ. પા. ગો. શ્રીઈન્દિરાબેટીજી મહોદયાનો પણ સતત આગ્રહ રહ્યો છે કે આ ગ્રંથશ્રેણી બનતી ત્વરાએ પ્રકાશિત થાય. નજીકના ભવિષ્યમાં જ શ્રીવૈષ્ણવ મહિલા મંડળનો રજત જયંતી મહોત્સવ ઉજવવાનો છે. તે પ્રસંગે આ ત્રીજો ભાગ પ્રકાશિત થાય તેવી આપશ્રીની ઈચ્છા, આપશ્રીની કૃપાથી જ પરિપૂર્ણ થઈ રહી છે, **તે માટે હું આપશ્રીનો અંતઃકરણપૂર્વકનો ઋણી છું.**

આ ગ્રંથની હસ્તપ્રત તૈયાર કરવામાં જેમનો સવિશેષ સહકાર મળ્યો છે, તેવા મારા આત્મીય સ્વજન જેવા **શ્રીલવજીભાઈ ચૌધરીનો** ઘણો મોટો ફાળો છે. તેમની સહાય વિના આ કામ, કદાચ આટલી ઝડપે પરિપૂર્ણ થઈ શકત નહીં. હું તેમને હાર્દિક ધન્યવાદ આપું છું.

આ ગ્રંથના સુચારુ અને ઝડપી મુદ્રણ-કાર્ય માટે મારા સ્નેહી, મિત્ર અને મુદ્રણકલામર્મજ્ઞ **પ્રા. રાજનભાઈ કડિયાનો** તથા તેના મુદ્રક ભાગ્યમુદ્રા (પ્રિન્ટિંગ યુનિટ) અને તેના યુવાન સંચાલક **શ્રીદિલીપકુમાર કડિયાનો** પણ હું અંતઃકરણપૂર્વક આભારી છું. તેમણે આ પુસ્તકનું અત્યંત ઝડપથી મુદ્રણ કરવામાં ઘણી રીતે ત્યાગ અને સેવા-ભાવથી સહયોગ આપ્યો છે તે વિશેષ અભિનંદનને પાત્ર છે.

'શિક્ષાપત્રનું આચમન' ભાગ - ૧ અને ૨ ની નકલો વૈષ્ણવોમાં વિતરિત કરવા માટે જે જે વૈષ્ણવોએ સેવાભાવે સહકાર આપ્યો છે, તેમનો પણ હું કૃતજ્ઞી છું.

આ ગ્રંથના પ્રકાશન માટે **શ્રીઅનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટની** તત્પરતા અને ઉત્સાહ સાચે જ અભિનંદનીય છે.

આ ગ્રંથનું પ્રકાશન આ શિક્ષાપત્રોની સપ્તાહને કારણે જ શક્ય બન્યું છે. આ સપ્તાહ વખતે મારા નિવાસ આદિની ઉત્તમ પ્રકારે સુવ્યવસ્થા કરવા બદલ મારા વડીલ

સમા **પ.ભ.શ્રીભગવાનદાસભાઈ વલ્લવદાસ દલાલ** અને તેમના સમગ્ર પરિવારનું તથા મારા પરિવારનું પણ હું ઋણ સ્વીકારું છું.

આ ગ્રંથમાં **પરમ પૂ. પા. ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી** (મુંબઈ - કિશનગઢ)ના મલાડ મુકામે, શિક્ષાપત્ર સપ્તાહની ભગવદ્વાર્તામાં થયેલ વચનામૃતોની કેસેટ પરથી તૈયાર કરેલ લેખ વૈષ્ણવોને શિક્ષાપત્ર દ્વારા સ્વકર્તવ્યની સમજ મેળવવામાં અને તેનું આચરણ કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ માર્ગદર્શક બનશે એવી શ્રદ્ધા છે. આપશ્રીનો આ લેખ સામેલ કરતાં અમને અત્યંત આનંદ થાય છે. તે માટે હું **આપશ્રીનો પણ ખૂબ જ ઋણી છું.**

શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ, નબળા સ્વાસ્થ્ય વચ્ચે પણ ભગવદ્ ગુણગાન કરવાની શારીરિક અને માનસિક સુવિધાઓ પ્રાપ્ત થતી રહી છે. જિંદગીના શેષ વર્ષો આપશ્રીની કૃપાથી મળેલાં બોનસ વર્ષો છે; જેમાં ભગવદ્ ગુણગાન સદાસર્વદા ગવાતાં રહે એ જ એકમાત્ર અભિલાષા છે.

મહેસાણા, તા.૬-૧૧-'૮૬ દાસાનુદાસ
જ્ઞાનપંચમી, વિ. સં. ૨૦૪૩ **રમેશનાં સદૈન્ય**
ભગવત્સ્મરણ

ત્રીજી આવૃત્તિ પ્રસંગે...

પ્રથમ આવૃત્તિનું જ આ પુર્નમુદ્રણ છે.

શ્રીહરિઃ

સ્વાન્તઃ સંલાપ

પુષ્ટિમાર્ગાનુકૂલ જીવનઘડતરમાં ગો. શ્રીહરિરાયજીનાં શિક્ષાપત્રો અત્યંત ઉપકારક છે. વૈષ્ણવમંડળીઓમાં સર્વત્ર નિત્ય-નિયમપૂર્વક શિક્ષાપત્રનું સેવન થાય છે. આ શિક્ષાપત્રો ૪૧ છે. ગો. શ્રીહરિરાયજીના નાના ભાઈ ગો. શ્રીગોપેશ્વરજીનાં વહુજી લીલામાં પધાર્યાં, તે પ્રસંગે અજ્ઞ ઉદ્વિગ્ન જીવોને બોધ દેવાના હેતુથી ગો. શ્રીહરિરાયજીએ પોતાના નાના ભાઈને ઉપદેશ-પત્રો લખ્યા. સંપ્રદાયમાં તે 'શિક્ષાપત્ર'ના નામથી પ્રસિદ્ધ છે. પુષ્ટિ-દીક્ષાવાળાને તેમાં શિક્ષા દીધી છે. ભાવની ભિક્ષા તેમાંથી મળે છે.

સામાન્યતઃ લોકોનો ભાવ સાનુકૂળ સંયોગોમાં પોષાય છે, પણ પ્રતિકૂળ સંયોગોમાં શોષાય છે. કઠિન પરિસ્થિતિમાં લોકોનો ભાવ કરમાઈ જતો લાગે છે. જીવન વન છે, તેમાં કઠિનતા સ્વાભાવિક જ છે. તેમાં પણ ભાવ સ્થિર થાય, તો રસાનુભવ થાય. તે માટે ઉપયોગી ઉપદેશ ૧૦ મા શિક્ષાપત્રમાં છે. તેમાં જીવનમાં આવતી કઠિન પરિસ્થિતિનું સ્વરૂપ, કારણ અને ઉપાય સરળ રીતે સમજાવ્યાં છે. ભાવ વધે, સ્થિર થાય, તેવું તેમાં નિરૂપણ છે. અભાવ-કુભાવ પ્રતિકૂળ કઠિન પરિસ્થિતિને પરિણામે આવતા હોય કે આવ્યા હોય, તો તે દૂર થઈ જાય છે. સદ્ભાવની સમૃદ્ધિ સંચિત કરતી સમજ તેમાં દીધી છે.

- પ. ભ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી
નડિયાદ

હજી આપણામાં પુષ્ટિમાર્ગ પ્રવેશ્યો નથી!

-ગો. શ્રીશ્યામમનોહરજી

'શિક્ષાપત્ર' સપ્તાહ દ્વારા આપણે આપણાં કર્તવ્યોનું અને આપણી ભાવનાઓનું શ્રવણ, ચિંતન અને મનન કરી રહ્યાં છીએ. 'શિક્ષાપત્ર' આપણા સંપ્રદાયનો કોડ ઓફ કન્ડક્ટ - આચારસંહિતા કહેવાય એવો એક ગ્રંથ છે. આ માર્ગમાં પ્રવેશ મેળવવો તે ખરેખર ખૂબ જ સરળ છે; કારણ કે આ માર્ગ પુષ્ટિનો માર્ગ છે. છતાંય, વાસ્તવમાં જોવા જઈએ તો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ એ બહુ દુષ્કર કાર્ય છે; કારણ કે આપણે જેટલી સરળતાથી પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવી લઈએ છીએ, તેટલી સરળતાથી આપણા હૃદયમાં પુષ્ટિમાર્ગનો પ્રવેશ થતો નથી. 'શિક્ષાપત્ર', ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ અને ષોડશ ગ્રંથો આપણા પુષ્ટિમાર્ગના એવા ગ્રંથો છે કે જેમનું પ્રત્યેક વૈષ્ણવે પોતાના ઘરમાં, નિયમપૂર્વક વાચન અને ચિંતન કરવું જ જોઇએ. કમ-સે-કમ દરરોજ એક શ્લોક તો વિચારવો જ જોઇએ. આમ ન કરવાથી આપણને આપણા સિદ્ધાંતની ખબર પડતી નથી. આપણે ચાલવા લાગી જઇએ છીએ, પરંતુ આંખે બંધાયેલ અજ્ઞાનના પાટા ખૂલ્યા હોતા નથી. આંખો મીંચીને ચાલવાથી માર્ગ ઉપરથી દૂર થઇ જવાની કે ખસી જવાની ભીતિ હમેશાં રહેતી હોય છે. તેથી જ શ્રીમહાપ્રભુએ આપણા પુષ્ટિજીવોનું કર્તવ્ય બતાવતાં સ્પષ્ટ વિધાન કર્યું કે '**શાસ્ત્રમવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ સ્મર્તવ્યશ્ચ ।**' શાસ્ત્રને સરખી રીતે સમજવું અને સરખી રીતે સમજીને મન, વાણી અન. દેહથી શ્રીકૃષ્ણનાં સેવાસ્મરણ કરવાં. ત્યારે જ પુષ્ટિમાર્ગ આપણામાં પ્રવેશશે. તમે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ્યાં છો, એ ખૂબ જ અભિનંદનનો વિષય છે. પરંતુ જ્યાં સુધી એના ગ્રથોમાં બતાવેલા પુષ્ટિમાર્ગના દિવ્ય સિદ્ધાંતોનું તમે સરખી રીતે મનન-ચિંતન નહીં કરો, ત્યાં સુધી પુષ્ટિમાર્ગની સાચી મજા તમે માણી નહીં શકો.

કેવળ આપણે શાસ્ત્રોનું મનન-ચિંતત કરતાં રહીએ અને પ્રભુનાં સેવાસ્મરણ ન કરીએ, તો પણ પુષ્ટિમાર્ગ આપણા હૃદયમાં પ્રવેશી શકતો નથી. બીજી બાજુ, આપણે સેવાપરાયણ થઇ જઇએ, પરંતુ આપણા સિદ્ધાંતોને સમજીએ નહીં, તો પણ પુષ્ટિમાર્ગ આપણા હૃદયમાં પ્રવેશી શક્તો નથી. શ્રીમહાપ્રભુજી '**તત્ત્વાર્થદીપ-નિબંધ**'માં આજ્ઞા કરે છે કે '**સેવા ચ પ્રમાણમૂલૈવ પુરુષાર્થ પર્યવસાયિની**' - જે સિદ્ધાંતોના પાયા ઉપર સેવાનું જીવનધોરણ ઘડવામાં આવ્યું છે, તે સિદ્ધાંતોના પાયાને સમજ્યા વિના

આપણે મનમાં જુદા જુદા ભાવો રાખીશું, જેમકે, સેવા કરવાથી આપણો વ્યવસાય સારી રીતે ચાલશે અથવા આપણાં લગ્ન નહીં ગોઠવાતાં હોય તો ગોઠવાઇ જશે, તો આ સ્થિતિમાં સેવા કોઇ દિવસ પુરુષાર્થપર્યવસાયિની થઇ શકતી નથી. તેથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **શાસ્ત્રો સરખી રીતે સમજીને સેવાપરાયણ બનો.**

આજે આપણા સંપ્રદાયમાં બે પ્રકારના વૈષ્ણવો જોવામાં આવે છે. ઘણા લોકો શાસ્ત્રને એટલું બધું પ્રાધાન્ય આપે છે કે તેઓ સેવાને જતી કરે છે. તેઓ એમ માને છે કે શાસ્ત્રનું મનન કરતા રહો, તેનાં પ્રવચન કરતા રહો. તેમ કરતાં સેવા છૂટી જાય તો વાંધો નહિ. હું આ ઘટનાને એવી રીતે સમજું છું કે તમે ડોકટરો પાસે તમારા રોગોનું નિદાન કરાવતા રહો, પણ તેની સારવાર ન લો. મેં ઘણા વૈષ્ણવોને શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરતા જોયા છે. તેઓ એવી ઝડપથી પાઠ કરે કે પ્રત્યેક શ્લોકના અંતે આવતું ચરણ - **'કૃષ્ણ એવ ગતિર્મમ'** - ન બોલે! આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજી કેવળ આપણા રોગોનું નિદાન જ નથી કરતા, તેની સારવાર પણ બતાવે છે. બધા માર્ગો નષ્ટ થયા છે, પાખંડ પ્રચૂર થયો છે, મ્લેચ્છો બધા દેશોમાં ફરી વળ્યા છે. આ બધાં રોગનાં લક્ષણો છે. શ્રીમહાપ્રભુજી આ લક્ષણો બતાવીને જ અટકી જતા નથી. આવી સ્થિતિમાં શું કરવું તેની ચિકિત્સા તેઓ **'કૃષ્ણ એવ ગતિર્મમ'** કહીને બતાવે છે. જો શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરતાં આપણામાં એ ભાવ ન રહે, તો બાકીની પદાવલિઓથી આપણો રોગ દૂર નહીં થાય, ઊલટું, કદાચ રોગ વધી જશે, કેમ કે આપણા મનમાં એવો ભય પેસી જશે કે બધા માર્ગો નષ્ટ થઇ ગયા છે, પાખંડ વધી ગયો છે, ચારે બાજુ મ્લેચ્છો છવાઇ ગયા છે. હવે આપણું શું થશે? આથી જ આપણે દરેક વસ્તુને કાઉન્ટર બેલેન્સ કરતાં શીખવું જોઇએ. ચિકિત્સાને નિદાનથી કાઉન્ટર બેલેન્સ કરવી જોઇએ અને નિદાનને ચિકિત્સાનો ટેકો મળવો જોઇએ. કેવળ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરીને તેના સિદ્ધાંતો કહેનારા ખરેખર નિરાશાવાદીઓ છે, જે કેવળ રોગનું નિદાન કરે છે. પણ તેની ટ્રીટમેન્ટ - ચિકિત્સા બતાવતા નથી. જ્યારે બીજા કેટલાક એવા છે જે ચિકિત્સા કરે છે પણ તે સમજાવતા નથી!

આમ, અડધી વાત સ્વીકારવાથી કોઇ પરિણામ આવતું નથી. શ્રીમહાપ્રભુજી આપણને પુષ્ટિમાર્ગની સમગ્ર દૃષ્ટિ આપવા માગે છે કે તમે તમારા રોગનું નિદાન પણ કરો અને તેની ચિકિત્સા પણ કરો. આ અડધીપડધી પદ્ધતિએ આપણને અવળા માર્ગના રવાડે ચડાવી દીધા છે. જ્યાં સુધી દરેક વૈષ્ણવના ઘરમાં નિત્યનિયમપૂર્વક શિક્ષાપત્ર અને ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓનો સ્વાધ્યાય થતો હતો ત્યાં સુધી દરેક વૈષ્ણવને ખબર પડતી હતી કે અમારો રોગ શું છે અને તેની કઇ ચિકિત્સા છે. આ

ગ્રંથો બિલકુલ કઠિન બનાવવામાં નથી આવ્યા. એટલા માટે જ તે ગ્રંથો સરળ ભાષામાં જ રચાયા છે કે દરેક વૈષ્ણવ પોતાની જેવી સમજ હોય એવી સમજથી તે ગ્રંથો વાંચવાનું શરૂ કરે. જેમ જેમ આ ગ્રંથો વંચાતા જશે, તેમ તેમ આપણામાં તેના માનસિક સંસ્કારો પણ પડતા જશે - દૃઢ થતા જશે. આ માનસિક સંસ્કારો એવા ઘડાશે કે પછી આપણે ભવિષ્યમાં બહુ મોટા ગ્રંથો વાંચવાની જરૂરત જ નહીં પડે. આપણને આ ગ્રથોથી જ પુષ્ટિમાર્ગનો શો સિદ્ધાંત છે અને શો અપ્‌સિદ્ધાંત છે તેનો સરખો બોધ થઇ જાય. સંગીતનો જાણકાર માણસ સંગીત સાંભળતો હોય, ત્યારે તેના કાન એવા ટેવાયા હોય છે કે તે રાગમાં જે વર્જિત સૂર આવે તે સાંભળતાંવેંત જ તે કહી શકે કે આ સૂર આ રાગમાં ન હોવો જોઇએ. તેવી જ રીતે, આ ગ્રંથોના મનન પછી કોઈ આપણને ગમે તેવી આકર્ષક રીતે વાત કહે, વાતને બરાબર ફેરવી ફેરવીને કહે; પણ આપણને તરત સમજાઇ જવું જોઇએ કે આ સિદ્ધાંત છે કે અપ્‌સિદ્ધાંત છે? જો શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતને અનુકૂળ વાત હોય તો આપણે જરૂર સાંભળવી જોઇએ, પણ જો તે વાત શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતને અનુકૂળ ન હોય તો આપણે કાન બંધ કરીને ત્યાંથી ચાલ્યા જવું જોઇએ. જો આપણે અપ્‌સિદ્ધાંતને સાંભળવાની ટેવ નહીં પાડીએ, તો આપણા જીવનમાં અપ્‌સિદ્ધાંતને જીવવાનો પ્રશ્ન જ ઊભો નહીં થાય. આથી જ મારો આગ્રહ છે કે **તમે પ્રતિદિન સાંજે શિક્ષાપત્રનો એક શ્લોક અને ૮૪ વૈષ્ણવની વાર્તાનો એક પ્રસંગ આગ્રહપૂર્વક વાંચો.** આ સ્વાધ્યાય તમે બે વર્ષ, ત્રણ વર્ષ કે ચાર વર્ષ નિયમપૂર્વક કરી જુઓ. તેનાથી તમારા હૃદયમાં અને મનમાં કેવા સંસ્કારો જાગૃત થાય છે તે તમે જુઓ. તો જ તમને આપણા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોની સરખી સમજ આવશે. જેને અંગ્રેજીમાં કન્વીકશન કહેવામાં આવે છે, એટલે કે, મનથી સમજવાની તૈયારી. એ તૈયારી આ બે ગ્રંથોના સ્વાધ્યાય વિના સરખી રીતે થઇ શકતી નથી. **એટલા માટે જ આ બે ગ્રંથો આપણા સંપ્રદાયના અતિશય મહત્ત્વના ગ્રંથો છે. મને પ્રસન્નતા થાય છે કે આ બે ગ્રંથોનું તમે અહીં શ્રીરમેશભાઇ પરીખ દ્વારા શ્રવણ અને ચિંતન કરી રહ્યાં છો.**

શિક્ષાપત્રની શિક્ષાને જીવનમાં ઉતારવાની સૌથી વધુ જરૂરિયાત આજના યુગમાં અત્યારે દેખાય છે. આજે લોકો આપણી ઠેકડી ઉડાવે છે, કારણ કે આપણે એવું કર્યું છે. આપણા ધર્મને જીવનમાં એવી રીતે જીવીને આપણે એવું બખડજંતર કરી દીધું છે કે આપણી સેવા, જે આપણી જીવન જીવવાની એક ઢબ છે, તે સાચા સ્વરૂપમાં રહી નથી. આપણી સેવા કેવળ કર્મકાંડ બની ગઇ છે, તેથી તેનામાં પુષ્ટિની સૌરભ ન ઝળકવાથી સેવામાં પ્રભુનું સુખ જળવાતું નથી, પરંતુ આપણું જ

સુખ જળવાય છે. આપણી સેવાના સિદ્ધાંતનું સાચું પ્રયોજન આપણે સમજતા નથી. આપણે કંઇક ઊલટું જ સમજી બેઠા છીએ. તમે ગળામાં શ્રીમહાપ્રભુજીની કંઠી બાંધી હશે, છતાં તમે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં માનો છો કે કેમ? એ સિદ્ધાંતોને સ્વીકારવા તૈયાર છો કે કેમ? તે પહેલાં નક્કી કરવું પડશે. જો તમને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં આસ્થા હોય, શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં નિષ્ઠા હોય અને શ્રીમહાપ્રભુજીએ બતાવેલ માર્ગ ઉપર ચાલવાની તાલાવેલી હોય તો નિશ્ચિત માનજો કે હું તમને એવી કોઇ વાત નહીં કહું જે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ હોય.

શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં એક ગજબની વાત આપણને સંભળાવી છે. આપણી સેવાનું કેટલું બધું મહત્ત્વ છે તે તમે જાણો છો, પરંતુ એ સેવામાં કાળજી પણ એટલી જ લેવાવી જોઇએ. આપણા શરીરમાં જ્યાં જ્યાં મર્મસ્થાનો આવેલાં છે ત્યાં ત્યાં તેમના રક્ષણ માટે પ્રકૃતિએ હાડકાનું મજબૂત કવચ પણ આપેલું છે. જેમ કે હૃદય ઉપર હાડકાંની પાંસળીઓનું મજબૂત કવચ છે. જે મર્મસ્થાન નથી, ત્યાં હાડકાંનું કવચ આપવામાં આવ્યું નથી. જેમ કે આપણું પેટ. તે ગમે તેટલું સંકોચાય કે ફુલાય! આપણા હૃદય કે મસ્તકની જેમ જ સેવા એ પણ નાજુક વિષય છે, તેથી તેને પણ ઘણા બધા રક્ષણની જરૂર છે. આપણે સેવાના રક્ષણ માટેનાં જરૂરી કવચોનો ઉપયોગ નથી કરતાં. તેનું પરિણામ આપણી સામે આવી ગયું છે.આથી આપણે સૌ સમજીએ છીએ કે આપણે માર્ગમાં પ્રવેસી ગયાં છીએ અને માર્ગ ઉપર ચાલી રહ્યાં છીએ. પરંતુ વાસ્તવમાં માર્ગ આપણી ભીતર ચાલતો નથી! તમે માર્ગમાં પ્રવેશ્યાં છો તે પહેલું પગલું છે, પરંતુ બીજું પગલું એ હોવું જોઇએ કે માર્ગ તમારી ભીતર પ્રવેશે. તમારી ગતિ, મતિ અને રતિમાં માર્ગ નહીં પ્રવેશે તો આપણે જ આ માર્ગનો દાટ વાળીશું, બીજું કોઇ આ માર્ગનો દાટ વાળવા નહીં આવે! આપણામાં કહેવત છે કે ઘરના દીવડાથી જ ઘર બળી જાય. વાસ્તવમાં ઘરનો દીવડો કંઇ ઘરને બાળવા માટે નથી, ઘરને પ્રકાશ આપવા માટે છે. ઘરને પ્રકાશ આપનાર દીવાને સાચવવાની જેમના ઉપર જવાબદારી છે તે ઘરના ગૃહસ્થની છે. **આપણા ત્યાં સેવા ઊંચામાં ઊંચો અને પહેલામાં પહેલો સિદ્ધાંત છે.** ઘણા લોકો એમ માને છે કે સેવા એવો ઊંચો સિદ્ધાંત છે કે પહેલાં તેને - સેવાને અભરાઇ ઉપર ચઢાવી દે છે. **શ્રીમહાપ્રભુજીની વિચારધારા તો એવી છે કે જેણે બ્રહ્મસંબંધ લીધું છે તેણે સેવા કરવી જ જોઇએ. જેનાથી સેવા ન થતી હોય અથવા ન થવાની હોય, તેણે બ્રહ્મસંબંધ લેવું જ ન જોઇએ. સેવા ન કરનારને બ્રહ્મસંબંધ આપવામાં આવે તો તે અપરાધ છે અને લેવામાં આવે તો તે પણ અપરાધ છે.** આપણે હોસ્પિટલમાં દાખલ થઇએ અને પછી દવા લેવાની

આનાકાની કરીએ, તો આપણે બીજાં દર્દીઓને પણ મુશ્કેલીમાં મૂકી દઈશું. તમે તો દવા નહીં લેવાથી મૃત્યુ પામશો, પણ બીજા દર્દીઓ તમારું મૃત્યુ જોઈને ગભરાઈ જશે કે આ હોસ્પિટલમાં લોકો દાખલ થઈને મરી જાય છે. દવા લીધા વિના મરવું જ હોય તો આપણું ઘર શું ખોટું છે? હોસ્પિટલમાં જવાની જરૂર શી છે? તમે હોસ્પિટલમાં દાખલ થઈને દવા લેશો, તો તમને સ્વસ્થ થતાં જોઈને બીજા રોગીઓને પણ વિશ્વાસ બેસશે કે જેવી રીતે તે સ્વસ્થ થયો તેવી રીતે અમે પણ સ્વસ્થ થઈ જઈશું.

આજે મોટાભાગના વૈષ્ણવો આવી રીતે વર્તી રહ્યા છે. કયાંક ભીડ ભેગી થઈ જાય એટલે તેઓ ત્યાં પહોંચી જાય અને એમ માને કે આજનો લ્હાવો લીજિયે રે, કાલ કોણ દીઠી છે? પરંતુ ત્યાં લહાવો મળી રહ્યો છે તે સિદ્ધાંતનો છે કે અપસિદ્ધાંતનો છે તેની કાળજી આપણે લેતા નથી.આપણો સ્વભાવ છે કે જ્યાં લાઈન થયેલી જોઈએ, ત્યાં લાઈનમાં ઊભા રહી જઈએ. પરંતુ ખબર ન હોય કે આ શાની લાઈન છે અને આપણે શું લેવા નીકળ્યાં છીએ! આજકાલ આપણું પણ આવું જ થાય છે. આપણને આપણા સિદ્ધાંતનો દૃઢ આગ્રહ ન હોવાથી, આવા ગરબડ-ગોટાળા આપણાથી થાય છે, કારણ કે, આપણે માર્ગમાં પ્રવેશી ગયા છીએ, પરંતુ માર્ગ આપણામાં પ્રવેશ્યો નથી.

આથી જ શિક્ષાપત્ર જેવા ગ્રંથોનો નિયમિત સ્વાધ્યાય કરવાની જરૂર છે, તો જ આપણને ખબર પડે કે આપણો માર્ગ કેવો છે? એવું નથી કે જેમ તેનસિંગ એવરેસ્ટ ઉપર પહોંચી ગયો તેમ બધાંએ એવરેસ્ટ ઉપર જ પહોંચવું જ જોઈએ. ૮૪-૨૫૨ જેવા તાદશી ભગવદીયોને પ્રભુનો સાનુભવ થતો હતો, તેમ આપણે પણ ભીંતમાં કાન લગાવીને કહી દઈએ કે મને પણ સાનુભવ થાય છે! આવા તાત્કાલિક સાનુભવની બહુ ઉતાવળ કરવાની જરૂર નથી. શ્રીમહાપ્રભુજીએ આપણને જે માર્ગનો ઉપદેશ આપ્યો છે અને આ ભગવદીયોએ તે આચરી બતાવ્યો છે, તેને અનુસરવાની વિશેષ જરૂર છે. જ્યારે સાનુભવ થવાનો હશે ત્યારે થઈ જશે. યોગ્ય સમયે ફળ પાકે ત્યારે તેમાં આપોઆપ મીઠાશ આવી જાય છે. પછી તેમાં મીઠાશ લાવવા સાકર ભેળવવાની જરૂર પડતી નથી, પરંતુ ફળને કાચું તોડીને ખાવા લાગીએ તો તેમાં મીઠાશ ન હોય. સિદ્ધાંતશુદ્ધ વ્યવહાર કેવો હોવો જોઈએ તે તો સમજવું જ પડશે. સેવાના નામે આપણે બધું ભેગું કરતાં જઈએ છીએ, પરંતુ સેવાના નામે એ બધું ભેગું કરવા જેવું હોતું નથી. સેવાના નામે બધું ભેગું કરવાથી તે ભાવનાશક બનશે. આપણે સેવામાં આવી કાળજી લીધી નથી. મને દુઃખ એટલું જ થાય છે કે શ્રીમહાપ્રભુજીના માર્ગમાં આવ્યા પછી આ બિચારા જીવો કેવા છે કે તેઓ સાચો સિદ્ધાંત સમજી નથી

શકતા? તેમનો એવો શો અપરાધ થયો હશે કે જેથી તેમને શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત સરખી રીતે સમજમાં નથી આવતો? આપણા ત્યાં સેવાનો અર્થ પૈસા આપો એવો થઇ ગયો છે. આવો ખોટો અર્થ કોણે કર્યો? શા માટે કર્યો? શ્રીમહાપ્રભુજીએ આવો અર્થ કયારેય નથી કર્યો. આપણને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં અને તે સિદ્ધાંત પ્રમાણે પુષ્ટિમાર્ગમાં ચાલવામાં આત્મવિશ્વાસ નથી, તેથી આવા અનેક ખોટા અર્થો આપણે કાઢયા છે. સેવાનો સાચો મતલબ એ છે કે તમે તમારા પારિવારિક જનો સાથે, તમારા ઘરમાં, તમારા તનથી, તમારા ધનથી અને તમારા મનથી, તમારા માથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવા કરો. આ શરત પૂરી ન થતી હોય તો શ્રીમહાપ્રભુજી તેને સેવા માનતા નથી. શ્રીગુસાંઇજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે કોઇકનું તન, કોઇકનું ધન અને મનોરથ પણ કોઇકનો (મન પણ ત્રીજાનું) એવા વિભાગીકરણ દ્વારા જો સેવા કરો તો તે સેવા નથી. આમ કરવાથી આપણે આપણા પ્રભુની ભવાઇ કરીએ છીએ. ભક્તિમાર્ગમાં આવી ભવાઇ હોઇ શકે નહીં. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભક્તિ દિવ્ય અને ગરિમામયી છે, તેનો ભવાડો કરવો આપણને છાજે નહીં. શ્રીમહાપ્રભુજીના અનુયાયી તરીકે આપણને એવું સ્વાભિમાન હોવું જોઇએ કે શ્રીમહાપ્રભુજીએ મને ભક્તિનો જે દિવ્ય રથ આપ્યો છે તેનો હું કદી ભવાડો નહીં થવા દઉં.

(મલાડમાં શિક્ષાપત્ર સપ્તાહ દરમ્યાન આપેલ વચનામૃતમાંથી સાભાર)

શિક્ષાપત્ર : ૧૧ થી ૨૦ નું સિંહાવલોકન

ભગવદ્-કૃપા અને ભગવદીયોની કૃપાવિશેષથી ભગવદ્-કથામૃત અને ભગવદ્ સ્વરૂપામૃત દ્વારા હરિરસનું પાન પ્રાપ્ત થાય છે. ગયા વર્ષે શ્રીહરિરાયચરણ વિરચિત ૧૧ થી ૨૦ શિક્ષાપત્રોનું આપણે ચિંતન કર્યું હતું. હવે ૨૧ થી ૩૦ શિક્ષાપત્રોનું ચિંતન કરીએ, તે પહેલાં ૧૧ થી ૨૦ શિક્ષાપત્રોનું ફરીથી સ્મરણ કરી લઈએ.

શિક્ષાપત્ર - ૧૧

૭ શ્લોકોમાં વૈષ્ણવોનાં ચાર કર્તવ્યો બતાવવામાં આવ્યાં છે : (૧) ગુણગાન (૨) દુઃખભાવન (૩) દૈન્ય (૪) ત્યાગ.

ગુણગાન : શ્રીભાગવત આદિ ગ્રંથો દ્વારા પ્રભુનું ગુણગાન કરવાથી વાણી શુદ્ધ બને છે. તે ગ્રંથોના શ્રવણથી અને કીર્તનથી ભગવદ્ભાવ હૃદયમાં સ્થિર થાય છે. આવું ગુણગાન નિરપેક્ષ ભાવે પ્રભુના સુખ માટે કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે.

દુઃખભાવન : સેવા કરતાં, આપણાથી કશું બનતું નથી, તેવી ભાવના સતત રાખવાથી નિઃસાધનતા સિધ્ધ થાય છે. આવી નિઃસાધનતા વિચારવી તે જ દુઃખભાવન છે.

દીનતા : નિઃસાધનતામાંથી દીનતા પ્રકટે છે. તેથી અહંતા, મમતા અને લૌકિક આસક્તિ છૂટે છે. દીનતા ભગવદ્-દર્શન માટેનું બીજ છે.

ત્યાગ : દીનતાથી વિરહતાપ થાય છે, પરિણામે સાધનની અપેક્ષા અને આસક્તિ નાશ પામે છે. દેહ સંબંધી પદાર્થોનો આપોઆપ ત્યાગ થાય છે. વ્યસન અવસ્થા પ્રાપ્ત થતાં પ્રભુનો આંતર અનુભવ થાય છે.

શિક્ષાપત્ર - ૧૨

૧૬ શ્લોકમાં વિરહભાવના દ્વારા ભગવદ્સ્મરણ કરવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. અગિયારમા શિક્ષાપત્રથી પ્રકટેલી વિરહભાવના ભગવદ્સ્મરણથી વધે છે, તેથી આ શિક્ષાપત્રમાં પ્રભુનાં પચાસ સંયોગાત્મક ભાવનાં નામ અને ચૌદ વિપ્રયોગાત્મક ભાવનાં નામ મળીને ચોસઠ નામોનું સ્મરણ છે. આ નામોના સ્મરણથી શ્રીસ્વામિનીજીની કૃપા થતાં હૃદયમાં ભગવદ્ભાવ વધે છે.

શિક્ષાપત્ર - ૧૩

૧૧ શ્લોકોમાં અત્યારના કરાલ કલિકાલની બાધકતા અને તેમાંથી ભગવદ્‌ભાવની રક્ષા કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. વિરહથી વધેલો ભગવદ્‌ભાવ આજના સમયમાં કેવી રીતે ટકી રહે તેનો ઉપાય બતાવવામાં આવ્યો છે. સેવા અને કથાના અભાવમાં આપણી બુદ્ધિ બગડી છે, તેથી ભગવદ્‌ભાવની રક્ષા માટે સેવા અને કથામાં તત્પર બનવું. પ્રયત્ન કરવા છતાં તે ન બને તો સતત અષ્ટાક્ષરમંત્રનો જપ કરવો. શ્રીહરિરાયચરણ ૨૦ ભગવદ્‌નામથી દીનતાપૂર્વક પ્રભુનું સ્મરણ કરતાં આપણા ઉપર દયા કરવા વિનંતી કરે છે. દુનિયાની બધી બાબતોમાંથી ચિત્તને સંકોરી લેવું, સંકોરેલા ચિત્તને પ્રભુના ચરિત્રમાં રોકવું, ચિત્તમાં સતત પ્રભુની સ્મરણ-ભાવના રાખવી. આમ કરવાથી કરાલ કલિકાલ ચિત્તને દુષિત કરી શકતો નથી.

શિક્ષાપત્ર - ૧૪

સાત શ્લોકના આ શિક્ષાપત્રમાં કલિયુગના દુઃસંગથી બચવા માટે અન્યાશ્રયનો ત્યાગ કરવાની આજ્ઞા કરી છે. આપણા સ્વામી શ્રીયશોદોત્સંગલાલિત સિવાય બાકીનાં બધાં આપણા માટે અન્ય છે. તેમનો કોઈપણ હેતુ માટે કરવામાં આવતો આશ્રય ભક્તિમાર્ગમાં બાધક છે; કારણ કે, ભક્તિમાર્ગનો પાયો સ્નેહ છે. સ્નેહ અને આદર વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. સ્નેહ એકને જ થાય, આદર બધાંને અપાય. અન્યાશ્રય પાછળનો સૂક્ષ્મતમ હેતુ દુઃખની નિવૃત્તિ અને વિષયાનંદ ભોગવવાનો હોય છે. આ માટે આપણા પ્રભુના સામર્થ્યમાં આપણો અવિશ્વાસ કારણભૂત છે. અન્યાશ્રયની પ્રક્રિયા મનમાં શરૂ થાય છે, વાણી અને ક્રિયા દ્વારા બહાર વ્યક્ત થાય છે. અન્યાશ્રયથી પ્રભુ અપ્રસન્ન થાય છે; માટે શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો દૃઢ આશ્રય રાખી અન્યાશ્રયનો ત્યાગ કરવો.

શિક્ષાપત્ર - ૧૫

આઠ શ્લોકમાં શ્રીહરિરાયચરણ ભગવદ્‌સ્મરણનો પ્રકાર બતાવે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીનાં સ્વરૂપ, ગુણ અને લીલાઓનું સતત ચિંતન કરતા રહેવું. પ્રારંભમાં પ્રયત્નપૂર્વક કરવામાં આવતું આવું ધ્યાન સ્મરણ કહેવાય છે. ટેવ પડ્યા પછી વિના પ્રયત્ને તે ધ્યાન થતું રહે તે સંસ્મરણ કહેવાય છે. મન ભગવદ્‌વિષયમાં સદાય રમમાણ રહે તે ચિંતન. તેના માટે શ્રવણ અને કીર્તન આવશ્યક છે. આવું સ્મરણ શ્રદ્ધા, વિશુદ્ધ બુદ્ધિ અને આનંદપૂર્વક કરવું.

શિક્ષાપત્ર - ૧૬

દસ શ્લોકોમાં ચિંતા-નિવૃત્તિનો ઉપાય બતાવવામાં આવ્યો છે. ચિંતાની નિવૃત્તિ માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે આપણાં કર્તવ્ય કરવાં. આપણાં મુખ્ય ચાર કર્તવ્ય છે - સ્મરણ, સેવા, સત્સંગ અને શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો દૃઢ આશ્રય.

શિક્ષાપત્ર - ૧૭

દસ શ્લોકોમાં વૈષ્ણવી જીવન માટે શાનો ત્યાગ કરવો અને શાનો સ્વીકાર કરવો તેનું નિરૂપણ છે. વૈષ્ણવી જીવન જીવવાના બે માર્ગો છે : અવ્યાવૃત્તિપૂર્વક સેવાસ્મરણ. તે ઉત્તમ માર્ગ છે. વ્યાવૃત્તિપૂર્વક સેવાસ્મરણ. તે મધ્યમ માર્ગ છે. આવું જીવન જીવવા ચાર બાબતો આવશ્યક છે : (૧) શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ પ્રત્યેનો વિવેક અને તે પ્રમાણેનું વર્તન (૨) ભગવદ્‌ધામ અને ભગવદ્‌વાર્તામાં મૌનસેવન (૩) સેવા સ્વસુખ માટે નહીં, પણ પ્રભુસુખ માટે (૪) સૌ સાથે દીનતા અને પ્રેમભર્યું વર્તન. કલિયુગમાં ત્રણ દોષો વૈષ્ણવી જીવન જીવવામાં બાધક છે : (૧) સંગદોષ (૨) અન્નદોષ (૩) કલિદોષ. સંગદોષથી બચવા પ્રભુસેવા માટે જરૂર પડે ધન, ગૃહ અને કુટુંબનો ત્યાગ કરવો. અન્નદોષથી બચવા લૌકિક રાગ અને લોભનો ત્યાગ કરવો અને પ્રભુમાં અલૌકિક રાગ અને સંતોષ રાખી સમર્પિત જીવન જીવવું. કલિદોષથી બચવા દુ:સંગનો ત્યાગ કરવો અને સત્સંગમાં જોડાવું.

શિક્ષાપત્ર - ૧૮

સત્તર શ્લોકો દ્વારા પેટ ભરવાની ચિંતા છોડી, સેવાસ્મરણ કરવાની આજ્ઞા કરવામાં આવી છે. પેટ ખાતર ધર્માચરણ ન કરવું. સંસારાસક્તિને કારણે સેવાસ્મરણમાં ચિત્ત લાગતું નથી માટે સંસારાસક્તિ છોડવી. આપણી બધી પ્રવૃત્તિઓ ભગવદ્‌સેવા અને ભગવદ્‌સુખના વિચારોથી કરવી, ભગવદ્-સ્મરણ અને ચિંતન કરવું. ભગવદ્‌સેવા આજીવન સ્વધર્મ સમજીને કરવી. તે ફળ માટે, ભોગ માટે, પ્રતિષ્ઠા માટે કે પ્રસિદ્ધિ માટે ન કરવી. સેવા મનકલ્પિત પ્રકારે કે દુર્ભાવથી પણ ન કરવી.

શિક્ષાપત્ર - ૧૯

દસ શ્લોકોમાં સત્સંગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ રાખી, તેમની આજ્ઞાઓનું પાલન કરનાર ભગવદીયોનો જ સત્સંગ કરવો. આવો સત્સંગ ન મળે તો વિરહ ભાવના રાખવી. સત્સંગના અભાવમાં સતત શ્રીઅષ્ટાક્ષર મંત્રનો જપ કરવો.

શિક્ષાપત્ર - ૨૦

ઓગણીસ શ્લોકોમાં શરણાગત જીવનાં છ કર્તવ્યો બતાવવામાં આવ્યા છેઃ (૧) લોકનિંદાનો ભય ન રાખવો (૨) લૌકિકાસક્તિ છોડી ભગવદાસક્તિ વધારવા સત્સંગ કરવો (૩) શ્રીઅષ્ટાક્ષરમંત્રનું સતત રટણ કરવું (૪) અસમર્પિતના ત્યાગપૂર્વક ભગવદ્ સેવા કરવી (૫) ભક્તિમાર્ગીય પ્રકારે ભગવદ્ ગુણગાન કરવું (૬) પ્રભુમાં અવિશ્વાસ ક્યારેય ન કરવો.

વીસમા શિક્ષાપત્રના અંતે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'પ્રભુ સર્વ રીતે આપણી પાસે ભગવદ્ધર્મનું પાલન કરાવશે એવા સતત દૃઢ વિશ્વાસ સાથે ભગવદ્ધર્મની આ સીડીનાં પગથિયાં ચઢવા આપણે તત્પર બનવું જોઈએ; કારણ કે, પ્રભુ પોતાના ભક્તોનું કદાપિ અહિત કરતા નથી.'

આમ, બીજાં દસ શિક્ષાપત્રોનો બીજો ગુચ્છ પૂરો થયો. હવે આપણે ૨૧ થી ૩૦ શિક્ષાપત્રોનો ત્રીજો ગુચ્છ વિચારવાનો છે.

''શિક્ષાપત્ર'' પુષ્ટિસિદ્ધાંતોના મહાસાગરનાં અમૂલ્ય રત્નો છે. દેવદાનવો દ્વારા થયેલા સમુદ્રમંથનમાંથી ૧૪ દિવ્ય રત્નો નીકળ્યાં હતાં શ્રીહરિરાયજીના હૃદયસાગરના મંથનમાંથી ૪૧ પત્રો રૂપી ૪૧ દિવ્ય રત્નો આપણને પ્રાપ્ત થયાં છે.

કોઈને પણ પુષ્ટિસિદ્ધાંતોની પૂરી પાયાની સમજ મેળવવી હોય, તો તેમના હાથમાં ''શિક્ષાપત્ર'' નિઃસંકોચ મૂકી દેવાય. એવો કોઈ પુષ્ટિસિદ્ધાંત નથી, જે 'શિક્ષાપત્ર'માં ન બતાવાયો હોય!

''શિક્ષાપત્ર'' તો આપણું કલ્પવૃક્ષ છે. પુષ્ટિસિદ્ધાંત વિષે કોઈપણ પ્રશ્ન થાય, ત્યારે 'શિક્ષાપત્ર' ખોલો. જે પાનું ખૂલશે ત્યાં પ્રશ્નનો જવાબ હશે જ.

આવો આ ગ્રંથ દરેક વૈષ્ણવે કેવળ વાંચવા માટે નથી, નિત્ય મનન કરવા માટે છે. 'શિક્ષાપત્ર'નો સઘન સ્વાધ્યાય જીવનને પુષ્ટિભક્તિના રંગે રંગી દેશે.

શિક્ષાપત્ર : ૨૧

ભક્તિમાર્ગસ્તિરોભૂતઃ તથા સંગઃ સતામપિ ।
તતો ભાવસ્ય શૈથિલ્યં તદભાવેડખિલે વૃથા ॥ ૧ ॥

ભક્તિમાર્ગ તિરોભૂત થઈ ગયો છે. સંતપુરુષોનો સંગ પણ તિરોભૂત થઈ ગયો છે. એથી ભાવની શિથિલતા થઈ છે. જો ભાવનો અભાવ થાય, તો પછી સઘળું વૃથા છે. (૧)

ભક્તિમાર્ગીયતાભાવે ક્રિયામાત્રં હિ કર્મવત્ ।
તત્રાપિ ન મનઃ સ્થૈર્યં વિક્ષેપાદ્ વ્યવહારતઃ ॥ ૨ ॥

જો ભક્તિમાર્ગીયપણાનો અભાવ હોય, તો સેવાની ક્રિયા માત્ર કર્મકાંડ જેવી છે. એવી ક્રિયામાં પણ વ્યવહારને લીધે વિક્ષેપ થવાથી મનની સ્થિરતા જળવાતી નથી. (૨)

વ્યવહારોડપ્યસિદ્ધશ્ચેદ્વિશેષક્ષોભકો મતઃ ।
તદભાવે તુ ગાર્હસ્થ્યપ્રકારૈઃ સેવનં કુતઃ ॥ ૩ ॥

આમ વ્યવહાર પણ સિદ્ધ થતો નથી, તેથી વિશેષ ક્ષોભ થાય છે. જો વ્યવહારનો અભાવ હોય, તો ગૃહસ્થાશ્રમના પ્રકારથી સેવા શી રીતે બને? (૩)

વ્યાવૃત્યભાવપક્ષસ્તુ બુદ્ધયદાર્ઢ્યાત્સુદુર્લભઃ ।
બુદ્ધિદાઢર્યં તુ સતતં નિવેદનવિચિંતનૈ : ॥ ૪ ॥

વ્યાવૃત્તિ ન કરવી એ પક્ષમાં બુદ્ધિની દૃઢતા રહેતી નથી, તેથી તે અતિદુર્લભ છે. નિરંતર નિવેદનનું ચિંતન કરવામાં આવે તો બુદ્ધિની દૃઢતા થાય. (૪)

તત્રાપિ સહભાવસ્તુ સતામેવ નિરૂપિતઃ ।
તે દુર્લભા દુરગાશ્ચ તતો બુદ્ધિર્ન તાદશી ॥ ૫ ॥

તેમાં પણ સત્પુરુષોના સહભાવનું નિરૂપણ કરેલું છે; પરંતુ આવા ભગવદીયો દુર્લભ અને દૂર રહેતા હોવાથી એવી ઉત્તમ બુદ્ધિ હોતી નથી. (૫)

સ્થિતાપિ શીર્યતે નિત્યં પોષકાભાવતો મમ ।
ખિન્નં ચ જાયતે ચિત્તં વાર્તાશ્રવણતોઽન્યથા ॥ ૬ ॥

જો કે મારી બુદ્ધિ સ્થિર છે, તો પણ પોષણના અભાવથી તે શિથિલ થઈ જાય છે અને અન્ય વાર્તા સાંભળીને ચિત્ત ખિન્ન થઈ જાય છે. (૬)

શ્રુતોત્તમપ્રકારાશ્ચ ભગવન્માનસા અપિ ।
અસ્મદીયા લૌકિકેષુ પ્રતિષ્ઠામાત્ર સાધકાઃ ॥ ૭ ॥

અરે, આપણામાં પણ જેઓ ઉત્તમ પ્રકારે શ્રવણ કરનાર હોય છે, અને ભગવાનમાં મનવાળા હોય છે, તેઓ પણ લૌકિકમાં પ્રતિષ્ઠામાત્રને સાધનારા હોય છે. (૭)

ચિત્તવ્યયં પ્રકુર્વન્તિ વૃથા દેહં ચ તદ્ગતમ્ ।
ભગવન્માર્ગનિષ્ઠા તુ લોકનિષ્ઠાવિરોધિની ॥ ૮ ॥

એવાઓ ચિત્તને અન્ય જગ્યાએ લઈ જાય છે અને તેને તેમાં નકામું ચોંટાડી રાખે છે; કારણ કે તેમની ભગવદ્માર્ગની નિષ્ઠા લૌકિક નિષ્ઠાવાળી હોવાથી વિરોધી હોય છે. (૮)

સંસારવૈરી કૃષ્ણોઽપિ મૂઢાનેતાનુપેક્ષતે ।
કાલઃ સતામપિ હરત્યસૌ સંપ્રતિ સન્મતિમ્ ॥ ૯ ॥

શ્રીકૃષ્ણ, જે સંસારના વૈરી છે, તે એવા મૂઢોની ઉપેક્ષા કરે છે. અરે, આ કાળ એવો છે કે સત્પુરુષોની સન્મતિને પણ હરી લે છે. (૯)

કાલદોષનિરાકર્તા ન સંગોઽસ્તિ સતામપિ ।
અતઃ સ્થેયં સાવધાનૈઃ સમસ્તૈર્માર્ગવર્તિભિઃ ॥ ૧૦ ॥

હા, સત્પુરુષોનો સંગ કાલદોષનું નિરાકરણ કરે, પણ તેવો સંગ મળતો નથી; તેથી સર્વ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ સાવધાન રહેવું. (૧૦)

શિક્ષાપત્ર : ૨૧

શ્રીમહાપ્રભુજી 'નિરોધલક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે, જ્યારે શ્યામનાં વિરહી વ્રજભક્તોની સન્મુખ પીળું પીતાંબર, પીળી પાઘ અને મોરપિચ્છનો મુગટ ધરીને ભગવાનના અંતરંગ સખા ઉદ્ધવજી પધાર્યા છે, ત્યારે વ્રજમાં ભગવદ્ ગુણાનુવાદનો એક મહામહોત્સવ યોજાઈ ગયો. વ્રજભક્તો ઉદ્ધવજીની સાથે શ્યામસુંદરની લીલામાધુરીને, સ્વરૂપ-સૌન્દર્યને અને માહાત્મ્યને સ્મરતાં-સ્મરતાં એમનાં ગુણગાન ગાવામાં એવાં ઓતપ્રોત બની ગયાં કે ઉદ્ધવજીને પણ કહેવું પડ્યું કે 'હે વ્રજસ્ત્રીઓ! તમારા મુખારવિંદમાંથી નીકળતી આ ભગવદ્ કથા ત્રિભુવનને પાવન કરનારી છે. એવાં તમારી અનેક ચરણરજ પૈકીના એક રજકણને હું વંદન કરું છું.'

ભગવદ્ ગુણગાનનો મહિમા ગોપીગીતમાં ગોપીજનોએ વર્ણવ્યો. **"તવ કથામૃતં તપ્તજીવનં..."** - એ શ્લોકમાં ગોપીજનો આપણને શીખવે છે કે જેમ આપણા પ્રાણપ્રેષ્ઠ મુરલીમનોહર લલિતત્રિભંગી શ્યામસુંદર અલૌકિક ષડ્ગુણસંપન્ન છે, એમ એમની આ દિવ્ય કથા પણ એ જ અલૌકિક ષડ્ગુણથી સંપન્ન છે. પ્રભુ પોતાના સ્વરૂપમાં બિરાજીને આપણને સ્વરૂપાનંદનો અનુભવ કરાવે, એ જ પ્રભુ પોતાના નામમાં બિરાજીને પણ એમના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. એવી આ ભગવદ્વાર્તા, એનો આ હરિરસ શુદ્ધ દીનભાવે પીનાર સૌ કોઈ પ્રભુને પ્રિય બને છે. **'શિક્ષાપત્ર'** દ્વારા શ્રીહરિરાયચરણે આપણને પ્રત્યેક શિક્ષાપત્રમાં એ જ આજ્ઞા સમજાવી છે કે **'તમે બની શકે તેટલો વધારે ને વધારે સત્સંગ કરો, ભગવદીયો સાથે મળીને ભગવદ્વાર્તા કરો.'**

ઓગણીસ અને વીસમા શિક્ષાપત્રમાં શરણાગત વૈષ્ણવનું કર્તવ્ય શું છે, એ આપણે સમજવાનો પ્રયત્ન કર્યો હતો. શ્રીહરિરાયચરણે આપણને આજ્ઞા કરી હતી કે **"બ્રહ્મસંબંધ લીધા પછી ભગવદ્સેવા કરો."** હવે એકવીસમા શિક્ષાપત્રના દસ શ્લોકમાં આપણું ચિત્ત પ્રભુમાં એકાગ્ર ન થવાનાં કારણો અને તેના ઉપાયો બતાવવામાં આવ્યા છે.

પ્રિય વૈષ્ણવો, આપણી સૌની હંમેશની ફરિયાદ રહી છે કે પ્રભુની કૃપાથી જે કંઈ સેવા-સ્મરણ બને છે એ કરવાનો આપણે પ્રયત્ન તો કરીએ છીએ, પરંતુ ચિત્ત એમાં તદ્રુપ થતું નથી, ચિત્તની એકાગ્રતા સચવાતી નથી.

ચિત્તની એકાગ્રતા માટે કર્મ અને જ્ઞાનમાર્ગે યોગનો માર્ગ ચીંધ્યો. યોગીઓએ એમ કહ્યું કે 'જીવનમાં બધા ઉત્પાતોનું કારણ મન છે. જો મનને જ મારી નાખીએ, તો ઈંદ્રિયોનું તોફાન અટકી જાય.' યોગ દ્વારા યોગીઓએ ઈંદ્રિયોને મારવાનો રસ્તો બતાવ્યો. એ રસ્તો અઘરો તો છે જ, પણ અનુભવે જણાયું કે મન કદી મરતું નથી. કદાચ પ્રયત્નોથી એને દબાવી શકાય, પણ જ્યારે એના ઉપરનો સંયમ ઊઠી જાય ત્યારે બેવડા જોરથી એ મન પાછું ઉછાળા મારે છે. એટલે શ્રીમહાપ્રભુજીએ મનને સંયમમાં રાખવાનો ભક્તિમાર્ગીય પ્રકાર આપણને બતાવ્યો કે **'તમારા મનને મોહનમાં મેળવી દો, મનને મારી નાખશો નહીં.'**

મન મોહન સાથે મળી જાય, મન સેવાસ્મરણમાં-એ મોહનલાલની માધુરી મૂરતમાં એકાગ્ર બની જાય, એટલે ખુલ્લી આંખે તમે યોગ સિદ્ધ કરી લીધો છે એમ કહેવાશે. જે યોગની સાધનામાં યોગીઓને અનેક વર્ષોની તપશ્ચર્યાની જરૂર પડે છે; એ સહજ યોગ, સેવા દ્વારા આપણને સિદ્ધ થાય છે. પરંતુ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આવા સેવાના યોગમાં આપણું મન પ્રભુમાં લાગતું નથી, એનાં કેટલાંક કારણો છે.'

એકવીસમા શિક્ષાપત્રના પ્રારંભમાં શ્રીહરિરાયચરણ એનાં કારણો સમજાવે છે. આપણને દર્દ થાય એટલે ડૉક્ટર એ દર્દનું નિદાન કર્યા પછી, દર્દ કેમ થયું એનાં કારણો શોધવાનો પ્રયત્ન કરે છે. જે કારણથી દર્દ થયું હોય એ કારણને જ જો દૂર કરી દઈએ તો દર્દ બહુ જલદી દૂર થઈ જાય. દા.ત. ખાટું ખાવાના કારણે શરીરમાં વાની અસર થઈ છે એવું જો નિદાન થાય તો આપણે ખાટા પદાર્થો ખાવાનું બંધ કરીએ એટલે વાની અસર પણ આપોઆપ નિર્મૂળ થાય.

શ્રીહરિરાયચરણ મન એકાગ્ર ન થવાનાં કારણો આપણને એટલા માટે બતાવી રહ્યા છે કે આપણે એ કારણોને સમજીને એ કારણોને દૂર કરવા માટે તત્પર બનીએ. શ્રીહરિરાયચરણ પહેલું કારણ બતાવે છે કે 'આ કલિયુગમાં સર્વ માર્ગ નષ્ટ થયા છે. જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ઉપાસનામાર્ગ - આ બધા માર્ગો તો કલિયુગમાં ક્યારનાય નષ્ટ થઈ ચૂક્યા હતા, પરંતુ જુદા જુદા આચાર્યોએ બતાવેલો ભક્તિમાર્ગ પણ આ કલિયુગમાં તિરોધાન થઈ ગયો છે. આપણે સાચા માર્ગે પ્રભુની ભક્તિ પણ કરી શકતાં નથી.

ભક્તિ એટલે શું? ભક્તિનો માર્ગ એટલે કયો માર્ગ? એનો વિચાર કરીએ, તો શ્રીઆચાર્યચરણોએ આપણને ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું, ભક્તિનું સ્વરૂપ નારદજીએ

'નારદપંચરાત્ર'માં બતાવ્યું, શાંડિલ્ય મુનિએ 'ભક્તિસૂત્રો'માં બતાવ્યું. નારદજી ભક્તિની વ્યાખ્યા આપે છે : **''માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢઃ સર્વતોધિકઃ સ્નેહઃ ભક્તિઃ।''**

ભક્તિ શબ્દમાં બે શબ્દ છે : 'ભજ્' ધાતુ છે, તેને 'ક્તિન્' પ્રત્યય લાગેલો છે. ભજ્ ધાતુનો અર્થ થાય છે સેવા કરવી. ક્તિન્ પ્રત્યયનો અર્થ થાય છે સ્નેહપૂર્વક. **અર્થાત્ સ્નેહપૂર્વક સેવા કરવી તેનું નામ ભક્તિ.**

સ્નેહ ક્યારે થાય? નારદજી કહે છે કે જેને સ્નેહ કરવો હોય, એનું માહાત્મ્ય આપણે જાણવું જોઈએ. આપણે શ્રીઠાકોરજીને, શ્રીયશોદોત્સંગલાલિતને સ્નેહ કરવો છે. શ્રીગુસાંઈજીએ બતાવ્યું : શ્રીયશોદાજીની ગોદમાં ખેલનાર શ્રીકૃષ્ણને તમે પરમ તત્ત્વ જાણજો. શા માટે શ્રીકૃષ્ણ પરમ તત્ત્વ છે? શ્રીમહાપ્રભુજી એનો ખુલાસો કરતાં 'શ્રીકૃષ્ણાશ્રય'માં આજ્ઞા કરે છે :

> **''પ્રાકૃતાઃ સકલા દેવાઃ, ગણિતાનંદ કં બૃહત્ ।**
> **પૂર્ણાનંદો હરિસ્તસ્માત્, કૃષ્ણ એવ ગતિર્મમ ॥''**

અન્ય દેવો પ્રાકૃત છે. અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે, જ્યારે કૃષ્ણ પરમાનંદ છે, પૂર્ણાનંદ છે, પૂર્ણ-પુરુષોત્તમ છે. માટે કૃષ્ણ એ મારું શરણ છે. આમ, શ્રીકૃષ્ણનું માહાત્મ્ય આપણે જાણીએ એટલે એમને સ્નેહ કરવાનું મન થાય. શ્રીકૃષ્ણની લીલાઓને જાણીએ એટલે એમની સેવા કરવાનું આપણને મન થાય. **આવું માહાત્મ્યજ્ઞાન થયા પછી એ પ્રભુને સુદઢ અને સર્વથી અધિક પ્રેમ કરવો, એનું નામ ભક્તિ.**

શાંડિલ્ય મુનિએ પણ એ જ વાત કહી : ભક્તિ એટલે ઈશ્વરમાં, પ્રભુમાં સર્વશ્રેષ્ઠ એવો પ્રેમ. માટે આ ભક્તિનો માર્ગ, સહેલો હોવા છતાંય કલિયુગમાં મુશ્કેલ છે. કલિયુગના જીવ વિશેષ સ્વાર્થપરાયણ છે. આપણે પોતે પોતાના લાભ માટે જીવીએ છીએ, આપણું દરેક કાર્ય આપણા લાભ માટે હોય છે. આપણને પરાર્થ કરતાં સ્વાર્થમાં વિશેષ રુચિ છે. પરિણામે, આપણા મનનું એવું બંધારણ થઈ ગયું છે કે કોઈને મદદ કરીએ ત્યારે પણ મનમાં ઊંડે-ઊંડે એવી ઈચ્છા હોય છે કે કોઈક દિવસ એ વ્યક્તિ આપણા ઉપયોગમાં આવશે, એ આપણને મદદ કરશે!

દુનિયામાં પ્રેમ, સ્વાર્થના સંબંધ પર રચાયેલો છે. માતા દીકરાને ઉછેરે છે ત્યારે માના હૃદયના અજ્ઞાત ખૂણામાં એવી એક વાસના છે કે હું વૃદ્ધ થઈશ ત્યારે મારો આ દીકરો મારું પોષણ કરશે. બહેન ભાઈને સ્નેહ કરે છે, ત્યારે બહેનના અજ્ઞાત ખૂણામાં એક વિચાર પડ્યો છે કે મારી મુશ્કેલીમાં મારો ભાઈ મને મદદ

કરશે. પિતા દીકરાને ભણાવે છે, ત્યારે દીકરો પિતાના માટે વિચારે છે કે આ પિતા મદદ કરે છે, માટે મારે એમની આજ્ઞામાં રહેવું જોઈએ. આપણા બધાંના સંબંધમાં, દુનિયાના પ્રેમમાં સ્વાર્થની ગંધ આવે છે. કલિયુગનું આ એક વિશિષ્ટ લક્ષણ રહ્યું છે. આવા સ્વાર્થની ગંધથી ગંધાતા હૃદયવાળા આપણે સૌ પ્રભુને નિઃસ્વાર્થ પ્રેમ કેવી રીતે કરી શકીએ? પ્રભુ પાસેથી કોઈ વસ્તુ માગવાની અપેક્ષા રાખ્યા વિના કેવળ પ્રભુના સુખ માટે તન-મન-ધન ન્યોછાવર કરવાની આપણામાં વૃત્તિ ક્યાંથી જાગૃત થાય?

માટે શ્રીમહાપ્રભુજીએ આપણને નિષ્કામ ભક્તિ માટેનો એક સુંદર ઉપાય બતાવ્યો કે **તમે શ્રીઠાકોરજીની બાલભાવથી સેવા કરો.** સેવા કિશોરભાવથી કેમ ન કરવી? માધુર્યભાવથી કેમ ન કરવી ? લૌકિકમાં મા બાળકોને આપવામાં રાજી છે, લેવામાં કદી રાજી હોતી નથી. મા બાળક પાસે કદી માગતી નથી, બાળકને સતત આપ્યા કરે છે. પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ પણ બાળકને આપી દે છે.

આપણે પણ શ્રીઠાકોરજીની બાલભાવથી સેવા કરીએ. તેઓ યશોદાજીના લાલ છે, એમ વિચારી, જે બને તે એમને આપવાનો વિચાર રાખીશું, તો લેવાનો વિચાર નહીં આવે. માતાને ગમે તેટલું દુઃખ પડે, મા ઘરના એકાંત ખૂણામાં રડતી હોય, પણ ત્યાં એનો દીકરો આવી પહોંચે; ત્યારે મા પાલવથી આંસુ લૂછી, પરાણે હસતું મોં કરી, દીકરાની આગળ પોતાનું દુઃખ વ્યક્ત નહીં કરે!

આપણે પણ શ્રીઠાકોરજીની આગળ આપણાં દુઃખનાં રોદણાં નહીં રડીએ. એ બાળક છે, યશોદાજીના એ લાલ પરમાનંદ સ્વરૂપ છે. આપણે એમની આગળ હસતા મુખે જ રહીએ, તો ભક્તિમાર્ગમાં આગળ વધી શકાય. શ્રી મહાપ્રભુજીએ બાલભાવની સેવા દ્વારા વિશિષ્ટ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ આપણને બતાવ્યો.

આજના સમયમાં આ સેવા પણ આપણે સ્વસ્થ ચિત્તે કરી શકતા નથી. એટલે આપણા ઘરમાંથી ધીમે ધીમે સેવા ઘસાતી જાય છે. આપણા મનમાંથી સેવાનો આગ્રહ ઘટતો જાય છે; પરિણામે પૃથ્વી ઉપરથી ભક્તિમાર્ગ પણ તિરોભૂત થઈ રહ્યો છે. સેવા ન કરનારની સંખ્યા વધતી જાય છે. એનું એક બીજું આડ પરિણામ એ નીપજે છે કે સત્સંગ પણ ઘટતો જાય છે. સેવા કરનાર, સ્મરણ કરનાર ન હોય તો કોનો સત્સંગ થાય? પ્રભુમાં પ્રેમ નથી એટલે પ્રભુનાં ગુણગાન સાંભળવાં ગમતાં નથી. બીજાં લૌકિક કાર્યોનાં બહાનાં બનાવીને પણ સત્સંગથી દૂર રહેવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : 'આ કલિયુગમાં આવી રીતે ભક્તિમાર્ગ તિરોભૂત થઈ ગયો અને સત્સંગ પણ તિરોભૂત થઈ ગયો. સર્વત્ર વણિકવૃત્તિનું પ્રમાણ વધી ગયું છે.'

બ્રાહ્મણ, ક્ષત્રિય અને શૂદ્ર - આ ત્રણે વર્ણ ભક્તિ માટે સહજ રીતે અધિકારી છે, કારણ કે બ્રાહ્મણનો સ્વભાવ છે, જે માહાત્મ્ય સમજાય તેને બરાબર વળગી રહેવું. ક્ષત્રિયનો સ્વભાવ છે કે પોતાનું ગણ્યું તે પ્રાણાંતે સાચવવું. શુદ્રનો સ્વભાવ છે કે સહજ રીતે સૌની સેવા કરી દાસ બનીને રહેવું. આ લૌકિક સ્વભાવ અલૌકિકમાં ફેરવાઈ શકે છે. શૂદ્ર પ્રભુના સરળતાથી દાસ બને છે, ક્ષત્રિય પ્રભુના ચરણે પોતાનું માથું ધરી દે છે, બ્રાહ્મણો પણ પ્રભુનું સ્વરૂપ જાણી, પ્રભુના બનીને રહે છે; પરંતુ વણિકવૃત્તિને પોતાના લાભ અને નુકસાન સિવાય બીજો કોઈ હિસાબ આવડતો નથી. બીજાને આપી દેવાનું લૌકિક ચોપડામાં ઉધાર બાજુનું પાસું હશે, બીજા પાસેથી મેળવી લેવાનું જમા પાસું હશે!

પુષ્ટિમાર્ગ લૌકિક માર્ગથી ઊલટો છે. અહીં આપી દેવાનું, શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં તન-મન-ધન ખર્ચવાનું જમા પાસું છે, બીજાનું લેવાનો વિચાર કરવો એ ઉધાર પાસું છે. એટલા માટે ઉપનિષદે કહ્યું : "તેન ત્યક્તેન ભુંજિથાઃ।" તમે ત્યાગીને ભોગવો, તમે બીજાને માટે તમારી જાત ખર્ચીને રાજી થાઓ, તમે બીજાની સેવા લઈને રાજી ન થાઓ. આપણી આ વૃત્તિને કારણે આજે આપણને ભક્તિના માર્ગે ચાલવાનું ઉચિત લાગતું નથી. આપણે ભક્તિમાર્ગને, સેવામાર્ગને વેપાર બનાવી દીધો છે. પરિણામ એ આવ્યું છે કે આપણાં ધર્મસ્થાનો વેપારની દુકાનો બની ગયાં છે, વેપારનાં કેન્દ્રો બની ગયાં છે અને ત્યાં પણ આપણી વૃત્તિ વેપારની રહી છે.

એક ગામમાં જવાનું થયું. મંદિરના ટ્રસ્ટીઓ સાથે વાત ચાલતી હતી કે 'અમારા વૈષ્ણવો એવો આગ્રહ રાખે છે કે સામગ્રીમાં એક રૂપિયો આપીએ તો પણ એક નંગ મળવું જોઈએ. અમારી પાસે હિસાબ માગે છે કે તમારે એક નંગનો ખર્ચ કેટલો આવે?' શું આ કોઈ હલવાઈની કે કંદોઈની દુકાન છે?'

એકવાર એક મંદિરમાં જવાનું થયું. ત્યાં જોયું કે વૈષ્ણવ સામગ્રીમાં રૂપિયા આપે, એમને ત્રાજવામાં જોખીને પ્રસાદ અપાતો હતો. આપણાં ધર્મસ્થળો આવાં વ્યાપારનાં કેન્દ્રો બની ગયાં છે. આપણી વૃત્તિ દરેક ઠેકાણે નફો-નુકસાન જોખનારી બની ગઈ છે! પરિણામે આ વાત આપણી સેવામાં પણ આવી! હું સેવા કરું તો મને એનાથી લાભ શો? હું મિસરી ધરું તો મને એનાથી ફાયદો શો? હું ઝારી ભરું તો

વધારે ફાયદો મળશે? હું અનસખડી ધરું તો એનાથી પણ વધારે ફાયદો થશે? હું સખડી ધરું તો સૌથી વધારે ફાયદો થશે? આપણે ફાયદાની ભાષામાં સેવાનું મૂલ્ય નક્કી કરવા બેઠા, સેવાની હાટડી માંડીને બેઠા! પરિણામે આપણા હૃદયમાંથી ભક્તિનું જે બીજ હતું તે સુકાવા માંડ્યું. માટે શ્રી આચાર્યચરણ **'વિવેકધૈર્યાશ્રય'**માં આજ્ઞા કરે છે : 'કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો પણ હવે દુઃસાધ્ય બની ગયા છે.'

એકવીસમા શિક્ષાપત્રની ટીકામાં શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે **'આપણી સેવા મન વિનાની બની છે, ક્રિયાવત્ બની ગઈ છે.'** લૌકિકમાં એમ કહે છે કે મન વિનાનું ગાવું એ નકામું છે, એ જ રીતે અલૌકિકમાં મન વિનાની સેવા કરવી, એ પણ નકામી છે. કેમ કે સેવાની જે ક્રિયા કરીએ છીએ એમાં આપણાં સમય અને શક્તિ ખર્ચાય છે, લૌકિક કાર્યોમાં એટલો સમય ઓછો અપાય છે. પરંતુ સેવાનું જે અલૌકિક ફળ મળવું જોઈએ એ ન મળ્યું, અને લૌકિકમાં જે સિદ્ધ થવું જોઈએ એ પણ ન કરી શક્યા! ગુજરાતીમાં એક કહેવત છે - બાવાનાં બેય બગડ્યાં. ઘરમાં ઝઘડો થયો. સ્મશાનવૈરાગ્ય આવ્યો એટલે સંસારી વેશ છોડીને ભગવાં પહેર્યાં; પણ પેલું મન તો સંસારના કાદવમાં ડૂબેલું છે, ભગવાં કપડાં પહેર્યાં પણ મન ભગવું બન્યું નથી. એટલે ન સંન્યાસ ઉજ્જવળ થયો, ન સંસાર સુખી થયો! બાવા બનવાથી, સંન્યાસ પ્રાપ્ત કરીનેય જ્ઞાન કે તપના માર્ગે આગળ વધી શકાયું નહીં! એવું જ કંઈક આપણા માટે પણ થઈ ગયું. આપણે ન પૂરી સેવા કરી શક્યા, ન પૂરેપૂરા લૌકિક કાર્યોમાં ગૂંથાઈ શક્યા. એના કારણે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'સતત ચિંતા રહ્યા કરે છે. પરિણામે સેવામાં ચિત્ત લાગતું નથી.' સેવામાં ચિત્ત નહીં લાગવા માટેનાં આટલાં બધાં કારણો છે.

ડૉક્ટરે રોગનું નિદાન કર્યું, રોગ થવાનાં કારણો બતાવ્યાં. તો આપણે ડૉક્ટરને કહીશું કે હવે એની દવા પણ આપો. ચિત્ત પ્રભુમાં લાગે, આપણે સેવાસ્મરણ કરતા હોઈએ એમાં આપણું ચિત્ત લાગે એ માટેનો ઉપાય હવે શ્રીહરિરાયજી બતાવે છે.

શ્રીહરિરાયજી જે દવા આપે છે એ બહુ ઊંચા પાવરની દવા છે. એને બરાબર જીરવવી પડશે. એની પરેજી પણ બરાબર પાળવી પડશે; તો જ એ દવા આપણને ઉપયોગી બનશે.

શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી : 'શ્રીમહાપ્રભુજીએ રસ્તો બતાવી દીધો છે : **'સેવા કરવાના બે માર્ગ - વ્યાવૃત્ત રહીને સેવા કરવી અને અવ્યાવૃત્ત થઈને સેવા કરવી.'** આપણા બધાની સેવા વ્યાવૃત્ત રહીને થતી સેવા છે. આપણે ત્યાં આજ સુધી

'અવ્યાવૃત્તિ'નો એક અર્થ એવો કરવામાં આવ્યો કે નોકરી-ધંધો બધું છોડી, ઘરમાં રહીને સેવા કરવી એનું નામ 'અવ્યાવૃત્તિ' અને નોકરી-ધંધો કરતાં કરતાં સેવા કરવી એનું નામ 'વ્યાવૃત્તિ'. શ્રીમહાપ્રભુજીના મતે અને ટીકાકાર શ્રીઆચાર્યચરણોના મતે આ શબ્દોનો બીજો અર્થ પણ છે. વ્યાવૃત્તિ શબ્દને આપણે સમજીએ. વિ+આ+વૃત્તિ એટલે વ્યાવૃત્તિ. વૃત્તિ એટલે વિચાર. વૃત્તિ શબ્દને બે ઉપસર્ગ લાગ્યા 'વિ' અને 'આ'. 'આ' ઉપસર્ગનો અર્થ છે ચારે બાજુથી. અને 'વિ' એટલે વિશેષ પ્રકારે. ચારે બાજુથી વિશેષ કરીને વિચારોમાં ડૂબેલા રહેવું એનું નામ વ્યાવૃત્તિ. જો આપણા મનની આવી સ્થિતિ હોય, તો પણ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : 'સેવા છોડવી નહીં.' વ્યાવૃત્ત મન લૌકિકમાં ફસાયેલું રહેતું હોય, તો પણ તમે સેવા ચાલુ રાખજો. પરંતુ ધીમે-ધીમે, સભાનતાપૂર્વક, જ્યારે જ્યારે યાદ આવે કે મારું મન બહાર ભટકવા માંડ્યું ત્યારે પ્રયત્નપૂર્વક એ મનને પાછું ઠાકોરજીમાં જોડવાનો પ્રયત્ન કરજો.

મન રાતોરાત ચોવીસ કલાક પ્રભુમાં જોડાઈ નહીં જાય. એને ક્રમશઃ પ્રયત્નપૂર્વક ધીમે ધીમે જોડવું પડશે. પહેલા દિવસે એક મિનિટ આપણું મન પ્રભુમાં લાગેલું રહે, અઠવાડિયાના અંતે પાંચેક મિનિટ મન લાગેલું બને, અને એમ કરતાં મહિનાના અંતે પા કલાક અને પ્રયત્ન ચાલુ રાખીએ તો વર્ષના અંતે કદાચ બે-ત્રણ કલાક પણ મન પ્રભુમાં સ્થિર બની જાય. આપણે ધીરજપૂર્વક મન પ્રભુમાં લગાડવાનો પ્રયત્ન કરવો પડશે.

મન જ્યારે લૌકિકમાં ડૂબેલું હોય ત્યારે ધીમે ધીમે તમારા ચિત્તને પ્રભુની અંદર પરોવવાનો સભાનતાપૂર્વક ધીરજથી પ્રયત્ન કરજો. આવો પ્રયત્ન કેવી રીતે થાય? અષ્ટાક્ષરની માળા કરવા આપણે બેઠાં, શ્રીસર્વોત્તમજીનો પાઠ કરવા બેઠાં. શ્રીયમુનાષ્ટકનો પાઠ કરવો છે, મન એમાં જોડવું છે. તો શું કરીશું? બે રસ્તા છે : મન બિલકુલ નથી લાગ્યું ત્યાં સુધી સામે શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીનાં ચિત્રજી પધરાવીને બેસીએ. ખુલ્લી આંખો રાખીને સ્વરૂપ પર આપણી દૃષ્ટિ સ્થિર કરીએ. શ્રીયમુનાષ્ટક બોલતી વખતે શ્રીયમુનાજીના જે સ્વરૂપનાં દર્શન થઈ રહ્યાં છે એનું ચિંતન કરીએ કે આપે કેવાં વસ્ત્રો ધારણ કર્યાં છે! કેવા શૃંગાર ધારણ કર્યા છે! કેવી રીતે કમળની માળા શ્રીહસ્તમાં ધારણ કરી, પોતાના નિકુંજનાયકને ધરાવવા પધારી રહ્યાં છે! આ ચિંતન કરતાં ક્યારેક આપણે ગોકુળ કે મથુરા ગયાં હોઈએ, ત્યાં શ્રીયમુનાપાન કર્યાં હોય, શ્રીયમુનાજીનાં દર્શન કર્યાં હોય, શ્રીયમુનાજીને દૂધ-ભોગ વગેરે ધર્યાં હોય એનું ચિંતન કરીને મનથી સેવા-ધ્યાન કરીએ કે હું ગોકુળમાં શ્રીયમુનાજીના ઠકુરાણી ઘાટ ઉપર બેઠો છું, શ્રીયમુનાજીને દૂધથી સ્નાન કરાવી રહ્યો

છું, શ્રીયમુનાજીને વસ્ત્રઆભૂષણ ધરું છું, શ્રીયમુનાજીને પુષ્પમાળા ધરું છું, શ્રીયમુનાજીને દૂધઘરના ભોગ ધરું છું! આ રીતે શ્રીયમુનાજીના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં, પ્રયત્નપૂર્વક મનને શ્રીયમુનાજીમાં આપણે વાળી શકીએ.

આવી રીતે શ્રીસર્વોત્તમજીના પાઠ કરો છો ત્યારે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ચિંતન કરો. જે બેઠકજીએ જઈ આવ્યા છો એ બેઠકજીનું સ્મરણ કરી, મનથી ત્યાં પહોંચી જાવ. સેવાધ્યાનમાં શ્રીમહાપ્રભુજીની સર્વ સેવા કરો. કેસરસ્નાન કરાવો, અત્તર સમર્પો, તિલક કરો, ધોતી-ઉપરણા ધરો, માળા ધરો, ભોગ ધરો, ઝારીજી ભરો. આમ, ધીમે ધીમે આપણા મનને આપણે પ્રભુમાં એકાગ્ર કરવાની સતત પ્રેક્ટિસ કરતા રહેવી પડશે. જો મનની આવી ટેવ પાડીશું, તો ધીમે ધીમે લૌકિકમાં જે મન ફસાયેલું છે એ અવ્યાવૃત્ત થઈ જશે. એટલે કે લૌકિકમાંથી નીકળી જશે.

આપણે ઘરમાં શ્રીઠાકોરજીની સેવા કરીએ છીએ, પણ આજે આપણી સેવા ક્રિયાવત્ બની ગઈ છે. એનું કારણ એ છે કે એ સેવા પાછળની ભાવભાવના અને લીલાભાવના આપણે જાણતાં નથી. આપણે ઝારીજી ભરીએ છીએ, શ્રીયમુનાષ્ટકનો પાઠ કરીએ છીએ ત્યારે એટલું જ ભાન છે કે આ મથનીમાંથી જળની લોટી ભરીને ઝારીજીમાં ઠલવું છું. પણ ઝારીજીનું શું સ્વરૂપ છે, એના ઉપર લાલ વસ્ત્ર છે એનું શું સ્વરૂપ છે? એની નીચે નાની તાસક છે, જેને 'તસ્તી' કહીએ છીએ એનું શું સ્વરૂપ છે? ઝારીજી કેમ ભરીએ છીએ? એની ભાવભાવના આપણે કોઈ દિવસ વિચારતાં નથી. ઝારીજી ભરતાં જો એ ભાવભાવનાનો વિચાર કરીએ, તો મન ભાવભાવનામાં પરોવાશે; તો લૌકિક વિચાર નહીં આવે. માટે સેવાની ભાવભાવના જાણીને, મંગળાથી લઈને શયન સુધીની સેવાનો નિત્યનો લીલાપ્રકાર જાણીને આપણે સેવામાં બની શકે તેટલું ધીમે ધીમે મનને સભાનતાપૂર્વક એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવો પડશે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આવી રીતે મન અવ્યાવૃત્ત બનશે, લૌકિક વિચારોથી દૂર જશે, સેવા-સ્મરણ વખતે પ્રભુના વિચારોમાં જોડાશે, તો પછી એની એકાગ્રતાની ચિંતા કરવાનું કારણ નહીં રહે.'

મનની એકાગ્રતા સિદ્ધ કરવા માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'બુદ્ધિની દઢતા ખૂબ જરૂરી છે.' આપણે આપણી જાતનો જો ઊંડાણથી વિચાર કરીશું તો સમજાશે કે આપણી બુદ્ધિ દઢ નથી, મક્કમ નથી, અનેક સંકલ્પ-વિકલ્પો વચ્ચે બુદ્ધિ ઝોલાં ખાય છે. માનો કે સેવા કરવા બેઠા છીએ, કોઈક સંબંધી આપણને મળવા આવીને બહાર બેઠા છે. આપણને સમાચાર મળ્યા કે ફલાણા ભાઈ આપણને મળવા

આવ્યા છે. બુદ્ધિ જો સેવામાં દૃઢ હશે તો આપણે કહેવડાવીશું કે હમણાં મને વાત કરવાની અનુકૂળતા નથી, પછી આવજો!

ભાવનગરના એક વૈષ્ણવનો પ્રસંગ છે. ભાવનગર જ્યારે રજવાડું હતું ત્યારની આ વાત છે. એક વૈષ્ણવ શ્રીઠાકોરજીની બહુ પ્રેમથી સેવા કરતા. વેપાર પણ એમનો સારો ચાલે. કોઈક ઈર્ષાળુ માણસે એમના વિરુદ્ધ રાજ્યમાં ફરિયાદ કરી અને રાજાના કાન ભંભેર્યા. એક દિવસે સવારે દસ વાગે રાજાના સૈનિકો એમને બોલાવવા આવ્યા : 'ચાલો, રાજાસાહેબ બોલાવે છે.' એ વૈષ્ણવ શ્રીઠાકોરજીને શૃંગાર કરવા બેઠેલા. એમણે એ સૈનિકોને કહેવડાવી દીધું : 'તમારા રાજાસાહેબને કહેજો કે બપોરે બાર વાગ્યા પહેલાં નહીં આવી શકાય, હું મારી જાતે બાર વાગ્યા પછી હાજર થઈશ.' આટલું કહીને એ પાછા સેવામાં એકાગ્ર થઈ ગયા. એમને મનમાં કોઈ સંકલ્પ-વિકલ્પ થતો નથી કે રાજાએ કેમ બોલાવ્યો હશે? મોડો જઈશ તો મને એ ઠપકો આપશે? એમને એમના પ્રભુ ઉપર દૃઢ વિશ્વાસ છે - આશરો એક દૃઢ શ્રીવલ્લભાધીશકો! પ્રભુ જે કરશે તે સારું કરશે. બાર વાગ્યે એ રાજાને મળવા ગયા. રાજાએ એમની સાથે વાત કરી, પણ ક્યાંય ગુસ્સો કર્યો નહિ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : જો આપણે મનમાં લૌકિક ઈચ્છાઓ રાખીને પ્રભુની સેવા કરીશું, તો લૌકિકમાં આપણી જે આસક્તિ છે, એ છોડાવવા પ્રભુ લૌકિકનો નાશ કરાવી દેશે. પ્રભુ લૌકિક નથી, અલૌકિક છે. માટે બુદ્ધિને દૃઢ રાખી, સેવાનો સમય બીજા કશા કામ માટે નથી, એવો આગ્રહ રાખી, બની શકે એટલો સમય સેવામાં જોડાઈએ.

સેવા કેટલો સમય કરવી, એનું કોઈ પ્રમાણ શ્રીમહાપ્રભુજીએ આપ્યું નથી. 'સર્વનિર્ણય'માં આપ આજ્ઞા કરે છે : તમે એક સમય સેવા કરો, બંને સમય સેવા કરો કે વધારે સમય સેવા કરો, દિવસમાં બને એટલી સેવા કરો. પરંતુ શ્રીમહાપ્રભુજી શરત મૂકે છે કે 'તમારું મન એકાગ્ર રહે ત્યાં સુધી સેવા કરો.'

આપણે ભલે પાંચ મિનિટ મિસરી ધરતા હોઈએ તો પાંચ મિનિટ, પણ એ પાંચ મિનિટ શ્રીઠાકોરજીની. પા કલાક સેવા કરતા હોઈએ તો પા કલાક, અને બે કલાક સેવા કરતા હોઈએ તો બે કલાક, પણ એટલો સમય શ્રીઠાકોરજીનો. આપણે એવો નિર્ણય કરી લઈએ કે મારે ચોવીસ કલાકના જીવનમાં પાંચ મિનિટ, પા કલાક કે બે કલાક મારા પ્રભુને જ આપવા, એ સમય દરમ્યાન હું બીજા કોઈને મારો સમય નહીં આપું, એ સમય દરમ્યાન હું બીજા કોઈને મારા વિચાર નહીં આપું, મારી વાણી

નહીં આપું, મારું મન નહીં આપું; કેવળ એટલો સમય હું મારા શ્રીઠાકોરજીનો થઈને જ રહીશ.

આપણે શ્રીઠાકોરજીની સામે ફરિયાદ કરીએ છીએ કે ૮૪-૨૫૨ વૈષ્ણવો સાથે શ્રીઠાકોરજી બોલતા હતા, અને હવે અમારી સાથે કેમ બોલતા નથી? શ્રીઠાકોરજીની આપણા માટે પણ એક ફરિયાદ છે કે 'મારો આ સેવક મૂંગો મૂંગો મારી સેવા કરે છે. એ મારી સાથે ક્યાં વાત કરે છે કે હું એની સાથે વાત કરું?'

આવતી કાલે તમારા ઘરમાં એક પ્રયોગ કરી જોજો. સવારે તમારા કુટુંબીજનને ચ્હા આપો ત્યારે એમની સામે મોઢું હસતું રાખ્યા વિના, ભારેખમ બનીને, બોલ્યા વિના, આડું જોઈને ચ્હાનો કપ એમની સામે સરકાવી દેજો. એ ઘરમાં હોય ત્યાં સુધી એમની સાથે બોલવાનું ટાળજો. જુઓ, એનું શું પરિણામ આવે છે! એ પણ કહેશે કે 'તમે આવી રીતે મૌન ધારણ કરો, તો અમે શું કરવા તમારી સાથે બોલીએ?'

લૌકિકમાં એક કવિએ બહુ મજાનું કહ્યું : 'આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ; એ ઘર કદી ન જઈએ, ચાહે કંચન વરસે મેહ.' સોનાનો વરસાદ વરસતો હોય તોયે જે ઘરમાં આપણને આવકાર ન મળે, માન ન મળે, નેત્રોનો પ્રેમ ન મળે એ ઘરમાં ફરીથી પગ ન મૂકીએ. એટલા માટે અહીં શ્રીઠાકોરજી પણ આપણી ફરિયાદ કરે છે કે આ ઘરમાં હું આવ્યો, પણ મને કોઈ 'આવ' એટલું કહેતું નથી. મને કોઈ પ્રેમથી નથી કહેતું કે 'આરોગો'. નથી કોઈ પ્રેમથી પૂછતું કે 'તમને કંઈ ફરિયાદ છે?' કે 'તમને કંઈ તકલીફ છે?' શ્રીઠાકોરજી પણ મૂંગા મૂંગા, શ્રીમહાપ્રભુજીની કાનિથી અંગીકાર કરીને ચૂપ રહે છે.

તમે રોજ શૃંગાર કરીને શ્રીઠાકોરજીને વેણુ ધરતાં હશો, દર્પણ બતાવતાં હશો. વેણુજી ધરો ત્યારે શ્રીઠાકોરજી વેણુ વગાડતાયે હશે, પણ એનો નાદ શ્રીઠાકોરજીએ તમને સંભળાવ્યો ખરો? ન સંભળાવ્યો, તો કદી તમને સાંભળવાનું મન થયું ખરું? તમે કદી શ્રીઠાકોરજીને એવી વિનંતી કરી કે 'મહારાજ, રોજ રોજ આ ઠાલી વેણુ શ્રીહસ્તમાં ધારણ કરી રાખો છો, પણ એનો સૂર અમને તો સંભળાવો!' આપણી વિનંતી ન સ્વીકારી, તો ક્યારેય એમનાં ચરણોમાં અપણે રડ્યાં ખરાં, કે 'તમારો આ વેણુનાદ અમને ક્યારે સંભળાવશો?' આપણને તો એવું શીખવાડ્યું કે શૃંગાર ધરીને શ્રીહસ્તમાં વેણુ ધરી દેવાં, દર્પણ બતાવી દેવું - ચાલો, શૃંગારની સેવા પૂરી થઈ!

શ્રીઠાકોરજીને પ્રેમથી વિનંતી કરો. આપણો એ અધિકાર છે. ઝઘડો કરવો પડે તો ઝઘડો કરો - પ્રેમમાં ઝઘડો થઈ જાય તો વાંધો નહિ : 'કાલે જો વેણુજીનો

નાદ નહીં સંભળાવો તો પછી હું વેણુજી ધરવાનો નથી. ચોરી લઈશ તમારી આ મોરલી, પછી શું વગાડશો?' પણ એ માટે હૃદયમાં આતુરતા જોઈએને? એ માટે બુદ્ધિની દૃઢતા જોઈએ, મન બરોબર પ્રભુમાં લગાડેલું રાખવું જોઈએ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'મનને એકાગ્ર કરવા બુદ્ધિ દૃઢ કરવાની જરૂર છે'. બુદ્ધિની દૃઢતા કેવી રીતે થાય? શ્રીહરિરાયજી એનો ઉપાય બતાવે છે : **'લૌકિકમાં ભટકતી આપણી બુદ્ધિને દૃઢ કરવા માટે આપણે નામનિવેદન મંત્રનું સતત સ્મરણ-ચિંતન કરવું જોઈએ, અષ્ટાક્ષર મંત્ર દ્વારા શરણભાવના વિચારવી જોઈએ, બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા સમર્પણની ભાવનાનું ચિંતન કરવું જોઈએ.'**

આપણે કદી એવો પ્રશ્ન નથી કર્યો કે 'આપણા પુષ્ટિમાર્ગમાં બે મંત્રની દીક્ષા કેમ અપાય છે? બીજા બધા ધર્મોમાં તો એક જ દીક્ષામંત્ર હોય, પણ આપણા ત્યાં પહેલાં નામમંત્ર દીક્ષા અને પછી નિવેદન-મંત્રની દીક્ષા. એનું રહસ્ય શું?' નામમંત્રની દીક્ષાથી આપણે પ્રભુના શરણે જઈએ છીએ, શરણાગત બનીએ છીએ. શરણાગત થવું, શરણાગતિ સ્વીકારવી એટલે શું?

શ્રી આચાર્યચરણોએ સમજાવ્યું કે 'જે નિર્બળ હોય એ બળવાનને શરણે જાય છે.' બાળક હોય એ માતા-પિતાને શરણે જાય, ઘરમાં સ્ત્રીવર્ગ હોય એ પુરુષવર્ગના શરણે જાય, નબળો મિત્ર હોય તો એ સબળા મિત્રના શરણે જાય, પ્રજા રાજાને શરણે જાય. જ્યારે આપણે કોઈના શરણે જઈએ છીએ ત્યારે આપણે વિશ્વાસપૂર્વક જઈએ છીએ કે, તેઓ મારું રક્ષણ કરશે, તેઓ મારી બધી જરૂરિયાતો પૂરી કરશે, એમની છત્રછાયામાં હું હંમેશાં સલામત રહીશ! આવા દૃઢ વિશ્વાસપૂર્વક આપણે બીજાનું શરણ સ્વીકારીએ છીએ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'આ જગતમાં સૌથી બળવાન, સૌથી સમૃદ્ધ, સૌથી વધારે રક્ષણ કરે એવું કોણ ?' તો કહે છે : 'એ શ્રીકૃષ્ણ છે. એનાથી વધારે બીજું કોઈ તમારું રક્ષણ નહીં કરી શકે, એનાથી વધારે બીજું કોઈ તમારું યોગક્ષેમ વહન નહીં કરી શકે, એનાથી વધારે બીજું કોઈ તમને સલામતી નહીં આપી શકે. માટે તમે શ્રીકૃષ્ણના શરણે જાવ, તમે શ્રીકૃષ્ણનાં ચરણ પકડી લો કે 'હે શ્રીકૃષ્ણ ! હું તમારા શરણે છું.'

તમે પ્રતિજ્ઞા કરી છે કે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'. હું મારા બધા ધર્મો છોડી દઈને, હું પોતે આજ સુધી મારા જીવનનું રક્ષણ કરવા મથામણ કરતો હતો એ છોડી દઈને, હવે હું તમારા શરણે આવ્યો છું. મારું શરીર, મારું મન, મારો આત્મા તમારા

શરણે, તમારાં ચરણમાં સોંપી દીધાં છે. હું તમારું બાળક છું, તમે જેમ ઇચ્છો તેમ મને રાખજો. મને તમારામાં, તમારી કૃપામાં વિશ્વાસ છે. તમે મારું હંમેશાં સારું જ કરશો. તમે મારી પાસે જે કંઈ કાર્ય કરાવશો એ બધાં કાર્યો મારા હિતનાં હશે. આમેય જગતનું સર્વ તંત્ર તમે ચલાવો છો! અમે જો એવું વિચારીએ કે 'આ બધું હું કરું છું' તો એ મારી અજ્ઞાનતા છે. **'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે'** - ગાડા નીચે ચાલતા કૂતરા જેવા અમે તો છીએ. જગત ચલાવો છો તમે અને માનીએ છીએ કે 'આ જગત અમારાથી ચાલે છે.' હવે અમને જ્ઞાન થયું છે કે તમે જ અમારા રક્ષણહાર છો, માટે અમે તમારા શરણે આવ્યા છીએ.'

નાનું બાળક માનું શરણ સ્વીકારીને નિરાંતે ઘસઘસાટ ઊંઘે છે. એને શ્રદ્ધા છે કે 'હું ઊંઘતો હોઈશ ત્યારે મારી માતા મને છોડીને બીજે ક્યાંય આઘીપાછી નહીં જાય.' પરંતુ જો આપણને શ્રદ્ધા ન હોય, એવી ખાતરી હોય કે આપણું સ્વજન આપણને મૂકીને ચાલ્યું જશે તો આપણે ઊંઘવાનો વિચાર નહીં કરીએ, જાગતા રહીશું. તમે જોજો કે બાળક મોટું થાય છે, તેમ તેમ એનો અવિશ્વાસ વધે છે. એને ક્યારેક એમ લાગે છે કે, 'મમ્મી મને ઊંઘાડીને ક્યાંક જવાની છે, માટે ઊંઘવાનું કહે છે!' નહી ઊંઘે. એ જાગતું રહેશે.

આપણને પણ પ્રભુમાં અવિશ્વાસ છે, માટે આપણે માનીએ છીએ કે 'લાવ, આ બધું હું કરી નાખું!' શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જો તમે શ્રીકૃષ્ણના શરણે ગયાં છો, તો હવે શ્રીઅષ્ટાક્ષર મંત્રમાં અવિશ્વાસ ન કરશો. અરે, પેલું ચાતક પક્ષી, જેને કોઈ બુદ્ધિ નથી; એ પણ વિશ્વાસ કરે છે કે સ્વાતિ નક્ષત્રમાં મારા માટે પ્રભુ જરૂર જળનાં બિંદુ વરસાવશે અને મારી તરસ છીપાવશે! હનુમાનજીએ બ્રહ્માસ્ત્રમાં વિશ્વાસ રાખ્યો, બ્રહ્માસ્ત્રથી બંધાયેલા રહ્યા. રાવણનો વિશ્વાસ ડગી ગયો, ત્યારે હનુમાનજીએ બ્રહ્માસ્ત્ર તોડીને ફેંકી દીધું. માટે શરણાગત જીવે પ્રભુમાં દઢ વિશ્વાસ રાખીને, પ્રભુના બનીને રહેવું. નામમંત્ર દ્વારા આ ભાવનાનું, આ પ્રકારના વિચારનું આપણે સતત રટણ, ચિંતન અને મનન કરવાનું છે, જીવનમાં એને ઉતારવાનો પ્રયત્ન કરવાનો છે.

શ્રીગુસાંઈજીના સેવક પેલા દિવાન વૈષ્ણવની વાર્તા આપણે જાણીએ છીએ, જેમને દઢ વિશ્વાસ હતો કે **'ભગવાન જો કરે સો ભલી કરે!'** આપણે પણ એ માનવું કે 'ભગવાન જો કરે સો ભલી કરે!' જો બધું કરનાર પ્રભુ છે, એવું એકવાર સ્વીકારી લઈએ, તો પછી દુનિયામાં રહેવા છતાં આપણને ચિંતા નહીં થાય, મનમાં વ્યગ્રતા

નહીં થાય, મન આનંદમાં રહેશે. જવાબદારી માથેથી ઉતરી જાય એટલે પછી શાન્તિ! તમારા માથે અત્યારે જવાબદારી નથી. અનુકૂળતા થાય ત્યારે અહીં આવીને કથામંડપમાં બેસવું અને ભગવદ્વાર્તા સાંભળવી. પરિણામે મોડુંવહેલું થાય, તો એની ફિકર તમને થાય ખરી? ચાલો, મોડા ગયા તો મોડા! પરંતુ અહીં સમય સાચવવાની જવાબદારી પ્રભુએ મને સોંપી હોય, તો એ જવાબદારી બજાવવાની ફિકર રહે કે સમયસર પહોંચવાનું છે. સાંજે ચાર વાગ્યે સૂઈ જઈશ, તો ચાલશે નહીં, એટલે જવાબદારી પ્રભુને સોંપી દો, પછી આપણને એના પરિણામની કોઈ ફિકર નહીં રહે. **'ગયે નહીં સોચ, આયે નહીં આનંદ'** - બગડે તો એનું દુ:ખ ન કરવું, સુધરે તો એનું સુખ ન કરવું. આવી શરણભાવના રાખવી.

એની સાથે શ્રીહરિરાયચરણ બીજી આજ્ઞા કરે છે કે 'નિવેદનમંત્રનું ચિંતન કરવું.' નિવેદનમંત્ર એટલે બ્રહ્મસંબંધ મંત્ર. એનું ચિંતન કેવી રીતે કરવું?

શ્રીગોપેશ્વરજીએ એના ચિંતન માટે છ પ્રશ્નો આપ્યા છે. આ છ પ્રશ્નોનો વિચાર કરવો. (૧) હું જીવ કેવો છું? મારું પોતાનું શું સ્વરૂપ છે? (૨) જેના શરણે જઈને હું એમને નિવેદન કરું છું એ પ્રભુ કેવા છે? એમનું શું સ્વરૂપ છે? (૩) હું કેટલા દિવસથી પ્રભુને ભૂલી ગયો છું? (૪) મેં પ્રભુ પાસે શી પ્રતિજ્ઞા કરી? (૫) એ પ્રતિજ્ઞાનું હું પાલન કરું છું કે નહીં? (૬) મારો દાસધર્મ શો છે?

બ્રહ્મસંબંધ મંત્ર માટે શ્રીઆચાર્યચરણે એવી આજ્ઞા કરે છે કે **'જેને શ્રીઠાકોરજીની સેવા કરવી છે, એને બ્રહ્મસંબંધ મંત્ર લેવો જરૂરી છે, પણ જેમને સેવા નથી કરવી, જેમને કેવળ શરણાગત બનીને પ્રભુનું કથાશ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું છે એમને માટે બ્રહ્મસંબંધની દીક્ષા આવશ્યક નથી.'**

બ્રહ્મસંબંધનો મંત્ર આપણે અપરસમાં હોઈએ ત્યારે બોલીએ છીએ, એનો ગુજરાતી ભાવાર્થ પણ આપણે બોલીએ છીએ કે : 'ભગવાન કૃષ્ણથી વિખૂટા પડ્યે હજ્જારો વર્ષોનો સમય વ્યતીત થયો છે, એવો હું જીવ ભગવાન કૃષ્ણ-શ્રીગોપીજનવલ્લભને દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંત:કરણ, એના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ! હું તમારો છું.' આ મંત્ર બોલીએ છીએ, પણ એનું રહસ્ય, એનો ભાવ આપણે જાણતા નથી.

આ મંત્ર એ લગ્નની સપ્તપદીની અલૌકિક પ્રતિજ્ઞા છે. જીવ તરીકે આપણા સ્વામીને આપણે વચન આપીએ છીએ, ત્યારે પહેલાં કહીએ છીએ કે 'મહારાજ !

મને પરણવા તમે તત્પર થયા છો, પણ મારામાં કેવા દોષો છે, એ તમે જાણો છો ખરા ? ન જાણતા હો તો તમે જાણી લો કે હું તમારાથી હજારો વર્ષોથી છૂટો પડેલો જીવ છું. છૂટો પડ્યો ત્યારે તો મને મારા સ્વરૂપનું જ્ઞાન હતું કે હું પણ પ્રભુનો અંશ છું, મારામાં પણ પ્રભુનો સદ્અંશ, ચિદ્અંશ અને આનંદઅંશ રહેલો હતો. પણ ધીમે ધીમે હું મારા મૂળ સ્વરૂપને ભૂલતો ગયો.'

આપણે નાના હોઈએ, વડોદરામાં મોટા થયા હોઈએ, બાળપણના મિત્રો સાથે રમ્યા હોઈએ, સંજોગોવશાત વડોદરા છોડીને અમદાવાદમાં સ્થિર થઈએ. પચાસ વર્ષ પછી પાછા આવીએ. શક્ય છે કે બાળપણના આપણા એ મિત્રોને આપણે ઓળખી ન શકીએ, આપણે એમને ભૂલી ગયા હોઈએ! એમ હજ્જારો વર્ષો વીતવાને કારણે જીવ પ્રભુને ભૂલી ગયો. આજે આપણા ત્યાં બને છે - માબાપ જે દીકરાને દુઃખ વેઠીને, ઉછેરી મોટો કરી ભણાવે-ગણાવે અને અમેરિકા મોકલે, એ દીકરો તેના મા-બાપને ત્યાં જઈને, ત્યાંનાં લૌકિક સુખોમાં અટવાઈને ભૂલી જતો હોય છે. એવી રીતે, જીવ આ દુનિયાની મોજમજામાં પોતાના સ્વામી એવા પ્રભુને ભૂલી ગયો છે.

શરૂઆતમાં આપણું સ્વજન દૂર જાય ત્યારે આપણને એ વધારે યાદ આવે, એનો વિરહ થાય. એનો તાપકલેશ વધારે થાય. 'ક્યારે મળશે?' એવી ઉત્કંઠા જાગે. પણ જેમ જેમ વર્ષો વીતે તેમ તેમ એ બધું ભુલાઈ જાય, નવા સંબંધો તાજા થાય, જૂના સંબંધો ઘસાતા જાય, ભૂંસાતા જાય. અહી પણ એવું બન્યું. પ્રભુ સાથેનો આપણો સંબંધ ઘસાઈ ગયો, ભુલાઈ ગયો અને દુનિયાદારીના સંબંધો તાજા થઈ ગયા. આવો હું જીવ છું.

આજે મને શ્રીમહાપ્રભુજીની કૃપાથી મારા સ્વરૂપનું ભાન થયું છે કે 'મહારાજ! હું જીવ તમારો જ અંશ છું અને તમને મેળવીને હું ફરી તમારું સ્વરૂપ બની જવાનો છું.' જીવમાં સદ્ અંશ અને ચિદ્ અંશ વિદ્યમાન છે. જીવમાંથી આનંદ અંશ તિરોભૂત થયો છે. એ આનંદ અંશને પાછો મેળવવા આપણે પ્રભુના શરણે જઈએ છીએ, આપણે પ્રભુને સમર્પણ કરીએ છીએ.

પ્રભુ કહે છે કે 'ભલે, મેં તને જાણી લીધો. તું જેવો છે એવો પણ મારો છે, માટે મને પ્રિય છે. હું તને સ્વીકારવા તત્પર છું. તું મને પણ ઓળખી લે. તું કોને તારો અલૌકિક પતિ બનાવે છે?'

જીવ કહે છે 'મહારાજ! શ્રીમહાપ્રભુજીએ મને આપનું સ્વરૂપ સમજાવ્યું છે. આપ બીજા કોઈ નહીં, ભગવાન કૃષ્ણ છો!'

બ્રહ્મસંબંધ મંત્રમાં પ્રભુ માટે એક પદ વાપર્યું : ભગવાન કૃષ્ણ. ભગવાન એટલે શું? જે ભક્તહૃદયની ભક્તિ સ્વીકારવા માટે ભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરીને પધારે, એ ભગવાન. શ્રીકૃષ્ણ બનીને પધારે ત્યારે આપણને મધુર લાગે છે, પ્રિય લાગે છે. પરંતુ જો નરસિંહજી બનીને પધારે તો? તો આપણે કદાચ ડરી જઈએ. આપણે એમને સ્નેહ ન કરી શકીએ. ભગવાન જો વરાહજી બનીને પધારશે તો? તો આપણે કહીશું કે આઘા જાવ, આઘા જાવ. તમારી સેવા કેમની થશે? પણ એ કૃષ્ણ બનીને, યશોદામાનો લાડકવાયો લાલ બનીને, બાલકૃષ્ણ સ્વરૂપે પધારશે, તો આપણે ઝટ લઈને આપણી ગોદમાં પધરાવી દઈશું.

'કૃષ્ણ' શબ્દનો અર્થ શ્રીમહાપ્રભુજી સમજાવે છે : કૃષ્+ણ=કૃષ્ણ. 'કૃષ્' એટલે જગતની સર્વ સત્તા અને 'ણ' એટલે આનંદ. જેની પાસે જગતની સર્વ અને સર્વ આનંદ રહ્યાં છે, જે પૂર્ણાનંદ છે તે. દરિયામાંથી તમે દસ ગાગર જળ કાઢી લો, તો એ દરિયો ઘટતો નથી કે એમાં દસ ગાગર ઉમેરી દો તો એ દરિયો છલકાતો નથી. પ્રભુનો આનંદ પણ આવો છે. એવા સકળ જગતના સૂત્રધાર, જેમણે આ સકળ જગત પોતાનામાંથી પ્રકટ કર્યું છે, જેઓ સર્વ તંત્ર સ્વતંત્ર છે એવા સર્વ સત્તાધીશ આનંદઘન પ્રભુ આપણા સ્વામી છે.

શ્રીગોકુલેશ પ્રભુએ આમાં એક પદ ઉમેર્યું કે કયા કૃષ્ણ? ગીતાના ગાયક કૃષ્ણને, દ્વારકાના રાજા કૃષ્ણને, કૃષ્ણના કયા સ્વરૂપને સમર્પણ કરીશું? ત્યારે કહ્યું કે **'શ્રીગોપીજનવલ્લભને'** ગોપીજનોએ જેમને પોતાના કર્યા, કાત્યાયિની વ્રત દ્વારા જેમને પ્રભુ પ્રાપ્ત થયા એ ગોપીજનોની નિકુંજમાં ખેલનારા, બિરાજનારા, પોઢનારા કૃષ્ણ. એમને હું સમર્પણ કરું છું.

પ્રભુ કહે છે : 'ઠીક, તું મને શું આપે છે?' ભક્ત કહે છે : 'મહારાજ! મારું આ શરીર હું તમને આપી દઉં છું.' ઠાકોરજી કહે છે: 'મૂર્ખ, તારા એકલા શરીરને મારે શું કરવાનું? શરીર તો મડદું છે, એને ઘરમાં કોણ રાખે?' જીવ કહે છે : 'હું મારી ઈન્દ્રિયો આપું છું.' પ્રભુ કહે છે : 'એ ઈન્દ્રિયો જીવતી હોય તો કામની.' આપણે કહીએ છીએ : 'મહારાજ! ઈન્દ્રિયોને જીવતી રાખનારું જે પ્રાણતત્ત્વ છે તે આપી દઉં છું.' પ્રભુ કહે છે : 'પણ તારી આ જીવતી ઈન્દ્રિયો લૌકિકમાં ફસાયેલી હોય તો?' જીવ કહે છે : 'મહારાજ! એનું નિયંત્રણ કરનાર અંતઃ કરણ અને એના ધર્મો તમને આપી દઉં.' પ્રભુ કહે છે : 'એનાથી શું થશે?' 'મહારાજ! મારી સ્ત્રી આપું, પુત્ર આપું, ઘર આપું, ધન આપું, કુટુંબ આપું. મારું આખું જીવન તમને સોંપી દઉં!' પ્રભુ કહે

છે : 'ઠીક, આ તો એક જન્મનો તેં સંબંધ સોંપ્યો. પછી આવતા જન્મમાં સંબંધ રાખવો છે કે તોડી નાખવો છે?' જીવ કહે છે : 'મહારાજ! જેટલા જન્મ તમે આપશો તે બધા પરલોક પણ તમને આપી દઉં.' ઠાકોરજી કહે છે : 'તારા જેવો લુચ્ચો બીજો મેં કોઇ જોયો નથી! 'બધું આપી દઉં, બધું આપી દઉં' કરીને ચેકમાં તેં મુકાય એટલાં મીંડાં મૂકી દીધાં, પણ એકડો મૂકયો નથી! મીંડાંનો ચેક મારે શું કરવાનો? તારો આત્મા કયાં છે? આત્મા વિના બધું નકામું છે.' જીવ કહે છે : 'મારો આત્મા પણ હું તમને આપી દઉં - **સમર્પયામિ** - હું તમને સમર્પણ કરી દઉં. અત્યાર સુધી હું એમ કહેતો હતો કે 'અહં બ્રહ્માડસ્મિ' - હું બ્રહ્મ છું. હવે હું કહું છું કે હું દાસ છું મારું અહમ્ મારી અહંતા, મારી મમતા બધું તમને આપી દઉં છું. તમારો દાસ બનીને રહું છું.'

આ બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અહીં 'દાન કરું છું', એવો શબ્દ નથી વાપર્યો. 'સમર્પણ કરું છું ' એમ કહીએ છીએ! એનું કારણ શું? દાન અને સમર્પણ એ બે વચ્ચેનો તફાવત સમજી લેજો. દાનની અંદર **'ટ્રાન્સફર ઓફ ઓનરશીપ'** - આપણી માલિકીનો હક્ક આપણે બીજાને આપી દઇએ, એનું નામ દાન. કોઇક વસ્તુ કોઇકને દાનમાં આપીએ ત્યારે તે વસ્તુ ઉપરનો આપણો હક્ક છોડી દઇએ છીએ, એ વસ્તુ એને હંમેશ માટે આપી દઇએ છીએ. **સમર્પણની અંદર ટ્રાન્સફર ઓફ ઓનરશીપ નથી, 'સબમિશન'** છે. એમાં દાન નથી, જેની જે વસ્તુ હતી એને તે વસ્તુ આપણે પાછી સોંપીએ છીએ. કોઇ માણસ બહારગામ જાય, ત્યારે એના ઘરની ચાવી આપણને આપીને જાય. એ પાછો આવે ત્યારે એ ચાવી આપણે એને પાછી સોંપી દઇએ છીએ. એ દાન નથી, સમર્પણ છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે 'દાન તો પોતાની વસ્તુનું થાય, પારકાની વસ્તુનું દાન કરવાનો આપણને અધિકાર નહીં.' આ ઘડિયાળને હું મારી ગણતો હોઉં તો હું એનું દાન બીજાને કરી શકું, પણ આ માઇકનું દાન હું બીજાને કરી શકું નહીં, કારણ કે એ મારું નથી. એમ આ જે બધી વસ્તુઓ ગણાવી, એ કશું આપણું નથી, એની માલિકી શ્રીઠાકોરજીની છે, કારણ કે જગત એમણે સર્જ્યું છે. આ બધી ચીજવસ્તુઓના સ્વામી એ છે, પ્રભુએ એમની સંપત્તિ આપણને સાચવવા માટે સોંપી છે. આપણે એનાઃ કસ્ટોડિયન છીએ. આપણે એના ટ્રસ્ટી છીએ, એના માલિક નથી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'જ્યારે આપણને ખબર પડે કે આના માલિક આપણે નથી ત્યારે એના સાચા માલિકને એ પાછી સોંપી દેવી તે આપણી ફરજ છે.

આપણે બધું પ્રભુને સમર્પણ કરી દીધું, પ્રભુના દાસ બની ગયા.'

શાસ્ત્ર કહે છે : દાનમાં આપેલી વસ્તુ પાછી લેવાય નહીં, આપણાથી વપરાય નહીં, માટે અહીં દાન નથી. આપણા સ્વામી પ્રભુ છે, આપણે એમના દાસ છીએ, સેવક છીએ. પરિણામે સ્વામીએ વાપરેલી, સ્વામીના પ્રસાદ તરીકે જે વસ્તુઓ આપણને મળે એ સ્વીકારવાથી કોઇ દોષ લાગતો નથી.

દુનિયામાં શેઠ પોતાના નોકરને પગાર આપે, કપડાં આપે, ખાવા-પીવાનું આપે, જરૂર પડે તો મકાન પણ લઇ આપે, તો એ પેલો નોકર સ્વીકારી શકે છે, એમાં એને કંઇ વાંધો નથી. છતાંય શેઠની બધી મિલકતોનો એ કસ્ટોડિયન છે, માલિક બની જતો નથી. એ એવો વિચાર કરે છે કે 'શેઠે મને વિશ્વાસમાં લઇને આ બધું સાચવવા સોંપ્યું છે, એને સાચવવું એ મારી ફરજ છે. શેઠના સુખ માટે વપરાય એ જોવાની મારી ફરજ છે.'

એમ, જે શરીર આપણને મળ્યું એ પ્રભુના સુખ માટે વપરાય એ જોવાની આપણી ફરજ છે, કુટુંબ પ્રભુનું છે, ઘર પ્રભુનું છે, ધન પ્રભુનું છે. આ બધું પ્રભુના માટે વપરાય એ જોવાની આપણી ફરજ છે. જ્યારે કોઇ ટ્રસ્ટ બનાવવામાં આવે, ત્યારે એના ટ્રસ્ટીની એ ફરજ બને છે કે ટ્રસ્ટનો જે હેતુ હોય એ હેતુ માટે જ એ ટ્રસ્ટની રકમનો ઉપયોગ થવો જોઇએ, બીજા કોઇ હેતુ માટે નહીં. દા.ત. હોસ્પિટલ માટે એક ટ્રસ્ટ બનાવ્યું, તો એમાં જે રકમ આવે એનો ઉપયોગ હોસ્પિટલમાં થાય, એનો ઉપયોગ નિશાળ કે કોલેજ ચલાવવામાં ન થાય. આવી રીતે, આપણે ટ્રસ્ટ બનાવ્યું છે - પ્રભુની મિલકતનું. આપણે એના ટ્રસ્ટી બન્યા છીએ. એનો હેતુ શો છે? શ્રીઠાકોરજીની સેવામાં એ વપરાય. એટલે આપણું શરીર શ્રીઠાકોરજીની સેવામાં વપરાવું જોઇએ, આપણી આંખથી દર્શન થવાં જોઇએ, આપણા કાનથી ગુણગાન સંભળાવાં જોઇએ, આપણા નાકથી પ્રભુનાં પ્રસાદી પુષ્પ અને તુલસી સૂંઘવા જોઇએ, જીભથી ગુણગાન ગાવું જોઇએ, મહાપ્રસાદ લેવો જોઇએ, હાથથી સેવા કરવી જોઇએ, પગથી પ્રભુનાં દર્શને જવું જોઇએ. કુટુંબ એ પણ પ્રભુની સેવામાં તત્પર બનવા માટે છે, દ્રવ્ય પણ પ્રભુના સુખ માટે વપરાવું જોઇએ. તો આપણે કરેલું સમર્પણ એ સાચું સમર્પણ બને.

આજે શું થાય છે? આપણે ટ્રસ્ટી હોવા છતાં એના માલિક બની ગયા છીએ. આજે આપણે પ્રભુને સોંપેલી વસ્તુઓનો આપણા મોજશોખમાં માટે દુરુપયોગ કરી રહ્યા છીએ. ટ્રસ્ટના હેતુઓ પ્રમાણે આપણે એ ટ્રસ્ટનો વહીવટ કરતા નથી એમ કહેવું હોય તો કહી શકાય. એટલા માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે,

“સેવકાનાં યથા લોકે વ્યવહાર : પ્રસિધ્યતિ ।
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ॥”

તમારે તમારું જીવન બદલી નાખવાની જરૂર નથી. આજ સુધી જે પ્રકારે તમે જીવતા આવ્યા છો એ પ્રકારે જીવન જીવ્યા કરો. પણ હવે એટલું કરો કે જે કંઇ કરો છો, એ પ્રભુના સુખ માટે કરો છો એવી ભાવના પૂર્વક તમારાં બધાં કાર્યને પ્રભુગામી બનાવી દો. આ બધી બાબતોનો આપણે બ્રહ્મસંબંધ મંત્રના રટણ સાથે સતત વિચાર કરવો જોઇએ.

ઘણા મહાનુભાવો એમ કહે છે કે દિવસ દરમ્યાન કરેલાં કાર્યોનું રાત્રે સરવૈયું કાઢવું જોઇએ અને સવારે ઊઠીને પ્રભુને વિનંતી કરવી જોઇએ કે ‘મને શુદ્ધ બુદ્ધિ આપજો, જેથી મારા હાથે ખોટું કાર્ય ન થાય.’ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે રાત્રે સૂતી વખતે આ બ્રહ્મસંબંધ મંત્રની ભાવનાનું રટણ કરવું જોઇએ કે ‘આ બધું મે પ્રભુને સોંપ્યું છે, હું સેવક છું. આજે આખા દિવસ દરમ્યાન મારો અને મારા કુટુંબનો જીવનવ્યવહાર કેવો રહ્યો? કેટલાં કામ અમે પ્રભુને માટે કર્યાં? ક્યાં ક્યાં અમારો પૈસા પ્રભુ માટે વાપરવાને બદલે અમારા અંગત મોજશોખમાં વપરાયો? ક્યાં ક્યાં અમે અમારો પૈસૌ અમારી પોતાની પ્રતિષ્ઠા માટે વાપર્યો? ક્યાં ક્યાં પ્રભુનો એ પૈસૌ અમે વેડફી નાખ્યો? ક્યાં ક્યાં અમારા જીવનનો સમય પ્રભુના માટે વાપરવાને બદલે વિના કારણ અમે વેડફી નાખ્યો? આનું ચિંતન, એનું સરવૈયું આપણે રોજ રાત્રે સૂતી વખતે કાઢવું જોઇએ અને સવારે ઊઠીને પ્રભુનું સ્મરણ કરતાં શ્રીમહાપ્રભુજીને વિનંતી કરવી જોઇએ કે ‘હે શ્રીવલ્લભ! આપ અમને એવી મતિ, શકિત, રતિ અને ગતિ આપો કે, આપના બતાવેલા આ બ્રહ્મસંબંધના નિવેદનના સિદ્ધાંતનું અમે અમારા જીવનમાં સમજપૂર્વક આચરણ કરીએ, અમે એવું કોઇ કામ ન કરીએ કે જેમાં અમારા પ્રભુની એ સંપતિ અમે અમારા મોજશોખમાં, અમારા અંગત લાભ માટે વાપરીએ. અને પ્રભુથી અમે વિમુખ બનીએ.’ આમ, બે વખત જો આપણા હિસાબનું સરવૈયું કાઢ્યા કરીશું તો એનાથી બૃદ્ધિની દઢતા આવશે કે આ બધું મારું નથી, પ્રભુનું છે. મારે વાપરવાનું નથી, પ્રભુ માટે વાપરવાનું છે. એનું પરિણામ એ આવશે કે સેવામાં આપણું ચિત્ત ધીમે ધીમ તત્પર બનશે, આપણે પ્રભુના અલૌકિક સામર્થ્યને જાણીને નિશ્ચિત બનીને જીવી શકીશું.

આમ, શ્રીહરિયાચરણે પ્રભુમાં ચિત્તની એકાગ્રતા કરવા માટે અવ્યાવૃત્ત બનવા માટેનો માર્ગ આપણને બતાવ્યો.

હવે, આપ એક લાલબત્તી ધરે છે. આપ આજ્ઞા કરે છે : પ્રભુના આ માર્ગે ચાલવું એ અઘરું છે હોં. એને સાવ સહેલું માની ન લેશો. એને માટે તન-મનથી તત્પર રહેજો, કારણ કે લોકની નિષ્ઠા-લૌકિક વાતો અને કાર્યો એ હમેશાં અલૌકિકથી વિરુદ્ધ છે. **લૌકિક નિષ્ઠા - દુનિયાદારી પ્રત્યેનો મોહ એ હિરણ્યકશિપુ અને ભગવદ્નિષ્ઠા એ પ્રહલાદજી. બંનેને ઊભા રહ્યે પણ બન્યું નથી.** હિરણ્યકશિપુ ઇચ્છતો કે મારો દીકરો દુનિયાદારીનાં વમળોમાં ફસાયેલો રહે. પ્રહલાદજી ઇચ્છતા કે પિતાની આ લૌકિક આજ્ઞા સ્વીકારી શકાય નહીં. માટે કૌમાર અવસ્થાથી જ મારે ધર્મનું આચરણ કરવું જોઇએ. પરિણામે હિરણ્યકશિપુની લોકનિષ્ઠા અને પ્રહલાદજીની ભગન્નામની નિષ્ઠા હમેશાં ટકરાતી રહી છે. જગત અને ભગતને કદી મેળ પડયો નથી અને પડવાનો પણ નથી! માટે 'બાલબોધ' માં શ્રીમહાપ્રભુજીએ બહુ જ માર્મિક રીતે ટકોર કરી કે હજી પણ તમે નક્કી કરો કે તમારે મુંબઇ જવું છે કે અમદાવાદ? અમદાવાદના રસ્તે જશો તો મુંબઇ નહીં આવે. તમારે શું જોઇએ છે? ભોગ જોઇએ છે કે ભક્તિ? ભોગ જોઇતો હોય તો ભક્તિને રસ્તે નહીં મળે, તમારે ભક્તિ જોઇતી હશે તો ભોગનો રસ્તો નકામો પડશે.

'બાલબોધ'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : 'ભોગ જોઇતો હોય તો મહાદેવજી પાસે જજો, તમે માગશો એનાથી વધારે ભોગ એ આપશે' કેમ? શ્રીમહાપ્રભુજી ત્યાં બહુ જ સુંદર વાત, હસતાં હસતાં સમજાવે છે કે 'દુનિયાનો એક નિયમ છે. આપણા સૌના માટે એ સાચું છે કે જે વસ્તુ આપણને બહુ પ્રિય હોય એ આપણે બીજા કોઇને આપતા નથી. આપણને જે ન ગમતું હોય એ આપણે બીજાને વળગાડી દઇએ છીએ.' બાર મહિના પછી બળેવે નણંદબા ઘેર આવ્યાં. જવાનો વખત થયો ત્યારે ભાભીએ ખૂબ ઉમળકો બતાવી, કબાટ ખોલી, સાડીઓની થપ્પીમાંથી છેક નીચેથી બે સાડીઓ કાઢીને હોંશથી નણંદબાને આપી અને કહ્યું કે 'લો, તમારા ભાઇએ તો ખૂબ હોંશથી જે વીરપસલી આપવાની હતી તે આપી, પણ મારા તરફથી વધારામાં બે સાડીઓ. તમારા ઉપર ખૂબ પ્રેમ છે!' નણંદબા તો બિચારાં હરખાનાં હરખાતાં ભાભીનો પ્રેમ માનતાં, ગયાં! ભાભીએ સંતોષ લીધો કે 'હાશ! હવે ખાનામાં બે નવી સાડીઓ માટે જગ્યા થશે. કોણ જાણે કયાંથી આવેલી!' ન ગમતી, માથે પડેલી હતી તે વળગાડી દીધી!

મહાદેવજી પ્રભુના પરમ ભક્ત છે. ભક્તિમાં રાતદિવસ રચ્યાપચ્યા છે. મહાદેવજીને જઇને કહીએ કે 'શંભુ! થોડીક ભક્તિ અમને આપશો?' તો કહેશે :

'મને જ થોડી પડે છે, તો તને કયાંથી લાવીને આપું?' પણ કહીએ : 'થોડો ભોગ આપશો? લક્ષ્મી આપશો?' તો મહાદેવજી તરત કહે છે : 'આ બધા ઢગલા પડયા, ઉઠાવીને લઇ જા, જોઇએ એટલા!' નારાયણદાસ બ્રહ્મચારીના ઘરમાં રાત્રે લક્ષ્મીજી ધનના ઢગલા કરી જતાં અને સવારે નારાયણદાસ એમનાં ભત્રીજીને કહેતા : 'બેટા, આ બધો ગંદવાડ છે, ઉપાડીને બહાર ફેંકી દે, કારણ કે આપણા ઘરમાં લક્ષ્મીની જરૂર નથી, આપણા ઘરમાં તો એમના પતિ - નારાયણ- બિરાજે છે, ચંદબાવા બિરાજે છે!'

મહાદેવજી ભોગ આપશે, ભક્તિ નહીં આપે. વિષ્ણુ ભક્તિ આપશે, ભોગ નહી આપે. વિષ્ણુ પાસે જઇને કહીએ 'હે પ્રભુ! લક્ષ્મી આપો.' તો વિષ્ણુ ભગવાન બે આંખો કાઢશે : 'મારી પત્ની માગવા આવતાં તને શરમ નથી આવતી! અને ભક્તિ તો મારે શું કરવી છે? એ તો મારા ભક્તોએ કરવાની છે. જોઇએ એટલી લઇજા!' પણ આપણા પ્રભુ તો એ બંનેથી વધારે દયાળુ છે. એ તો પોતાના જીવોને ભક્તિ આપે છે અને સાથે સાથે ભોગ પણ આપે છે. જેને જેવો ભોગ જોઇએ - લૌકિક જોઇએ તો લૌકિક આપે છે અને અલૌકિક જોઇએ તો અલૌકિક આપે છે.

અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **'લોકનિષ્ઠામાં તમે મમત્વ રાખવાને બદલે ભગવન્નામની નિષ્ઠામાં દ્રઢતા રાખજો.'** આપ સમજાવે છે કે 'દુનિયામાં તમારી પ્રશંસા તમારા મોઢા ઉપર થતી હોય તો એ સાંભળશો નહી. તમારી પ્રશંસા સાંભળવાથી તમારું મન અભિમાની બની જશે, એમાંથી દીનતા ચાલી જશે. પરિણામે તમને અભિમાન આવતાં પ્રભુનાં સેવા-સ્મરણમાં તમારું ચિત્ત નહીં લાગે.' મહાન ભક્તો જે આજ સુધીમાં ભક્તિના શિખરે પહોંચીને નીચે ગબડયા છે, એનું કારણ છે - એમની વધેલી લૌકિક પ્રતિષ્ઠા. દુનિયામા પ્રતિષ્ઠા વધે એટલે જીવનું અધઃપતન થાય. એટલા જ માટે આપણા મહાનુભાવો આજ્ઞા કરતા રહ્યા છે કે 'વૈષ્ણવોની પ્રશંસા વૈષ્ણવોને મોઢે કદી ન કરવી, કારણ કે એમનું અધઃપતન કરવામાં આપણે નિમિત્ત બનીએ છીએ. વૈષ્ણવનાં ગુણગાન એમના પરોક્ષમાં, અમેની ગેરહાજરીમાં ખૂબ ગાવાં. વૈષ્ણવોની નિંદા કદી ન કરવી - હાજરીમાં કે ગેરહાજરીમાં.'

શેઠ પુરુષોત્તમદાસનો એક પ્રસંગ છે. સમજવા જેવો પ્રસંગ છે. શ્રીમહાપ્રભુજી એમના ત્યાં બિરાજતા. શ્રીમહાપ્રભુજીની સાથે તેઓ સવારે ગંગાજીના કિનારે ગયા છે. સંધ્યાવંદન કર્યા પછી શ્રીમહાપ્રભુજી પાછા પધારે છે. શેઠ પુરુષોત્તમદાસ, એમના મુનીમ વગેરે બધા એમની સાથે છે. રસ્તામાં સામેથી પુરુષોત્તમદાસ શેઠના વંશપરંપરાના જે ભાટચારણો છે, એ વર્ષાસન લેવા આવી રહ્યા છે. શેઠજીએ મનમાં વિચાર કર્યો

કે 'આ ભાટચારણ વધારે વર્ષાસન લેવાના લોભે મારાં ગુણગાન ગાવા લાગી જશે. મારા સ્વામીની સન્મુખ મારાં ગુણગાન ગવાય તો મારો દાસધર્મ જાય.' માટે એમણે મુનીમને આજ્ઞા કરી : 'જઇને ભાટચારણને કહો કે એમને ગુણગાન ગાવાં હોય તો મારાં નહીં, પણ મારા સ્વામી, શ્રીવલ્લભનાં ગાય. જો મારાં ગુણગાનનો એક અક્ષર પણ બોલશે, તો આજથી હું એમને વર્ષાસન આપવાનું બંધ કરીશ.' આ પ્રસંગ આપણે સૌએ બરાબર સમજી લેવા જેવો છે. વૈષ્ણવની હાજરીમાં એ વૈષ્ણવનાં ગુણગાન ક્યારેય ન કરવાં.

દુનિયામાં પોતાની વધેલી પ્રતિષ્ઠાથી અભિમાન ન આવે તે માટે પણ ભગવદીયો કેવા પ્રયત્નો કરે છે, એનું આજના સમયનું એક સત્ય ઉદાહરણ છે. મહેસાણાની નજીકમાં કડી ગામ આવેલું છે. શ્રીગોપાલલાલજી ત્યાં બિરાજે છે. ત્યાં એક મરજાદી વૈષ્ણવ થઇ ગયા કડીના વૈષ્ણવ સમાજમાં એમનું ખૂબ માન. એમના પ્રત્યે ભારોભાર આદર, ખૂબ પ્રેમ. એમનું વચન કોઇ ઉથાપે નહીં. સૌ એમને ભાવથી ભગવદ્સ્મરણ કરે. બધા એમની વાહ વાહ કરે કે 'આવી સેવા, આવી તન્મયતા તો અમને બીજા કોઈમાં જોવા મળતી નથી!'

એ વૈષ્ણવે વિચાર કર્યો : 'મારા મોઢે આવીને વૈષ્ણવો મારી આટલી બધી પ્રશંસા કરી જાય છે. પરિણામે ક્યાંક અભિમાન આવી જવાનો સંભવ છે. તેથી મારું અધઃપતન થશે. માટે એવો ઉપાય કરું કે લોકો મારી નિંદા કરતા થાય.'

એક વખત એવો આવ્યો કે એમની જ્ઞાતિનો ભોજનસમારંભ હતો. આખી નાત જમવા ભેગી થઈ હતી. ત્યારે આ મરજાદી વૈષ્ણવ પણ તાંબાની લોટી હાથમાં લઈને નાતમાં જમવા ગયા. ત્યારે આખી નાત આશ્ચર્યચકિત થઈને જોઈ રહી કે 'આ શું? બાળપણથી જેણે અસમર્પિત છોડયું છે, સાઇઠ સાઇઠ વર્ષોથી જેણે અસમર્પિત લીધું નથી એ આજે આ નાતમાં જમવા આવ્યા? પરિણામે કેટલાક કહેવા લાગ્યા કે 'આ ડોસાની બુદ્ધિ બગડી. સારું મિષ્ટાન્ન જોઇને જીભ ઉપરનો કાબૂ છૂટી ગયો. જોયું, ભગત થયા હતા મોટા! પણ ન રહેવાયું! સેવા કરીને પણ જુઓ, નાતમાં જમવા આવવાનું મન થયું!' કેટલાકે મોઢે આવીને કહ્યું કે 'કાકા, આ શું કર્યું તમે? તમારો ધર્મ પાણીમાં ગયો!' જે કહેવાય તે બધું કહ્યું. પણ એ તો નિશ્ચલભાવે પંગતમાં બેસી ગયા. એમની જ્ઞાતિમાં એવો રિવાજ કે બીજું કંઇ પીરસાય એ પહેલાં ઠાકોરજીનો કણિકા મહાપ્રસાદ પાતળમાં પધરાવાય. શ્રીગોપાલલાલજી પ્રભુનો કણિકા મહાપ્રસાદ એમની પાતળમાં આવ્યો. બીજું પણ ઘણું પાતળમાં આવ્યું. જય બોલાવાઇ અને વૈષ્ણવોએ ભોજન શરૂ કર્યું. આ મરજાદી વૈષ્ણવે કણિકા મહાપ્રસાદમાંથી એક જ

નાનકડો સૂક્ષ્મ કણ લઇ, જીભ ઉપર મૂકી, ઊભા થઇને ચાલવા માંડયું. પણ ત્યારથી એમના પ્રત્યે જે પ્રશંસાના શબ્દો વૈષ્ણવો ઉચ્ચારતા એ ઉચ્ચારતા બંધ થયા. એમને આનંદ થયો કે પ્રભુએ મારો ધર્મ રાખ્યો. જે વ્રત વગેરે કરવાનું હતું તે તો એમણે કરી લીધું. પણ પોતાની નિંદા કરાવીને, પોતાના મનમાં અભિમાન ન આવે એની સાવચેતી રાખવાનો એમણે પ્રયત્ન કર્યો. માટે મહાનુભાવો આપણને એવું શીખવે છે કે વૈષ્ણવ ધર્મ એ હૃદયનો ધર્મ છે, એ દેખાવનો ધર્મ નથી, એ પ્રદર્શનનો ધર્મ નથી. માટે વૈષ્ણવતાનું કદી પ્રદર્શન ન કરવું. બીજાને ખબર ન પડવા દેવી કે આપણે વૈષ્ણવ છીએ. **આપણી વૈષ્ણવતાનો ભાવ હૃદયમાં છુપાવીને રાખવો.**

શ્રીગુસાંઇજીના સેવક બે પટેલ ભાઇ. ગોકુળમાં રહીને મથુરા મજૂરી કરવા જાય, ત્યારે ધોતી-બંડી અને માળા-તિલક છુપાવીને જાય. કોઇ ન જાણે કે આ વૈષ્ણવ છે, એવી રીતે મજૂરી કરવા જાય. એકવાર એમના મુકાદમ જાણી ગયા કે આ વૈષ્ણવ છે, પરિણામે મજૂરી વધારે આપવાનો પ્રયત્ન કર્યો. એટલે કહ્યું કે આવતી કાલથી આપણે અહીં મજૂરીએ નહીં આવવાનું! વૈષ્ણવ જાણીને આપણને કોઇ વધારે આપે તો આપણી વૈષ્ણવતા જાય.

પચાસ વર્ષ પહેલાંની વાત છે. મુંબઇમાં એક વૈષ્ણવ થઇ ગયા. એક શેઠની દુકાને નોકરી કરે. એમનો શેઠ મુસલમાન હતો. આ વૈષ્ણવ મરજાદી. ઉનાળાના દિવસમાં બપોરે તરસ લાગે તો બાજુમાં થોડેક દૂર કૂવો હતો ત્યાં જાય. ડોલચી સાથે રાખે. જઇને જળ કાઢીને પીએ. પોતે જ્યારે નોકરીએ જાય ત્યારે બંડીની ઉપર ઝભ્ભો પહેરી લે, લલાટમાંનું તિલક પોંછી નાખીને પ્રસાદી જળનું તિલક કરી જાય. એક દિવસ એવું બન્યું કે તે જળ પીવા ગયા અને કોઇ ઘરાક આવ્યો. એમણે પૂછયું કે ‘શામજીભાઇ નથી?’ શેઠે કહ્યું : ‘ભાઇ, એ તો મારા નોકર છે. હું શેઠ છું. બોલો, શું કામ છે?’ ઘરાકે કહ્યું : ‘તમારું કામ નથી. મારે ખરીદી કરવી છે, પણ શામજીભાઇ આવશે ત્યારે આવીશ.’ શેઠને થયું કે આ પેલો મારો નોકર, એનો ધરમ કરવા રહે છે એમાં મારો ઘરાક જતો રહ્યો.’ એ જળ પીને પાછા આવ્યા ત્યારે શેઠે તેમને કહ્યું: ‘આ તમે ધરમ કરવા જાઓ છો અને મારો તો ઘરાક જતો રહ્યો.’ શામજીભાઇએ કહ્યું કે ‘કાલથી એવું નહીં બને.’ ઘેરથી નીકળતાં પીવાય એટલું જળ પીને નીકળવાનું રાખ્યું, બપોરે જળ પીવા જવાનું બંધ કરી દીધું. એમણે પોતાનો ધર્મ છુપાવીને રાખ્યો, તેમણે પોતાના ધર્મનાં નગારાં ન વગાડયાં.

આપણા માટે પણ શ્રીહરિરાયચરણ આ બાબત બતાવે છે કે વૈષ્ણવ તરીકેની

આપણી પ્રતિષ્ઠા જો દુનિયામાં વધવા માંડે તો આપણા હૃદયમાં વધતા ભગવદ્ભાવને પછાડનારી થશે. માટે દુનિયામાં આપણી પ્રતિષ્ઠા ન વધે એના માટે સાવચેત રહેવું. આપણે આપણા ધર્મનું આચરણ અને પાલન ગુપ્ત રીતે કરવું. **ધર્મ એ કોઈને દેખાડવાની બાબત નથી, ધર્મ એ હૃદયમાં અનુભવવાની બાબત છે.'**

શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રના અંતમાં આજ્ઞા કરે છે કે 'વૈષ્ણવો યાદ રાખજો જે પ્રભુની તમે સેવા કરો છો એ કૃષ્ણ તમારા સંસારનો વેરી છે, તમારો સંસાર એ કંસ છે, તમારા હૃદયની ભક્તિ એ મા યશોદાનું સ્વરૂપ છે. કંસને અને યશોદાજીને કેમનું બને? **યશોદાજીના સુખ માટે પ્રભુ કંસનો વધ કરવા તત્પર છે, એમ તમારા હૃદયનો ભક્તિભાવ જાળવવા પ્રભુ તમારા સંસારનો નાશ કરવા તત્પર છે'**

સંસાર એટલે કુટુંબ નહીં, સંસાર એટલે દુનિયા નહીં. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે 'જગત સત્ય, સંસાર મિથ્યા.' સંસાર એટલે આપણી અહંતા અને આપણી મમતા. 'આ હું કરું છું' એમ માનવું એ સંસાર છે, 'આ મારું છે' એમ માનવું એ સંસાર છે, આ પ્રભુ કરે છે, એમ માનવું એ ભક્તિ છે. માટે 'હું' અને 'મારું' - અહંતા અને મમતા ન વધે તેનું ધ્યાન રાખજો, નહીંતર તેને છોડાવવા માટે જરૂર પડયે પ્રભુ દુઃખ આપતાં પણ અચકાશે નહીં.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : 'આટલું જાણ્યા-સમજ્યા પછી પણ જો આપણી સંસારમાં આસક્તિ કાયમ રહે અને વધતી જાય તો માનવું કે આપણે મૂઢ જીવ છીએ. આપણે એ સાચી સમજને સ્વીકારવા તૈયાર નથી. આપણે બુદ્ધિના મંદ જીવ છીએ. અને પરિણામે એવો જીવોની પછી પ્રભુ ઉપેક્ષા કરે છે.'

આ રીતે એકવીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આ સિદ્ધાંતો સમજાવ્યા પછી અંતે એક જબરજસ્ત લાલબત્તી બતાવી છે. મને લાગે છે કે એનું રટણ આપણે સતત કરવા જેવું છે. જો શકય હોય તો આપણા ઘરની બધી દીવાલો ઉપર આ વાકય લખાવી રાખવા જેવું છે, હૈયે મઢાવી લેવા જેવું છે, પથ્થરમાં કોતરાવી લેવા જેવું છે : **'આ માર્ગની અંદર ચાલનારા સૌએ આટલા માટે સાવધાન થઈને રહેવું, ગફલતમાં રહેવું નહીં.'** કઈ કઈ સાવધાની રાખવી, એ શ્રીહરિરાયચરણે આપણને આ શિક્ષાપત્રમાં સમજાવ્યું.

॥ ઈતિ શ્રીહરિરાયજીકૃતમ્ એકવિંશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્ ॥

એકવીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૦

વિષય : ચિત્ત પ્રભુમાં એકાગ્ર ન થવાનાં કારણો અને તેના ઉપાયો.

- લૌકિકમાં લાગેલું મન પ્રભુમાં એકાગ્ર થઇ શકતું નથી.
- કલિયુગમાં ભક્તિમાર્ગ પણ તિરોધાન થયો છે, તેથી સાચા માર્ગે પ્રભુની ભક્તિ કરી શકાતી નથી.
- મન રાતોરાત પ્રભુમાં જોડાઇ શકતું નથી. તેથી મનને પ્રયત્નપૂર્વક પ્રભુમાં જોડતા રહેવું. મનમાંથી પ્રયત્નપૂર્વક લૌકિક વિચારોને દૂર કરી સેવા-સ્મરણમાં જોડવાનો પ્રયત્ન કરવો.
- મનની એકાગ્રતા માટે બુદ્ધિની દ્રઢતા જરૂરી છે.
- બુદ્ધિની દ્રઢતા માટે નામનિવેદનમંત્રનું સતત સ્મરણ-ચિંતન કરવું.

શિક્ષાપત્ર : ૨૨

ભાવોઽત્ર સાધનં માર્ગે પ્રમેયં ભગવાન્ હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ (સેવાદિઃ) સ એવ ચ ફલં પુનઃ ॥ ૧ ॥

આ માર્ગમાં ભાવ એ સાધન છે ને પ્રમેય ભગવાન છે. શ્રીકૃષ્ણની સેવા જે પ્રથમ પ્રમાણરૂપ હોય છે તે જ પછી ફળરૂપ બને છે. (૧)

તસ્માત્ સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા ।
યત્તદ્વિરુદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્તયેત્ ॥ ૨ ॥

એટલા માટે ભાવ જે નિધિરૂપ છે, તેનું સર્વથા રક્ષણ કરવું. જે જે કંઇ તેની વિરુદ્ધ હોય, તે સર્વને ઓળખી દૂર કરવું. (૨)

હરિકૃષ્ણે યથાપૂર્વં સ્નેહઃ સ્થાપ્યો વિશેષતઃ ।
ગોષ્ઠી ચ તાદૃશૈઃ (તાદૃશી) કાર્યા ધ્રુવમસ્મત્ પ્રયત્નતઃ ॥ ૩ ॥

વૈષ્ણવ હરિકૃષ્ણ ઉપર પૂર્વની પેઠે વિશેષ સ્નેહ રાખજો. તેવા તાદૃશીની સાથે આપણે પ્રયત્નપૂર્વક ગોષ્ઠિ કરવી જોઇએ. (૩)

એતસ્યાંતઃ સ્થિતિઃ પ્રાયઃ સમીચીનાવલોકયતે ।
નાન્યચ્ચ લૌકિકં ચિત્તે વિચાર્યમિહ સર્વથા ॥ ૪ ॥

તેમની આંતરિક સ્થિતિ કેવા પ્રકારની છે તે બહુધા સ્પષ્ટ જોઇ શકાય છે. તેમના પ્રત્યે આપણા ચિત્તમાં બીજો કોઇ લૌકિક ભાવ કોઇ પણ રીતે વિચારવો નહિં. (૪)

વિશેષસ્તુ સમગ્રોઽપિ ભાંડાગારિકપત્રતઃ ।
વિજ્ઞેય સર્વથા શીઘ્રં લિખ્યતાં ચ તદુત્તરમ્ ॥ ૫ ॥

વિશેષ ભંડારીના પત્રથી જાણશો, તેનો પ્રત્યુતર તરત જ લખશો.

શિક્ષાપત્ર : ૨૨

બધાં શિક્ષાપત્રોમાં બાવીસમું શિક્ષાપત્ર નાનામાં નાનું શિક્ષાપત્ર છે. એમાં શ્લોક સંખ્યા કેવળ પાંચ છે. **પાંચ શ્લોકમાં શ્રીહરિરાયચરણ આપણા માર્ગનું અલૌકિક સ્વરૂપ આપણને ખૂબ સુંદર રીતે સમજાવી દે છે.**

આપણે ચાર શબ્દો વારંવાર વિવિધ મહાનુભાવોનાં વચનામૃત અને પ્રવચનમાં સાંભળીએ છીએ-પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ. શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરીએ ત્યારે પણ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ- આ ચાર શબ્દો આપણે શ્રવણ કરીએ છીએ. એનું સ્વરૂપ અહીં શ્રીહરિરાયચરણ પુષ્ટિમાર્ગીય રીતે આપણને સમજાવે છે. મર્યાદામાર્ગીય પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ કરતાં પુષ્ટિમાર્ગીય પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ જુદાં છે.

પ્રમાણ એટલે જે રીતે આપણે સેવામાં ભગવદ્‌સન્મુખ રહેવાનો વ્યવહાર કરવાનો હોય તે. **પુષ્ટિમાર્ગમાં પ્રમાણ એક જ છે અને તે ભગવદ્‌સેવા અને સ્મરણ.** એટલે શ્રીઠાકોરજીનું સ્મરણ કરવું અને શ્રીઠાકોરજીની સેવા કરવી એ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યો. શ્રીમહાપ્રભુજીનો એવો એક પણ ગ્રંથ નથી કે જેમાં સેવાની આજ્ઞા કરવામાં ન આવી હોય. પુષ્ટિમાર્ગનો કેન્દ્રવર્તી વિચાર શો? એક જ શબ્દમાં જો જવાબ આપવાનો હોય તો એમ કહી શકાય કે 'સેવા'. સેવા કરવી, એ આપણા બધા માટે પ્રમાણ છે.

પ્રમેય એટલે શું? મર્યાદામાર્ગમાં પ્રમેયનું સ્વરૂપ પ્રત્યક્ષ રીતે અનુભવાતું નથી. **પ્રમેય એટલે સાક્ષાત્ શ્રીઠાકોરજી.** શ્રીઠાકોરજીની સાક્ષાત્ કૃપા. જેમ સૂર્ય અને સૂર્યનાં કિરણો ભિન્ન નથી તેમ **પ્રભુ અને પ્રભુની કૃપા પણ ભિન્ન નથી - બંને એક જ સ્વરૂપ છે.**

શ્રીગુસાંઇજીએ અકબર બાદશાહને આપેલો જવાબ આપણે યાદ રાખવા જેવો છે. અકબરે પૂછ્યું : 'સાહેબ કૈસે મિલે?' 'સાહેબ' એટલે ભગવાન. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી : 'જૈસે તુમ હમસોં મિલે!' આપ સમજાવે છે કે 'રાજા વિચાર કરે કે મારે પ્રજાજનને મળવું છે, તો તે તત્કાળ મળે છે. પણ પ્રજા વિચાર કરે કે મારે રાજાને મળવું છે, તો તે તત્કાળ મળી શકે અથવા ન પણ મળી શકે. એ દુર્લભ છે.' પ્રભુ

વિચાર કરે કે મારે જીવને પ્રાપ્ત થવું છે, તો પ્રભુ એ જીવ ગમે તેવો હોય, એની આગળ પોતે સ્વકૃપાબળે પધારી, તેને અંગીકૃત કરી શકે છે. પ્રભુનું આ પ્રમેય સ્વરૂપ છે. જ્યારે મર્યાદા-શાસ્ત્રો તો એમ કહેશે : 'તમે આ સાધન કરશો તો તેનું આ ફળ મળશે.' અહીં તો પ્રભુ એમ કહે છે કે 'તમે સાધન નહીં કર્યું હોય અને છતાં મારી ઇચ્છા હશે તો હું સાક્ષાત્ તમને પ્રાપ્ત થઈશ, ફળરૂપ થઈશ.' પ્રભુનું આ ફલાત્મક સ્વરૂપ એ પ્રમેય છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે '**પુષ્ટિમાર્ગમાં હૃદયનો ભાવ એ જ સેવાનું મુખ્ય સાધન છે** અને એ સેવા જ પ્રમાણરૂપ છે. સાક્ષાત પ્રભુ પ્રકટ થઈને દર્શન આપે, માગી-માગીને આરોગે ત્યારે પ્રમેયરૂપ બની જાય છે. એટલે **સેવાનું ફળ પણ સેવા છે.**

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'પુષ્ટિમાર્ગમાં મુખ્ય સાધન ભાવ છે, એ ભાવને તમે બરાબર સમજજો અને હૃદયમાં ધારણ કરજો.'

ભાવ એટલે શું? આપણે લૌકિકમાં કહીએ છીએ કે 'આ વસ્તુ મને બહુ ભાવે છે.' ભાવે છે એટલે પ્રિય છે, ગમે છે, એને માણવામાં આનંદ આવે છે. ઉનાળામાં આપણી જીભને કેરીનો સ્વાદ ભાવે છે, તેમાં આનંદ આવે છે. આ લૌકિક ભાવ થયો. **પ્રભુનાં ગુણગાન, કીર્તન, સ્મરણ દ્વારા પ્રભુનું સ્વરૂપ હૃદયની અંદર પધારતાં પ્રભુ આપણને પ્રિય લાગવા માંડે છે, પ્રભુ આપણે ગમવા માંડે છે, એટલે કે પ્રભુમાં આપણો ભાવ થયો છે,** પ્રભુ આપણને ભાવતા થયા છે, પ્રભુ આપણા મનભાવન બન્યા છે. આવી રીતે પ્રભુ પ્રત્યેની પ્રીતિ, પ્રભુ પ્રત્યેનો નિષ્કામ સ્નેહ તે અલૌકિક ભાવનું સ્વરૂપ છે. તે અલૌકિક ભાવ જ્યારે હૃદયમાં પ્રકટ થાય ત્યારે જીવને પોતાના સામર્થ્યનું સાચું ભાન થાય છે કે મારામાં કોઇ શક્તિ નથી, બધું સામર્થ્ય પ્રભુનું છે. મારાં કોઇ સાધન નથી, બધાં સાધન પ્રભુનાં છેઃ હું તો કેવળ કઠપૂતળી જેવો છું, તે નચાવે છે અને હું નાચું છું. દયારામભાઇએ કહ્યું તેમ '**જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સૂર નીસરે.**' હું તો વાજિંત્ર છું, તેને વગાડનાર તો મારા પ્રભુ છે. આવું જ્યારે હૃદયમાં સતત અનુભવાય ત્યારે તેને કહેવામાં આવે છે નિઃસાધન ભાવ. નિઃસાધન ભાવનો એવો અર્થ નહીં કે ઘરમાં આર્થિક સંકોચ છે, માટે આપણે નિઃસાધન છીએ! લૌકિક સંપત્તિ ને અને નિઃસાધનતાને કોઇ સંબંધ નથી. નિઃસાધન બની જઈએ કે 'હે પ્રભુ! તમે જ મારું સર્વસ્વ છો! તમે જેમ રાખો તેમ હું રહું. તમારી પ્રસન્નતા માટે જ મારું જીવન.' એ નિઃસાધનતાનો ભાવ શ્રીહરિરચયચરણ આજ્ઞા કરે છે કે, આવો ભાવ મુખ્ય છે, આપ આજ્ઞા કરે છે કે 'આ ભાવ એ સાક્ષાત્

ભગવદ્સ્વરૂપ છે, કારણ કે અલૌકિક પ્રેમ એ જ ભગવદ્સ્વરૂપ છે. આ ભાવ એ આપણા માટે અલૌકિક નિધિ છે, ખજાનો છે. માટે તેનું રક્ષણ કરવું. એવી આજ્ઞા નથી કરી કે કેવળ રક્ષણ કરવું, પણ સમજપૂર્વક રક્ષણ કરવું.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આ નિઃસાધન ભાવનું બીજ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા આપણા હૃદયમાં સ્થાપિત કર્યુ છે, વાવ્યું છે. બીજ જમીનમાં વવાય એ પૂરતું નથી હોતું. તે બીજમાંથી અંકુર ફૂટે, મોટું વૃક્ષ થાય, પુષ્પ અને ફળ આવે તે માટે ખેડ, ખાતર, પાણી અને વાડ - આ ચારેય વસ્તુ જરૂરી છે. એવી રીતે, આ ભગવદ્ભાવનું જે બીજ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા હૃદયરૂપી ભુમિમાં બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા રોપાયું છે, તેને માટેનાં ખેડ, ખાતર અને પાણી 'ભક્તિવર્ધિની'માં શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને બતાવ્યાં.

શ્રીમહાપ્રભુજીએ ત્યાં ત્રણ બાબતોની આજ્ઞા કરી. એક તો તમે લૌકિક વિષયોનો ત્યાગ કરવા માંડો, તે ખેડ છે. એકલી ખેડ કામની નહીં, તેમાં ખાતર નાખવું પડે. તો ભગવદીયો સાથે મળીને ભગવદ્ગુણગાનનું શ્રવણ કરવું તે ખાતર છે. ખેડ કરીએ, ખાતર નાખીએ અને જળ ન સિંચીએ તો બધું જ બળી જાય, માટે એના જળના સિંચન તરીકે છે કીર્તન. જેનું તમે શ્રવણ કર્યું છે તે ગુણગાનનું અનવસરના સમયમાં કીર્તન કરો. એમ કરતાં કરતાં તમારો ભગવદ્ભાવ પ્રેમરૂપે અંકુરિત થશે. પ્રેમરૂપે અંકુરિત થાય તે પછી, સેવા દ્વારા એ ભગવદ્ભાવનું વર્ધન, પોષણ અને સંરક્ષણ કરતાં કરતાં તમે આસકિતરૂપી પુષ્પ અને વ્યસનરૂપી ફળને પ્રાપ્ત કરી શકશો.

અહીં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે 'આ ભગવદ્ભાવરૂપી નિધિ, જે શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને પ્રાપ્ત થયો છે, તે એવો દુર્લભ ખજાનો છે. આપણે બેદરકાર રહીએ એવું ન થાય તે માટે ભગવદ્ભાવનું રક્ષણ કરવાથી જે કંઇ વિરુદ્ધ હોય, જે કોઇ બાબતો ભગવદ્ભાવના રક્ષણમાં પ્રતિબંધ કરનારી હોય તે બધીને **'જ્ઞાત્વા જ્ઞાત્વા'**- બરાબર જાણી જાણીને, દઢતાથી છોડતા રહેજો. તમે તેનાથી દૂર રહેજોઃ ભગવદ્ભાવનું રક્ષણ કેમ થાય એ બાબતમાં પણ હમેશાં ચોકસાઇપૂર્વક, સાવધાનીપૂર્વક તત્પર રહેજો.'

આટલી આજ્ઞા કર્યા પછી શ્રીહરિરાયચરણે આ શિક્ષાપત્રના અંતિમ બે શ્લોકમાં શ્રીગોપેશ્વરજીને અંગત રીતે આજ્ઞા કરી કે, આપના તરફથી સમાચાર જાણીને હવે મને સંતોષ થયો છે. શ્રીગોપેશ્વરજીનાં શ્રીવહુજીમહારાજના લીલાગમન

બાદ, સેવામાં સહાયક જવાને કારણે પ્રભુને પરિશ્રમ થશે, તેને કારણે તેમના મનમાં ક્લેશ થતો હતો. તેનું નિવારણ પહેલા દસ પત્રોથી શ્રીગોપેશ્વરજીને જ્યારે થયું, ત્યારે આપે ઉત્તરમાં પોતાના મનની સ્થિતિ હવે ફરી પાછી સ્વસ્થ થઇ છે એમ જણાવેલું. એ જાણીને શ્રીહરિરાયચરણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

અહીં બાવીસમા શિક્ષાપત્રમાં આપ આજ્ઞા કરે છે કે 'હરિકૃષ્ણ નામના એક તાદૃશી વૈષ્ણવ તમારી નજીકમાં છે. તમે એમનો સત્સંગ કરતા રહેજો. તેમના દ્વારા તમારું મન પ્રભુમાં વિશેષ લાગેલું રહેશે.'

શ્રીહરિરાયચરણ પોતાના લઘુ ભ્રાતા - શ્રીગોપેશ્વરજીને પણ ભગવદીયોનો સત્સંગ કરવાની આજ્ઞા કરે છે. ત્યારે આપણે તો પામર જીવો છીએ. આપણે જો સત્સંગ નહીં કરીએ, આપણું કોરા કપડા જેવું હૃદય ભગવદ્‌ભાવથી નહીં ભીંજાય. આપણો આ મનુષ્ય દેહ અને તેમાંય પ્રાપ્ત કરેલ વૈષ્ણવ ધર્મ વૃથા ગુમાવી દઈશું.

શ્રીહરિરાયચરણ જરૂરી લૌકિક કાર્યો માટે શિક્ષાપત્રમાં કોઇ ઉલ્લેખ કરતા નથી, કેવળ ભગવદ્‌વાર્તા જ કરે છે, કેવળ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો જ નિરૂપે છે અને જે કંઇ લૌકિક આવશ્ય કાર્યો છે તે અંગે પત્ર લખવા પોતાના પરિચારકોને આપ આજ્ઞા કરે છે, એવું આ શિક્ષાપત્રથી સમજાય છે, કારણ કે છેલ્લા શ્લોકમાં આપ કહે છે કે 'વિશેષ વાતો ભંડારીના પત્રથી આપ જાણશો.' આમ, આપ પોતાના પત્રોને કેવળ સિદ્ધાંતોના નિરૂપણ પૂરતા જ મર્યાદિત રાખે છે અને તે દ્વારા આપણને એમ સૂચવે કે ભગવદ્‌વાર્તા સાંભળ્યા પછી પણ મૌન રહીએ. મૌન રહીને આપણે જે કંઇ શ્રવણ કર્યું છે તેનું મનન, ચિંતન અને નિદિધ્યાસન કરીએ અને તેને જીવનમાં ઉતારવા માટે તત્પર રહીએ. તેના ચિંતનમાં સતત તત્પર રહીએ. ગાય અને ભેંશ ઘાસ ખાધા પછી છાંયડે બેસીને નિરાંતે વાગોળે છે, તેમ આપણે ભગવદ્‌વાર્તાનું શ્રવણ કર્યા પછી તેને વાગોળ્યા કરીએ, એ આજ્ઞા પરોક્ષ રીતે શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રના અંતિમ શ્લોક દ્વારા આપણને સમજાવે છે. આમ, અહીં બાવીસમું શિક્ષાપત્ર સમાપ્ત થાય છે.

॥ ઈતિ શ્રી હરિરાયજીકૃતમ્ દ્વાવિંશતિતમં શિક્ષાપત્રં

શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્ ॥

બાવીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૫

વિષય : ભાવનું સ્વરૂપ.

- મર્યાદામાર્ગીય પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ કરતાં પુષ્ટિમાર્ગીય પ્રમાણ, પ્રમેય સાધન અને ફળ જુદાં છે.
- પુષ્ટિમાર્ગમાં સેવા પ્રમાણ છે. શ્રીપ્રભુ અને તેમની કૃપા પ્રમેય છે, હૃદયનો ભાવ સાધન છે. ભાવાત્મા શ્રીપ્રભુ ફળ છે.
- ભાવ સાક્ષાત્ ભગવદ્‌સ્વરૂપ છે, તે અલૌકિક નિધિ છે. માટે તેનું સતત સમજપૂર્વક રક્ષણ કરવું.
- તાદશી વૈષ્ણવનો સત્સંગ કરવો. તેથી ભાવનું સંરક્ષણ અને ભાવની વૃદ્ધિ થાય છે.

શિક્ષાપત્ર : ૨૩

ભવંતઃ શ્રુતિસિદ્ધાંતાઃ કથં મુહ્યંતિ લૌકિકે ।
અલૌકિકે તુ ચિંતા યા વિષયાઽભાવતો ન સા ॥ ૧ ॥

શ્રુતિસિદ્ધાંત તો તમે જાણો છો, તો પછી લૌકિકમાં મોહ કેમ પામો છો? (લૌકિક વિષય હૃદયમાંથી જતો નથી, ત્યાં લગી અલૌકિક ભાવ હૃદયમાં રહી શકતો નથી.) અલૌકિકમાં જે ચિંતા થાય છે, તે તો વિષયના અભાવથી થતી નથી. (૧)

યતઃ સર્વસમર્થોઽસ્મત્ પ્રભુઃ સર્વં કરોતિ હિ ।
પિતેવ(પતિવત્) નિજદાસાનામૈહિકં પારલૌકિકમ્ ॥ ૨ ॥

આપણા પ્રભુ સર્વસમર્થ છે. તે સર્વ કરે છે. પિતા કે પતિની પેઠે તે આપણાં બેઉ - લૌકિક અને અલૌકિક - સિદ્ધ કરે છે. (૨)

અત એવાસ્મદાચાર્યવચનં વૈ વિરાજતે ।
'ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્' ॥ ૩ ॥

આથી જ આપણા આચાર્યશ્રીનું (નવરત્નમાં) વચનામૃત બિરાજમાન છે કે "ભગવાન પુષ્ટિમાં સ્થિતિ કરી રહેલા છે. તેથી તેઓ લૌકિક ગતિ કરશે નહિ."(૩)

મર્યાદામાર્ગ વૈરાગ્યાદ્યભાવેઽપિ ગતિં સતામ્ ।
ચિંતાસંતાનહંતારોઽપ્યાચાર્યપદરેણવઃ ॥ ૪ ॥

મર્યાદામાર્ગીય વૈષ્ણવોમાં જે વૈરાગ્યાદિ ગુણો હોય, તેવા ગુણો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં ન હોય તો પણ તેને સત્પુરુષની ગતિ થઇ શકે. શ્રીઆચાર્યચરણની રજ એવી છે કે તે ચિંતાના સમૂહને મટાડે છે. (૪)

અતસ્તદીયાઃ કિં ભ્રાંતાશ્ચિતાં વિધતે જનાઃ ।
જ્ઞાનિનોઽપિ ન વૈ દુઃખં ચિન્તે દધતિ લૌકિકમ્ ॥ ૫ ॥

સેવારસાદિરહિતાશ્ચિત્તં ભક્તાઃ કથં તથા ।
યૈઃ સ્વરૂપસ્ય સેવાયાં દર્શનસ્પર્શનાદિકમ્ ॥ ૬ ॥

અનુભૂતં સદા તેષાં ચિત્તં દુઃખયુતં કથમ્ ।
પરમાનન્દસંબંધે દુઃખ તિષ્ઠતિ નૈવ હિ ॥ ૭ ॥

તો શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા ભગવદીયજનોએ શા માટે ભ્રમમાં પડવું? તેમણે શા માટે ચિંતા કરવી ? (સેવાસુખના અનુભવ વગરના) જ્ઞાનીઓ પણ લૌકિક દુઃખ ચિત્તમાં ધરે એ કેવું? કારણ કે તેઓ તો સેવામાં દર્શન, ચરણસ્પર્શ આદિનો અનુભવ કરે છે. તો પછી તેમનું ચિત્ત શા માટે ખેદયુકત થાય? પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણના સંબંધમાં દુઃખ રહેતું જ નથી. (૫-૬-૭)

પિત્રાદયસ્તુ સર્વેઽપિ સંબંધાદુઃખહેતવઃ ।
બહિર્મુખજનસ્યેવ બાહિર્મુખ્યં તતસ્ત્યજેત્ ॥ ૮ ॥

પિતા, પત્ની, પુત્ર આદિ સર્વે સંબંધીજનોનો સંબંધ દુઃખના કારણરૂપ હોય છે. બહિર્મુખજનોના બહિર્મુખપણાને લીધે તેવું બનવા પામે, માટે તેવા બહિર્મુખપણાનો ત્યાગ કરવો. (૮)

બહિર્મુખસ્ય બાધંતે દોષા દૈહિકમાનસાઃ ।
ક્ષીણધાતોરિવાર્ત્તસ્ય રોગા વાતિકપૈત્તિકાઃ ॥ ૯ ॥

જેમ કોઇ ધાતુક્ષયવાળો દર્દી હોય, તો તેને વાયુ અને પિત્તનો રોગ પીડા કરે છે, તેમ બહિર્મુખને દેહ અને મન સંબંધી દોષો બાધા કરે છે. ૯

તન્નિવૃત્તિસ્તુ સમ્પાદ્યા સતાં સંગેન સેવયા ।
શ્રીભાગવતપાઠેન તદર્થં શ્રવણાદપિ ॥ ૧૦ ॥

તેથી સત્પુરુષોનો સંગ, સેવા, શ્રીભાગવતનો પાઠ તથા તેના કથાશ્રવણથી બહિર્મુખપણાની નિવૃત્તિ કરવી. ૧૦

નિવેદનસ્મરણતઃ સદ્ભિઃ સહ કથાદિભિઃ ।
સદા નામ ગ્રહણતઃ સદા શરણભાવનાત્ ॥ ૧૧ ॥

વળી, નિવેદનમંત્રનું સ્મરણ કરવું, સત્પુરુષો સાથે કથા કરવી, સદા શ્રીભગવન્નામના રટણથી શરણભાવના દૃઢ કરવી. ૧૧

અષ્ટાક્ષરમહામંત્રકીર્તનેન વિશેષતઃ ।
પંચાક્ષરેણ મંત્રેણ તદીયત્વવિભાવનાત્ ॥ ૧૨ ॥

અષ્ટાક્ષર મંત્રનું કીર્તન કરવું તેમજ ખાસ કરીને પંચાક્ષરમંત્રથી તદીયતાની વિશેષ ભાવના કરવી. (૧૨)

વૈરાગ્યપરિતોષાભ્યાં કૃષ્ણસન્નિહિતસ્થિતેઃ ।
લૌકિકલેશજૌદાસ્યાત્ પુત્રાદ્યનનુરાગતઃ ॥ ૧૩ ॥

વૈરાગ્ય અને સંતોષની પ્રાપ્તિ થાય તે માટે શ્રીકૃષ્ણની સન્નિધિમાં રહેવું અને લૌકિક કલેશથી ઉત્પન્ન થયેલી ઉદાસીનતાથી પુત્રાદિક વગેરેમાં અપ્રીતિ રાખવી.(૧૩)

ગૃહવિત્તાદ્યનાસક્ત્યા તદીયેષ્વતિરાગતઃ ।
નવરત્નસ્ય પાઠેન સર્વચિંતા નિવર્તતે ॥ ૧૪ ॥

ગૃહ-ધન આદિમાં આસક્તિ રાખવી નહિ અને જેઓ ભગવદીયો હોય તેમના પર સ્નેહ રાખવો. 'નવરત્ન'નો પાઠ કરવો. આવા ઉપાયો વડે સર્વ પ્રકારની ચિન્તા નિવૃત્ત થાય છે. (૧૪)

એવં નિવૃત્તવૈમુખ્યં જનં દુઃખં ન બાધતે ।
અતસ્તન્માત્રયત્નૈસ્તુ ભવિતવ્યં ભવાદૃશૈઃ ॥ ૧૫ ॥

આવી રીતે, જેની બહિર્મુખતા ગઈ છે તેવા વૈષ્ણવને દુઃખ બાધા કરી શકતું નથી. તમે પણ તેને વાસ્તે યત્ન કરો છો, તો તમારા જેવાએ તેવી સ્થિતિમાં રહેવું.(૧૫)

દુઃખેન ન વૃથા નેયઃ કાલઃ પરમદુર્લભઃ ।
કૃષ્ણસેવાનુકૂલસ્તુ નિજાચાર્યાશ્રયાશ્રિતૈઃ ॥ ૧૬ ॥

ખરું જોતાં, જેમણે આપણા આચાર્યશ્રીનો આશ્રય કર્યો છે અને કૃષ્ણસેવાને જેઓ અનુકૂળ છે, તેમને માટે તો વર્તમાન સમય પરમ દુર્લભ છે. તેને વૃથા ગુમાવવો નહિ. (૧૬)

દ્રુતં હેયા વૃથા ચિંતા પ્રાપ્તાઽપિ નિજદોષતઃ ।
ચિતોદ્વેગં વિધાયાપીત્ યેતદ્વચનચિંતનાત્ ॥ ૧૭ ॥

આમ છતાં, ચિન્તા ઉપસ્થિત થઈ હોય, તો તે આપણા પોતાના દોષથી થઈ છે અને તે વૃથા છે, એમ ધારી તેનો તરત જ ત્યાગ કરવો. શ્રીમહાપ્રભુજીનું 'નવરત્ન'માં વચનામૃત છે કે "ચિત્તને ઉદ્વેગ થયો હોય, ત્યારે પણ પ્રભુ જે કરે છે તે તેમની લીલામાત્ર છે." તેનું ચિંતન કરી જલદીથી ચિંતાનો ત્યાગ કરવો. (૧૭)

શિક્ષાપત્ર : ૨૩

ગઈ કાલે બાવીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને આજ્ઞા કરી કે ‘આપણા હૃદયમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રકટ થતો ભગવદ્‌ભાવ પ્રભુને પ્રાપ્ત કરવા માટેનું સાધન છે. જ્યાં સુધી હૃદયમાં ભગવદ્‌ભાવ પ્રકટ ન થાય, જ્યાં સુધી **હૃદયમાં એ ભાવસાગરનાં મોજાં ન ઊછળે, ત્યાં સુધી સેવા અને સ્મરણની જે જે ક્રિયાઓ આપણે કરીએ છીએ એ બધી કેવળ કર્મ છે, કેવળ લુખ્ખી ક્રિયાઓ છે, તે ફળરૂપ બનતી નથી,** માટે હૃદયમાં પ્રકટેલા ભગવદ્‌ભાવના એ નિધિનું, એ ખજાનાનું આપણે સારી રીતે રક્ષણ કરવા તત્પર રહેવાની જરૂર છે.

આપણે કોઈ વસ્તુનું રક્ષણ કરવાની જરૂર ક્યારે ઊભી થાય? આપણને ભય હોય કે એને કોઈ ચોરી જશે, એનો કોઈ નાશ કરી જશે તો આપણે એના રક્ષણમાં વધારે સાવધાન રહીને છીએ. ઘરની આગળ ઈંટ-પથ્થરના ટુકડા પડયા હોય, તો તેનું રક્ષણ કરવા માટે આપણે નથી તો વિચાર કરતા કે નથી રાતે ઊંઘ હરામ કરતા. પરંતુ ઘરની અંદર કયાંક દાગીના કે કીમતી વસ્તુઓ પડી હોય, તો તે દિવસે આપણી ઊંઘ હરામ થઈ જાય છે, સતત ચિંતા રહે છે કે ચોર તેને ચોરી તો નહીં જાય ને? જે વસ્તુ કિમતી હોય તેનું રક્ષણ કરવા આપણે જાગૃત રહીએ છીએ. શ્રીહરિરાયચરણ ભગવદ્‌ભાવરૂપી નિધિને અત્યંત અમૂલ્ય-કિમતી ગણે છે, માટે એમણે આજ્ઞા કરી કે તેનું રક્ષણ કરવા તમે સાવધ રહેજો.

હવે ત્રેવીસમા શિક્ષાપત્રમાં સત્તર શ્લોક દ્વારા શ્રીહરિરાયચરણ આપણા મનમાં જાગતી ચિંતા, તે ચિંતા જાગવાનું કારણ અને તે ચિંતાને દૂર કરવાનો અલૌકિક ઉપાય આપણને બતાવે છે.

ત્રેવીસમું શિક્ષાપત્ર જેમ જેમ વિચારીએ, તેમ તેમ લાગે છે કે શ્રીમહાપ્રભુજીએ રચેલા ‘નવરત્ન’ ગ્રંથનું જાણે આ ભાષ્ય છે. શ્રીમહાપ્રભુજીની ‘નવરત્ન’ ગ્રથમાંની દુર્બોધ વાણીને શ્રીહરિયચરણ ખૂબ સરળતાથી અહીં સમજાવે છે. માટે, આ શિક્ષાપત્ર આપ સૌ સાવધાન થઈને શ્રવણ કરજો.

શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રના પ્રારંભમાં જ શ્રીગોપેશ્વરજીને ટકોર કરે છે. શ્રીગોપેશ્વરજીના નિમિત્તથી સમસ્ત વલ્લભીય વૈષ્ણવ સમાજને આપ ટકોર કરી રહ્યા

છે. શ્રીહરિરાયચરણ શ્રીગોપેશ્વરજીને પૂછે છેઃ આપ કેવા છો? જેમણે શાસ્ત્રોના સિદ્ધાંત જાણ્યા છે તેવા આપ છો.

શ્રીગોપેશ્વરજી પોતે પણ ટીકામાં આજ્ઞા કરે છે તે પ્રમાણે શ્રીગોપેશ્વરજીએ વેદ, સ્મૃતિ, પુરાણ, શ્રીભાગવત વગેરે બધાં શાસ્ત્રોનો ખૂબ જ ધ્યાનપૂર્વક ગહન અભ્યાસ કરેલો છે. તમે શિક્ષાપત્ર ઉપરની શ્રીગોપેશ્વરજીની ટીકા વાંચશો તો આ વાત તરત સમજાઇ આવશે. શ્રીહરિરાયચરણની આજ્ઞાની સ્પષ્ટતા કરવા શ્રીગોપેશ્વરજી અનેક શાસ્ત્રપુરાણોમાંથી પ્રમાણ આપીને એ વાતને વધારે દૃઢ રીતે રજૂ કરે છે. શ્રીગોપેશ્વરજીનું શાસ્ત્રજ્ઞાન, શ્રીગોપેશ્વરજીની સિદ્ધાંતની સમજ શ્રીહરિરાયચરણ કરતાં જરાય ઓછી નથી. ગાંડો માણસ જો રોદણાં રડતો હોય તો તેની દયા ખાઇએ કે આ વિચારો શું કરે? એને સાન, ભાન કે જ્ઞાન નથી એટલે રડે છે. પણ ડાહ્યો અને સમજુ માણસ, બીજાને સલાહ-શિખામણ આપવાપાત્ર વ્યકિત જ્યારે પોતાના પર દુઃખ આવી પડે ત્યારે જો રોવા બેસે તો આપણે તેની દયા નથી ખાતા, પણ તેને ટકોર કરીએ છીએ કે સમજુ થઈને, સાન ગુમાવીને શા માટે આવું વર્તન કરે છે?

શ્રીહરિરાયચરણ શ્રીગોપેશ્વરજીને એ જ આજ્ઞા કરે છે કે 'તમે સર્વ શાસ્ત્રોના, સર્વ સિદ્ધાંતોના જ્ઞાતા છો, તમે શ્રીઆચાર્યચરણના બાળક છો, તમે આચાર્યપીઠ પર બિરાજમાન છો, તેમ છતાં આપનાં વહુજીના લીલાપ્રવેશના કારણે લૌકિક શોકમાં આપ આટલા બધા મોહિત કેમ થઇ ગયા છો? આપને આટલી બધી ચિંતા કેમ થાય છે?'

શ્રીગોપેશ્વરજીને નિમિત્ત કરીને આ પ્રશ્ન શ્રીહરિરાયચરણ આપણને પૂછે છેઃ 'હે વૈષ્ણવો, તમે બાવીસ-બાવીસ શિક્ષાપત્રોનું વાચન કર્યું, મનન કર્યું, એ સિદ્ધાંતોને સમજવાનો પ્રયત્ન કર્યો, એમાંથી થોડુંક તમારા જીવનમાં પણ ઊતર્યું હશે. આમ, તમે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને સારી રીતે જાણતા હોવા છતાં, હજી પણ તમે લૌકિક બાબતોમાં આટલા બધા મોહિત કેમ છો, તે સમજાતું નથી.'

જેણે સેવાસ્મરણનો પ્રારંભ નથી કર્યો, જે ધર્મનું આચરણ કરતા નથી, તે તો લૌકિકમાં રચ્યાપચ્યા રહે એ સમજી શકાય; પણ આપણા માટે ભારે વિચિત્રતા અને વિપરીતતા છે કે સેવાસ્મરણનો અનુભવ કર્યા પછી પણ, સેવાસ્મરણ કરતાં કરતાં પણ આપણું મન આપણે લૌકિક બાબતોમાંથી મુકત કરી શકયા નથી. માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે 'તમારે સિદ્ધાંતો જાણ્યા પછી લૌકિકમાંથી મન કાઢી લેવું પડશે.' કેમ? ચિંતા થવાનું કારણ એક જ છે- હૃદયની અંદર લૌકિક વિષયોમાં મન રચ્યુંપચ્યું છે.

'ચિંતા' શબ્દનો જો વિચાર કરીએ, તો સંસ્કૃતના 'ચિંત્' ધાતુ પરથી ચિંતા શબ્દ બન્યો.'ચિંત્' ધાતુનો અર્થ થાય છે સ્મરણ કરવું, ચિંતન કરવું. સામાન્ય રીતે સ્મરણ સુખદ હોય છે. ભૂતકાળનો આનંદનો પ્રસંગ યાદ આવે, એનું સ્મરણ થાય એટલે મનમાં આનંદ થવો જોઇએ. માટે તો એક લૌકિક કવિએ પણ કહ્યું 'માણ્યું તેનું સ્મરણ કરવું, એય છે એક લહાવો.' ભૂતકાળમાં જે માણ્યું છે, અનુભવ્યું છે એને યાદ કરી કરીને મમળાવવું. ચુઇંગ ગમની જેમ એને ચૂસ્યા કરવું. એમાં લૌકિક જીવોને વિશેષ આનંદ આવતો હોય છે. માટે આપણે ભૂતકાળના કડવા પ્રસંગોને - દુઃખદ પ્રસંગોને યાદ કરવાનો પ્રયત્ન કરતા નથી. આપણે સુખદ પ્રસંગોને યાદ કરીએ છીએ. પરંતુ યાદ કરવું, સ્મરણ કરવું એ એ અર્થના ચિંત્ ધાતુ પરથી બનેલો ચિંતા શબ્દ કંઇક જુદા અર્થમાં વપરાય છે.

આપણને ચિંતા ક્યારે થાય છે એનું મનોવિશ્લેષણ કરવા જેવું છે. શ્રીગુસાંઇજી 'નવરત્ન' ગ્રંથની ટીકામાં આજ્ઞા કરે છે કે 'જેને આપણે હૃદય કહીએ છીએ, મન કહીએ છીએ એ જુદી જુદી બાબતોનું બનેલું છે. એમાં એક ચિત્ત છે, જેને આપણે બુદ્ધિ કહીએ છીએ. તે હમેશાં જુદી જુદી બાબતોના વિચાર કરે છે. વિચારનો જન્મ બુદ્ધિમાં થાય છે. ત્યાર બાદ મન છે, તે સંકલ્પ વિકલ્પો કરે છેઃ આ કરવું કે ન કરવું. મન જે સંકલ્પ-વિકલ્પ કરે એના પરિણામે હૃદય એક નિર્ણય કરે છે કે મારે આ બધામાંથી અમુક કરવું છે. હૃદય જેનો નિર્ણય કરે છે, એને અમલમાં મૂકવાનું કાર્ય અંતઃ કરણ કરે છે. અંતઃ કરણ શરીરની ઇંદ્રિયોને આજ્ઞા કરે છે કે તમે હવે આ કાર્ય કરો. દા.ત. સવારે રસોઇ કઇ બનાવવી, એનો નિર્ણય બુદ્ધિ કરે છે. મન તરત સંકલ્પ-વિકલ્પ કરે છે કે કેરીના રસની સાથે રોટલી ફાવશે કે પુરી ફાવશે? રોટલી ફાવશે તો કેવી ફાવશે? એની સાથે કારેલાંનું શાક કરીશું કે બટાટાનું શાક કરીશું? આ સંકલ્પ-વિકલ્પ ચાલવા માંડે. છેવટે હૃદય નિર્ણય કરે છે કે ના, ઘરમાં બધાંને બટાટાનું શાક ભાવે છે, માટે બટાટાનું શાક જ કરવાનું છે. હૃદયે કરેલો આ નિર્ણય અંતઃકરણ આપણા હાથ દ્વારા કરાવે છે. હાથને હુકમ કરે છે કે તું બટાટાનું શાક બનાવ.

આવી રીતે, મનમાં જે વિચાર જન્મે છે, એ જુદા જુદા સંકલ્પ-વિકલ્પમાંથી પસાર થતાં ઇંદ્રિયો દ્વારા ક્રિયામાં પરિણમે છે. દા.ત. બુદ્ધિમાં વિચાર આવ્યો કે આપણે કંઇક સારું જોવું છે. મન સંકલ્પ-વિકલ્પ કરે છે કે પિકચર જોવા જવું કે મંદિરે દર્શન કરવા જવું? હૃદય એમ કહે છે કેઃ 'ના, ના મંદિરે તો રોજ જઇએ છીએ, આજે

પિક્ચર જોવા જવું છે.' તો શરીર દ્વારા આપણે એ નિર્ણયને અમલમાં મૂકીએ છીએ. હવે સામાન્ય સંજોગોમાં જ્યારે આપણી ઇંદ્રિયો આપણા મને નકકી કરેલું કામ બરાબર કરે, ત્યારે આપણને આનંદ થાય છે કે ચાલો, ધારેલું કામ પૂરું થયું. પરતું કેટલીક વાર ધારેલું કામ પૂરું નથી થતું. સિનેમા જોવા ગયા તો ખરા, પણ ટિકિટ ન મળી, અને ધારેલું કામ પૂરું ન થયું. એના પરિણામે એ જ મનની અંદર ત્યાં જ ચિંતા શરૂ થઇ જાય છે- હવે શું કરીશું? ઘેર પાછા જઇશું કે કાળાબજારની ટિકિટ ખરીદીને જઇશું? ધક્કામુક્કી કરીશું ? શું કરીશું? એની ચિંતાનો કીડો શરૂ થઇ જાય છે. રસોઇ બનાવવાનું નક્કી કર્યું હોય, હાથ કામ કરવા તૈયાર થયા, પણ ગેસ જતો રહ્યો છે, કેરોસીન નથી. હવે શું કરીશું? પરિણામે તરત જ મનમાં ચિંતાની શરૂઆત થઇ જાય છે.

આમ, આપણે નકકી કરેલું કામ જ્યારે આપણે પોતે કરી શકતાં નથી, એ કરવામાં નિષ્ફળતાના પરિણામે, એમાંથી ચિંતા પ્રકટે છે. ચિંતા જન્મવાનું કારણ છે- આપણી અહંતા. આપણને અભિમાન છે કે હું ધારું તે કામ પૂરું કરીને રહું છું. હું વિચાર કરું તે કામ થવું જ જોઈએ. જ્યારે એ કામ નથી થતું ત્યારે આપણું અભિમાન ઘવાય છે. અભિમાન ઘવાય છે એના પીરણામે મનમાં ક્ષોભ થાય છે, એમાંથી ચિંતા જન્મે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **'આવી રીતે જન્મતી આ ચિંતા માટે જો કોઈ પણ કારણ જવાબદાર હોય, તો તે આપણા હૃદયમાં રહેલા લૌકિક વિષયો છે, આપણી અહંતા અને મમતા જવાબદાર છે.** દા.ત., પડોશીના ત્યાંથી જાન સવારે જવાની છે. આપણે ઊઠીને માત્ર જોયા કરીએ છીએ સાક્ષીરૂપે. ખબર પડે છે કે જે મોટર આવવાની હતી તે હજી આવી નથી અને આવી શકે તેમ પણ નથી. પડોશી બહુ ચિંતામાં છે, દોડાદોડ કરે છે; પણ આપણા પેટનું પાણી હાલતું નથી, કારણ કે આપણે જાનમાં જવાનું નથી, આપણા ઘરનો એ પ્રસંગ નથી, આપણે એ પ્રસંગ ઊભો કર્યો નથી, આપણે કોઇને લઇ જવાના નથી; પરંતુ એ જ પ્રસંગ જો આપણા ઘેર આવે, તો આપણને એની ચિંતા થવા માંડે છે. આપણા સૌનો આ અનુભવ છે.

બીજાના ઘેર મૃત્યુ થાય તો આપણે એમને બહુ સારી રીતે આશ્વાસન આપીએ છીએ કે પ્રભુને ગમ્યું તે ખરું, દુઃખ ન કરશો. પણ આપણા ઘરમાં જો એવો પ્રસંગ આવે તો એ આશ્વાસન આપણે આપણી જાતને યાદ કરીને આપી શકતા નથી આપણે તો કહીએ છીએ ''ભાઇ, રામબાણ વાગ્યાં હોય તે જાણે ! તમારે તો

બોલવું છે! અમને શું થાય છે, એની તમને શી ખબર પડે?'' હૃદયમાં દુઃખ થાય. એમાંથી ચિંતા જન્મે; હૃદયમાં ક્રોધ આવે, એમાંથી ચિંતા જન્મે; હૃદયમાં લોભ આવે, એમાંથી ચિંતા જન્મે. હૃદયમાં કામ પ્રકટ થાય, એમાંથી ચિંતા જન્મે. આમ, બધા લૌકિક વિષયોમાંથી આપણા હૃદયમાં સતત ચિંતા જન્મ્યા જ કરે છે.

ચિંતા દિવસે દિવસે વધતી જાય છે. જેમ પેલી વાર્તાઓમાં કહે છે કે રાજકુંવરી દિવસે ન વધે એટલી રાતે વધે અને રાતે ન વધે એટલી દિવસે વધે. રાજકુંવરી તો એવી રીતે વધતી હશે કે નહીં એ ખબર નથી, પણ આ ચિંતારૂપી રાજકુંવરીને આપણે બહુ પ્રેમથી વધાર્યા કરીએ છીએ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આપણા હૃદયમાં આમ લૌકિક વિષયોનો સાગર છલકાય છે. આપણને લૌકિક સિવાય બીજી વાતોમાં રસ પડતો નથી. આપણું કર્તાપણાનું અભિમાન આપણને નડે છે, મારાપણાનું અભિમાન ચિંતા કરાવે છે. એના કારણે એક મ્યાનમાં બે તલવારો નથી રહેતી. હૃદયનો એક ગુણધર્મ છે. તે જેટલો સારો છે એટલો ખોટો પણ છે. તેમાં એક સમયે બે ભાવ ટકતા નથી, એક જ ભાવ ટકે છે. **એ જો હૃદયમાં ભગવદ્‌ભાવ ધારણ કરે તો પછી એમાં લૌકિક ભાવ ટકી શકતો નથી.**

ગોવિંદસ્વામીની વાર્તામાં પ્રસંગ આવે છે કે એમની સગી દીકરી, જે વૈષ્ણવ નથી એ દૂર દૂરથી એના સાસરેથી પિતાને મળવા માટે વ્રજમાં આવી છે. ગોવિંદસ્વામીના બેન ગોવિંદસ્વામીને વિનંતી કરે છેઃ 'ભાઇ, આ તમારી દીકરી વર્ષો પછી કેટલે દૂરથી તમને - પિતાને મળવા આવી છે! એની મા તો છે નહીં! તમે બે ઘડી સાથે બેસીને વાત તો કરો!' ગોવિંદસ્વામી દીકરી સામે નજર પણ કર્યા વિના જવાબ આપે છે : 'બહેન, પ્રભુએ મને એક જ મન આપ્યું છે. એ દીકરીમાં લગાડું તો પ્રભુમાં નહીં લાગે અને પ્રભુમાં લગાડું તો દીકરીમાં નહીં લાગે. મારું મન તો પ્રભુમાં એવું લાગી ગયું છે કે હવે દીકરીમાં લાગે તેમ નથી. તમારે એની સાથે જે લૌકિક વ્યવહાર રાખવો હોય તે રાખો!' આમ, ગોવિંદસ્વામી આપણને શીખવે છે કે મન જો લૌકિકની અંદર રચ્યુંપચ્યું રાખીશું તો એ મન પ્રભુમાં કદી લાગવાનું નથી. લૌકિકમાં મન રહેશે ત્યાં સુધી એ મનની અંદર ચિંતાઓનો ખજાનો ભરેલો રહેવાનો છે, કારણ કે લૌકિક બાબતો સાથે કામ, ક્રોધ, લોભ મોહ, મદ, મત્સર - આ સૌ જોડાયેલાં છે.

ઉદ્ધવજી આવ્યા છે વ્રજમાં. ગોપીજનોને લૌકિકમાં મન રાખવાનું તો કહેતા

નથી, પણ એ જ્ઞાનીભક્ત ગોપીજનોને કહે છે : 'તમે જપ કરો! આ શું આખો દિવસ શ્યામ-શ્યામ-શ્યામ કર્યા કરો છો?' ગોપીજનો પણ ટોળમાં જવાબ આપે છે : 'ઉધો, હમારે નહી મન દસ-બીસ.' હે ઉદ્ધવ, અમે શું કરીએ? અમને પ્રભુએ એક જ મન આપ્યું છે, દસ-વીસ મન આપ્યાં નથી. આ મન શ્યામમાં લાગ્યું છે, હવે ગામમાં લાગતું નથી.

શ્રીહરિરાયચરણ પણ અહીં એ જ સમજાવે છે કે તમે સિદ્ધાંત સમજ્યા છો, તો હવે **પ્રયત્નપૂર્વક તમારા મનને લૌકિકમાંથી અલૌકિકમાં લગાડવાનો પ્રયત્ન કરો.**

તમે કહેશો : 'એવો પ્રયત્ન કેવી રીતે કરવો? લૌકિક કેવી રીતે ભૂલી જવાતું હશે? લૌકિક ભૂલવા શું અમારે સંન્યાસ લઈને જંગલમાં ચાલ્યા જવાનું? કુટુંબનો ત્યાગ કરી દેવાનો?' ના. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'મનની વૃત્તિઓને બદલી કાઢવી. ગૃહસ્થાશ્રમમાં રહીને આપણા ગૃહસ્થાશ્રમને લૌકિકને બદલે અલૌકિક બનાવી દેવો.'

શ્રીમહાપ્રભુજીએ આપણને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિદ્ધાંત આપ્યો. આ જગતમાં જે કંઈ છે એ બધું ભગવદ્રૂપ છે. **'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે, દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.'** નરસિંહ મહેતાએ શ્રીમહાપ્રભુજીની પૂર્વે આ જ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિદ્ધાંત સમજાવેલો. જગતમાં સર્વત્ર પ્રભુને જોવાનો પ્રયત્ન કરો, સર્વ લૌકિકમાં અલૌકિકને શોધવાનો પ્રયત્ન કરો. **જગતમાં જે કંઈ બની રહ્યું છે એ બધું કેવળ પ્રભુની લીલા છે : ''બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.''**

આ જગત બધું પ્રભુને ખેલવા માટેનું એક પ્લે-ગ્રાઉન્ડ છે અને આપણે બધાં એનાં રમકડાં છીએ. પ્રભુ ખેલી રહ્યા છે, ક્રીડા કરી રહ્યા છે. માટે જગતમાં દરેક માણસ જે કંઈ કરે છે, તે એની બુદ્ધિથી કરતો જ નથી. એ તો કઠપૂતળી છે, પ્રભુનો નચાવ્યો નાચે છે. એનું સામર્થ્ય શું કે એ કંઈ પણ કરી શકે? એટલે આ સૌ પ્રભુએ એમને જે જે રોલ સોંપ્યો છે તે આ જગતના તખ્તા ઉપર ભજવી રહ્યા છે.

એ રીતે જો આપણે આ જગતમાં ચાલતી સર્વ પ્રવૃત્તિઓને પ્રભુની લીલારૂપે નિહાળીશું તો આપણને આનંદ આવશે. સિનેમા કે નાટકમાં ખલનાયકની ભૂમિકા કરનાર ઉપર આપણને ક્રોધ નથી આવતો, એમાં આપણને આનંદ આવે છે. પણ જીવનમાં જો કોઈ ખલનાયક બનીને આપણને પરેશાન કરે, તો એના ઉપર ક્રોધ આવે છે. પણ એમ માનીએ કે પ્રભુ એની પાસે ખલનાયકનો રોલ કરાવી રહ્યા છે અને એવા સાક્ષી-ભાવથી જગતની બધી પ્રવૃત્તિઓને આપણે જોવાનો સ્વીકારવાનો

પ્રયત્ન કરીશું તો જગતમાં કશું લૌકિક લાગશે નહીં, બધું અલૌકિક લાગશે. આવી એક ભગવદ્દૃષ્ટિ આપણે સમજપૂર્વક-પ્રયત્નપૂર્વક કેળવવી પડશે. આપણે જગતના સર્વ જડ અને ચેતન સાથેનો વ્યવહાર તે પ્રભુની લીલા છે એમ વિચારી કરવો જોઈએ.

ઘણા વૈષ્ણવોને તમે જોતા હશો. ચાલે એટલે 'ધબ-ધબ' અવાજ કરતા ચાલે. પરંતુ જો આપણે વિચાર કરીએ કે આ પૃથ્વી પણ એ પ્રભુનું સ્વરૂપ છે, તેના ઉપર ફરતા નાનાં મોટાં જંતુઓમાં પણ આત્મારૂપે ભગવદ્ અંશ રહેલો છે, તો આપણી ચાલ બદલાઈ જશે. આપણે વિચાર કરીશું કે સામાની અંદર પણ પ્રભુ બિરાજેલા છે. હું એને ગાળ દઉં છું, ત્યારે પ્રભુને ગાળ દઉં છું, આવું જો આપણે વિચારતા થઈએ તો આપણો સૌની સાથેનો વ્યવાહાર કટુ નહીં રહે, મધુર બની જશે. આપણને જે નથી ગમતું એવું કોઈ પણ વર્તન આપણે સામા સાથે ન કરીએ. કોઈ મને ઊંચા અવાજે કહે તો મને નથી ગમતું, તો મારાથી બીજાને ઊંચા અવાજે ન કહેવાય. આવી શુદ્ધાદ્વૈતની દૃષ્ટિ આપણે કેળવવી પડશે. આ બધું પ્રભુ કરી રહ્યા છે. **'જીવ તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.'** એની ઈચ્છા વિના તો વૃક્ષનું પાન પણ હાલતું નથી. આ વાતને જો બરાબર અનુભવી લઈએ તો પછી આપણને, આપણાથી કોઈ કામ નથી થયું એની ખીજ નહીં થાય. આજે તો શું બને છે? આપણાથી નથી બનતું એની ખીજ બીજાના ઉપર કાઢીએ છીએ. ક્યારેક તો આપણી જાત ઉપર કાઢીએ છીએ.

ઘણાં વૈષ્ણવ ઘરોમાં એવું દેખાય કે ઘરનાં જે વડીલ-વૃદ્ધ હોય એ ઠાકોરજીની સેવા કરતાં હોય. એમનાથી ઉંમરને કારણે એ બધું કાર્ય ન બને. એટલે એમની એ શારીરિક અશક્તિનો ગુસ્સો પછી ઘરનાં બાકીના ઉપર કાઢવાં માંડે. અરે ભાઈ, તમે સેવા કરો છો એ બહુ સુંદર છે; પણ તમે બીજાનો સહકાર લો. તમારાથી સેવા નથી બનતી, એની ખીજ તમે બીજાના ઉપર શું કરવા કાઢો છો?

હમેશાં જો આપણે જગતમાં સાક્ષીવત્ થઈને રહીએ, હમેશાં જો આપણે હસતા રહીએ, હમેશાં જો આપણે બીજાને આપણા હૃદયનો પ્રેમ આપતા રહીએ, તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણા હૃદયમાં લૌકિક ભાવ કદી પ્રકટ નહીં થાય. **સમગ્ર જગતને તમે પ્રભુના સ્વરૂપે જુઓ અને માણો.** નાનાં બાળકોમાં પણ પ્રભુ બિરાજી રહ્યા છે.

મથુરામાં રાજાધિરાજનું મંદિર ખૂબ જાણીતું. ત્યાં શયનનાં દર્શન વખતે મથુરાનાં બાળકો પણ આવે. ચોકમાં ખૂબ રમે. હલ્લો-ગુલ્લો મચાવે. એમને જ્યારે

લીલા મેવાનો મહાપ્રસાદ મળે ત્યારે ઘેર જાય. ત્યાંના અધિકારીજી ચિડાઇ ગયા કે ‘આ મંદિર છે કે રમતનું મેદાન છે! આટલો હલ્લો-ગુલ્લો કેમ મચાવો છો?’ એમણે કહી દીધું કે ‘આજથી આમને પ્રસાદ આપવો બંધ કરો, એમને મંદિરમાં આવતાં બંધ કરો.’ એ દિવસે પેલાં બાળકો મંદિરમાં ન આવ્યાં, એ મંદિરના ચોકમાં ન રમ્યાં. રાત્રે એ અધિકારીજીને સ્વપ્રમાં શ્રીદ્વારકાધીશ પ્રભુએ આજ્ઞા કરી કે ‘આજે સાંજે મને ગમ્યું નથી, કારણ કે આજે મારા સખાઓ-મારી સાથે ખેલનારા કોઇ નહોતા. બાળકોની સાથે હું મંદિરના ચોકમાં ખેલું છું. માટે તમે એમને મંદિરમાં આવતાં રોકો નહીં, એમને રમતાં રોકશો નહીં. એમને મહાપ્રસાદ આપી, પ્રેમથી બોલાવો.’

આ ભગવદ્દૃષ્ટિ છે કે નાનાં બાળકોમાં પણ પ્રભુ બિરાજે છે. શ્રીમહાપ્રભુજીના દિવ્ય ચરિત્રનો એક પ્રસંગ છે. આપ તગડી ગામના પાદરમાં એક બ્રાહ્મણના ચોતરા ઉપર રાત્રિવાસ કરીને બિરાજેલા. સવારે સ્નાન કરી, સંધ્યાવંદન કરે છે. પેલો બ્રાહ્મણ હરખાતો હરખાતો વિનંતી કરે છે : ‘મહારાજ! આપ અંદર પધારી દર્શન કરો. આજે મારા ઘરમાં રામકૃષ્ણની જોડી માખણ આરોગી રહી છે!’ શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઈને આજ્ઞા કરી : ‘તારાં બે લૌકિક બાળકો માખણ ખાય છે, એ જોઇને તને જે અલૌકિક ભાવ જાગ્યો એ બહુ સુંદર છે. પણ તારો એ ભાવ સદા ટકી રહે એટલા માટે તારી પત્ની કૂવે જળ ભરવા ગઇ છે, ત્યાં સામે જા અને એને સમજાવી-ફોસલાવી ઘેર લઇ આવ, જેથી તારી એ પત્ની ઘેર આવી ગુસ્સો કરી તારાં બાળકોને મારે નહીં.’ પેલો બ્રાહ્મણ સામે જઇ પત્નીને સમજાવીને લાવ્યો. પત્ની બહુ રાજી થઇ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ બંનેને આજ્ઞા કરી કે ‘તમારાં બાળકોમાં પ્રભુ બિરાજે છે, એ પ્રભુને જુઓ. બાળકો પ્રભુનાં પ્યારાં છે, એમને કદી મારશો નહીં.’

આપણે બાળકના ઉપર હાથ ઉપાડીએ ત્યારે એમ ન માનશો કે બાળકમાં બુદ્ધિ નથી,એનામાં સમજણ નથી. એ પણ મનમાં વિચાર કરે છે : ‘પપ્પા! અત્યારે તો તમે મને મારી લો, કારણ કે તમે મોટા છો, મારી શકવાને સમર્થ છો. હું નાનો છું એટલે મારાથી સામે બોલાય એમ નથી, પણ જ્યારે હું મોટો થઇશ ત્યારે તમે નાના થશો, કારણ કે ઘરડા થવાના છો. જ્યારે તમે ઘરડા થશો અને હું મોટો થઇશ ત્યારે તમને પરેશાન કરીશ. તમે મને થપ્પડ મારી છે એનું બીજી રીતે વેર લઇશ. ત્યાંરે તમે મને કશું નહીં કરી શકો, કરાણ કે તમે પણ બાળક બની ગયા હશો.’

ઘરની અંદર એવું પ્રસન્નતાનું વાતાવરણ ઊભું કરીએ કે ઘરમાં કોઇ ઊંચા અવાજે વાત ન કરે, ઘરમાં કોઇનું મોં ચડે નહીં, ઘરમાં સૌ પોતાને મનદુઃખ થતું

લાગે, તો પણ ભૂલી જઈને હસી કાઢે, જાતે ઘસારો વેઠીને પણ બીજાના સુખ માટે ઘસાઈ છૂટે. આ અલૌકિક ભાવના છે. એવી અલૌકિક ભાવના જો આપણે કેળવીએ તો જ મનમાંથી ચિંતા નિવૃત થશે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણું કાર્ય સમજપૂર્વક આવો ભગવદ્ભાવ કેળવવાનું છે. આપણી આંખમાં અને આપણા હૃદયમાં આવો ભગવદ્ભાવ લાવવાનો છે.

આપણે એ પ્રસંગ સારી રીતે જાણીએ છીએ. ભગવાન કૃષ્ણે યુધિષ્ઠિરને કહેલું કે તું એક ખરાબ માણસ શોધી લાવ. દુર્યોધનને સારો માણસ શોધી લાવવા આજ્ઞા કરી. એ જ હસ્તિનાપુર શહેર છે, એ જ માણસો છે; દુર્યોધનને કોઈ સારો નથી દેખાતો. યુધિષ્ઠરને કોઈ ખરાબ નથી દેખાતો. કારણ એમની આંખ છે.

ઉનાળો છે, ગોગલ્સ પહેરીએ તો જે રંગના કાચ હોય એવી દુનિયા દેખાશે. માટે 'નયનનમેં ઝલકત ગિરિધરલાલ' દરેકનાં નેત્રોમાં ઠાકોરજી બિરાજે છે, એમને જોવાનો પ્રયત્ન કરો. આ હોમ-વર્ક છે. બાર મહિના સુધી અજમાવવા જેવું અને જીવનપર્યન્ત ચાલુ રાખવા જેવું છે. ઘરમાં સૌ વૈષ્ણવ છે. 'વાકે મનકી વે જાને, મેરે મન જગદીશ.' એવો વૈષ્ણવી ભાવ સૌમાં રાખીએ. ચેરિટી બીગિન્સ એટ હોમ. વૈષ્ણવી ભાવની શરૂઆત ઘરમાંથી કરીએ. ઘરમાં જે બાંયો ચડાવતો હોય એ બહાર કેવી રીતે વૈષ્ણવી ભાવ વધારી શકશે? ઘરના વૈષ્ણવોની આંતરડી કકળતી હશે ત્યાં સુધી બહારના વૈષ્ણવોની આંતરડી કેવી રીતે ઠારી શકાશે? દુનિયામાં દુ:ખ તો કોને નથી ! દુનિયામાં બધું પોતાનું ધાર્યું તો કોને થાય છે? પ્રભુ જે સ્થિતિમાં રાખે એ સ્થિતિમાં હસતા મોઢે રહેવું એ ઓછું કામ નથી. પ્રિય વૈષ્ણવો, આજથી એક પ્રતિજ્ઞા લઈએ કે કોઈની નિંદા ન કરીએ; સાથે સાથે આપણા દુ:ખનાં રોદણાં બીજા કોઈની આગળ ન રડીએ. દુ:ખને મનમાં પી જઈએ, મનને સદા પ્રસન્ન રાખીએ, મોંને સદા હસતું રાખીએ અને હૃદયની અંદર એક જ વિચાર કરીએ કે સૌમાં પ્રભુ બિરાજે છે. પ્રભુ દરેકને જેવી પ્રેરણા કરે તેવું કાર્ય એ કરી રહ્યા છે. આ જગતનો ખેલ એ પ્રભુનો ખેલ છે, માટે એને આનંદથી માણો, એ લીલાનાં દર્શન કરો, એને અનુભવો અને રાજી થાઓ. દુ:ખની અંદર જિંદગીને બરબાદ કરશો નહીં.

શ્રીહરિરાયચરણ આપણને આ શિક્ષાપત્રમાં એક આશ્વાસન આપે છે. આપણા પ્રભુ સર્વસમર્થ છે અને આપણું બધું જ કલ્યાણ પોતે કરશે જ. તમે મનમાં જરાય સંશય રાખશો નહીં.

'ચતુ:શ્લોકી' માં પણ આજ્ઞા કરી : પ્રભુ બધું કરવા સમર્થ છે, માટે નિશ્ચિંત થઇને રહો. ઘણી વાર આપણે કહીએ તો છીએ કે પ્રભુ! તું કરે તે ખરું. પણ ક્યારે કહીએ છીએ, ખબર છે? જાતે ધમપછાડા કરી, હારી-થાકી લાચાર બનીએ ત્યારે. રાંડયા પછીનું એ ડહાપણ છે. એના કરતાં પહેલેથી જ કહીએ કે પ્રભુ, તું કરે તે ખરું! પ્રયોગ કરી જોજો. ચોવીસ કલાક આવતી કાલે આ પ્રયોગ કરી જોજો. આપણે કામ કર્યા કરવું. સવારે ઊઠવામાં સહેજ મોડું થયું તો કહેવું : 'પ્રભુ ! તું કરે એ ખરું.' જીવ બાળવો નહીં કે 'હાય, હાય. મોડું થઇ ગયું, હવે શું થશે?' જેકંઇ બને એ 'પ્રભુ! તું કરે એ ખરું.' એ ભાવનાથી એને સ્વીકારી લો, એને હસીને આવકારી લો, એમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **'પ્રભુ એવા પરમ કૃપાળુ છે કે પોતાના શરણે આવેલા ભક્તોની દુર્ગતિ કદી પણ કરતા નથી.'** ગીતાજીમાં પણ ભગવાને કહ્યું: 'હે અર્જુન , જે કલ્યાણનાં કાર્યો કરે છે એની કદી દુર્ગતિ થતી નથી.' શ્રીહરિરાયચરણ તો ત્યાં સુધી આજ્ઞા કરે છે કે 'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં કદાચ પુષ્ટિનો ધર્મ નહીં હોય, કદાચ એનામાં વૈરાગ્ય નહીં હોય, એને કોઇનો સત્સંગ પણ નહીં હોય, કદાચ એ લૌકિકમાં વધારે ને વધારે ફસાયેલો હશે તો પણ એ જો શ્રીમહાપ્રભુજીનાં ચરણના શરણે જશે, તો શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોમાં રહેલી રજ એની બધી જ ચિંતાઓને દૂર કરશે.

આપણો પરિવાર તો બહુ નાનો બનતો જાય છે, પણ ચિંતાનો પરિવાર દિવસે દિવસે મોટો બનતો જાય છે, હોં! ચિંતાના પરિવારમાં શું શું આવે, એ જાણો છો? એ જાણવાનો એક જ રસ્તો છે. એક દિવસ બરાબર ચિંતા કરવી. આપણો તો એવો સ્વભાવ છે કે આપણને પોતાની ચિંતા નથી થતી, ગામ આખાની ચિંતા થાય છે. કાજી ક્યોં દુબલે, તો સારે ગાંવકી ફિકર. ફલાણાએ આવું કેમ કર્યું? અરે ભાઇ, એણે જે કર્યું તે, તારે શું? તું તારું સંભાળને, શું કરવા એની ચિંતા કરે છે? મને અહીંની તો ખબર નથી, પણ અમારા ગામની વાત કરું. હસતાં હસતાં હું એમ કહું છું કે અમારા ગામમાં રહેનારે છાપુ ખરીદવાની જરૂર નહીં. રોજ અડધો કલાક મંદિરના ઓટલે જઇને બેસવું, ગામ આખાની ખબર પડશે. ત્યાં આવીને આખી દુનિયાની ચિંતા કરવાની ફુરસદ મળે છે. ફલાણાએ શું કર્યું, ઢીંકણાએ શું કર્યું, કોની છોકરી નાસી ગઇ, ફલાણો છોકરો પકડાઇ ગયો - બીજી કોઇ વાત યાદ આવતી નથી. અરે ભાઇ, એનો છોકરી ગઇ તો ગઇ, તમારે જવું હોય તો તમેય જાવ; પણ આ પાટ ઉપર બેસી મોંમાંથી થૂંકના છાંટા ઉડાડતાં પ્રભુનો અપરાધ શું કામ કરો છો? એટલે આપણે કેવળ

આપણી ચિંતા કરીને સંતોષ નથી માનતા, ચિંતાના આખા પરિવારને બોલાવી લઇએ છીએ કે આવો, તમે પણ આવો. મને તમારા વિના ગમતું નથી!

રજવાડાંના વખતની વાત છે. એક આરબ સિપાઇ હતો. પાંચ મણની મોટી બંદૂક ખભે મૂકીને ઉનાળાના દિવસે એક ગામથી બીજે ગામ જતો હતો. એક ગાડાવાળો ખેડૂત પણ સાથે ગાડું હંકારીને જાય. એણે આરબને કહ્યું ; 'મકરાણી, આ બંદૂકનો બોજો શું કામ ખભે ઊંચક્યો છે? આ ગાડામાં બંદૂક મૂકી દો અને તમે પણ બેસી જાઓ.' આરબ કહે છે : 'ના, આ બંદૂકનો બોજો ખભા ઉપર છે, એટલે ચાલવું સારું ફાવે છે. હું તો આ બંદૂક ઉપાડીને ચાલીશ.' આપણે પણ આ ચિંતાની બંદૂકનો બોજો ઉપાડીએ તો જ ચાલવું અને જીવવું ફાવે છે. જે દિવસે ચિંતા ન હોય એ દિવસે સૂનું લાગે છે કે આજે આપણી આ બહેનપણી ક્યાં ગઇ? એના વિના કેમ ગમશે? ચિંતાનો આ આખોય પરિવાર આપણા હૃદયમાં ઘર કરી ગયો છે, વગર ભાડાનું મકાન પચાવીને બેઠો છે. પરંતુ પ્રભુની ચરણરજ જો આપણી આંખોને અને હૃદયને લાગે તો આપણું આખુંય શરીર ભગવદ્‌સેવોપયોગી બની જાય, હૃદયમાંથી ચિંતા નિર્મૂળ થઇ જાય. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **'શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના શરણે ગયેલાઓએ કોઇ પણ દિવસ, કોઇ પણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી.'**

શ્રીહરિરાયચરણ અહીં એક ભારે આશ્ચર્ય વ્યક્ત કરે છે. પ્રિય વૈષ્ણવો! આ વાત આપણે સૌએ સાવધાનીથી જાણવાની, સમજવાની અને હૃદયમાં ધારણ કરવાની ખૂબ જરૂર છે. આપણને કોઇ દિવસ આવો વિચાર નથી આવ્યો.

શ્રીહરિરાયચરણ એક પ્રશ્ન કરે છે કે 'ભાઇ, આપણે જે ઠાકોરજીની સેવા કરીએ છીએ અને સ્મરણ કરીએ છીએ તે ઠાકોરજીનું એ સ્વરૂપ કેવું? આપણે તરત કહીશું કે પરમાનંદ સ્વરૂપ. પરમ આનંદનું એ સ્વરૂપ છે. એ સ્વરૂપ આનંદકરપાદમુખોદરાદિ છે. એ સ્વરૂપમાં આનંદ સિવાય બીજું કંઇ નથી. જેમ સાકરની પૂતળીનો સ્વાદ ચાખીએ તો મીઠો લાગે છે, અને લવણની પૂતળીનો સ્વાદ ચાખીએ તો ખારો લાગે છે; તેમ પ્રભુના સ્વરૂપનો સ્વાદ કેવો લાગે? આનંદમય લાગવો જોઇએ. જેમ અગ્નિને સ્પર્શ કરીએ તો ગરમી લાગે, બરફનો સ્પર્શ કરીએ તો એકદમ ઠંડી લાગે; તેવી જ રીતે પ્રભુનાં ચરણાવિંદનો સ્પર્શ કરીએ તો શું થવું જોઇએ? રોમરોમમાં આનંદ આનંદ થઇ જવો જોઇએ. જેવી રીતે બગીચામાં ઊગેલ સુંદર પુષ્પોને જોઇએ તો આનંદ થાય, ઉકરડાની ગંદકીને જોઇએ તો દુઃખ થાય, તેમ પરમાનંદ સ્વરૂપનાં આપણે દર્શન કરીએ તો દર્શન કરતાં શું થવું જોઇએ? આનંદ થઇ જવો જોઇએ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આવા પ્રભુનાં દર્શન કરતાં, આવા પ્રભુને સ્પર્શ કરતાં, આવા પ્રભુનાં ચરણસ્પર્શ કરતાં આપણેને પણ એ અલૌકિક આનંદનો અનુભવ થવો જ જોઇએ. જો ન થાય તો આપણામાં કંઇક વાધો છે એમ માનવું.' આપણી જાતને પૂછી જોવું કે આપણે ઘેર કે મંદિરમાં દર્શન કરીએ છીએ ત્યારે એ મલકાતા મુખારવિંદને નીરખતાં કે સંધ્યા-આરતીના સમયે દર્શન કરીએ, ત્યારે ગૌચારણ કરીને પાછા પધારેલા પ્રભુના પરિશ્રાંત મુખારવિંદને નીરખતાં આપણા હૃદયમાં, આપણી આંખોમાં અરે, આપણા રોમરોમમાં આનંદ થાય છે? જવાબ 'ના' માં મળશે; કારણ કે જો આનંદનો અનુભવ થઇ જાય, તો પછી આજુબાજુનું કોઇ ભાન ન રહે, તો પછી ધક્કામુક્કી કરવાનો કોઇ પ્રયત્ન ન હોય. પરંતુ આપણા મનમાંથી, પ્રભુની સન્મુખ પણ જે લૌકિક વિષયો જવા જોઇએ, એ લૌકિક વિષયો જતા નથી. પ્રભુનાં ચરણસ્પર્શ થાય ત્યારે તો રોમરોમમાં કેટલો બધો આનંદ આવી જાય? એ ચરણારવિંદ, જેનો સ્પર્શ કરીને, તેની એ ચરણરજને નેત્રો પર, હૃદય અને મસ્તકે ધારણ કરીએ ત્યારે ચરણરવિંદ આપણા શરીર ઉપર ધારણ થાય. પરંતુ કોઇ દિવસ આપણે ચરણસ્પર્શ કરતાં આવો ભાવ, આવો આનંદ અનુભવ્યો છે ખરો? આપણે તો ક્રિયા કરીએ છીએ. એક હાથ અહીં માર્યો, ત્યાં લગાડયો અને ચાલો મહારાજ ! આવજો, મારી આજની સેવા પૂરી થઇ ગઇ!

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ ભારે આશ્ચર્ય છે કે આવા આનંદઘન સ્વરૂપનાં સેવા, દર્શન, સ્પર્શ, ચરણસ્પર્શ, સ્મરણ એ બધું કરવા છતાં ચિત્ત આટલું બધું દુઃખમાં ડૂબેલું કેમ રહે છે? આપ આજ્ઞા કરે છે કે પરમાનંદનો જ્યાં સંબંધ થઇ જાય, ત્યાં પછી દુઃખ રહે જ નહીં. દૂધની અંદર ખાંડ પડે અને ભલા એ દૂધ મોળું રહ્યું જાણ્યું છે? દુધને ચૂલા ઉપર મૂકવામાં આવે અને દૂધ ઠંડું બરફ જેવું રહ્યું જાણ્યું છે? શ્રીઠાકોરજીના સાક્ષાત્ શ્રીઅંગનાં સ્પર્શ, દર્શન અને ચરણસ્પર્શ પછી જો મનમાં આનંદ ન થાય તો એમ માનવું કે કંઇક ખામી આ શરીરની છે, ખામી આ મનની છે કે ચૂલો સળગાવ્યા વિના એના ઉપર તપેલી ચડાવી દીધી છે! પરિણામ દૂધ ગરમ થતું નથી. જેમ શ્રીઠાકોરજી પરમાનંદ સ્વરૂપ છે. એવી રીતે શ્રીમહાપ્રભુજી અને શ્રીવલ્લભકુળ એ આનંદ સ્વરૂપ, પરમાનંદ સ્વરૂપ છે. આપણે આપણી નકામી બાબતોનાં રોદાણાં એમની પાસે જઇને રડતા રહીએ છીએ : 'મહારાજ, મારે આ દુઃખ છે, ને મહારાજ, મારે આ દુઃખ છે!' ભાઇ, તારું દુઃખ ઘેર મૂકીને આવ! એ પરમાનંદ સ્વરૂપનાં તું દર્શન કરે છે, એમનાં ચરણસ્પર્શ કરે છે, એમને દંડવત કરે છે ત્યારે તો રોમરોમમાં આનંદ થવો જોઇએ, ત્યાં શું આ રોદણાં રડવા બેઠો છે?

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **'આવું જે ચિંતાતુર ચિત્ત છે એ ચિંતાતુર ચિત્તવાળાને પ્રભુના પરમાનંદ સ્વરૂપનો અનુભવ નથી થતો.'** આનંદનો અનુભવ ન થવા માટેનું એકમાત્ર કારણ કોઇ હોય તો તે આપણું ચિંતાતુર ચિંત્ત છે. શ્રીહરિરાયચરણ એક સુંદર દૃષ્ટાંત આપીને આ વાત સમજાવે છે.

શ્રીહરિરાયચરણ આરોગ્યવિજ્ઞાનના પણ પરમ જ્ઞાતા જણાય છે. આપ આરોગ્યનું એક ઉદારણ આપે છે કે ઘણા મનુષ્યોને વાત અને પિત્તનો રોગ થાય છે. આયુર્વેદ રોગનાં ત્રણ કારણ કહે છે : કફ, વાત અને પિત્ત. એમાં વાત અને પિત્તના રોગોની પાછળ જે તે મનુષ્યના શરીરમાં એની ધાતુની ક્ષીણતા જવાબદાર છે. જેની ધાતુ ક્ષીણ થઇ જાય એને વાત અને પિત્તના રોગ જલદી થાય છે. એવી રીતે જેનું હૃદય ચિંતાતુર બનતું જાય, એને પ્રભુના પરમાનંદ સ્વરૂપનો અનુભવ ઘટતો જાય છે, ઓછો થતો જાય છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'ચિંતાતુર મન થવાના કારણે આપણે પ્રભુથી બહિર્મુખ થઇએ છીએ. બહિર્મુખ મનુષ્યને શરીરના અને મનના રોગો બહુ જલદી થાય છે.' આ વાત વૈજ્ઞાનિક રીતે પણ બહુ સાચી છે. રોગ થવાનું કારણ શું? તો વિજ્ઞાનં એમ કહે છે કે આપણું શરીર અસંખ્ય કોશોનું બનેલું છે. આ બધા જ કોશો જીવંત છે. દરરોજ એમાંના કેટલાક કોશો મરી જાય છે અને કેટલાક કોશો નવા જન્મે છે. કોશોનું જન્મ અને મરણનું પ્રમાણ સરખું રહે, એનું બેલેન્સ સચવાય ત્યાં સુધી શરીર તંદુરસ્ત રહે. પણ જેટલા કોશો જન્મે એના કરતાં વધારે કોશો જો મરી જાય, એટલે કે શરીરમાંથી કોશોનું પ્રમાણ ઘટતું જાય, તો રોગ થાય. શરીરમાંથી કોશોનું પ્રમાણ ઘટવાનું કારણ શું? વિજ્ઞાન એમ કહે છે કે મનની સ્વસ્થતા ઓછી હોય એના કારણે કોશોનું પ્રમાણ ઘટે છે. જેનું મન તંદુરસ્ત, એનું શરીર પણ તંદુરસ્ત હોય છે. શરીરના રોગો ઉપર મનનું કારણ મોટો ભાગ ભજવે છે. માટે આપણા આચાર્યોએ આપણને શીખવ્યું કે સ્વસ્થતાપૂર્વક જો તમે ભગવદ્‌નામ લીધા કરશો, જો તમે સતત 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નું રટણ કર્યા કરશો તો ભગવદ્‌નામને લઇને તમારું મન જે લૌકિકમાં અસ્વસ્થ બન્યું છે તે સ્વસ્થ થશે. મન સ્વસ્થ થશે એટલે કોશો જે વધુ પ્રમાણમાં નાશ પામે છે તેનું મરણપ્રમાણ ઘટી જશે, કોશોનું બેલેન્સ જળવાશે એટલે તંદુરસ્તી પણ વધશે. તમારે પ્રયોગ કરવો હોય તી એક મહિનો કરી જોજો. ભગવદ્‌નામ લેવાનું વધારો, શરીર આપોઆપ તંદુરસ્ત બનશે, મન પણ સ્વસ્થ બનશે. જે બહિર્મુખ થયા છે એમનું મન અને શરીર બંને નકામાં બનતાં જાય છે. એ સ્વભાવે ચીડીયા બનતા જાય છે, એ સ્વભાવે ક્રોધી બનતા જાય છે, એ સ્વભાવે લોભી બનતા જાય છે, એ સ્વભાવે કામી બનતા જાય છે.

ઘણા લોકો પ્રશ્ન કરે છે કે સારા કહેવાતા ભગવદીયો પણ બહુ ક્રોધી હોય છે તેનું કારણ શું? આ બે વાતને મેળ જ ન આવે. જ્યાં સુધી એ વ્યક્તિ ક્રોધી છે ત્યાં સુધી એ સારો ભગવદીય હોય જ નહીં, કારણ કે સારો ભગવદીય - ઉત્તમ ભગવદીય કદી પણ ક્રોધી ન હોય. એની આંખોમાં તો દોષ કરનાર પ્રત્યે પણ અમી હોય, પ્રેમ હોય; કદી ક્રોધ ન હોય. ક્રોધ આવે તો માનવું કે હિરણ્યકશ્યપનો અંશ આપણા શરીરમાં પ્રવેશવા માટે તૈયારી કરી રહ્યો છે. ક્રોધ આવ્યો તો માનવું કે કંસ આપણા શરીરમાં આવી રહ્યો છે, અને કૃષ્ણ હવે અહીંથી પધારી રહ્યા છે. માટે મનની સ્વસ્થતા, શરીરની સ્વસ્થતા સાચી ભગવદ્‌સેવા કરવાથી, શુદ્ધ હૃદયથી ભગવદ્ સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે.

શ્રીહરિરાયચરણ આપણા ચિત્તની બહિર્મુખતાને દૂર કરવાનો ઉપાય આ શિક્ષાપત્રમાં હવે બતાવે છે. એમણે બાર દવાઓ આપી છે-ચિંતા દૂર કરવા માટેની. જો એક દવા ન ફાવે તો તેના વિકલ્પમાં બીજી, બીજી ન ફાવે તો તેના વિકલ્પમાં ત્રીજી. આ બારમાંથી તમને કઇ દવા ફાવશે, તે તમારે નક્કી કરી લેવાનું છે. કારણ કે આપણા દરેકનો સ્વભાવ જુદો હોય, દરેકના શરીરનું બંધારણ જુદું હોય, દરેકનાં મન જુદાં હોય, દરેકનો ગમો-અણગમો જુદો હોય. **શ્રીહરિરાયચરણે ઉત્તમમાં ઉત્તમ દવા બતાવી છે - ભગંવદીયોનો સત્સંગ.** પણ આપણે તરત કહીશું કે આજના સમયમાં અમને ઘેર આવીને સત્સંગ કરાવી જાય તેવા ભગવદીય નથી, એટલે આ દવા અમને ચાલવાની નથી! બરાબર ને? બીજી દવા બતાવો. શ્રીહરિરાયચરણ તરત બીજી દવા બતાવે છે. **સત્સંગની અવેજીમાં શ્રીભાગવતનો મૂળ પાઠ કરવો.** શ્રીમહાપ્રભુજીએ પણ આ આજ્ઞા 'સિદ્ધાંતમુક્તાવલી' અને 'સેવાફલ' ગ્રંથમાં કરી છે. તમારાથી સેવા ન બને તો માનવું કે તમે શુદ્ધ પુષ્ટિજીવ નથી, તમે મર્યાદાપુષ્ટિજીવ છો. માટે તમારે ગંગાજીના કિનારે જઇને ભાગવતનો પાઠ કરવો. શ્રીહરિરાયચરણ પણ આજ્ઞા કરે છે કે શ્રીમદ્ ભાગવતના મૂળ શ્લોકોનો પાઠ કરવો. અમે ભણેલા નથી, અમને પાઠ કરતાં આવડતો નથી. ભાગવતનું પારાયણ જેણે કર્યું હોય તેને પૂછજો. કેટલા કલાક રોજ બેસવું પડે, કેવાં વ્રત લઇને બેસવું પડે, શરીરના અંકોડાઓની શી સ્થિતિ થાય? ભાગવતનું પારાયણ કરવું સહેલું નથી હોં. રોજનો તમે જો એક અધ્યાયનો પાઠ કરો તો વર્ષે શ્રીમદ્ ભાગવતજીનો પાઠ પૂરો થાય. હવે એ પાઠ અઠવાડિયામાં, અગિયાર દિવસમાં, પખવાડિયામાં કરવો હોય તો રોજ કલાકો સુધી પારાયણ કરવું પડે. આપણે કહીશું કે 'મહારાજ! આ પણ અમને નહીં ફાવે.' ત્યારે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે **'કોઇ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભાગવતની કથા કરતા હોય તો તેમના મુખેથી ભાગવતની**

કથાનું શ્રવણ કરજો.' આપણે કહીએ કે 'મહારાજ! તે અમને બહુ ફાવે છે.' બે રીતે ફાવે છે કે એક તો એટલા દિવસ ઘરના કકળાટથી છુટ્ટા. અને બીજું, એમાં અમારે કંઇ કરવાનું નથી, બેસી રહેવાનું છે. ઊંઘવાની પણ છૂટ છે. જાગ્યા અને જેટલું સંભળાયું એટલું સાંભળ્યું. હરિરસ ખાટો લાગ્યો તો ખાટો અને મીઠો લાગ્યો તો મીઠો! શું સાંભળવા આવ્યા? તો આપણે કહીશું કે એ તો અમે જે સાંભળ્યું એ ઠીક સાંભળ્યું.

શ્રીહરિરાયચરણ ભાગવતની આવી કથાનું શ્રવણ કરવાની આજ્ઞા નથી કરતા, પણ એકાગ્ર ચિત્તથી શુકદેવજીએ જેમ પરીક્ષિત રાજાને ભાગવત સંભળાવ્યું અને પરીક્ષિતજીએ સાંભળ્યું એવી એકાગ્રતાપૂર્વક ભાગવતની કથાનું શ્રવણ કરવું જોઇએ અને એ પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના મુખથી એમ આજ્ઞા કરે છે.

બીજા એક શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે જેમ ભગવદ્‌સ્વરૂપ અલૌકિક છે, એ છોવાતું નથી; એમ ભગવદ્‌નામ પણ અલૌકિક છે, એ છોવાતું નથી. તો પછી ભગવદ્‌નામ વૈષ્ણવના મુખે જ સાંભળવું અને અવૈષ્ણવના મુખે ન સાંભળવું તેનું કારણ શું? શ્રીહરિરાયચરણ ત્યાં આજ્ઞા કરે છે કે 'જેમ આપણે શ્રીઠાકોરજીનું અધરામૃત લઇએ છીએ, અન્યનું નહીં; તેવી રીતે જે ભગવદીયના હૃદયમાં પ્રભુ બિરાજ્યા છે, તેના મુખની વાણી જો આપણા કાનમાંથી હૃદયમાં ઊતરે તો તે ફલાત્મક બને છે; પણ **અવૈષ્ણવના મુખની વાણી એ જૂઠણ છે, માટે વૈષ્ણવના મુખથી જ ભગવદ્વાર્તાની કથાનું શ્રવણ કરવું જોઇએ.'**

આપણે કહીએ કે 'મહારાજ! અમે તો નોકરી - ધંધો કરનારા જીવો, આ નવ દિવસ કે અગિયાર દિવસ ભાગવતની કથા સાંભળવા કયાં જઇને બેસીએ? રજા કયાંથી મળે?' તો આપ ચોથો વિકલ્પ બતાવે છે, ચિંતા-નિવૃત્તિ માટેનો, કે **'તમે નામમંત્રનું રટણ કરો. એટલે શ્રીઅષ્ટાક્ષરમંત્રનું રટણ કરો.'** શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણચૈતન્યને આજ્ઞા કરી હતી કે 'હું એમ સમજું છું કે આ કલિયુગમાં ગાયના શિંગડા ઉપર રાઇનો દાણો ટકે એટલી વાર પણ જો ભગવદ્‌નામ લેવાનું મૂકી દે તો એ જીવ બહિર્મુખ થઇ જાય છે.' હવે આ સ્થિતિમાં મહારાજ, આખો દિવસ અષ્ટાક્ષરમંત્ર કેમ બોલવો? આ પણ અમારાથી નહીં બને હોં!

શ્રીહરિરાયચરણ પાંચમો વિકલ્પ બતાવે છે કે 'તમે બ્રહ્મસંબંધ મંત્ર લીધો છે, એકવીસમા શિક્ષાપત્રમાં તેનો બરાબર ભાવાર્થ પણ તમે સમજ્યા છો. **તમે એ બ્રહ્મસંબંધના ભાવનું, એની ભાવનાનું સ્મરણ કરો.** તમે પ્રભુને સમર્પણ કર્યું છે તેને

સતત યાદ કરતા રહો.' આપણે કહીએ કે 'મહારાજ! અમે આ લૌકિકમાં પડેલા જીવ, એ બધું પણ આખો દિવસ કયાંથી યાદ કરી શકીએ?'

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે '**લૌકિકમાં વૈરાગ્ય સેવો.**' જુઓ, ઘર છોડવાનું નથી, લૌકિકમાં વૈરાગ્ય સેવવાનો છે. દુનિયામાં રહેવા છતાંય એમાં જળકમળવત રહેવાનું છે, દુનિયામાં જે બનતું હોય તે સાક્ષીભાવે જોયા કરવાનું છે, તેમાં આપણી જાતને ઈન્વોલ્વ કરવાની, આપણી જાતને તેમાં ફસાવી દેવાની જરૂર નથી. સરોવરની શોભા જોવી હોય તો કિનારેથી જોવાય. દુનિયામાં રહો ખરા, પણ દુનિયાદારીમાં ડૂબકી મારશો નહીં. તમારી જાતને એમાં સંડોવ્યા વિના, પ્રભુએ જે કંઇ જવાબદારીઓ તમને સોંપી છે એને વહન કર્યા કરો. એનું નામ લૌકિકમાં વૈરાગ્ય છે.

'મહારાજ! એ પણ અમારાથી બનશે નહીં!' તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે '**તમે પ્રભુની સન્મુખ રહો; એટલે કે સેવા અને સ્મરણ કરો.** એમ કરતાં કરતાં તમારી ચિંતા દૂર થશે. તેની સાથે સાથે લૌકિકમાં જ્યારે કલેશ થાય ત્યારે તે મન ઉપર લેશો નહીં, ઉદાસીન બની જજો.' લૌકિક કલેશની - કાદવની જે ગંદકી છે એમાં તમારી જાતને ડુબાડશો નહીં. ભલે તેણે મને ગાળ દીધી તો દીધી, એમાં મને શું લાગી ગયું! ભલે એણે મારી મશ્કરી કરી તો કરી, એમાં મને શું લાગી ગયું! ભલે એ મને કટુ વચન કહી ગયો, તેમાં મારું શું ગયું! આવી એક ઉદારતા જો આપણામાં આવશે, તો લૌકિક કલેશના સંબંધમાં આપણે ઉદાસીન બનીશું.

હવેનો વિકલ્પ બહુ જલદ છે. આપણા ગળે જલદી નહીં ઊતરે. શ્રીહરિરાયચરણ આપણને આજ્ઞા કરે છે કે 'તમારાં પુત્ર-પુત્રીમાં આસકિત ઓછી રાખજો.' દીકરો-દીકરી છે, પ્રભુએ આપ્યાં છે, પ્રભુની સેવા માટે છે. એમનું લાલનપાલન કરીએ, પણ દીકરો જ મારું સર્વસ્વ બની જાય કે દીકરી જ મારું સર્વસ્વ બની જાય એ હદે એનામાં આસક્ત નથી થવાનું. એ જ પ્રમાણે, ઘર અને પૈસો એ બંનેમાં આસક્તિ ન રાખશો. રહેવા માટે મોટો બંગલો મળ્યો તોયે ઠીક, રહેવા માટે નાનુંસરખું ઘર મળ્યું તોયે ઠીક. સાડાપાંચ ફૂટની કાયાને સૂવા માટે જગ્યા તો એક પથારીની જોઇએ ને!'' આ મારું ઘર. હવે બીજું બનાવું, હવે ત્રીજું બનાવું! આ ઘરને ઈન્ટીરિયર ડેકોરેટરને બોલાવી વેલ-ફરનિશ્ડ બનાવું, પાંચ વર્ષ થયાં, ફર્નિચરની ડિઝાઇન જૂની થઈ ગઇ, હવે નવી ડિઝાઇન બનાવડાવું! ''ઘરની અંદર આવી આસકિત ન રાખશો, ઘરમાં મમત્વ ન રાખશો. ઘર તો પ્રભુને બિરાજવાનું ધાન છે, તે ભાવનાથી એ ઘરમાં અનાસક્ત ભાવથી રહેજો. એવું જ પૈસા માટે છે. આવ્યો તો પ્રભુની ઈચ્છા! પૈસાનું અભિમાન ન રાખીએ.

નાથદ્વારાનો એક પ્રસંગ છે. એક શ્રીમંત વૈષ્ણવ નાથદ્વારા આવ્યા. એ પહેલાં એક વૃદ્ધ માજીએ અધિકારીજીને વિનંતી કરેલી કે ‘ભાઇ, આખી જિંદગીની આ થોડીક બચેલી બચત લઇને આવી છું. બસ, શ્રીજીબાવાને ફૂલમંડલીનો મનોરથ કરાવવાનો એક મનોરથ લઇને આવી છું.’ સમાધાનીએ માજીને હા પાડી કે ‘આવતી કાલે તમારો મનોરથ થશે.’ માજી જાતે ફૂલમંડલી ભરવાની સેવા કરે છે. ત્યાં તો સમાધાનીજીએ આવીને કહી દીધું કે ‘આ ફૂલમંડલીઓ કાઢો, મોટો મનોરથ થશે, મોટી સામગ્રી શ્રીઠાકોરજી આરોગશે. ડોશી, આજે તારો મનોરથ નહીં થાય.’ માજી તો બેભાન થઇ ગયાં. પ્રભુએ શ્રીતિલકાયત મહારાજને આજ્ઞા કરી : ‘મારા એક ભક્તને ખૂબ દુ:ખ આપવામાં આવ્યું છે પેલા શેઠે એની શ્રીમંતાઇના અભિમાનમાં એક ભક્ત હૃદયને ભારે ઠેસ પહોંચાડી છે. પહેલાં તે શ્રીમંતને નાથદ્વારાની હદની બહાર મોકલો, પછી હું રાજભોગ આરોગીશ.’

પ્રભુના ત્યાં આપણી શ્રીમંતાઇનો ખ્યાલ રાખીને ન જઇએ. જે સ્વયં લક્ષ્મીપતિ છે, તેમને આપણી મામૂલી લાખ-બે લાખ રૂપિયાની સંપત્તિથી આપણે શું રીઝવવાના?

બંગાળના દીવાન નારાયણદાસ દીવાન શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર સેવક. તેમણે વિચાર કર્યો કે ‘શ્રીગુસાંઇજીને પોતાના પરિવારના નિર્વાહનો સંકોચ છે, મારી પાસે એમનું આપેલું ઘણું દ્રવ્ય છે, તે વિનિયોગ કરાવું!’ તેમણે વિનંતી કરી : ‘મહારાજ! બાર મહિનાનું તમારું ખર્ચ કેટલું, એ કહો ને? એટલું હું મોકલી આપીશ!’

શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી : ‘નારાયણદાસ, આજથી તું મારો મટી ગયો. અમારા ઘરનું ખર્ચ પૂરું કરનાર તું વળી કોણ?’ ભગવાનના ઘરનું ખર્ચ આપણે શું પૂરું કરીએ? જીવ શું પૂરું કરે? જે ભગવાન આપણું ખર્ચ પૂરું કરે તેનું ખર્ચ પૂરું કરવાનો આપણે વિચાર કેવી રીતે કરીએ? ત્યારે આજે શું બન્યું છે? આપણે ઠાકોરજીના ઘરનું ખર્ચ પૂરું કરવા માટેની લગામ હાથમાં લઇને બેસી ગયા છીએ કે હું પૈસા નહીં આપું તો આ મંદિર ચાલશે કેવી રીતે? અરે ભાઇ, હું અને તું, આ પૈસા આપનારા કોણ? પ્રભુના ઘેર કોઇ ખોટ નથી, પ્રભુની કૃપા માનો કે આપણું દ્રવ્ય પ્રભુ અંગીકાર કરે છે!

એક ગામમાં આપણાં એક બેઠકજી છે. ત્યાં જવાનું થયું. પ્રવેશ દ્વાર ખૂબ જ ભવ્ય છે. એના ચોકમાં મોટો આરસનો લેખ કોતરેલો છે અને એમાં પહેલું વાકય છે :

“ઠાકોરજી સાધન-સંપત્તિથી કદી પ્રસન્ન થતા નથી.” અને પછી લખ્યું છે કે આ બેઠકજીના જીર્ણોદ્ધારમાં નીચેના વૈષ્ણવોની દ્રવ્યસહાય પ્રાપ્ત થઇ છે, માટે

આભાર. શેઠ ફલાણા-ફલાણા, શેઠ ફલાણા-ફલાણા. અરે, કોના ઘરના શેઠ! શ્રીમહાપ્રભુજીના ઘરના તમે શેઠ થઈને અહીં આવ્યા છો? આપણા ઘર ઉપર કોઇ તકતી મારવાનું કહેશે તો આપણે મારવા દઇશું? જે ઠાકોરજી આપણા પ્રાણપ્રિય છે. શું તેમને તેમનું ઘર બાંધતાં ન આવડયું, તેમના રૂપિયા ખૂટી પડયા તે આપણે તકતીઓ મારી મારીને તેમનું મકાન ઊભું કરવા ગયા છીએ? કઈ ભાવના લઇને આપણે ત્યાં તકતીઓ મારી છે? કઈ ભાવના લઈને આપણે અપણી સંપત્તિની પ્રસિદ્ધિ કરીએ છીએ? આપણે આપણી જાતે આપણી પીઠ થાબડીને વાહ વાહ કરીએ છીએ. જ્યાં સુધી સંપત્તિનો આ અહંકાર છે, ત્યાં સુધી પ્રભુ કયારેય પ્રાપ્ત થવાના નથી, એ લખી રાખજો. જો પ્રભુ શ્રીમંતોને મળવાના હોત તો શ્રીમંતોની તિજોરીમાં યશોદોત્સંગલાલિત કયારનાય કેદ થઇ ગયા હોત; પરંતુ પ્રભુ તો બિરાજે છે પોતાના નિષ્કામ વિરક્ત ભક્તોની ઝૂંપડીમાં, પર્ણકુટિમાં અને માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે '**તમે ઘર અને દ્રવ્યમાં અનાસક્ત બનીને રહેજો** કે આ ઘર અને પૈસાને હું કેવી રીતે ભગવદ્સેવામાં રાખું તો એમાંથી મારું મન નિવૃત્ત થાય?

શ્રીહરિરાયચરણ એક બીજો ઈલાજ બતાવે છે કે '**ભગવદીયો પ્રત્યે હમેશાં સ્નેહ રાખજો.**' અને છેલ્લે આજ્ઞા કરે છે કે '**શ્રી નવરત્ન' સ્તોત્રનો હમેશાં પાઠ કરજો.**' આ છેલ્લો પ્રકાર આપણને અનુકૂળ આવે એમ છે. રોજ બને એટલા નવરત્ન સ્તોત્રના પાઠ કરવા. નવ શ્લોક છે. નવેનવ કીમતી રત્નો છે અને તે નવરત્નગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'મારો વૈષ્ણવ લૌકિક ચિંતા તો કરે જ નહીં, પણ અલૌકિકની તમને ચિંતા થતી હોય તો તમને હું આ ગ્રંથ દ્વારા રસ્તો બતાવું. તમે સદાય 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નો જપ કરજો.'

આમ, શ્રીહરિરાયચરણે આ ત્રેવીસમા શિક્ષાપત્રમાં ચિંતા નિવૃત્તિના બાર ઉપાયો બતાવ્યા છે. છેવટે આપ આપણને વિશ્વાસ આપે છે કે 'જો તમે આ ઉપાયોને બરાબર અજમાવશો, ઉપાયોનું બરાબર પાલન કરશો તો હૃદયની બહિર્મુખતા દૂર થશે અને પછી તમને દુનિયાનું કોઇ દુઃખ બાધા નહીં કરી શકે.'

આપણે શ્રીહરિરાયચરણને પૂછીએ કે 'મહારાજ! અમારી બહિર્મુખતા કયારે દૂર થશે?' તો આપ જવાબ આપે કે છે 'આ કૃપાનો માર્ગ છે. સાધનોથી પ્રભુ રીઝવાના નથી. જે ભક્તોના ઉપર પ્રભુ વહેલી કૃપા કરવા તત્પર થશે, જેના ભાગ્યમાં ફલદાન જલદી હશે તેને આ બધા ઉપાયો અજમાવવાનું મન થશે.' જો આ ઉપાયો અજમાવવાનું મને અને તમને મન થાય, જો આજથી આપણને 'નવરત્ન'ના બને

તેટલા વધુ પાઠ કરવાનું મન થાય અને આપણે પાઠ કરવાનું સતત ચાલુ રાખી શકીએ તો માનવું કે આપણા ઉપર હવે ભગવદ્દકૃપા થવાની છે, આપણી બહિર્મુખતા દૂર થવાની છે. પણ 'નવરત્ન'નો પાઠ બોલવાનું મન ન થાય, બોલવા માંડીએ અને મન છૂટી જાય તો માનવું કે હજી આપણા ભાગ્યમાં ફલદાનમાં ઘણો વિલંબ છે.

શ્રીહરિરાયચરણ છેવટે એક જ આજ્ઞા કરે છે કે 'હે વૈષ્ણવો! શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુએ તમને સેવાનો આવો અનુકૂળ સમય આપ્યો છે, તે તમને ફરી નહીં મળે. આવતી કાલની કોઇને ખબર નથી. સૂરદાસજીએ કહ્યું: 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ.' કાલ કરવાનાં કાર્યો આજે જ કરીએ અને આજે કરવા ધારીએ તેની અત્યારે શરૂઆત કરી દઇએ.' એમ ભગવદ્દસેવામા જે સમય પ્રભુએ આપણને આપ્યો છે એવો કીમતી સમય ચિંતા કરવામાં વેડફી નાખશો નહીં. ચિંતાને દૂર કરવાનો જે ઉપાય બતાવ્યો, તે ઉપાયને તમે તમારી શક્તિ પ્રમાણે, પૂરા પ્રયત્નશીલ બનીને અજમાવતા રહેજો. શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી જરૂર આપણા ઉપર કૃપા કરી એમના શરણાગત જીવોની ચિંતાના મોટામાં મોટા સમૂહને પણ પોતાની ચરણરજથી દૂર કરશે એ નિશ્ચિત છે, એવો વિશ્વાસ રાખજો.

આમ, ચિંતા-નિવૃત્તિનો આ પ્રકાર બતાવી, શ્રી હરિરાયચરણ અહીં ત્રેવીસમું શિક્ષાપત્ર પરિપૂર્ણ કરે છે.

॥ ઇતિ શ્રીહરિરાયજીવિરચિતં ત્રયોવિંશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્ ॥

ત્રેવીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૭

વિષય : ચિંતા-નિવૃત્તિનો ઉપાય.

- અહંતા,મમતાને કારણે ચિંતા જન્મે છે. હૃદયમાં ઊભરાતા લૌકિક વિષયોને કારણે પ્રભુમાંથી વિશ્વાસ ઘટી જતાં ચિંતા જન્મે છે.
- આ સ્થિતિમાં આપણું કાર્ય સમજપૂર્વક ભગવદ્‌ભાવ કેળવવાનું છે. ભગવદ્‌ભાવ કેળવવાથી ચિંતા દૂર થશે.
- પ્રભુ સર્વ સમર્થ છે. પોતાના ભક્તોની પ્રભુ કદાપિ દુર્ગતિ કરતા નથી.
- શ્રી મહાપ્રભુજીનાં ચરણકમળોમાં રહેતી રજ આપણી ચિંતાને દૂર કરવા સમર્થ છે.
- ચિંતાતુર હૃદયને કારણે પ્રભુના આનંદ સ્વરૂપનો અનુભવ થતો નથી.
- ચિંતા દૂર કરવા માટે સત્સંગ કરવો, શ્રી ભાગવતનો પાઠ કરવો. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના મુખથી શ્રીભાગવતની કથાનું શ્રવણ કરવું. શ્રીઅષ્ટાક્ષરમંત્રનું રટણ કરવું. બ્રહ્મસંબંધના ભાવનું સ્મરણ કરવું. વૈષ્ણવોમાં સ્નેહ રાખવો. શ્રી નવરત્ન સ્તોત્રનો પાઠ કરવો.

શિક્ષાપત્ર : ૨૪

ભક્તિમાર્ગે કૃપામાત્રં કારણં પરમુચ્યતે ।
તેનૈવ માર્ગે સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ ॥ ૧ ॥

ભક્તિમાર્ગમાં ભગવદ્કૃપાને જ ઉત્તમ કારણ તરીકે લેખવામાં આવે છે. તેના વડે જ આ માર્ગમાં સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે, એમાં સંશય નથી. (૧)

સા તુ સ્વાચાર્યશરણાગતૌ તેર્જ્ઞાપિતઃ પ્રભુઃ ।
યદૈવ કુરુતે કૃષ્ણઃ તદા ભવતિ સર્વથા ॥ ૨ ॥

જેઓ આપણા આચાર્યશ્રીને શરણે આવ્યા છે, તેમને એવી કૃપા થાય છે; કારણ કે શરણે આવ્યાથી તેમને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને તેવી કૃપા તો પ્રભુ કૃષ્ણ જ્યારે કરે ત્યારે જ થાય. (૨)

અતસ્તદાશ્રયો જીવૈર્દઢ એવ વિધીયતામ્ ।
યથાવતારલીલાયાં તાસાં શ્રીયમુના મતા ॥ ૩ ॥

જેમ ભગવાનની અવતારલીલાના સમયમાં ગોપકુમારિકાઓએ શ્રીયમુનાજીનો આશ્રય કર્યો, તેમ એવી કૃપા મેળવવા ઇચ્છનાર જીવે આચાર્યશ્રીનો દૃઢ આશ્રય કરવો. (૩)

યથા વા હરિદાસો હિ પુલિંદીનાં ગિરિર્મતઃ ।
યથા વાગ્નિકુમારાણાં વ્રતે કાત્યાયની મતા ॥ ૪ ॥

પ્રાદુર્ભૂતઃ સ્વયં કૃષ્ણો યથા સ્વપ્રાપણે મતઃ ।
યથા વા દૈન્યભાવાત્મા પ્રાદુર્ભાવે સ્વયં મતઃ ॥ ૫ ॥

તથા પરોક્ષે જીવાનાં પુષ્ટિસંબંધસિદ્ધયે ।
શ્રીમદાચાર્યસંબંધો નાન્યદસ્તિ હિ સાધને ॥ ૬ ॥

અથવા તો, જેમ પુલિંદીઓએ હરિદાસ એવા શ્રીગિરિરાજજીનો આશ્રય કર્યો હતો; જેમ અગ્નિકુમારિકાઓએ વ્રતની બાબતમાં શ્રીકાત્યાયિનીજીનો આશ્રય કર્યો હતો, અને તેથી ભક્તજનોને પોતાની પ્રાપ્તિ થાય એ માટે શ્રીકૃષ્ણ પોતે પ્રગટ થયા;

અથવા તો, જેમ રાસલીલા સમયે પોતે દૈન્ય ભાવાત્મકરૂપે પ્રકટ થયા, તેવી રીતે અનવતાર દશામાં જીવોને ભગવત્કૃપાની (પુષ્ટિસંબંધની) સિદ્ધિ થાય તે માટે શ્રીમદાચાર્યજીનો સંબંધ એ જ એક સાધન છે, બીજું સાધન નથી. (૪-૫-૬)

અત એવોકતમાચાર્યૈઃ સ્તોત્રે કૃષ્ણશ્રયાભિધે ।
શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥ ૭ ॥

એથી જ શ્રીઆચાર્યચરણે 'કૃષ્ણાશ્રય' સ્તોત્રમાં કહ્યું છે કે ''શરણમાં સ્થિતિ કરી રહેલા જીવોનો ઉદ્ધાર કરનાર એવા શ્રીકૃષ્ણને હું વિનતિ કરું છું.'' (૭)

વિશ્વાસાર્થં વરમદાદિતિ શ્રીવલ્લભોડબ્રવીત્ ।
અતો નાન્યપ્રકારેણ ફલં સ્વહૃદિ ચિંત્યતામ્ ॥ ૮ ॥

માર્ગસ્થ સેવકોને વિશ્વાસ આવે તે માટે આપશ્રીએ તે ગ્રંથની ફળશ્રુતિમાં એવું વરદાન આપ્યું છે કે ''જેઓ શ્રીકૃષ્ણની પાસે શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરશે, તેમને શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થશે.'' માટે, ફળ અન્ય પ્રકારે થશે એવો વિચાર મનમાં કરવો નહિ. (૮)

વિશ્વાસેન યથાપ્રોતિ ચાતકઃ સ્વાતિજં જલમ્ ।
તથા ચેત્કૃષ્ણજલદઃ સ્વાનંદં વર્ષયિષ્યતિ ॥ ૯ ॥

વિશ્વાસ કર્યાથી જેમ ચાતક પક્ષી સ્વાતિનું જળ પામે છે, તેમ ઘનશ્યામ શ્રીકૃષ્ણ પોતાના આનંદની વર્ષા વરસાવશે. (૯)

એવં વિશ્વાસસદ્ભાવે સર્વમેવ ભવિષ્યતિ ।
યતઃ પરિવૃઢોડસ્માકં સર્વં કર્તું ક્ષમો મતઃ ॥ ૧૦ ॥

જો વિશ્વાસરૂપી સદ્ભાવ હશે, તો તેવી જ રીતે સર્વ કંઇ સિદ્ધ થશે. આપણા સ્વામીમાં સર્વ કરવાનું સામર્થ્ય છે. (૧૦)

સ હિ સ્વતઃ સમર્થત્વાન્ન સાધનમપેક્ષતે ।
કાલકાર્યં વિલોકયાનાં તદીયાનાં વિશેષતઃ ॥ ૧૧ ॥

નિઃસાધનત્વસંસ્ફૂર્ત્યા દંઢઃ સ્યાત્તત્પદાશ્રયઃ ।
અસુરાણામવિશ્વાસઃ તથા તત્સંગિનામપિ ।
મતિમોહો મહાદોષનિધાનં સંભવિષ્યતિ ॥ ૧૨ ॥

પોતે સર્વસમર્થ હોવાથી તે કશા પણ સાધનની અપેક્ષા રાખતા નથી, માટે કાળકૃતિ જોઇ તદીય વૈષ્ણવોએ, ખાસ કરીને નિઃસાધનપણાની સ્ફૂર્તિ ચિત્તમાં બરાબર રાખવી. જેથી તેમનાં ચરણાવિંદનો આશ્રય દૃઢ થાય. જેઓ અસુર સ્વભાવવાળા હોય છે તેમને જ પ્રભુમાં વિશ્વાસ હોતો નથી. તેમને તો એવી જ રીતે તેમના સંગીજનોમાં પણ વિશ્વાસ હોતો નથી. બુદ્ધિનો આવો મોહ મહાન દોષરૂપ છે. (૧૧-૧૨)

યથા પૂર્વમથાં શ્રુત્વા ભગવત્પાદસેવિનામ્ ।
સ્વસ્મિન્ દૈન્યસમુત્પત્તિઃ તથા સાધનનાશનમ્ ॥ ૧૩ ॥

જ્યારે તેઓ ભગવદ્ભક્તોના પૂર્વજોની કથાઓ સાંભળે છે, ત્યારે તેમનામાં દૈન્યભાવ ઉત્પન્ન થાય છે, અને સાધનનો નાશ થાય છે. (૧૩)

તદીયાનાં સર્વમસ્તિ સિદ્ધં તદ્ભાવભાવિનામ્ ।
ઈતરેષાં કાલિકાનાં કાલેન નિખિલં જગત્ ॥ ૧૪ ॥

હમેશાં ભગવદ્ભાવથી ભાવિત થયેલા એવા તદીયોને સર્વ સિદ્ધ થાય છે. જેઓ આવા ભાવ વગરના હોય છે, તેમનાં સઘળાં સાધનો આ કરાળ કાળ ખાઈ જાય છે; કારણ કે કાળ સર્વનો સંહાર કરનારો છે, તે આખા જગતને ખાઈ જાય છે. (૧૪)

યતઃ કાલસ્તદ્વિભૂતિઃ 'કાલઃ કલયતામહમ્' ॥ ૧૫ ॥

કાળ ભગવાનની વિભૂતિ છે. ગીતાજીમાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે ''સંખ્યા કરનારાઓનો જે કાળ છે તે હું છું.'' (૧૫)

મુખ્યાધિકાયૃપિ હરેરિચ્છાશકિતસ્વરૂપવન્ ।
તદંતરંગદાસેષુ ન તત્સામર્થ્યમિષ્યતે ॥ ૧૬ ॥

આ કાળ જ ભગવાનનો મુખ્ય અધિકારી છે, ભગવાનની ઈચ્છાશકિતનું સ્વરૂપ છે, તો પણ જેઓ ભગવાનના અંતરંગ સેવકો છે, તેમની ઉપર તેનું બળ ચાલતું નથી. (૧૬)

સ હિ સર્પો યથાન્યેષાં મારકોડપિ ન હિ ક્ષમઃ ।
પીતામૃતં જનં જાતુ સ્પ્રષ્ટુમાઘ્રાતુમેવ ચ ॥ ૧૭ ॥

કાળ સર્પ જેવો છે. બીજા સર્વને તે મારે છે, પણ જેઓ અમૃતનું પાન કરે છે, તેને તે (કાળ) મારી કે સૂંઘી પણ શકતો નથી. (૧૭)

તથા કાલોઽપિ મનુજં મહાપુરુષસંસ્થિતમ્ ।
ભક્તિપીયૂષપાતારં ન કિંચિત્ કર્તુમીશ્વરઃ ॥ ૧૮ ॥

તેવી જ રીતે, મહાપુરુષ એવા શ્રીમહાપ્રભુજી, જેઓ ભક્તિરૂપી અમૃતને પાનાર છે, તેમનો જે જીવે આશ્રય કર્યો છે, તેને કાળ કશું પણ કરવાને શકિતમાન નથી. (૧૮)

તદીયૈ સર્વકાર્યેષુ ન કાલશ્ચિત્યતાં હૃદિ ।
'તથૈવ તસ્ય લીલેતિ' વચનાત્ સૈવ ચિંત્યતામ્ ॥ ૧૯ ॥

જેઓ ભગવાનના છે, તેમણે કોઈ પણ બાબતમાં હૃદયની અંદર કાળનું ચિંતન કરવું નહિ 'ભગવાન જે જે કંઇ કરશે તે પ્રમાણે જ પ્રભુની લીલારૂપે હશે.' - એવા 'નવરત્ન'ના વચનામૃતનું ચિંતન કરવું. (૧૯)

સર્ગાદિલીલાકર્તૃત્વાત્ કિં ચિત્રં તાદશિ પ્રભૌ ।
વિવેકોઽપ્યમેવાત્ર સ હિતં વૈ વિધાસ્યતિ ॥ ૨૦ ॥
સ્વકીયાનાં નિજેચ્છાતઃ તતશ્ચિંતાત્ર કા ભવેત્ ॥ ૨૧ ॥

જે પ્રભુ સર્ગાદિલીલા કરવાને શકિતમાન છે, તેવા પ્રભુમાં આશ્ચર્ય જેવું શું હોઇ શકે? (હરિ પોતાની ઇચ્છા અનુસાર સર્વ કંઇ કરશે, એવી સમજણ રાખવી, એનું નામ જ વિવેક.) આવા પ્રભુ ભક્તનું હિત જ કરશે એમ સમજવું એ જ અહીં વિવેક છે. જેઓ પ્રભુના છે તેમનું હિત તે પોતાની ઇચ્છા અનુસાર કરશે. માટે અહીં શા સારુ ચિંતા કરવાની હોય ? (૨૦-૨૧)

ભવંતઃ શ્રુતસદ્વાર્તાઃ સત્સંગકૃતયોઽપિ હિ ।
પ્રભુપાદૈકતયઃ તેષાં કા પરિદેવના ॥ ૨૨ ॥

તમે તો ભગવદીયોની વાર્તા સાંભળી છે, તેમનો સત્સંગ પણ કર્યો છે, વળી પ્રભુનાં ચરણાવિંદમાં તમારી આસકિત છે, તો પછી તમારે શાની ચિંતા કરવાની હોય? (૨૨)

ધર્મસંસ્થાપનાર્થાય યસ્ય પ્રાકટયમુચ્યતે ।
સ હિ ધર્મવ્યતિકરં સ્વકૃતં સહતે કથમ્ ॥ ૨૩ ॥

ભગવાન પોતાનું પ્રાકટય ધર્મની સ્થાપના કરવા સારુ કરે છે. તે શું પોતાના કાર્યથી ધર્મનો નાશ થાય એવું કરે ખરા? (૨૩)

બ્રહ્મણ્યો ધેનુવિપ્રેશો વેદધર્મૈકપાલકઃ ।
સ કથં સહતે કૃષ્ણઃ તદ્વિરોધં જનૈઃ કૃતમ્ ॥ ૨૪ ॥

ભગવાન બ્રાહ્મણો અને ગાયોના ઈશ છે તથા વેદધર્મનું મુખ્ય પાલન કરનારા છે. જેઓ ગાય, બ્રાહ્મણ અને વેદધર્મનો વિરોધ કરતા હોય તેમના કાર્યને શ્રીકૃષ્ણ કેમ સહન કરી શકે? (૨૪)

પરમાનંદસંદોહો દયાલુઃ સુતરામપિ ।
સ કથં સહતે કૃષ્ણો દયાડભાવં જનેષ્વપિ ।
અતોડત્ર યદિદં જાતં તત્સ્વદોષેણ સર્વથા ॥ ૨૫ ॥

જો કે પ્રભુ પરમાનન્દના સમૂહ છે; છતાં વધારે તો દયાળુ છે. તે મનુષ્યોમાં દયાનો અભાવ થાય તે કેમ સહી શકે? અહીં જે કંઇ બને છે તે જીવના પોતાના દોષથી જ બને છે, એવું સર્વથા જાણવું. (૨૫)

નિર્દોષપૂર્ણગુણતઃ હરૌ નિત્યં વિરાજતે ।
કદાચિત્ સ્વપ્રભોર્દોષો નાડનેયઃ સર્વથા હૃદિ ॥ ૨૬ ॥

હરિમાં નિર્દોષપણું સંપૂર્ણરૂપે બિરાજે છે. માટે કોઇ પણ વખત, હૃદયમાં પ્રભુનો દોષ કદીએ લાવવો નહી. (૨૬)

કે વા વયં વરાક યદ્ઉદ્ધવાદ્યા અપિ પ્રભોઃ ।
શ્રુતવંતો વિસદશીં લીલાં પશ્ચાત્ સ્થિતા અપિ ॥ ૨૭ ॥

જો ઉદ્ધવ આદિ મહાન ભક્તો પ્રભુની આસુરવ્યામોહલીલા સાંભળ્યા પછી પણ પૃથ્વી ઉપર રહ્યા, તો આપણે તુચ્છ જીવો કોણ માત્ર? (૨૭)

કુંતીવદીદશં ભાગ્યં કસ્ય ભાગ્યવતો ભવેત્ ।
સદ્યઃ પ્રાણવિમોકોડવ શ્રીકૃષ્ણવિરહેણ હિ ॥ ૨૮ ॥

ઓહો! શ્રીકૃષ્ણના વિરહથી અહીં તત્ક્ષણ પ્રાણ નીકળી જાય, એવું કુંતીજી જેવું ભાગ્ય કયા ભાગ્યશાળીનું હોય? (૨૮)

અસ્માકં તુ પ્રભુર્નિત્યમક્ષતાડવ્યાહતોડધુના ।
વિરાજતે તતો દુઃખં ન વિધેયં મનસ્યપિ ॥ ૨૯ ॥

આપણા પ્રભુ તો સદાય નિત્ય અખંડિત બિરાજમાન છે, માટે મનમાં પણ દુઃખ લાવવું નહિ. (૨૯)

ભવદ્‌ભિમિલિતૈઃ સર્વૈરિયં શિક્ષા વિચાર્યતામ્ ।
તતઃ સંદેહજાત યદ્‌બુદ્ધિસ્થં તદ્વ્યપોહ્યતામ્ ॥ ૩૦ ॥

તમે સર્વ ભગદીયો ભેગા મળી આ પત્ર વિચારશો. તેનાથી બુદ્ધિમાં ઉત્પન્ન થતા સંશયો દૂર થઇ જશે. (૩૦)

અસ્માકં સાધનં સાધ્યં શ્રીકૃષ્ણઃ શરણંમમ ।
સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ॥ ૩૧ ॥

અમારું તો સાધન અને સાધ્ય બંને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' છે. સંપત્તિ તેમ જ વિપત્તિ બંનેમાં એ જ આપણું સાધન અને ફળ છે, એવું શ્રીઆચાર્યચરણે કહ્યું છે. (૩૧)

શિક્ષાપત્ર : ૨૪

ત્રેવીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે સેવા અને સ્મરણ કરતા રહેવા છતાં આપણા ચિત્તમાં લૌકિક ચિંતા કેમ થાય છે, તેનાં કારણો કયાં છે, અને એ ચિંતાને દૂર કરવા માટે આપણે કયા ઉપાયો કરવા જોઈએ તે વિષે ખૂબ વિસ્તારપૂર્વક આજ્ઞા કરી. તેના અનુસંધાનમાં આજે ચોવીસમા શિક્ષાપત્રના એકત્રીસ શ્લોકો દ્વારા આપ આપણને સમજાવે છે કે 'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના જીવનમાં અન્ય કોઈ સાધનો ભગવદ્પ્રાપ્તિ કરાવી શકતાં નથી. કારણ કે **પુષ્ટિમાર્ગ સાધનમાર્ગ નથી. પુષ્ટિમાર્ગમાં તો ભગવદ્પ્રાપ્તિ માટે કેવળ ભગવદ્કૃપા જ એક માત્ર કારણ છે.**

'પુષ્ટિમાર્ગ' શબ્દનો વિચાર કરીએ, તો આ શિક્ષાપત્રનો મર્મ આપણને સમજાઈ જશે. સંસ્કૃતમાં **'પોષણ'** શબ્દ છે. તેનું મૂળ **'પુષ્'** ધાતુ છે. એનો એક અર્થ છે કૃપા કરવી. પોષણ એટલે કૃપા. કૃપા માટે સંસ્કૃતમાં ત્રણ શબ્દો આપણને પ્રાપ્ત થાય છે : એક તો **'કૃપા'**, બીજો શબ્દ છે **'પોષણ'** અને ત્રીજો શબ્દપ્રયોગ છે **'અનુગ્રહ'**. કૃપા કહો, પોષણ કહો કે અનુગ્રહ કહો - ત્રણેયનો અર્થ એક છે. માટે શ્રીમહાપ્રભુજીએ વ્યાખ્યા આપી : **'પોષણં તદનુગ્રહઃ'** અનુગ્રહ એટલે કૃપા, એનું જ બીજું નામ પોષણ છે. 'પોષણ' ઉપરથી શબ્દ બન્યો પુષ્ટિ. 'પુષ્ટિ' શબ્દનો અર્થ પણ કૃપા થાય. જે માર્ગ દ્વારા પ્રભુ જીવ પર કૃપા કરે તેનું નામ પુષ્ટિમાર્ગ.

પૂજા ઉપાસના આદિમાં અનેક કર્મો કરવાં પડે છે. જપ, તપ, તીર્થ, દાન, ત્યાગ - આ બધાં કર્મો કરવામાં પ્રયત્નની જરૂર રહે છે, શકિતઓનો ઉપયોગ કરવાની જરૂર રહે છે. એમાં આપણે પોતાનાં સાધનોથી પ્રયત્ન કરવો પડે છે, એટલે કે જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગમાં જીવે પોતે પ્રયત્ન કરવો પડે છે. આ બંને માર્ગો જીવના પ્રયત્નો દ્વારા સાધ્ય છે, **જ્યારે ભક્તિનો માર્ગ કૃપાનો માર્ગ છે. જીવ પોતાના પ્રયત્નોથી ભક્તિ કરી શકતો નથી.**

આપણે અગાઉ ભક્તિનો મર્મ સમજ્યા હતા. ભક્તિ એટલે પ્રભુ પ્રત્યેનો સર્વોત્તમ પ્રેમ. આપણે આપણી જાત માટે રાખીએ, તેના કરતાંય વધારે પ્રેમ પ્રભુ પ્રત્યે રાખીએ, તેને સર્વાત્મભાવ કહેવાય. પ્રેમ હૃદયની સહજ વૃત્તિ છે. લૌકિકમાં પણ કોઈને પ્રયત્નપૂર્વક પ્રેમ થઈ શકતો નથી. પ્રેમ કુદરતી લક્ષણ છે અને તેથી શ્રીમહાપ્રભુજી

આજ્ઞા કરે છે કે 'ભક્તિનું બીજ જેના હૃદયમાં વવાયું છે તે જ ભક્તિ કરી શકે છે. જેના હૃદયમાં ભક્તિનું બીજ નથી, તે ભક્તિના માર્ગે આગળ નહીં વધી શકે.' 'ભક્તિનું બીજ આપણે પોતે આપણા હૃદયમાં વાવી શકતા નથી, કારણ કે ભક્તિ તો આપણો આંતરધર્મ છે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. કે 'શ્રીઠાકોરજીની કૃપાથી જ ભક્તિનું બીજ તમારા હૃદયમાં રોપાય છે, - વવાય છે અને ઊછરે છે. તેમાંથી વૃક્ષ બને છે. આમ, ભક્તિરૂપી કલ્પવૃક્ષ ફૂલે-ફાલે છે.' આવી, ભક્તિ પ્રાપ્ત કરવા માટે જીવનાં સાધનો ઉપયોગી નથી, જીવનાં સાધનોથી ભક્તિ પ્રાપ્ત થતી નથી; ભક્તિ કેવળ પ્રભુની કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે : 'ભક્તિમાર્ગમાં કેવળ પ્રભુની કૃપા જ મોટામાં મોટું કારણ છે, બીજું કોઈ કારણ નથી.' આપ આપણને એવું સૂચવવા માગે છે કે 'હે વૈષ્ણવો, તમે પુષ્ટિજીવ છો. 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવોનાં લક્ષણો આપ્યાં છે. જે જીવો પ્રભુનાં શ્રીઅંગમાંથી પ્રકટ થયા, જેમને પ્રભુએ પોતાની સેવા માટે જ પ્રકટ કર્યા એ બધા પુષ્ટિજીવો છે. પુષ્ટિજીવ એટલે પ્રભુના કૃપાપાત્ર જીવ, પ્રભુના 'સિલેક્ટેડ સોલ્સ.' પ્રભુના બહુ પ્યારા એ જીવો છે, પ્રભુએ એમના જ હૃદયમાં ભક્તિનું બીજ રોપ્યું છે. ભક્તિના એ બીજને શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા પોષણ આપીને ઉછેર્યું છે.' માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે 'તમે વૈષ્ણવ છો, પુષ્ટિજીવ છો, પ્રભુના પરમ કૃપાપાત્ર જીવ છો. તમારા ઉપર પ્રભુની કૃપા વરસી ચૂકી છે, માટે તમને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મળ્યો છે, તેથી તમને પુષ્ટિમાર્ગમાં સાક્ષાત્ શ્રીઠાકોરજીની સેવા કરવાનો, તેમના દિવ્ય અલૌકિક ચરિત્રનું ગુણગાન કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.'

શ્રીહરિરાયચરણ સમજાવે છે કે 'પ્રભુની કૃપા જીવ કોઈ સાધનો દ્વારા મેળવી શકતો નથી. જીવ આખી જિંદગી ગમે તેટલાં સાધનો કરે, પણ તેના પરિણામે પ્રભુ ફળ આપવા બંધાયેલા નથી.' માટે શાસ્ત્રોએ કહ્યું : ''નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ'' - પરમાત્મા - આપણા પુષ્ટિપ્રભુ કેવળ પ્રવચનો કરવાથી મળતા નથી. ''ન મેધયા, ન બહુના શ્રુતેણ.'' તે જ્ઞાન દ્વારા કે વિશેષ સાંભળવાથી પણ નથી મળતા. શ્રવણ આદિ ભક્તિનાં સાધનોથી પ્રભુ નથી મળતા, તો કેવી રીતે મળે છે? ''યમેવૈષઃ વૃણુતે તેન લભ્યઃ'' પ્રભુ વિચાર કરે કે મારે આ જીવને મળવું છે, તેને પોતે મળે છે. પ્રભુ પોતાની ઈચ્છા જે જીવને મળવા માટે કરે એ જીવને પ્રભુ પ્રાપ્ત થાય છે, પણ જીવ ઈચ્છા કરે તો તેથી પ્રભુ મળતા નથી.

મર્યાદામાર્ગમાં પણ ભક્તોનાં અનેક દૃષ્ટાંત છે. માતાપિતાની સેવા કરનાર પુંડરિક. પ્રભુએ પુંડરિકને મળવાની ઈચ્છા કરી, તો તેના ગૃહના દ્વારે વિઠ્ઠલનાથ બનીને પધાર્યા. પ્રભુ જેને મળવા ઈચ્છે, એના દ્વારે સામે પધારે છે. બલિરાજાનું સમર્પણ સ્વીકારવાની પ્રભુએ ઈચ્છા કરી તો વામનજી બનીને બલિરાજાના યજ્ઞમંડપમાં પ્રભુ પધાર્યા. માટે પુષ્ટિમાર્ગમાં આવેલા આપણે સૌએ-પુષ્ટિસ્થ જીવોએ-બીજાઓનું અનુકરણ કરવાની જરૂર નથી. દેખાદેખી કરવાથી આપણે બચવું પડશે. બીજા લોકો વ્રત કરે છે, યાત્રાઓ કરે છે, અનેક પ્રકારનાં તપ કરે છે, ષોડશ પૂજા કરે છે, જ્ઞાન પ્રાપ્ત કરે છ; આપણે પણ એ બધું કરીએ!' આપણે માટે એ બધાં સાધનો નથી, કારણ કે દરેકના માર્ગ જુદા છે.

શ્રીહરિરાયચરણ અહીં બતાવે છે કે પુષ્ટિભક્તોનો પ્રભુને પ્રાપ્ત કરવા માટેનો માર્ગ જુદો છે. તમે એરપોર્ટ પર જાઓ તો જોવા મળશે કે મોટાભાગના લોકોને પ્લેનમાં જવા માટેનો એક માર્ગ હોય છે, પરંતુ જે મહાન માણસો હોય છે, જેમને 'વી.આઇ.પી.' કહેવાય, તેમને માટે અલગ અને સુવિધાવાળો રસ્તો હોય છે, જ્યાંથી તેઓ અંદર પહોંચી જાય. આપણે શ્રીનાથજી જઇએ છીએ ત્યારે ઘણીવાર બડબડાટ કરીએ છીએ કે કેટલાક લોકોને ચિઠ્ઠીથી જવા દે છે અને અમારે ધક્કામુક્કીમાં દર્શન કરવાં પડે છે. પુષ્ટિજીવો માટેનો સ્પેશિયલ માર્ગ આપણને શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે. એ અત્યંત સરળ છે, સુખદ છે. આપણે સહેલાઇથી એ માર્ગે જઇ શકીએ તેવો વધારે આનંદદાયક છે.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'તમે આ માર્ગમાં આવ્યા છો, બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુની કૃપા તમે પ્રાપ્ત કરી ચૂક્યા છો, પ્રભુના કૃપાપાત્ર બની ચૂક્યા છો, માટે હવે બીજાં સાધનોમાં તમારી જિંદગી બરબાદ કરશો નહીં. સાધનોના જંગલમાં અટવાઇને તમારી જિંદગીના દિવસો વેડફી નાખશો નહીં. 'સાધનમાર્ગ એ મર્યાદામાર્ગ છે, કૃપામાર્ગ એ પુષ્ટિમાર્ગ છે.'

આપણે જોઇએ છીએ કે સેવા અને સ્મરણનું ઉત્તમ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યું છે, પરંતુ આપણે અણસમજને કારણે એમાં તત્પર થવાને બદલે અનેક સાધનોમાં તત્પર થઈને આપણી જિંદગી ગુમાવીએ છીએ. ત્યારે સૂરદાસજી કહે છેઃ '**રે મન મૂરખ જનમ ગંવાયો.....**' હે મૂર્ખ મન, તું આ બધામાં તારો જન્મ કાં ગુમાવી દે છે?'

શ્રીગુસાંઇજીના એક સેવક થઇ ગયા. તેઓ શરણે આવ્યા, બ્રહ્મસંબંધ લીધું;

પણ એમને પ્રભુની કૃપામાં વિશ્વાસ બેઠો નથી. પરિણામે તેમને સાધન કરવામાં રસ છે. તેમનો પહેલાંથી એક નિયમ હતો કે ગમે તેવી ઋતુ હોય, પણ દરરોજ શ્રીગિરિરાજજીની નવ કોશની એક પરિક્રમા કરવી. બ્રહ્મસંબંધ લીધા પછી પણ એમણે પોતાનું આ વ્રત ચાલું રાખ્યું. રોજ વહેલી સવારે પરિક્રમા કરવા જાય. પરિક્રમા કરીને આવે એટલે શ્રીનાથજીબાવાનાં રાજભોગનાં દર્શન કરે. આજુબાજુનાં ગામમાંથી કોરી ભિક્ષા માગી લાવે, કોઇ કુંડ ઉપર સામગ્રી સિદ્ધ કરી શ્રીજીબાવાનાં ધજાજીને ભોગ ધરીને લે. રોજ રાત્રે શ્રીગુસાંઇજી ભગવદ્‌વાર્તા કરે એ સાંભળવા જાય. આ વૈષ્ણવ વિચાર કરે કે ‘ભગવદ્‌વાર્તા સાંભળવા આવનાર બીજા વૈષ્ણવોને શ્રીગુસાંઈજી ખૂબ પ્રેમથી બોલાવે છે, દરેકની સાથે વ્યકિતગત વાતો કરે છે; પણ મારી સામે નજર સુધ્ધાં કરતા નથી, મને કદી બોલાવતા પણ નથી! બીજા વૈષ્ણવો તો કોઇ દિવસ પરિક્રમા કરતા નથી, હું રોજ પરિક્રમા કરું છું! આવું અટલ વ્રત સાચવું, આટલું તપ કરું; છતાં શ્રીગુસાંઇજી મને કેમ નહીં બોલાવતા હોય?’ તેઓ શ્રીગુસાંઇજીને પૂછવા માટેય હિંમત કરી શકતા નહીં. એમ કરતાં-કરતાં એક વખત અન્નકૂટનો દિવસ આવ્યો. વિચાર કર્યો કે આજે શ્રીનવનીતલાલ ગોવર્ધનપૂજા કરવા પધારશે, હું વહેલો રાતમાં જઇને શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી આવું. પાછલી અંધારી રાત્રે એ પરિક્રમા કરવા નીકળ્યા. દંડવતી શિલાથી થોડે દૂર ગયા અને એમનો પગ ખાડામાં પડયો. તે એવો મચકોડાઇ ગયો કે એ ચાલી ન શકયા, ત્યાં બેસી જવું પડયું. એ દિવસે એમનું આ પરિક્રમાનું વ્રત તૂટી ગયું. એમને ભારે ખેદ થયો. તેમણે વિચાર કર્યો, ‘પરિક્રમા નથી થઇ તો લાવ, આજે બની શકે એવી કંઇક ટહેલ કરું.’ શી ટહેલ કરવી? તો એવો વિચાર કર્યો કે ખાડામાં પગ આવતાં મારો પગ મચકોડાયો. અહીંથી શ્રીનવનીતલાલ પ્રભુ પધારશે. તેમની સાથે શ્રીગુસાંઇજી અને તેમનાં બાળકો આદિ પધારશે. એ કોઇને કષ્ટ ન થાય તે માટે ખાડાટેકરા સરખા કરી દઉં, કાંટા-કાંકરા વીણી લઉં અને માર્ગ સુંદર કરી લઉં. તેમણે સવાર સુધી ટહેલ કરી. તે દિવસે જ્યારે તેઓ શ્રીગુસાંઇજી પાસે ગયા ત્યારે શ્રીગુસાંઇજીએ એમને પ્રેમથી બોલાવ્યાઃ ‘ગોવર્ધનદાસ આવો.’ એ વૈષ્ણવે હાથ જોડીને વિનંતી કરી : ‘મહારાજ! આટલાં વર્ષેથી આપ મને કદી બોલાવતા નહોતા અને આજે કેમ મને બોલાવ્યો? આજે તો મારી પ્રતિજ્ઞા તૂટી છે, પરિક્રમા થઇ નથી!’ શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી : ‘ગોવર્ધનદાસ, તમે આજે શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કરી છે. માટે અમે તમારા ઉપર પ્રસન્ન છીએ અને તમને બોલાવ્યા છે. રોજ તમે જે પરિક્રમા કરતા એ તો તમે તમારા સુખ માટે કરતા હતા, તમારા સ્વાર્થ માટે કરતા હતા, એમાં પ્રભુનું

શું સુખ હતું? **પુષ્ટિમાર્ગ એ જીવના સુખનો માર્ગ નથી, પરંતુ પ્રભુના સુખનો માર્ગ છે.** ડગલે ને પગલે આપણે જે કંઇ કામ કરીએ, ત્યારે વિચાર કરવો કે આ બધું હું મારા સુખ માટે કરું છું કે પ્રભુના સુખ માટે કરું છું? એમાં આપણું સુખ હોય, તો એ સાધનોથી પ્રભુ પ્રસન્ન થતા નથી. જો એમાં પ્રભુનું સુખ હોય તો એનાથી જ પ્રભુ પ્રસન્ન થાય છે.

પ્રભુ દુનિયાના બીજા જીવો અને પોતાના આવા કૃપાપાત્ર ભક્તો વચ્ચે વ્યવહારનો કેવો ભેદ રાખે છે, તે સમજવા માટે આપણે બિલાડીનું દૃષ્ટાંત વિચારવું પડે. બિલાડી પોતાના દાંત વચ્ચે એના શિકારને-ઉંદર વગેરેને-પકડીને લઇ જાય છે. પોતાના બચ્ચાને પણ એ જ દાંત વચ્ચે પકડીને તે લઇ જાય છે. બિલાડી પોતાના શિકાર ઉપર દાંત બેસાડી એને મારી નાખે છે, પણ પોતાના બચ્ચાને ત્રાસ આપતી નથી. પોતાના બચ્ચાને તો દાંત જરા પણ ન અડકે એવી સાવધાનીથી એનું રક્ષણ કરતાં લઇ જાય છે.

પ્રભુ પોતાના આવા કૃપાપાત્ર પુષ્ટિજીવોને જેમ બિલાડી એના બચ્ચાને જાળવે એવી રીતે જાળવે છે. **પુષ્ટિજીવોને કર્મનો કાયદો કે કર્મનો સિદ્ધાંત પ્રભુ લાગુ પડવા દેતા નથી.** એ અપવાદ છે. જ્યારે બીજા મર્યાદાજીવો અને આસુરીજીવોને પ્રભુ કર્મના સિદ્ધાંતને સોંપી દે છે, માટે તો આપણા ભગવદીયોએ એમ ગાયું છે કે '**જપ તપ તીરથ નેમ ધર્મ વ્રત શ્રીવલ્લભ.....**' અમારા જપ કહો, અમારું તીર્થ કહો, અમારા નિયમ કહો - જે કહેવું હોય તે અમારે શ્રીવલ્લભ છે - 'શ્રીવલ્લભઃ શરણં મમ.'

માટે શ્રીહરિરાયચરણે કહ્યું:

"નિઃસાધનજનોદ્ધારકરણ પ્રકટીકૃતઃ ।
ગોકુલેશસ્વરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥"

'શ્રીવલ્લભ નિઃસાધનજનોનો ઉદ્ધાર કરવા માટે પ્રકટ થયા છે. જે પોતાની જાતે પોતાનાં સાધન કરી શકે તેને માટે શ્રીવલ્લભનું પ્રાકટ્ય નથી.' પ્રભુ કહે છે કે 'તું તારી જાતે તારું ફોડી લેવાનો છે? તો ફોડી લે, હું તારી પરવા નહીં કરું.' પણ જે જીવ પ્રભુને એવી વિનંતી કરે છે કે 'હું તો દીન છું, આપનો શરણાગત છું. મારામાં કોઇ સાધન નથી, કોઇ શકિત નથી, આપ જેમ રાખો તેમ હું રહીશ.' તો એવા જીવના યોગક્ષેમનું વહન પ્રભુ સ્વયં કરે છે. માટે જ આ પુષ્ટિનો - કૃપાનો માર્ગ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ 'આ માર્ગમાં જો આપણે સાધનનું બળ વિચારીશું તો તે આપણેને પ્રતિબંધરૂપે બનશે. દા.ત. બ્રાહ્મણનું સાધન છે ત્રિકાલસંધ્યા, પણ શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે 'પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવોની ત્રિકાળસંધ્યા કઇ? શ્રીઠાકોરજીના મુખારવિંદને નીરખવું એ અમારી ત્રિકાળસંધ્યા છે.' પ્રભુની સેવાના ભોગે સંધ્યા નહિ.

એક વૈષ્ણવની વાર્તા છે. એમને એક દિવસ રોજના કરતાં શ્રીઠાકોરજીની સેવામાં સ્નાન કરવામાં કંઇક મોડું થયું. પ્રભુને આજે પરિશ્રમ થશે એવા તાપભાવને લઇને જલદી જલદી મંદિરમાં બુહારી કરે છે. ત્યાં બુહારી ઉપર બાંધેલી દોરી તૂટી ગઇ, એનાં પીંછાં વીંખાઇ ગયાં. મોડા ભેગું વધારે મોડું થતું હતું. વિચાર કર્યો, અત્યારે દોરી શોધવા કયાં જવું? પોતાના ખભા પરથી જનોઇ ઉતારી, એનાથી બુહારી બાંધીને એમણે બુહારી કરી. જનોઇ એ ધર્મશાસ્ત્રનું એક સાધન છે. એમણે પુષ્ટિમાર્ગમાં એ સાધનની પરવા ન કરી, કેવળ પ્રભુના સુખનો વિચાર કર્યો.

આપણે એવું વ્રત ન કરીએ કે જે વ્રત પ્રભુની સેવામાં આપણને શિથિલ બનાવી દે, આપણે એવું જાગરણ ન કરીએ, જે બીજા દિવસે પ્રભુની સેવામાં પ્રમાદરૂપ બને. આપણે એવું કોઇ તપ કે યાત્રા ન કરીએ જે આપણા શરીરને એવું નિર્બળ બનાવે કે પ્રભુની સેવામાં પરિશ્રમ થાય.

માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી : 'આ ભક્તિમાર્ગના - કૃપા-માર્ગના સ્વરૂપને હે વૈષ્ણવો, તમે બરાબર સમજી લો. અહીં આપણે જે કંઇ કરીએ છીએ, તે કેવળ પ્રભુના સુખ માટે કરીએ છીએ. આપણે જપ કરીએ છીએ તે પણ આપણા પોતાના લાભ માટે નહીં. આપણા સ્વામી એવા પ્રભુનું ગુણગાન સાંભળવામાં તેમને સૌથી વધુ આનંદ આવે છે.' માટે પ્રભુ સામે આપણે એમનાં કીર્તનો ગાઇએ છીએ. પરોક્ષમાં સ્તોત્રપાઠ બોલીએ છીએ. સ્તોત્ર એટલે સ્તુતિ. આપણે પ્રભુ પાસે એ સ્તોત્રપાઠ દ્વારા કશું માગતા નથી - કે 'મને આ આપજો. મને તે આપજો.' એવી માગણીના સ્તોત્રપાઠ આપણે પ્રભુના પરોક્ષમાં પણ કરતા નથી. આપણે શ્રીઅષ્ટાક્ષર કે પંચાક્ષરનો જપ કરીએ છીએ તે કોઇ લૌકિક સ્વાર્થ માટે કરતા નથી. આમ, આપણા જપના પ્રકારમાં પણ ફરક છે.

મર્યાદામાર્ગીય ભક્ત જ્યારે જપ કરવા બેસે, ત્યારે એ જપનો પ્રકાર જુદો હોય છે. ગૌમુખીમાં માળા રાખીને કોઇ ન જુએ, એવી રીતે તે જપ કરે છે. સવારના જપ કરતાં હાથ અમુક રીતે રહે, બપોરના જપ કરતાં અમુક રીતે રહે, સાયંકાલીન

જપમાં અમુક રીતે રહે. આ બધાં વિધિવિધાનો છે. પુષ્ટિજીવ જપ કરે ત્યારે તે જપમાળાને ખુલ્લી રાખીને એના મણકા ફેરવતો હોય, બીજા એને જપ કરતો જુએ તેનો એને સંકોચ નથી; કારણ કે તે પ્રભુ પાસે કોઇ વસ્તુ માગવા આવ્યો નથી, એ તો પ્રભુને આપવા આવ્યો છે.

જ્ઞાની પ્રભુને એવી વિનંતી કરે છે કે 'હે પ્રભુ ! હું તમને શું આપું? તમને સિંહાસન પણ ક્યાંથી લાવીને આપું? કારણ કે સૌથી ઉત્તમ ગરુડરાજનું સિંહાસન તમારી પાસે છે. તમને આભૂષણ પણ શું આપું? સૌથી ઉત્તમ એવો કૌસ્તુભ મણિ આપના હૃદય પર બિરાજમાન છે. હું તમને શી ભેટ આપું? લક્ષ્મીજી સાક્ષાત્ આપનાં ચરણકમળોમાં બિરાજે છે!' માટે તો દયારામભાઇ એ કહ્યું કે 'પ્રભુની પાસે જાઓ ત્યારે પ્રભુને રૂપિયો, બે રૂપિયા કે શ્રીફળ ભેટ નહીં ધરો તો ચાલશે. પ્રભુ એના ભૂખ્યા નથી, પ્રભુને તો અપેક્ષા છે તમારાં દીનતા અને પ્રેમભાવની.' માટે કહ્યું કે 'દીનતા પાત્રમાં મનમણિ મૂકીને, ભેટ ભગવંતજીને કરજો રે.' દીનતાથી આપણું મન પ્રભુને ધરી દેવું એ પુષ્ટિભક્તનું કર્તવ્ય છે. એટલે પુષ્ટિભક્ત કહે છે કે 'પ્રભુ, તમારે શું જોઇએ છે, બોલો? તમે આખા જગતને એ માગે તે બધું આપો છો, પણ હું આજે તમને આપવા માટે તૈયાર થયો છું. તમે માગી લો, તમારે શું જોઇએ છે?' પુષ્ટિભક્ત ખૂબ વિચાર કરીને કહે છે, તમારી પાસે બધું છે, તમે શું માગો? પણ મને ખબર છે કે તમારી પાસે એક વસ્તુ નથી. પ્રભુ કહે, એવું તે શું છે કે જે મારી પાસે નથી અને તારી પાસે આવી ગયું? પુષ્ટિભક્ત કહે છે કે મારી પાસે હૃદય છે, જે તમારી પાસે નથી. તમારા ભક્તોને તમે આપી દીધું છે, ભક્તો ચોરી ગયા છે. માટે મારું હૃદય હું તમને આપી દઉં છું'

પ્રભુને જ્યારે ભક્તનું હૃદય મળે છે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય છે, વિરહાતુર બનીને ભક્તની પાછળ પાછળ ડોલે છે. માટે અહીં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી : પુષ્ટિમાર્ગ આવો નિરાળો માર્ગ છે. તમે સાધનોના મોહમાં પડીને તમારાં સમય, શકિત અને સંપત્તિનો દુર્વ્યય ન કરતા. તમે પુષ્ટિમાર્ગના મર્મ અને ધર્મને સમજીને સેવાસ્મરણમાં પ્રવૃત્ત થજો.'

કૃપાનું સ્વરૂપ સમજાવતાં શ્રીહરિરાયચરણ હવે બીજી આજ્ઞા કરે છે. શ્રીઠાકોરજી જ્યારે સારસ્વતકલ્પમાં વ્રજમંડળમાં પધાર્યા, ત્યારે અવતાર-દશામાં પણ શ્રીઠાકોરજીએ વ્રજભક્તોના ઉપર સીધી કૃપા નથી કરી. કૃપા માટે વ્રજભક્તોને પણ શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજીનો આશ્રય કરવો પડયો છે, અને તેમના દ્વારા જ

વ્રજભક્તો ઉપર પ્રભુની કૃપા થઇ છે. કુમારિકાઓએ કાત્યાયની વ્રત દ્વારા શ્રીયમુનાજીને સેવા કરીને, પ્રસન્ન કર્યાં ત્યારે પ્રભુએ પ્રસન્ન થઇને વરદાન આપ્યું કે 'શરદ ઋતુની રાત્રિએ હું તમારો મનોરથ પૂર્ણ કરીશ.' શ્રીગિરિરાજજીની આજુબાજુમાં વનપ્રદેશમાં રહેનારાં પુલિંદીઓએ પણ શ્રીગિરિરાજબાવાની સેવા કરી, તેથી શ્રીગિરિરાજબાવાની તેમના ઉપર કૃપા થઇ. શ્રીગિરિરાજબાવાની કૃપાથી પ્રભુનાં ચરણારવિંદમાંથી વેરાયેલ કુમકુમ પુલિંદીઓએ હૃદય અને મસ્તક ઉપર ધારણ કર્યું. પરિણામે, પ્રભુએ કૃપા કરી પુલિંદીઓએ આણેલાં મિષ્ટ મધુર ફળ ઉત્થાપન ભોગમાં આરોગ્યા છે અને તેમની સેવા અંગીકાર કરી છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'અવતારદશામાં પ્રભુ સાક્ષાત્ સન્મુખ બિરાજતા હતા અને આ બધાં વ્રજભક્તો-ઋષિરૂપા, શ્રુતિરૂપા ભક્તો હોવા છતાં તેમને શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજીનો આશ્રય કરવો પડયો છે, તેમના દ્વારા તે પ્રભુને પામી શક્યાં છે. એવી રીતે આજે જ્યારે સાક્ષાત પ્રકટ પ્રભુ બિરાજતા નથી, ત્યારે આપણા જેવા જીવોને પ્રભુની પ્રાપ્તિ સીધેસીધી થવાની શકયતા નથી.

કોઇ એમ કહે કે 'પ્રભુ કૃપા કરશે ત્યારે બધું થશે. સાધન કરવાની તમે ના પાડો છો, તો હું ઘરમાં શાંતિથી બેસી રહીશ!' શ્રીહરિરાયચરણ કહે છે : 'ના, એમ નહીં. પ્રભુની કૃપાનું માધ્યમ છે શ્રીમહાપ્રભુજી, કારણ કે શ્રીમહાપ્રભુજી પ્રભુની અલૌકિક કૃપાશકિતનું પ્રાકટય છે. નિત્યલીલામાં પ્રભુ શ્રીસ્વામિનીજીને વશ છે. શ્રીસ્વામિનીજીની કૃપા વિના વ્રજભક્તોને પણ પ્રભુ પોતાના સ્વરૂપાનંદનું દાન કરતા નથી, કરી શકતા નથી.' માટે શ્રીગુસાંઇજીએ 'રાધાપ્રાર્થના ચતુઃશ્લોકી'માં આજ્ઞા કરી કે 'જ્યાં સુધી શ્રીરાધિકાજી સર્વ પ્રતિબંધોને દૂર કરવા કૃપા નહીં કરે, ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ થવી દુર્લભ છે.' શ્રીરાધિકાજી-શ્રીસ્વામિનીજી ભૂતળ ઉપર શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રકટ થયાં છે. શ્રીમહાપ્રભુજી સાક્ષાત શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ, પ્રભુની અલૌકિક કૃપાશકિતનું સ્વરૂપ છે. પરિણામે, આપે પોતાની સન્મુખ આવેલા જીવોને બ્રહ્મસંબંધ થાય તે પહેલાં પોતાના સ્વરૂપમાં અલૌકિક પૂર્ણપુરુષોત્તમનાં દર્શન કરાવ્યાં. એ દર્શન કરીને આ ચોર્યાસી ભગવદીયો શરણે આવ્યા છે.

જેમણે શરણે આવતાં પહેલાં જ પ્રભુ સાથે પોતાના પ્રાણ જોડી દીધા એવા ભક્તો ઉપર શ્રીમહાપ્રભુજીની કૃપા થઇ, તેનું આ પરિણામ છે. શ્રીમહાપ્રભુજીના શરણ આવેલા જીવોનો વિચાર કરીએ, તો તેમાં અનેક શુદ્ર, પાપી, અપરાધી અને અજ્ઞાની જીવો છે; શાસ્ત્રો જેને નિષિદ્ધ ગણે એવા છે. તે સૌ ઉપર શ્રીમહાપ્રભુજીએ

એકસરખી કૃપાવૃષ્ટિ વરસાવી છે. મેહા ઢીમર, મોહના ભંગી, રૂપ મુરારીદાસ - આ સૌ ભગવદીયોનાં ચરિત્રનું જો આપણે ચિંતન કરીએ તો આપણને સમજાશે કે આ ભગવદીયોને શાસ્ત્રોની દૃષ્ટિએ ભગવદ્પ્રાપ્તિનો કોઇ અધિકાર નહોતો. રસખાનજી અને અલીખાનજી-એમને હિન્દુ ધર્મનો અધિકાર નહોતો. એવા સૌ જીવોને શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલે કેવળ પોતાની કૃપાશક્તિથી શરણે લઇને સાક્ષાત પ્રભુ સાથે જોડી આપ્યા છે. આટલા માટે કૃષ્ણદાસજી જેવા ભગવદીયોએ ગાયું છે : ''પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન.....કરત કૃપા નિજ હસ્ત દૈ માથે, જો જન સરન આય અનુસરહી, ગ્રહી સોંપત શ્રીગોવર્ધન નાથે.''

પોતાનો વરદ્ શ્રીહસ્ત જીવના માથે મૂકે અને જીવનું ભાગ્ય ખૂલી જાય, જીવને તેના માટે કોઇ સાધન ન કરવાં પડે, એવી કૃપાશકિત શ્રીવલ્લભ અને શ્રીવલ્લભકુળ વરસાવી રહ્યાં છે.

આપણે વિચાર કરીએ કે અષ્ટછાપ ભગવદીયો કુંભનદાસજી વગેરે કોની પાસે કાવ્ય અને સંગીત શીખવા ગયેલા? કૃષ્ણદાસજી ગુજરાતના ચરોતરના એક ગામડાગામના મુખીના નાનકડા દીકરા, ભણ્યાગણ્યા વિનાના, ગ્રામ્ય ગુજરાતી બોલનારા! એમને કોણે આવી સુંદર વ્રજભાષા, કીર્તનો, રાગ અને તાલ બધું શીખવ્યું? જે જન્મથી મૂંગા છે, એવા ભાઇલા કોઠારીના નવ વર્ષના જમાઇ ગોપાળદાસભાઇને શ્રીગુસાંઇજી ચર્વિત તાંબૂલ આપે અને તેમના મુખમાંથી તત્કાળ 'વંદું શ્રીવિઠ્ઠલવર સુંદર....' થી પ્રારંભ થઇને 'શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફૂલ્યો, એની શાખા અનેક રે રસના'- ત્યાં સુધીનાં નવ નવ આખ્યાનોની ધસમસતી ભક્તિસરિતા વહે, તે કેવળ કૃપા નહીં તો બીજું શું? નાગજી ભટ્ટને જુઓ. પવનપાવડીની તો કેવળ વાત સાંભળી છે, પણ તેઓ આજે ગોધરા હોય, કાલે દ્વારકા હોય, પરમ દિવસે જતિપુરા હોય! સેંકડો માઇલોનું અંતર ચપટી વગાડતાં જ ચાલતાં કાપી નાખે, એ ભગવદ્કૃપા નહીં તો બીજું શું? એક વૈષ્ણવ, આકાશમાં રહેલા મેઘને કહે: 'થોભી જા, હમણાં વરસવાનું નથી!' અને મેઘ થોભી જાય. પેલાં ડોકરી, શ્રીગુસાંઇજીનાં એવાં કૃપાપાત્ર સેવક કે જે પોતાને લેવા આવેલા યમદૂતોને કહે : 'હજી મારે વાર છે, પાછા જાઓ' આઠઆઠ વખત યમદૂતોને પાછા મોકલે! શ્રીગુસાંઇજી એમને 'અષ્ટપદી' કહીને બોલાવે. આવા ભગવદીયો કેવળ શ્રીવલ્લભની કૃપાનો અનુભવ કરે છે.

શ્રીમહાપ્રભુજીએ આપણને 'શ્રીકૃષ્ણાશ્રય' ગ્રંથ આપ્યો. તે ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજીએ આપણને આજ્ઞા કરી : 'આ સ્તોત્રનો જે કોઇ શ્રીઠાકોરજીની સમક્ષ

પાઠ કરશે, તેને શ્રીઠાકોરજીનો દૃઢ આશ્રય થશે.' કેવું સરળમાં સરળ સાધન શ્રીવલ્લભે આપી દીધું! 'તમે શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ કરતાં તેમની સન્મુખમાં 'શ્રીકૃષ્ણાશ્રય'નો પાઠ કરો. ભલે ગમે તેવા અપરાધી હશો, તમારાથી ગમે તે દોષ થયા હશે, પ્રભુ તમારા દોષોનો વિચાર નહીં કરે!'

રામાનંદ પંડિતને યાદ કરીએ. તેમને શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'રામાનંદ, મેં તારો ત્યાગ કર્યો છે.' છતાં રામાનંદજી વિકળ અવસ્થામાં પણ જે કંઇ ખાય છે, તે પ્રભુને ધરાવાનું ચૂકતા નથી, જેમની આરોગાવેલી જલેબી શ્રીજીબાવાએ સાક્ષાત આરોગી અને શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી : 'ભલે તમે ત્યાગ કર્યો હોય, હું વચનથી બંધાયો છું. હું એ જીવનો કેવી રીતે ત્યાગ કરું?' પ્રભુ આવા કૃપાળુ છે. માટે આપણે કેવળ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીનો આશ્રય કરીને રહીએ, એમનામાં પૂરેપૂરો વિશ્વાસ રાખીએ.

પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ અતિ આવશ્યક છે. અવિશ્વાસથી સ્નેહ નાશ પામે છે. લૌકિકમાં પણ આપણે આ વાત જાણીએ છીએ. બે મિત્રો વચ્ચે ગમે તેટલો ગાઢ સ્નેહ હોય, પણ જો કોઇક શંકા ઊભી થાય, તો બંને દુશ્મન બની જતાં વાર લાગતી નથી, બે ભાઇ વચ્ચે ગમે તેટલો સ્નેહ હોય, પણ કયાંક કોઇકને શંકા ઊભી થઇ તો બે ભાઇ એકબીજાનું મોં નહીં જુએ. પતિ-પત્ની વચ્ચે જીવનભરનો સ્નેહ શંકાની એક નાનકડી ચિનગારી ચંપાતાં સળગી જાય છે. માટે સ્નેહમાં શંકા એ સ્નેહનો નાશ કરવા જેવી છે, પગ ઉપર કુહાડો મારવા જેવું છે.

તેથી શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની કૃપા કરવાની શક્તિમાં તમે જરા પણ શંકા કરશો નહીં. તમે સદાય પૂર્ણ વિશ્વાસ રાખજો કે શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી તમારા ઉપર હમેશાં કૃપા કરે છે, કરતા આવ્યા છે અને આ જન્મમાં જ નહીં, જન્મોજન્મ કૃપા કરતા રહેશે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'ચાતક પક્ષીની જેમ વિશ્વાસ રાખજો. ચાતક પક્ષીને કોઇએ શીખવ્યું નથી, છતાંય તેને પ્રભુ ઉપર અટલ વિશ્વાસ છે કે મારા માટે મારા પ્રભુ સ્વાતિ નક્ષત્રમાં જળ વરસાવશે જ. મારે પૃથ્વીનાં જળાશયોનું જળ પીવાની જરુર નથી. ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રની રાહ જોતું બાર બાર મહિના તરસ્યું બેસી રહે છે, માટે ચાતક પક્ષીની જેમ દૃઢ વિશ્વાસ રાખવો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'જે આસુરી જીવો છે, જે પ્રભુની સત્તાને નથી સ્વીકારતા, તેવા અસુરોને પ્રભુમાં અવિશ્વાસ હોય છે. જો આપણને પ્રભુમાં

અવિશ્વાસ થાય-પ્રભુ આપણા ઉપર કૃપા કરશે કે નહીં, એવો અવિશ્વાસ રહે તો માનવું કે આપણા હૃદયમાં દુ:સંગને લઇને આસુરી ભાવ આવી ગયો છે.' માટે જ આપણને પ્રભુ ઉપર અવિશ્વાસ આવ્યો છે.

ગદાધરદાસજીનું આપણે સ્મરણ કરીએ. એમણે યાચકવૃત્તિનો ટેક લીધો છે. કોઇની પાસે હાથ લંબાવવો નહીં, કોઇની પાસે માગવું નહીં, ભગવદ્-ઈચ્છાએ જ્યારે જે મળે તે પ્રભુને અંગીકાર કરાવીને નિર્વાહ કરવો. એ ટેકની પ્રભુ કસોટી કરે છે. એક દિવસ તેમને કશું જ મળ્યું નહીં. સવારથી સાંજ સુધી બધા સમયમાં ઠાકોરજીને કેવળ ઝારીજીનો ભોગ ધર્યો અને પોતે પણ પ્રસાદી-જળ લઇને રહ્યા છે. મનમાં બહુ તાપ કરે છે. 'મારા પ્રભુને કંઇ આરોગાવાયું નથી.' પ્રભુએ તેમની એ ટેક રાખી, રાત્રે બાર વાગ્યે તેમનો કોઇ યજમાન આવીને રૂપિયા આપી ગયો અને તેમણે સામગ્રી લાવી, પ્રભુને આરોગાવી!

જેને પ્રભુમાં વિશ્વાસ છે તેનું પ્રભુ હમેશાં હિત કરે છે. માટે તો સૂરદાસજી કહે છે કે 'ભાઇ, તમે ગ્રહો, નક્ષત્રો, જ્યોતિષ- આ બધાનો વિચાર કરશો જ નહીં. એ તમારું કશું બગાડી શકવાનાં નથી, એ તો બધા પ્રભુના દાસ છે. એ સિદ્ધાંતો પુષ્ટિભક્તને લાગુ પડતા નથી.'

એક વૈષ્ણવ કુટુંબનો સાચો બનેલો પ્રસંગ છે. તે ઘરની પુત્રવધૂને એના લગ્ન બાદ વારંવાર બાળકના જન્મમાં અંતરાય આવ્યા જ કરે. જ્યોતિષીઓ છાતી ઠોકીને કહેતા : 'એની કુંડળીના પાંચમા ઘરમાં, જે પુત્રનું સ્થાન છે ત્યાં કાળગ્રહો ભેગા થયા છે. તે પુત્રપ્રાપ્તિ થવા ન દે. પરંતુ શ્રીવલ્લભકુળના આશીર્વાદથી તે કૂંડળી બાજુએ રહી અને તેમની ગોદમાં બાળકને ખેલવા માટે પ્રભુએ કૃપા કરી. આવા તો અનેક પ્રસંગો આપણે આપણા જીવનમાં અનુભવીએ છીએ. જ્યાં મનુષ્યનું નથી ચાલતું, ત્યાં પ્રભુની કૃપાથી તેનો કોઇ વાળ વાંકો કરી શકતું નથી.

વર્ષો પહેલાંનો મારો અનુભવ કહું. ત્યારે મારી અઢાર-ઓગણીસ વર્ષની ઉંમર હશે. શ્રીવલ્લભકુળના એક બાળક સાથે સૌરાષ્ટ્રમાં હું જઇ રહ્યો હતો. દશેરાની વહેલી સવારનો સમય હતો. આપશ્રીને ત્રણ ડિગ્રી તાવ હતો. કારમાં પાછળ અર્ધબેભાન અવસ્થામાં પોઢ્યા હતા. નવી નકોર એમની એમ્બેસેડર ગાડી. ડ્રાઈવર પણ વૈષ્ણવ હતા. ડ્રાઈવરની બાજુમાં હું બેઠેલો. ગામ આવવાને એકાદ માઈલ જેટલું અંતર બાકી રહ્યું. શું બન્યું, તેની કોઇને ખબર ન પડી, પણ દોડતી જતી એ ગાડીનો સ્ટીયરીંગ રોડ કડકડાટ કરતો તૂટી ગયો ડ્રાઈવરના હાથનો કાબૂ જતો રહ્યો. એણે

એકદમ આંખો મીંચી દીધી અને કહ્યું : 'રમેશભાઇ, ભગવાનનું નામ લો, હવે નહીં બચાય.' રસ્તા પરથી ગાડી નીચે ઊતરી ગઇ. ત્યા મોટો કૂવો બનતો હતો તે નજર સામે દેખાય. ધસમસતી ગાડી એ કૂવામાં જશે, એમ લાગ્યું. મોત નજર સામે દેખાઈ રહ્યું હતું. બીજો કોઇ ઈલાજ નહોતો. કૂવાના બરાબર કિનારા પાસે ગાડી આવતાં પહેલાં ગાડીનું પૈડું સહેજ વળી ગયું. બાજુના વૃક્ષ સાથે અથડાઇને એનું એંજિન ચૂરેચૂરા થઇ ગયું. પણ અમને કોઇને ઉઝરડો સરખોય પડયો નહીં.' આજે તમારી સામે બેઠો છું.

શ્રીવલ્લભની કૃપા સિવાય જીવ બચી શકતો નથી, જીવ કશું કરી શકતો નથી. માટે સાધનોને બદલે શ્રીમહાપ્રભુજીની કૃપામાં વિશ્વાસ રાખીને રહો. વિશ્વાસ દઢ કરવા માટે 'શ્રીકૃષ્ણાશ્રય'નો સતત પાઠ કરતા રહો. શ્રીમહાપ્રભુજીની વાણી હમેશાં ફલાત્મક છે. આપ કૃપા કરીને આપણું સર્વ શુભ કરશે.

આપણા પરિવૃઢ એવા પ્રભુ આપણું સર્વ કરવા સમર્થ છે, માટે એમનામાં વિશ્વાસ રાખો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'સેવાના અનવસરના સમયમાં તમે દીનતાપૂર્વક ભગવદ્‌કથાનું શ્રવણ ભગવદીયોના મુખથી કરો.'

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'જેમ શ્રીઠાકોરજીમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય જેવા દિવ્ય ધર્મો છે, તેવી જ રીતે ભગવદ્‌કથામાં પણ આ છ દિવ્ય ધર્મો છે.' 'ગોપીગીત'માં વ્રજભક્તોએ આ છ દિવ્ય ધર્મો 'તવ કથામૃતં તપ્તજીવનમ્' શ્લોક દ્વારા સમજાવ્યા. ભગવદ્‌કથા વૈરાગ્યસાધક છે. વૈરાગ્ય એટલે લૌકિકમાંથી આસકિતની નિવૃત્તિ. લૌકિકમાં વિરાગ એ પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે. ભગવદ્‌કથાના શ્રવણથી આપણી લૌકિક આસકિત ધીમે ધીમે ઘટવા માંડે છે અને ભગવદાસકિત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. ભગવદ્‌કથા જ્ઞાનસાધક છે. પ્રભુના લીલાલાવણ્યનું, પ્રભુના માહાત્મ્ય - માધુર્યનું, પ્રભુના સ્વરૂપ - સૌંદર્યનું જ્ઞાન ભગવદ્‌વાર્તાઓ દ્વારા આપણને થાય છે અને પરિણામે પ્રભુના એ માહાત્મ્યને જાણવાથી પ્રભુમાં આપણો સ્નેહ વૃદ્ધિ પામે છે. ભગવદ્વાર્તા ઐશ્વર્ય-ધર્મ-સાધક છે. પુષ્ટિજીવોનું ઐશ્વર્ય શું? પોતાના અલૌકિક સ્વામી એવા પોતાના પ્રભુનાં સેવા અને સ્મરણ. તે જ આપણું ઐશ્વર્ય છે, તે જ આપણી સંપત્તિ છે, તે જ આપણું સર્વસ્વ છે અને તે માર્ગે ચાલવા માટે ભગવદ્વાર્તા આપણને તત્પર બનાવે છે. ભગવદ્‌વાર્તાના શ્રવણથી આપણા કર્ણપટલો દ્વારા એ ભગવદ્‌રસને આપણે હૃદયમાં પધરાવીએ છીએ અને તેથી ભગવદ્વાર્તા હૃદયને અલૌકિક આનંદ આપે છે, તે આનંદદાયક છે.

ભગવદ્વાર્તા જ આપણી સંપત્તિ છે, અલૌકિક લક્ષ્મીસ્વરૂપા છે. તેનું જ સંરક્ષણ ચિંતન, મનન દ્વારા આપણે હૃદયમાં કરતા રહીએ તે જરૂરી છે. ભગવદ્વાર્તા અલૌકિક વીર્યસ્વરૂપા છે. તે આપણને ભગવદ્ભાવના પોષણનું બળ આપનારી છે.

આમ, આ છ દિવ્ય ધર્મો ભગવદ્વાર્તામાં બિરાજતા હોવાના કારણે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'જેમ દુનિયામાં કોઈક અમૃતનો કટોરો પી જાય તો તેને સાપ કરડે, તો પણ તેનુ ઝેર ચડતું નથી, તેવી રીતે ભગવદ્વાર્તારૂપી અમૃત પીનારા જીવને કાળરૂપી સર્પ કશું કરી શકતો નથી.'

શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે 'પુષ્ટિજીવોને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને બે પ્રકારના અમૃતની પ્રાપ્તિ કરાવી છે.' પરીક્ષિતજીના પ્રસંગમાં આપણે જાણીએ છીએ, કે જ્યારે શ્રીશુકદેવજીએ રાજા પરીક્ષિતને શ્રીભાગવતજી સંભળાવવાનો પ્રારંભ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે ઇન્દ્ર અમૃતકુંભ લઇને ત્યાં આવે છે. શુકદેવજી મહારાજને વિનંતી કરે છે: 'પરીક્ષિતને તમારે અમર બનાવવો છે, તક્ષક નાગ કરડે તોય તેનું મૃત્યુ ન થાય તેવી ઈચ્છા છે, તો આ અમૃતકુંભ તેને પાઇ દો અને બદલામાં શ્રીભાગવતનું કથામૃત અમને પાઓ.' શ્રીશુકદેવજી પરીક્ષિતજીને પૂછે છેઃ 'રાજન, તમારે કયું અમૃત જોઇએ છે?' પરીક્ષિતજીએ સ્વર્ગામૃત નહીં, કથામૃત સ્વીકાર્યું. કથામૃતના પાનથી તેમને સાયુજ્ય મોક્ષની પ્રાપ્તિ થઇ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે કથામૃતની સાથે સાથે શ્રી મહાપ્રભુજીએ આપણને બીજાં બે અલૌકિક અમૃતનું પાન કરાવ્યું છે. એક છે ચરણામૃત અને બીજું છે અધરામૃત.' આપણે રોજ પ્રભુનું ચરણામૃત મુખમાં મૂકીએ છીએ. સ્નાન વગેરેથી દેહની શુદ્ધિ થાય, તેમ ચરણામૃતથી આપણા અંતરની, સર્વ ઇન્દ્રિયોની શુદ્ધિ થાય છે. અગિયાર ઇન્દ્રિયો સહિત મન પ્રભુની પ્રાપ્તિ માટે તત્પર બને છે. આ ચરણામૃતનું પાન કરવાથી અને પાન કરાવવાથી અનેક ભગવદીયોએ અનેક જીવોની ઇચ્છાઓ પણ પરિપૂર્ણ કરી છે.

પદ્મનાભદાસજીએ એક ક્ષત્રિય બાઇને ચરણામૃત આપ્યું અને બાઇની પુત્રપ્રાપ્તિની ઇચ્છા પરિપૂર્ણ થઇ. પેલા ઠગ વૈષ્ણવોએ પોતાના દીકરાને મૃત્યુને શરણ કર્યો, ત્યારે નારાયણદાસજીએ મૃતપુત્રના મુખમાં ચરણામૃત મૂકતાં, તે જીવંત થયો. ચરણામૃતનું આ પ્રતાપબળ આપણે સૌએ સમજવાની જરૂર છે; કારણ કે તે સાક્ષાત શ્રીપ્રભુની ચરણરજ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'રસિક' ચરન સરન સદા રહત હૈ

બડભાગી જન' - જે જીવો પ્રભુના ચરણના શરણમાં સદા રહે છે તે બડભાગી છે. તેવા જીવો ઉપર પ્રભુ કેવી કૃપા કરે છે? 'અપનો કરિ ગોકુલપતિ ભરત તાહિ બાથે'- પ્રભુ તેને પોતાનો ગણીને પોતાની બાથમાં લે છે. માટે આ ચરણામૃતનો મહિમા સમજીને, તેનું અલૌકિક સ્વરૂપ સમજીને એ ચરણામૃતનું જો આપણે શ્રદ્ધાપૂર્વક સેવન કરીએ, તો એનાથી આપણાં મન, વચન અને ઇન્દ્રિય સૌ ભગવદ્‌ગામી બનશે.

અધરામૃતનો મહિમા અપરંપાર છે, માટે શ્રીગુસાંઇજીએ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં આજ્ઞા કરી : ''કૃષ્ણાધરામૃતાસ્વાદઃ સિદ્ધિરત્ર ન સંશયઃ ।'' ત્રિપુરદાસ કાયસ્થ નામના શ્રીગુસાંઇજીના સેવક થઇ ગયા. એમનો નિયમ હતો કે શ્રીનાથજીનું ચરણામૃત અને અધરામૃત ન મળે ત્યાં સુધી ભોજન ન કરવું. એક દિવસ ચરણામૃત અને અધરામૃત ખૂટી ગયું. એમના પરિચારકે કહ્યું : 'આજે ચરણામૃત અને અધરામૃત નથી.' તેમણે ભોજન કરવાનું માંડી વાળ્યું. ત્યારે સાક્ષાત શ્રીજીબાવા એક કિશોરનું સ્વરૂપ ધારણ કરી ચરણામૃત અને અધરામૃતની થેલીઓ પધરાવી ગયા. ચરણામૃત અને અધરામૃતનું સેવન ક્યારે થઇ શકે? સેવા કરીએ ત્યારે. સેવા વિના ચરણામૃત ને અધરામૃતની પ્રાપ્તિ દુર્લભ છે.

માટે શ્રીહરિરાયચરણ ચોવીસમા શિક્ષાપત્રના અંતમાં આજ્ઞા કરે છે કે 'તમે કાળની ચિંતા ન કરશો. કાળના નિયામક પ્રભુ સ્વયં છે, કાળ તો પ્રભુનો દાસ છે, એ ભગવાનના ભક્તોનું કશું બગાડી શકતો નથી.'

શ્રીહરિરાયચરણ આપણને એક બીજું આશ્વાસન આપે છે કે 'આપણા પ્રભુનું પ્રાકટ્ય ધર્મનું સ્થાપન કરવા માટે છે, ધર્મનો નાશ કરવા માટે નથી. પ્રભુની તમારા ઉપર સતત કૃપા છે, આપનું કૃપાચક્ર સતત ફર્યા કરે છે માટે કદી તમારા ધર્મનો નાશ નહીં થાય, તમે એની ચિંતા મૂકી દઇને ધર્મપાલનમાં તત્પર બનો. પરંતુ ક્યારેક તમારા જીવનમાં કાર્યની સિદ્ધિ ન થાય, તમારું કામ રખડી પડે કે બગડી જાય, ત્યારે પ્રભુનો દોષ ન જોશો; એમાં આપણો પોતાનો દોષ જોવો. પ્રભુ એવા કૃપાળુ છે કે તેઓ પોતાના જીવનું અકલ્યાણ કદી કરતા નથી.'

શ્રીહરિરાયચરણ પોતાના લઘુ ભ્રાતા શ્રીગોપેશ્વરજીને આજ્ઞા કરે છે કે 'તમારાં શ્રીવહુજીમહારાજના લીલાપ્રવેશ માટે તમે વ્યથિત અને વ્યગ્ર ન રહેશો, કારણ કે સારસ્વતકલ્પમાં પણ પ્રભુ જ્યારે નિત્યલીલામાં પધાર્યા છે ત્યારે ઉદ્ધવજી જેવા પોતાના અંતરંગ ભક્તોને ભૂતળ પર પોતાની પાછળ રાખીને પધાર્યા છે. ઉદ્ધવજી જેવાનો દેહ પણ પ્રભુની અનુપસ્થિતિમાં ટકી રહ્યો હતો. માટે આપણે પણ

પ્રભુની સેવા માટે આ દેહનું જતન કરીએ, દેહને ટકાવી, સ્વસ્થ રાખીએ. શ્રીઅષ્ટાક્ષરમંત્રનું રટણ કરતાં રહીએ. મેં તમને જે શિખામણ આપી છે એ તમે ભગવદીયોની સાથે મળીને વિચારજો.'

॥ ઇતિ શ્રીહરિરાયજીવિરચિતં ચતુર્વિશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્ ॥

■

ચોવીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૩૧

વિષય : સાધનો દ્વારા ભગવદ્પ્રાપ્તિ થતી નથી.

- પુષ્ટિમાર્ગ એટલે પ્રભુની કૃપાનો માર્ગ. જે માર્ગ દ્વારા પ્રભુ જીવ પર કૃપા કરે તેનું નામ પુષ્ટિમાર્ગ.
- પુષ્ટિમાર્ગમાં પ્રભુની પ્રાપ્તિ માટે પ્રભુની કૃપા જ મોટામાં મોટું કારણ છે.
- પ્રભુના કૃપાપાત્ર બનવા માટે આપણા ઘરમાં કુટુંબ સાથે મળીને, આપણા ઠાકોરજીની, આપણા શરીર તથા આપણા દ્રવ્યથી સેવા કરવી.
- બીજાં કોઇ સાધનોથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી.
- બ્રહ્મસંબંધ લીધેલા જીવની એકમાત્ર ફરજ ભગવદ્સેવા કરવાની જ છે.
- પુષ્ટિમાર્ગમાં સાધનનું બળ પ્રભુની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ થાય છે.
- શ્રીમહાપ્રભુજી કૃપાશકિતસ્વરૂપ છે, માટે તેમની કૃપા કરવાની શકિતમાં વિશ્વાસ રાખવો. શ્રીમહાપ્રભુજીના ચરણામૃત અને અધરામૃતથી કૃપા પ્રાપ્ત થાય છે; માટે તેમનાં ચરણનો દૃઢ આશ્રય રાખવો.

શિક્ષાપત્ર : ૨૫

શ્રીવલ્લભપદાંભોજભજનાદરણાદપિ ।
દયાપરઃ કદાચિત્તં ન જહાતિ જનં હરિઃ ॥ ૧ ॥

શ્રીવલ્લભપ્રભુના ચરણકમળના ભજનમાં આરૂઢ રહેવામાં આવે તો દયાળુ હરિ કોઈ દિવસ તે જીવને છોડતા નથી. (૧)

કૃપાકટાક્ષસંપાતપક્ષપાતપરો હરિઃ ।
ક્ષમતે તત્કૃતં દોષલક્ષમપ્યક્ષમં સ્વતઃ ॥ ૨ ॥

જેના પર શ્રીમહાપ્રભુજીનાં કૃપાકટાક્ષ ઢળ્યાં હોય, તેનો શ્રીહરિ પક્ષપાત કરે છે. તેવા જીવે સહન ન થઈ શકે તેવા લાખો દોષ કર્યા હોય; છતાં પણ તે સ્વતઃ ક્ષમા કરે છે. (૨)

યદીય હૃદયે શ્રીમદાચાર્યચરણદ્વયમ્ ।
ત એવ શરણં દોષશતાવૃત્તિમતો મમ ॥ ૩ ॥

જેના હૃદયમાં શ્રીમહાપ્રભુજીનાં બેઉ ચરણો બિરાજે છે એવો, હું સેકંડો દોષોની પરંપરાથી ભરેલો છું. માત્ર હરિ જ મારું શરણ છે. (૩)

યદંગુલિનખાનંદચંદ્રશૈત્યં સદા હૃદિ ।
તાપં હરતિ ભક્તાનાં તદાનંદં પદાંબુજમ્ ॥ ૪ ॥

જે ભક્તના હૃદયમાં તેઓશ્રીની આંગળીઓના નખરૂપી ચંદ્રનો શીતળ પ્રકાશ પ્રસરી રહ્યો હોય, તેવા ભક્તના હૃદયનો તાપ તેઓશ્રી હરી લે છે; એટલું જ નહીં, પણ તેને આનંદનું દાન કરે છે. (૪)

અસ્તુ વસ્તુશતં લોકવેદે ચ પરિકીર્તિતમ્ ।
ફલત્વેન નિજાચાર્યચરણાબ્જદ્વયં મમ ॥ ૫ ॥

લોકમાં તેમ જ વેદમાં એવી સેંકડો વસ્તુઓ છે કે જેનાં વખાણ કરવામાં આવ્યાં છે, પણ અમારે તો શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ એ જ ફળરૂપ છે. (૫)

ન કર્મ વેદવિહિતં ફલં જનયતિ ધ્રુવમ્ ।
યતો બહિર્મુખ ચિત્તં જાયતેઽન્યશ્રુતેર્હરેઃ ॥ ૬ ॥

જે કર્મોને વેદમાં વિહિત કર્મો તરીકે ગણાવ્યાં છે, તે અવિનાશી ફળ ઉત્પન્ન કરી શકતાં નથી, માટે હરિથી અન્ય હોય તેનું શ્રવણ કરવામાં આવે, તો ચિત્ત બહિર્મુખ થાય છે. (૬)

જ્ઞાનં તુ(મુકિત) ભક્તિહેતુત્વાત્ સા નૈવ ફલરૂપિણી ।
યતો જીવસ્ય દાસત્વં હેતુભેદનિવર્તિકા ॥ ૭ ॥

જ્ઞાન મર્યાદાભક્તિના હેતુરૂપ છે, તેથી તે ફળરૂપ કહી શકાય; પણ મર્યાદાભક્તિ ફળરૂપ નથી; કારણ કે જીવના દાસત્વમાં જે ભેદપણું રહેલું છે, તેવા ભેદપણાને તે મટાડનારી છે. (૭)

મર્યાદાભક્તિરપ્યેષા તાવદેવ ફલાત્મિકા ।
યાવન્ન જાયતે(જ્ઞાયતે) પુષ્ટિભક્તિઃ સકલમૂર્દ્ધગાઃ ॥ ૮ ॥

આવી મર્યાદાભક્તિને કદાચ ફળરૂપ માનવામાં આવે, તો પણ જ્યાં સુધી સકળ ભક્તિની શિરોમણિ એવી પુષ્ટિભક્તિ ઉત્પન્નં ન થઇ હોય, ત્યાં સુધી જ તે ફલાત્મિકા છે. (૮)

પુષ્ટિભક્તિર્હરેરાસ્યં તત્ત્વસ્મત્પ્રભવઃ સ્વયમ્ ।
ત એવ સંશ્રિતાઃ સંતઃ ફલરૂપા ભવંતિ હિ ॥ ૯ ॥

પુષ્ટિભક્તિ હરિના આસ્યરૂપ છે અને હરિનું મુખારવિન્દ છે, તેજ આપણા આચાર્યશ્રી મહાપ્રભુજી છે; માટે જો સત્પુરુષો તેઓશ્રીનો આશ્રય કરે, તો પુષ્ટિભક્તિ ફળરૂપ થાય. (૯)

તદુત્તરં ન કર્તવ્યમનુભૂતેઃ પરં કિમુ ।
યથા લોકે ફલે પ્રાપ્તે ન ભોગાદધિકા કૃતિઃ ॥ ૧૦ ॥

આમાં તર્ક કરવો નહિ, અનુભવથી વધારે ઊંચું બીજું શું હોઇ શકે? લોકમાં પણ ફળ પ્રાપ્ત થાય, તો તે ભોગવવાથી વિશેષ અન્ય કંઇ હોતું નથી. (૧૦)

તસ્માત્ફલં નિજાચાર્યપદાંભોજદ્વયં સદા ।
હૃદિ ધાર્યં નૈવ કાર્યં સંશયાયિતમાનસમ્ ॥ ૧૧ ॥

આપણા આચાર્યશ્રીનાં ચરણકમળ ફળરૂપ છે, માટે તેમને સદા હૃદયમાં ધારણ કરી રાખવાં. તે પરત્વે મનમાં કશો પણ સંશય લાવવો નહિ. (૧૧)

અત્ર સંશયમાપન્નાઃ સર્વથા હ્યાસુરામતાઃ ।
દૈવ અપિ પુરા તેડપિ હરિણા પાતિતાઃ કરાત્ ॥ ૧૨ ॥

જો આમાં સંશય થાય, તો તેને સર્વથા આસુરી જીવ જાણવો. ભલે તેવો જીવ દૈવી સૃષ્ટિમાં ઉત્પન્ન થયો હોય; છતાં હરિએ જ તેને પોતાના શ્રીહસ્ત વડે (સંસારમાં) નીચે નાખી દીધો છે, (એમ સમજવું.) (૧૨)

અહો મહચ્ચિત્રમિદમવતીર્ણે હરૌ ભુવિ ।
વિદ્યમાને ભાગવતે વિવૃતાવપિ સર્વથા ॥ ૧૩ ॥
સત્યાં ભુવિ સુબોધિન્યાં સત્સુ સત્સુ કવચિત્કવચિત્ ।
ગ્રંથેષુ વિદ્યમાનેષુ સર્વાર્થજ્ઞાપકેષ્વપિ ॥ ૧૪ ॥
તથાપિ ન પ્રવર્તન્તે જના ભક્તિપથે પુનઃ ।
પ્રાયઃ કૃપૈવ હરિણા કારણત્વેન રક્ષિતા ॥ ૧૫ ॥

ઓહો! એ કેટલું મહાન આશ્ચર્ય છે કે પ્રભુ પૃથ્વી ઉપર પ્રકટ થયા છે, શ્રીભાગવતજી વિદ્યમાન છે, વળી તેના ઉપર વિવરણો પણ છે. શ્રીસુબોધિનીજી પણ પૃથ્વી ઉપર છે. કોઇ કોઇ સ્થળે સંત-પુરુષો પણ હયાત છે; એટલું જ નહીં, સઘળા અર્થને સમજાવે એવા અનેક ગ્રંથો પણ અસ્તિત્વમાં છે. આ બધું જ હોવા છતાં મનુષ્યો ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થતા નથી. આમાં પ્રભુએ પોતાની કૃપાને જ કારણભૂત રાખી છે. (૧૩-૧૪-૧૫)

મૂર્છિતેન્દ્રિયવૃત્તીનામુદ્ભવૌ નાસુમંતરા ।
તથા કૃપાં વિના સર્વસાધનાનાં ન ચોદ્ભવઃ ॥ ૧૬ ॥

જો ઇન્દ્રિયોની વૃત્તિઓ મૂર્છિત થઇ ગઇ હોય, તો પ્રાણસંચાર વિના તે કાર્ય કરી શકતી નથી. તેવી જ રીતે ભગવત્કૃપા વિના સર્વ સાધનોનો ઉદ્ભવ પણ થતો નથી. (૧૬)

શિક્ષાપત્ર : ૨૫

હવે પચીસમા શિક્ષાપત્રના સોળ શ્લોકો દ્વારા શ્રીહરિરાયચરણ આપણને આજ્ઞા કરે છે કે 'પુષ્ટિમાર્ગ પ્રભુની કૃપાનો, શ્રીમહાપ્રભુજીની કૃપાનો માર્ગ હોવાથી એમની કૃપા મેળવવા, બીજું કોઇ સાધન કરવાને બદલે શ્રીમહાપ્રભુજીનાં બે ચરણકમળોનો તમે હમેશાં દ્દઢ આશ્રય રાખજો.'

આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ મહદ્ આશ્ચર્ય વ્યકત કરે છે. એક આશ્ચર્ય વ્યકત કર્યું કે 'આ પૃથ્વી ઉપર પ્રભુએ સાક્ષાત પ્રાકટ્ય ધારણ કરીને પૃથ્વીને અલંકૃત કરી છે. શ્રીમહાપ્રભુજી પણ આ પૃથ્વી પર પધાર્યા અને આજે પણ શ્રીવલ્લભકુળ સ્વરૂપે, આપશ્રીના શ્રીહસ્તાક્ષર એવા ગ્રંથો સ્વરૂપે અને આપણા પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીના મુખારવિંદસ્વરૂપે આપ બિરાજે છે. શ્રીમદ્ ભાગવત ભૂતળ ઉપર બિરાજે છે, જે શ્રીજીબાવાનું સાક્ષાત્ વાઙ્મય સ્વરૂપ છે. શ્રીભાગવતજીના ભાગવતરસનું મંથન કરીને આપણને આપેલ શ્રીસ્વામિનીજી-સ્વરૂપા 'શ્રીસુબોધિનીજી' બિરાજે છે.' શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે હજીયે ભૂતળ ઉપર કયાંક કયાંક ભગવદીયો તથા શ્રીમહાપ્રભુજીના ગ્રંથો તથા અન્ય શ્રીઆચાર્યચરણોના ગ્રંથો પણ બિરાજે છે. આમ, આ બધાં સ્વરૂપો ભૂતળ પર ઉપર બિરાજતાં હોવા છતાં, એક મોટું આશ્ચર્ય છે કે ભૂતળ પર રહેલા મનુષ્યો, વિશેષ તો જેમના હૃદયમાં ભક્તિનું બીજ રોપાયું છે, એવા પુષ્ટિજીવો પણ ભક્તિના માર્ગે વળતા નથી. ઊલટું, ભક્તિના માર્ગથી વિમુખ થઇને અન્ય માર્ગે ચાલી રહ્યા છે!'

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ''મને એનું એક જ કારણ જણાય છે, કેવળ ભગવદિચ્છા.'' પ્રભુ જેના ઉપર કૃપા કરે તે જ આ સમયમાં આ ભક્તિના માર્ગે ચાલી શકશે; માટે ભક્તિના માર્ગે જો તમારે ચાલવું હોય, તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો તમે દ્દઢ આશ્રય રાખો.'

આપણે સૌ રાત્રે ભગવદ્વાર્તા કરીએ છીએ ત્યારે આશ્રયનાં પદ બોલીએ છીએ. ભગવદ્વાર્તાના અંતે 'દ્દઢ ઈન ચરનન કેરો ભરોંસો' ગાઇએ છીએ; પરંતુ મને લાગે છે કે તે પદ પેલા પોપટની જેમ કેવળ ગવાય છે, એનો ભાવ હૃદયમાં અનુભવાતો નથી. પદના ભાવને આપણે જીવનમાં ઉતારતા નથી, અને તેથી

શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળના દઢ આશ્રયથી આપણે વંચિત રહીએ છીએ. ભગવદીયોએ શ્રીમહાપ્રભુજીનાં ચરણોનો દઢ આશ્રય કરવા ઘણી આજ્ઞા કરી છે.

ગોવિંદસ્વામી કહે છે : 'ચરન લગ્યો ચિત મેરો, શ્રીવલ્લભ ચરન લગ્યો ચિત મેરો.' મારું ચિત્ત શ્રીમહાપ્રભુજીનાં ચરણમાં લાગી ગયું છે. 'ઈન બિન ઔર કછુ નહીં ભાવૈ...' મને હવે તે ચરણારવિંદ સિવાય બીજું કંઇ ગમતું નથી, હું તે ચરણારવિંદનો સેવક છું. ગોવિંદસ્વામી કહે છેઃ 'ઇન્હેં છાંડ ઔર જો ધાવે, સો મૂરખ જુ ઘનેરો.' શ્રીમહાપ્રભુજીનાં એ ચરણાવિંદ છોડીને જે બીજા રસ્તે દોડે છે, તે મોટામાં મોટો મૂર્ખ છે. 'ગોવિંદદાસ કિયો યહ નિશ્ચય સોઇ જ્ઞાન ભલેરો.' ગોવિંદદાસ કહે છે, મેં એ જ નિશ્ચય કર્યો છે કે મારું સર્વસ્વ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ છે. આટલું જ્ઞાન મારે માટે ઘણું છે, મારે હવે બીજા કોઇ જ્ઞાનની જરૂર નથી.

શ્રીહરિરાયચરણ પોતે એક કીર્તનમાં આજ્ઞા કરે છેઃ 'જોપે શ્રીવલ્લભ ચરણ ગહે....' હે મન, જો તેં શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ પકડી લીધાં છે, તો હવે તું નકામી ચિંતા શું કરવા કરે છે? 'હરિ હિયે આય રહે' - શ્રીહરિ આ હૃદયની અંદર આવીને જરૂર બિરાજશે. શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળના દઢ આશ્રયથી જન્મોજન્મનાં કરોડો પાપ એક ક્ષણમાં જ તે અલૌકિક અગ્નિસ્વરૂપના આશ્રયથી બળી જશે. "હે સજ્જનો, તમે શું કરવા આ સાધનોમાં પડયા છો? શ્રીવલ્લભનાં ચરણની સેવાનું સુગમ સુખ છે તે પ્રાપ્ત કરો.' 'રસિક મહાનિધિ પાય ઔર ફલ...' શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળરૂપી મહાનિધિ પ્રાપ્ત કર્યા પછી મનથી, વાણીથી કે કર્મથી હું બીજું કોઇ ફળ ઈચ્છીશ નહીં." આમ, શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો દઢ આશ્રય એ વૈષ્ણવોનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. માટે તો સૂરદાસજીને જ્યારે ચતુર્ભુજદાસજીએ પૂછ્યું કે 'તમે શ્રીમહાપ્રભુજીનું એકે કીર્તન કેમ ગાયું નથી?' ત્યારે શ્રીગુસાંઇજી સામે બિરાજે છે, તેમનાં ચરણારવિંદ પર પોતાનો હસ્ત ધરીને સૂરદાસજીએ આ પદ ગાયું છેઃ 'દઢ ઈન ચરનન કેરો ભરોસો' - મને આ ચરણકમળનો, ચરણારવિંદનો દઢ ભરોસો છે.' શ્રીગુસાંઇજી અને શ્રીમહાપ્રભુજી એકરૂપ છે, એકસ્વરૂપ છે એમ સમજાવવા માટે સૂરદાસજીએ કહ્યું છે : 'સાધન નહીં ઔર યા કલિમેં....' એવું કોઇ સાધન આ કળિયુગમાં નથી, જે આપણા હૃદયના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે; કેવળ શ્રીવલ્લભના નખચંદ્રનો પ્રકાશ જો આપણા હૃદયમાં પથરાય, તો તેનાથી આપણને ભગવદ્સ્વરૂપનું, ભગવદ્ભાવનું અને ભગવદ્સિદ્ધાંતોનું સાચું જ્ઞાન થશે.' શ્રીવલ્લભના દસ નખચંદ્રના પ્રકાશની પ્રાપ્તિ માટેનો મનોરથ સદાય સેવ્યો છે એવા સૂરદાસજી કહે છે : હું વધારે તો શું કહું? 'બિના મોલકો ચેરો!' હું તો એમનો વગર મૂલ્યનો દાસ છું. આપણે

પણ શ્રીવલ્લભના દાસ બનીને રહેવું જોઇએ.

શ્રીહરિરાયચરણ આ પચીસમા શિક્ષાપત્રમાં શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવાની આજ્ઞા કરતાં કહે છેઃ 'શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભક્તિમાર્ગમાં આપણો પ્રવેશ થશે. બ્રહ્મસંબંધ દ્વારા શ્રીમહાપ્રભુજીએ આપણને ભક્તિમાર્ગમાં-સેવામાર્ગમાં પ્રવેશ કરાવ્યો છે, સેવાનો અધિકાર આપ્યો છે. આપણા ઉપર શ્રીમહાપ્રભુજીની કૃપા થઇ ચૂકી છે, છતાં અણસમજમાં આપણે એમ કહેતાં ફરીએ છીએ કે 'શ્રીમહાપ્રભુજી કૃપા કરશે ત્યારે અમારાથી સેવા બનશે.' શ્રીમહાપ્રભુજીએ તો કૃપા કરી જ છે,, સેવા નથી બનતી એમાં દોષ આપણો છે. આપણે એ દોષનો ટોપલો શ્રીવલ્લભના માથે મૂકીએ તે ઉચિત નથી.

ભક્તિનું સ્વરૂપ સમજાવતાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ 'ભક્તિના બે પ્રકાર છે : એક ચરણારવિંદની ભક્તિ અને બીજી મુખારવિંદની ભક્તિ. ચરણારવિંદની ભક્તિ શીતળ છે, મુખારવિંદની ભક્તિ ઉગ્ર છે.' શરણાગતિ એ ચરણારવિંદની ભક્તિ છે. આપણે શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીના શરણે રહીને તેમનું સ્મરણ કરતા રહીએ, તેમનું ચિંતન કરતા રહીએ, તેમની કથાનું શ્રવણ કરતા રહીએ અને આપણો કાળ નિર્ગમન કરીએ. આપણે એમનામાં દૃઢ વિશ્વાસ રાખીએ કે મારું લૌકિક અને અલૌકિક સર્વ આપ કૃપા કરીને સિદ્ધ કરશે. એમાં આપણા હૃદયનો શીતળ ભાવ છે, માટે તેને શીતળભક્તિ કહી છે.

મુખારવિંદની ભક્તિ એટલે સાક્ષાત્ ભગવદ્સેવા. શ્રીઠાકોરજીની સેવામાં આપણે તત્પર બનીએ. મુખારવિંદ સ્વરૂપે સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી જ બિરાજે છે. વિવિધ સામગ્રી દ્વારા ભોગ, કીર્તન દ્વારા રાગ અને આભૂષણો દ્વારા શૃંગારથી આપણે શ્રીપ્રભુને અને શ્રીમહાપ્રભુજીને મનુહાર કરીએ, આપના બનીને રહીએ અને સેવા કરતાં કરતાં હૃદયમાં સતત તાપ કરતા રહીએ કે એમની કૃપાથી પ્રત્યક્ષ વિરહનો એવો મનુભવ થતો રહે કે મારી સેવા આપ મારા ઘરમાં બિરાજીને પરોક્ષ સ્વરૂપે અંગીકાર કરો છો, પણ સાક્ષાત પ્રકટ થઇને સાક્ષાત સ્વરૂપે ક્યારે અંગીકાર કરશો? ક્યારે મને આપનાં સાક્ષાત દર્શન થશે? આપણને જો આવો વિરહતાપ રહેતો હોય, પ્રભુની સેવામાં અહર્નિશ આપણું મન જતું હોય તો એ મુખારવિંદની ઉગ્ર ભક્તિ છે.

માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, 'કૃષ્ણ સેવા સદા કાર્યા' શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું એકમાત્ર કર્તવ્ય છે, અને તે ''ચેતસ્તત્પ્રવણં સેવા, તદ્સિદ્ધયૈ તનુવિત્તજા.'' ચિત્ત પ્રભુમાં લાગે તે રીતે તનુવિત્તજા સેવા કરતાં કરતાં

સેવામાં તત્પર થવું જોઇએ.'

આમ, આ શિક્ષાપત્રમાં શ્રીમહાપ્રભુજીનાં બે ચરણકમળનો દૃઢ આશ્રય રાખીને, સેવામાં ચરણારવિંદ અન મુખારવિંદની ભક્તિમાં અથાત્ સેવા અને સ્મરણમાં તત્પર રહેવાનો શ્રીહરિરાયચરણ આપણને અનુરોધ કરે છે.

॥ ઈતિ શ્રીહરિરાયજીવિરચિતં પંચવિંશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્ ॥

■

શિક્ષાપત્ર પચ્ચીસમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૬

વિષય : શ્રીમહાપ્રભુજીનાં બે ચરણકમળનો દૃઢ આશ્રય

પૃથ્વી ઉપર શ્રીપ્રભુનું પ્રાકટય થયું છે. શ્રીવલ્લભકુળ બિરાજમાન છે.
● શ્રીભાગવત અને શ્રીસુબોધિનીજી પણ પૃથ્વી પર બિરાજે છે. ભગવદીયો
● અને ભક્તિમાર્ગના ગ્રંથો પણ છે, છતાં મનુષ્યો ભક્તિના માર્ગે વળતા નથી,
તે મોટું આશ્ચર્ય છે.
ભક્તિની પ્રાપ્તિ માટે શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો દૃઢ આશ્રય રાખવો.
● શ્રીઠાકોરજીનાં ચરણારવિંદ અને મુખારવિંદની ભક્તિ કરવી.
●

શિક્ષાપત્ર છવ્વીસમું

સ્વકીયાનામૈહિકં યદથવા પારલૌકિકમ્ ।
અકરોત્ કુરુતે કર્તા પ્રભુરેવ ન સંશયઃ ॥ ૧ ॥

ભગવાનના ભક્તોનું જે ઐહિક અને પારલૌકિક હોય છે, તે પ્રભુએ જ કર્યું છે, કરે છે ને કરશે એ નિ:સંશય છે. (૧)

તથાપિ કુરુતે જીવઃ પ્રયત્નં નિજદોષતઃ ।
અજ્ઞાનાત્કરુણાવાર્દ્ધિઃ ક્ષમતે તાદૃશં સ્વતઃ ॥ ૨ ॥

આમ છતાં, જીવ દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી પોતાની અજ્ઞાનતાને લીધે પોતે પ્રયત્ન કર્યા કરે છે. કરુણાસાગર પ્રભુ તો એવા જીવ ઉપર પણ પોતાની ક્ષમા વરસાવે છે. (૨)

અવિરુદ્ધં પ્રકુરુતે વિરુદ્ધં વારયત્યપિ ।
દાસેષુ કૃષ્ણો બાલેષુ પિતેવ કુરુતે હિતમ્ ॥ ૩ ॥

પોતાના દાસોના હિત-વિરુદ્ધ હોય તેવું શ્રીકૃષ્ણ કશું જ કરતા નથી. ઊલટું, જે કંઇ તેની વિરુદ્ધ હોય તે દૂર કરે છે. પિતા જેમ બાળકનું હિત કરે, તેમ ભગવાન ભક્તનું હિત જ કરે છે. (૩)

ન જાનાતિ નિજાજ્ઞાનત્ તત્કૃતિં સ કૃતઘ્નતઃ ।
કવ દોષરાશિર્જીવોડયં કવ હરેર્ગુણવારિધિઃ ॥ ૪ ॥

જીવ કૃતઘ્ન હોવાથી પોતાના અજ્ઞાનપણાને લઇને જ તે પ્રભુની કૃતિ જાણતો નથી; કારણ કે દોષોથી ભરેલો જીવ કયાં અને ગુણસાગર હરિ કયાં? (૪)

કથમન્યોન્યસંબંધઃ સ્યાત્તમસ્તેજસોરિવ ।
તથાપિ દોષરાશિનાં દાહનેન નિવેદનાત્ ॥ ૫ ॥

અંધકાર અને પ્રકાશનો અન્યોન્ય સંબંધ શી રીતે થઇ શકે? છતાં જીવમાં દોષોનો ઢગલો હોય, તો પણ આત્મનિવેદન દ્વારા તે પણ બળીને ભસ્મીભૂત થઇ જાય છે. (૫)

સ્વાચાર્યદ્વારકાત્તુસ્યાદ્યોગ્યતા હરિયોજને ।
અતઃ સ્વાચાર્યચરણૌ સ્થાપ્યૌ હૃદિ નિરંતરમ્ ॥ ૬ ॥

હરિ સાથે સંબંધ જોડવાની યોગ્યતા તેને (જીવને) આપણા આચાર્યશ્રી દ્વારા પ્રાપ્ત થઇ છે. માટે તેણે આપશ્રીનાં ચરણયુગલને પોતાના હૃદયમાં નિરંતર સ્થાપન કરવાં. (૬)

યથા બાલકરક્ષાયૈ ડાકિનીતો બિભેતિ હિ ।
માતા તથૈવ ભેત્તવ્યં દુઃસંગાદ્ભાવરક્ષકેઃ ॥ ૭ ॥

જેમ માતા બાળકના સંરક્ષણની ચિંતા કરતી હોવાથી ડાકિનીથી બીએ, તેમ ભગવદ્‌ભાવની રક્ષા કરવાની ઇચ્છાવાળા ભક્તે દુઃસંગથી બીતા રહેવું. (૭)

સમસ્તેભ્યો નિજસ્નેહં ગોપાયતિ યથા સતી ।
તથૈવ ભગવદ્‌ભાવગોપનં ક્રિયતાં જનૈઃ ॥ ૮ ॥

જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ બીજાં બધાંથી છુપાવી રાખે છે, તેમ ભગવદીયોએ પોતાનો ભગવદ્‌ભાવ છુપાવી રાખવો. (૮)

દૂતિકાલાપસંસર્ગે યથા વર્દ્ધયતે રતિમ્ ।
સ્વૈરિણી ભક્તસંસર્ગે ભાવવૃધ્ધિં તથા નયેત્ ॥ ૯ ॥

જેમ કોઇ સ્વૈરિણી સ્ત્રી પોતાની દૂતી સાથે બોલવામાં તેમ જ તેનો સંસર્ગ કરવામાં પ્રીતિ રાખે છે, તેમ ભગવદીયે ભક્તના સંસર્ગમાં ભાવની વૃદ્ધિ અર્થે પ્રીતિ રાખવી. (૯)

અસત્યા સર્વદા ચિત્તં ગૃહં ઉચ્ચાટિતં યથા ।
તથૈવ ભાવનાદૌ તુ ચેતઃ સ્થાપ્યં તદાશ્રિતૈઃ ॥ ૧૦ ॥

જેઓ વ્યભિચારિણી સ્ત્રીઓ છે, તેઓ પોતાનું ચિત્ત ઘર બહાર ભટકતું રાખે છે, તેમ જેઓ ભગવાનને આશ્રિત છે, તેમણે પોતાના ચિત્તને ગૃહાદિકમાંથી ખેંચી ભગવદ્‌ભાવમાં સ્થાપન કરવું. (૧૦)

શિક્ષાપત્ર : ૨૬

પચીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો દૃઢ આશ્રય રાખવાની આપણને આજ્ઞા કરી હતી. છવ્વીસમા શિક્ષાપત્રમાં શ્લોકોની કુલ સંખ્યા દસ છે. આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ પુષ્ટિજીવોનું કર્તવ્ય આપણને ફરી એકવાર સમજાવી રહ્યા છે.

આપણે અગાઉ જોયેલા ચોવીસમા શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગના સ્વરૂપનો મર્મ સમજાવતાં આપે આજ્ઞા કરી હતી કે 'પુષ્ટિમાર્ગ કેવળ કૃપામાર્ગ છે. અહીં જીવ કેવળ પ્રભુની કૃપાથી પ્રભુને પ્રાપ્ત કરે છે, બીજાં સાધનોથી પ્રભુને પ્રાપ્ત કરી શકતો નથી.' પ્રભુની કૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ પચીસમા શિક્ષાપત્રમાં બતાવ્યોઃ 'શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો જો આપણે દૃઢ આશ્રય રાખીએ, તો તેમના દ્વારા ભગવદ્દકૃપાની પ્રાપ્તિ થાય.'

આપણને એવો વિચાર આવવો જોઇએ કે જો આ માર્ગમાં કોઇ સાધન કરવાનાં જ ન હોય, પ્રભુની કૃપાની રાહ જોઇને બેસી રહેવાનું હોય, તો પછી સેવાની, સ્મરણની, સત્સંગની - આ બધી આજ્ઞાઓ કેમ કરવામાં આવતી હશે? કયારેક આપણને એમ થાય કે 'પ્રભુએ ધાર્યું હશે તો જ મારા ઉપર એમની કૃપા થવાની છે, મારી ઇચ્છાથી પ્રભુ કૃપા કરવાના નથી; તો શા માટે મારે આ સેવા, સ્મરણ કરવાં જોઇએ? હું હાથ જોડીને બેસી રહું, પ્રભુને કૃપા કરવી હશે તો કરશે.' આવો વિચાર કયારેક આપણા ચિત્તમાં પ્રવેશી જાય છે. પરિણામે, શ્રીમહાપ્રભુજીએ બતાવેલ માર્ગે ચાલવા તત્પર બનતા નથી. પ્રભુની કૃપાનો અનુભવ નથી થતો, ત્યારે આપણને પ્રભુમાં અને તેમની કૃપામાં કયારેક અવિશ્વાસ પણ આવી જાય છે. પરિણામે, પ્રભુનાં ચરણાવિંદનું શરણ છોડીને આપણે બીજા માર્ગે ઘસડાઇ જતા હોઇએ છીએ.

શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં આપણને સાવધાન કરતાં, ફરીથી આજ્ઞા કરે છે કે 'હે વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને તમને પુષ્ટિના રાજમાર્ગ ઉપર લાવીને મૂકી દીધા છે. પ્રભુની કૃપા તમારા ઉપર થઇ ગઇ છે, શ્રીમહાપ્રભુજીએ પણ તમારા ઉપર કૃપા કરી છે. હવે એ રાજમાર્ગ ઉપર તમે આગળ વધતા રહો.'

નાના બાળકને ચાલતાં ન આવડે, ત્યાં સુધી તેની માતા અને ઘરનાં બીજાં બધાં તેને ચાલણગાડી આપીને, ચાલણગાડીના ટેકે ચાલતાં શીખવે છે. પણ આપણે આ ઉંમરે જો ચાલણગાડી લઈને ગામમાં નીકળીએ, તો લોકો આપણી મુર્ખામીની મશ્કરી કરે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'કૃપા થવાની રાહ તો વૈષ્ણવ થયા પહેલાં જોવાની હતી. વૈષ્ણવ થયા, બ્રહ્મસંબંધની દીક્ષા પાપ્ત થઈ, શ્રીઠાકોરજીએ આપણા હાથમાં રહેલ તુલસીદળ પોતાનાં ચરણારવિંદમાં અંગીકાર કર્યાં ત્યારથી આપણા ઉપર એમની કૃપા વરસી રહી છે. આવા જીવે પોતાના સ્વામી એવા પ્રભુના સુખ માટે ચાર કર્તવ્યો કરવાનાં છે.'

શ્રીહરિરાયચરણ છવ્વીસમા શિક્ષાપત્રમાં પુષ્ટિજીવોનાં કર્તવ્યોનો બોધ આપતાં આપણાં ચાર કર્તવ્યોનું નિરૂપણ કરે છે.

સૌથી પહેલું કર્તવ્ય છે દુઃસંગથી ડરતા રહેવું. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવની ચારે બાજુ ચાર ભયંકર રાક્ષસો એને ગળી જવા માટે મોં ફાડીને ઊભા છે. એકેએક રાક્ષસોની ભયંકર શકિતથી આપણે અજાણ છીએ. જેમ પૂતના ષોડશ વર્ષની સૌંદર્યવાન યુવતીનું રૂપ લઈને આવી, ત્યારે તેના રૂપમાં ગોકુળવાસીઓ પૂતનાના સાચા સ્વરૂપને ન ઓળખી શકયાં, તેમ આ ચાર રાક્ષસો આપણને છેતરવા માટે મારીચની જેમ સોનાના મૃગનું રૂપ લઈને આપણી ચારે બાજુએ આવીને ઊભા છે, આપણને લલચાવી રહ્યા છે. આપણી સામે ઊભો છે એ રાક્ષસનું નામ છે દુઃસંગ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'પુષ્ટિમાર્ગમાં જો તમારે સ્થિર થવું હોય, પુષ્ટિના રાજમાર્ગ ઉપર આગળ વધીને પ્રભુને પ્રાપ્ત કરવા હોય તો આ દુઃસંગને બરાબર ઓળખી લેજો અને તેને તમારાથી દૂર રાખજો.'

બીજું કર્તવ્ય બતાવે છે : 'આપણી આજુબાજુ આપણાં અનેક લૌકિક સંબંધીઓ છે. જયાં જયાં જઈએ ત્યાં ત્યાં લૌકિક સંબંધીઓનો તોટો નથી. એ બધાં સંબંધીઓ આપણને લૌકિક તરફ ખેંચતાં હોય છે. તેઓ એવું ઇચ્છે કે આપણે તેમના જેવા બનીને લૌકિકમાં ગળાડૂબ રહીએ! ઘરમાં અને ઘરની બહાર, કહેવાતાં બધાં સગાંસંબંધીઓ આપણાં સાચાં સ્વજનો નથી. માટે તો મહાનુભાવોએ ગાયું કે 'બીજું સગું સૌ મુખથી કહેવાનું, દુઃખમાં ન આવે કોઈ સાથ જી; ગોપાલલાલ એમના ચરણમાં પડયો છું, શરણે જવા અનાથજી.' આ બધાં સગાંસંબંધીઓ માત્ર કહેવાનાં છે. એ ઈચ્છે છે કે આપણે ભક્તિના માર્ગે આગળ ન વધીએ! આવાં સગાંસંબંધીઓ આગળ આપણા હૃદયના ભાવને પ્રકટ ન કરવો. એ આપણું બીજું કર્તવ્ય છે.'

શ્રીહરિરાયચરણ ત્રીજી આજ્ઞા કરે છે કે ‘આ લૌકિક સંબંધીઓના દુ:સંગથી દૂર રહીને ભક્તોના સંગમાં હમેશાં રહેવું, ભક્તોની વાણીનું શ્રવણ કરવું અને ભક્તોનો સદાય સંગ કરવો. એનાથી આપણા ભગવદ્‌ભાવની વૃદ્ધિ થશે.’

ચોથું કર્તવ્ય બતાવે છે : ‘જગતમાં આવશ્યક લૌકિક-વૈદિક કાર્યો કરવાં પડે તે કરવાં; પણ તે ઉદાસીન રહીને કરવાં, મનને એમાં ડુબાડી ન દેવું.’ આ ચાર પુષ્ટિજીવોનાં કર્તવ્યો શ્રીહરિરાયચરણે આપણને સમજાવ્યાં છે, એમનો આપણે હવે વિગતે વિચાર કરીશું.

શ્રીહરિરાયચરણ સૌ પ્રથમ આપણને આપણા માથે બિરાજતા પુષ્ટિપ્રભુનો બોધ કરાવે છે.

પહેલાંના જમાનામાં કન્યાનાં લગ્ન થતું ત્યારે કન્યાનો અભિપ્રાય એમાં ચાલતો નહીં, એનાં વડીલો જ્યાં નક્કી કરે ત્યાં તેને પરણવું પડતું. માટે આપણામાં કહેવત આવી કે ‘દીકરી ને ગાય દોરે ત્યાં જાય.’ આવી એક કોડીલી કન્યા એકાંતમાં એના વહાલસેયા દાદાને પોતાના મનનો માનેલો કેવો હોય તેની વાત કરતાં કહે છે: ‘દાદા! તમે મારે માટે બહુ ઊંચો વર ન જોશો, જે તોરણ તોડે. બહુ નીચો ન જોશો, જેની સાથે ચાલતાં હું લજવાઉં. બહુ શામળો ન જોશો, અને બહુ ગોરો પણ ન જોશો! એમ આપણે પણ કેવા અલૌકિક સ્વામીના દાસ બનવું, આપણા માથે બિરાજતા એ પ્રભુનું સામર્થ્ય કેવું હોય, તે જાણી લેવું ખૂબ જરૂરી છે. પ્રભુના સામર્થ્યને જાણી લઇએ તો પ્રભુની કૃપા કરવાની શક્તિમાં આપણને કદી અવિશ્વાસ નહીં આવે.

આર્ય નારી પોતાના પતિના સામર્થ્યને બરાબર જાણતી હોય છે. પરિણામે પતિ પોતાનું ભરણપોષણ, સંરક્ષણ અને સ્નેહનું સિંચન કરશે એમાં તેને અવિશ્વાસ નથી હોતો.

શ્રીહરિરાયચરણ આપણા માથે બિરાજતા પ્રભુના અલૌકિક સામર્થ્યનું આપણને દર્શન કરાવતાં, છવ્વીસમા શિક્ષાપત્રના પ્રારંભમાં આજ્ઞા કરે છે : **‘સ્વકીયાનામ્’** - સ્વકીય એટલે પોતાના નિજભક્તો, અંતરંગ ભક્તો, જેમનો હાથ પ્રભુએ ગ્રહણ કર્યો છે તેવા ભક્તો. શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને શ્રાવણ સુદ એકાદશીની મધ્ય રાત્રિએ વચન આપ્યું છે : ‘તમે આ બ્રહ્મસંબંધ મંત્ર જેને આપશો, તેનો હું હંમેશને માટે સ્વીકાર કરીશ, હું તેને કદીયે તરછોડીશ નહીં.’ માટે શ્રીગુસાંઇજી ‘વિજ્ઞપ્તિ’માં આજ્ઞા કરે છે કે ‘હે પ્રભુ! હું મૂઢ છું, દીન છું, હીન છું, પાપી છું, સ્વાર્થી છું, કેવળ પેટ ભરનારો છું! આવો હોવા છતાંય હું તમારો છું, માટે તમે તમારી પ્રતિજ્ઞા નિભાવી, મને સદાય આપનાં ચરણમાં રાખજો.’

પ્રભુ જીવના અપરાધો સામે જોતા નથી, શરણે આવેલાને પોતાના ગણે છે, તેને સ્વકીય બનાવે છે. આવા સ્વકીય ભક્તોનું ઐહિક એટલે કે આલોકમાં જે કંઇ જરૂરી હોય તે બધું અને પારલૌકિક એટલે કે હવે પછીના લોકમાં જે કંઇ જરૂરી હોય તે બધું ભૂતકાળમાં પણ પ્રભુએ સિદ્ધ કર્યું છે અને વર્તમાન કાળમાં પણ પ્રભુ સિદ્ધ કરી આપે છે - 'ન સંશયઃ' - તમે એમાં સંશય રાખશો નહીં.

શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે 'પ્રભુ આ લોકમાં પોતાના ભક્તોની ઇચ્છા પૂર્ણ કરશે.' આ લોક સિદ્ધ કરી આપે છે, એટલે શું? આ જીવનમાં પ્રભુ આપણને કઇ કઇ સિદ્ધિઓ આપે? માગીએ તે બધું આપે? શ્રીગોપેશ્વરજી કહે છે : 'ના, ભક્તો દુનિયાની વિષયવાસનાનું સુખ માગે, વિષયાનંદ માગે, તો એ વિષયાનંદ પ્રભુ પોતાના ભક્તોને આપતા નથી.'

આપણે ભલે વયમાં મોટા થયા, પણ આપણું હિત શું અને અહિત શું, તે સમજવામાં બાળક જેવા છીએ. માટે જેમ પિતા બાળક માગે તે બધું આપતા નથી, પણ બાળકનું જેમાં હિત હોય તે જ આપે છે, તેમ પ્રભુ પણ આપણા આ લોકને, આપણી આ જિંદગીને સુધારવા, ઉત્તમ બનાવવા, ઊર્ધ્વગામી બનાવવા માટે આપણું જેમાં હિત હોય એવું જ આપે છે.

દસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને સમજાવ્યું હતું કે 'આપણી, એટલે કે ભક્તની લૌકિકમાં જે કોઇ બાબતમાં આસક્તિ હોય તે પ્રભુ છોડાવે છે.' માતાપિતામાં જો આસક્તિ હોય તો માતાપિતા સાથે કલેશ કરાવી, તે જીવને માતાપિતાથી દૂર કરે છે. આપણે ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ વાંચીશું, તો આપણને જણાશે કે મોટાભાગના ભગવદીયોનાં માતાપિતા બહુ જ નાની અવસ્થામાં હરિશરણ થયાં હતાં. આજે આપણે ઘણીવાર અણસમજમાં કહીએ છીએ કે ઠાકોરજીની અષ્ટપ્રહર સેવા કરનાર ભગવદીય વૈષ્ણવે આખી જિંદગી ઠાકોરજીની આટલી બધી સેવા કરી, તેનો શો બદલો મળ્યો? તેને દુઃખનો પાર નથી, રોગનો પાર નથી. સેવા કરવાથી શું મળ્યું? જો દુઃખ અને રોગ જ મળવાનાં હોય તો આપણે સેવા નથી કરવી!' આવું લૌકિક ગણિત આપણે ગણીએ છીએ. પણ શ્રીમહાપ્રભુજી ને શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'તમારું એ લૌકિક ગણિત ખોટું છે.' શ્રીઠાકોરજીની બાબતમાં કોઇ દિવસ લૌકિક ગણિતનો હિસાબ ન માંડતા, નહીતર જવાબ નહીં આવે, દાખલો ખોટો પડશે. શ્રીમહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે 'એ વૈષ્ણવને આખી જિંદગી સેવા કરવા છતાં આટલું દુઃખ કેમ છે, એ તમે જાણી લો.'

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે 'જીવને મૃત્યુ પછી ભગવદ્પ્રાપ્તિ ક્યારે થાય? જ્યારે જીવનાં બધાં - આ જન્મનાં અને પૂર્વજન્મનાં થયેલાં પાપો પ્રભુ એકસામટાં અહીં ભોગવાવી દે, જેથી કરીને તે જીવને બીજો જન્મ લેવાની જરૂર ન પડે અને તેને ભગવદ્પ્રાપ્તિ થઇ શકે. માટે દુઃખ તો પ્રભુની દયાનું દાન છે, પ્રભુની કૃપાનું કારણ છે; માટે દુઃખ આવે ત્યારે પ્રભુમાં વધારે વિશ્વાસ રાખી, વધારે દઢતાપૂર્વક, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે 'ત્રિદુઃખ સહનં ધૈર્યમ્' - ત્રણેય પ્રકારનાં દુઃખો ધીરજપૂર્વક સહન કરવાં, અશકયં સ્થિતિમાં અને સુશકય સ્થિતિમાં પ્રભુનું શરણ રાખવું.

શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે 'હે વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી આપણું આ જીવન સુધારવા માટે આપણને લૌકિક વિષયોનું સુખ ક્યારેય નથી આપવાના, એ નિશ્ચિત રીતે સમજી લેજો.' ત્યારે આપણું આ જીવન શાનાથી સુધરે? આ જીવન સુધારવા પ્રભુ શું કરશે?

આપ આજ્ઞા કરે છે કે 'આપણું જે કુટુંબ છે, સ્ત્રી-પુત્રાદિ છે, એ સૌ સેવાપરાયણ હોય અથવા જો તેમનું મન સેવામાં ઓછું તત્પર હોય, તો પ્રભુ કૃપા કરીને તેમને સેવામાં વધારે તત્પર બનાવશે. તેમનું મન સેવા તરફ અભિમુખ થાય, તેઓ સેવામાં પૂર્ણ રીતે સહાયક બને, સાથે હળીમળી પ્રસન્નતાથી ઘરમાં સૌ સેવામાં હાથ લંબાવે તેવી પ્રભુકૃપા કરશે.' એ જ રીતે પ્રભુ આપણને જે દ્રવ્ય આપશે તે પણ આસુરી દ્રવ્ય નહીં, પણ દૈવી દ્રવ્ય આપશે. આસુરી દ્રવ્ય આવે ત્યારે આપણને મોજશોખ કરવાનું મન થાય છે. વિષયાનંદ ભોગવવાની ઈચ્છા થાય છે અને પ્રભુ તરફથી આપણી ચિત્તવૃતિઓ દૂર સરકતી જણાય છે, પણ જો દૈવી દ્રવ્ય ઘરમાં આવે, તો શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં તેનો વિનિયોગ કરાવવાનું આપણને મન થાય છે.

શ્રીમહાપ્રભુજી 'શ્રીસુબોધિનીજી'માં આજ્ઞા કરે છે કે 'દરેક વસ્તુને પ્રભુને સમર્પવાથી, પ્રભુને અંગીકાર કરાવવાથી તે વસ્તુ પણ શુદ્ધ બને છે, આધિદૈવિક બને છે. કમાયેલું દ્રવ્ય શુદ્ધ હોય તોપણ તેને જો પ્રભુમાં વિનિયોગ કરાવવામાં આવે, તો તે દ્રવ્યની વિશેષ શુદ્ધિ થાય છે અને તે આપણને પ્રભુથી દૂર લઇ જનાર નીવડતું નથી.

આજે આપણે એમ કહીએ છીએ કે, આપણા મનમાં જેટલા પ્રમાણમાં ભગવદ્ભાવની વૃદ્ધિ થવી જોઇએ તેટલી થતી નથી. એનું કારણ શું? મને લાગે છે કે તેનું કારણ અહીં રહેલું છે. ભગવદ્ધર્મ આત્માનો ધર્મ છે, હૃદયનો ધર્મ છે. આપણે મનુષ્ય તરીકેના જે ધર્મોનું પાલન કરવાનું છે તે બધા દેહના - શરીરના ધર્મો છે.

દેહમાં આત્મા રહ્યો છે. દેહ વિનાના આત્માને આપણે ભૂતપ્રેત કહીએ છીએ અને આત્મા વિનાના દેહને આપણે મડદું કહીએ છીએ. તે જ રીતે, ભગવદ્ધર્મ એવા હૃદયની અંદર પ્રકટ થશે, જેનું શરીર શુદ્ધ હશે, જેની ઇંદ્રિયો શુદ્ધ હશે, જેમનું આચરણ પણ શાસ્ત્રસંમત, સિદ્ધાંતસંમત અને શુદ્ધ, નિર્દોષ હશે.

આપણે ધાર્મિકતાનું આચરણ કરીએ છીએ, પણ આપણા સ્વધર્મનો ક્યારેય વિચાર કરતા નથી. આપણા ઘરમાં જે કંઇ પૈસો આવે છે તે આપણી પ્રામાણિક મહેનતનો છે? તે આપણી પરસેવાની કમાણી છે? કે કોઇનું દિલ દુભાવીને મેળવેલો છે? કોઇને છેતરીને કરેલી કમાણીનો છે? - આ બધી બાબતો આપણે હમેશાં વિચારવા જેવી છે. દ્રવ્ય ઘરમાં આવે તેનાથી હરખાઇ જવાની જરૂર નથી. જો તે દ્રવ્ય આસુરી હશે તો આપણા જીવનની લૌકિક અને અલૌકિક- બંને સુખશાન્તિ દૂર ખેંચી જશે.

માટે આપણા જીવનમાં પ્રાપ્ત થતી દરેક બાબતોમાં વિવેક રાખવો. તેને માટે જાગૃત રહેવું જરૂરી છે. પારકી કમાણીનો પૈસો, વગર મહેનતે પ્રાપ્ત થયેલો પૈસો, વ્યાજનો પૈસો, દેવું કરીને મેળવેલ પૈસો પ્રભુને કયારેય પ્રિય નથી. પ્રભુ તે દ્રવ્યને કયારેય અંગીકાર કરતા નથી. માટે દ્રવ્યશુદ્ધિની બાબતમાં આપણે વધારે તત્પર રહેવા જેવું છે.

મુંબઈમાં એક વૈષ્ણવ થઇ ગયા. નોકરી કરતાં કરતાં થોડાક રૂપિયા ભેગા થયા. સ્વતંત્ર ધંધો કરવાનો વિચાર આવ્યો. મનમાં વિચાર કરે છે : 'હું કોઇ પણ ધંધો કરીશ, ગ્રાહક હોંશથી ખરીદવા આવવાનો નથી, નિસાસો મૂકીને જ ખરીદવાનો છે. કોઈની હાયનું દ્રવ્ય મારા પ્રભુ પ્રસન્નતાથી અંગીકાર નહીં કરે. હું શું કરું તો પ્રભુ પ્રસન્નતાથી અંગીકાર કરે?' એમણે વિચાર કર્યો : માણસ પોતાના જીવનની બધી જરૂરિયાતો પૂરી કરી લે, પછી જો પૈસો વધે તો તેને મોજશોખ કરવાનો વિચાર આવશે. મોજશોખ માટે ખર્ચાતો પૈસો હાયનો - નિસાસાનો હોતો નથી, તે રાજી થઇને ખર્ચે છે, માટે મોજશોખની વસ્તુઓની મારે દુકાન કરવી. કોઇ પણ માણસ ખરીદવા આવે, તો વાજબી નફો લઇને જ મારે પ્રામાણિકતાથી ધંધો કરવો, છેતરપિંડી ન કરવી.' આજે પણ એ વૈષ્ણવનો પરિવાર મુંબઇમાં ખૂબ મોટો વ્યવસાય તેમના પિતાના એ જ સિદ્ધાંત પ્રમાણે ચલાવી રહ્યો છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, જ્યારે પ્રભુ વૈષ્ણવો ઉપર કૃપા કરે છે, ત્યારે પ્રભુએ આપેલું દ્રવ્ય પણ દૈવી હોય છે, જે આપણે પ્રભુના સુખમાં આનંદથી વિનિયોગ કરાવીએ છીએ.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'ઘરમાં જરૂરી સર્વ પદાર્થો ભગવદ્સેવામાં અનુકૂળ બનતા હોય, તો માનવું કે પ્રભુ આપણા ઉપર કૃપા કરી રહ્યા છે, આપણું લૌકિક સિદ્ધ કરી રહ્યા છે. સેવામાં પ્રતિકૂળ હોય એવું બધું છોડાવતા હોય, તો માનવું કે પ્રભુની આપણા ઉપર મોટામાં મોટી કૃપા છે.'

પારલૌકિક સિદ્ધિ પ્રભુ કેવી રીતે આપે? શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે 'દેહ છૂટયા પછી બીજો જન્મ ન આપતાં, પ્રભુ તે જીવને પોતાની નિત્યલીલામાં બોલાવી લે, નિત્યલીલાના અનુભવ દ્વારા સદાય પોતાના સ્વરૂપાનંદનું દાન કરે એ પારલૌકિક સિદ્ધિ છે.' આપણે સ્વર્ગ નથી જોઈતું, કારણ કે સ્વર્ગનું સુખ કોઈક હિલ સ્ટેશન ઉપર ફાઈવસ્ટાર હોટેલમાં ચાર કે છ દિવસ રહેવા જેવું છે. આપણે મોક્ષ નથી જોઈતો, કારણ કે અક્ષરબ્રહ્મમાં લીન થઈ જવામાં સાચો આનંદ નથી. સાચો આનંદ તો પ્રભુની સાથે રહીને, પ્રભુના સ્વરૂપાનંદનું પાન કરવામાં છે.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ''ભક્તોની લૌકિક અને પારલૌકિક સિદ્ધિઓ પ્રભુ પોતે કુપા કરીને આપે છે. આજે પણ પ્રભુ પોતાના ભક્તો ઉપર કૃપા કરે છે, તે નિશ્ચિત માનજો.''

એકવાર પ્રશ્ન પૂછવામાં આવ્યો કે '૮૪-૨૫૨ વૈષ્ણવોને પ્રભુ આ દેહે પોતાના સાક્ષાત્ અલૌકિક સ્વરૂપનાં દર્શન આપી, માગીમાગીને આરોગતા. આજે તેવો સાનુભવ શું કોઈ વૈષ્ણવને થતો હશે ખરો?' આનો જવાબ તે જ આપી શકે, જેમને આવો અનુભવ થાય; પરંતુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે ''ભગવદ્ સાનુભાવ બીજા કોઈની આગળ કહેવો જોઈએ નહીં, સ્વપ્નની વાત પણ કરવી નહીં.' તો સાક્ષાત અનુભવની વાત તો કેમ કહેવાય? તેમ છતાંય જો કોઈ કહી દેતું હોય તો માનવું કે હજી ભગવદ્સ્વરૂપ, ભગવદ્ભાવ એના હૃદયમાં બરાબર સ્થિર થઈને જામ્યો નથી, હજી અધૂરો ઘડો છે માટે છલકાઈ રહ્યો છે; પરંતુ એક વાત નિશ્ચિત છે કે શ્રીમહાપ્રભુજીનો આ માર્ગ સદાકાળ માટે છે, શાશ્વત છે ભગવદીયો શ્રીમહાપ્રભુજીના સમયમાં વિદ્યમાન હતા, તે જ ભગવદીયો આજે પણ જુદા જુદા નામ અને રૂપથી પૃથ્વી ઉપર વિદ્યમાન છે.

દામોદરદાસ હરસાનીજી આજે પણ કોઈક સ્વરૂપે ભૂતળ ઉપર બિરાજે છે. જો તેમ ન હોય તો પુષ્ટિમાર્ગની સ્થિતિ ભૂતળ ઉપર ન હોય. એટલે આજે પણ અનેક વૈષ્ણવોને આવો સાક્ષાત અનુભવ અવશ્ય થાય છે. આપણને નથી થતો, કારણ કે હજી પ્રભુએ આપણા ઉપર એ કૃપા કરી નથી.

એક વૃક્ષ ઉપર ઘૂવડ બેઠેલો હતો. તે બીજા ઘૂવડને ભરબપોરે એમ કહેતો હતો કે 'ભાઇ, આ દુનિયાના લોકો મૂર્ખ છે, જે સૂર્યની અને એના પ્રકાશની વાત કરે છે! આપણી આખી જિંદગી ગઇ, બોલ, તેં કોઇ દિવસ સૂર્યને કે તેના પ્રકાશને જોયો છે? બીજો ઘૂવડ કહે છે : 'ના રે ભાઇ, અહીં તો ચારે બાજુ અંધારું ને અંધારું જ દેખાય છે, ક્યાં છે પ્રકાશ?' ઘૂવડની આ વાત સાંભળીને એ જ વૃક્ષની ડાળ ઉપર બેઠેલ પોપટ અને કોયલ હસી રહ્યાં છે : 'પ્રભુએ ઘૂવડને આંખો નથી આપી, એટલે તેમને પ્રકાશ દેખાતો નથી. વાંક સૂર્યનો નથી, વાંક ઘૂવડની દૃષ્ટિનો છે!'

એવી રીતે આપણને જો સાનુભવ નથી થતો, તો વાંક આપણી દૃષ્ટિનો છે. 'મને અનુભવ નથી, માટે દુનિયામાં કોઇને પ્રભુનો અનુભવ નથી!' એવું નથી. શ્રીમહાપ્રભુજીના આ માર્ગમાં તમે દૃઢ વિશ્વાસ રાખજો, પ્રભુ પોતાના ભક્તોના અલૌકિક મનોરથ પૂર્ણ કરે છે.

'ત્રિવિધ નામાવલી'માં શ્રીઠાકોરજીનું નામ આપ્યું 'ભક્તસર્વદુ:ખનિવારકાય નમઃ ।' શ્રીઠાકોરજી કેવા છે? તો ભક્તોનાં સર્વ દુ:ખોનું નિવારણ કરનારા છે.

અહીં 'દુ:ખ' શબ્દ લૌકિક અર્થમાં પ્રયોજાયેલો નથી. દુ:ખ એટલે ભગવદ્પ્રાપ્તિના વિરહનો તાપ. ભક્તને પ્રભુને પ્રાપ્ત કરવા જે વિરહતાપ થઇ રહ્યો છે, તે વિરહતાપ શ્રીઠાકોરજી કદી સહન કરી શકતા નથી. માટે ભગવદીયોએ ગાયું કે 'વિરહ કાતર ડોલે સબ પાછે.' આપ ભક્તના વધારે વિરહી બનીને ભક્તની પાછળ પાંછળ ડોલી રહ્યા છે.

આમ, પ્રભુ આપણાં સર્વ દુ:ખોનું નિવારણ કરનારા છે. પ્રભુ ભક્તોનો તાપકલેશ સહન કરી શકતા નથી. પણ વાત એ છે કે પ્રભુને માટે તાપ-કલેશ કરનાર ભક્ત ક્યાં છે? આપણે લૌકિક પાછળ જેટલા દોડીએ છીએ, તેટલા પ્રભુ પાછળ દોડીએ છીએ ખરા? ત્રાજવાનાં બે પલ્લાં પૈકી એકમાં પ્રભુને મૂકો અને બીજામાં લૌકિક મૂકો. ક્યું પલ્લું નમશે? જો લૌકિકનું પલ્લું નમતું હોય, તો પ્રભુ આપણી પાછળ પાછળ ક્યાંથી ફરે? પ્રભુ તો તેમની પાછળ પાછળ ફરે છે, જેમનું લૌકિક અને અલૌકિક બધું જ પ્રભુમય છે. જે પ્રભુ સિવાય બીજા કોંઇને ઓળખતા નથી, પ્રભુ સિવાય બીજા કોઇને જાણતા નથી, જેમના જીવનનો પ્રત્યેક શ્વાસ અને ઉચ્છ્વાસ કેવળ પ્રભુના નામ રટણ સાથે જ નીકળે છે. એવા ભગવદીયોને જ પ્રભુ પોતાનો સાક્ષાત્ અનુભવ કરાવે છે. છતાંય આપણે કહીએ છીએ કે 'સુન્યો તો સહી પરિ સમજ્યો નાહીં.' પરિણામે આપણે પોતે દુ:ખનિવારણના પ્રયાસો કરવા બેસીએ છીએ.

માતા બાળકને રસોઇ કરીને જમાડવા તત્પર છે, પણ નાની દીકરીએ હઠ લીધી છે કે, હું તો જાતે રોટલી બનાવીને ખાઇશ. મા તેની દયા ખાય છે કે તું તારી બનાવેલી રોટલી ખાઇશ, તો હજી બીજાં પાંચ વર્ષે વીતી જશે! છતાંય, મા તે બાળકીને માટે રોટલી કરીને રાખે છે - હારશે, થાકશે એટલે મારી બનાવેલી રોટલી જ ખાશે. એમ પ્રભુ કૃપાના સાગર છે, માટે આપણા જેવા અજ્ઞાની જીવ ઉપર પણ દયા રાખી, અભિમાનને વશ થઇને જાતે કામ કરવાના પ્રયત્નો કરનાર જીવને પણ પ્રભુ ક્ષમા આપે છે, તેનાં બધાં કાર્યો કરી આપે છે.

શ્રીઠાકોરજી સત્યસંકલ્પ છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ સત્યસંકલ્પ છે. બંને સ્વરૂપો હંમેશાં પોતાના સ્વકીય ભક્તોનું શ્રેય થાય, કલ્યાણ થાય, એમની ઊર્ધ્વ ગતિ થાય તે માટે જ તત્પર છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આવા આપણા પુષ્ટિપ્રભુ આપણા માટે બે પ્રકારનાં કાર્યો કરે છે : પહેલું કાર્ય છે અવિરુદ્ધ બાબતમાં જીવને જોડવો.' શ્રીગોપેશ્વરજી અવિરુદ્ધ શબ્દની વ્યાખ્યા આપે છે કે પુષ્ટિમાર્ગના સિદ્ધાંત સાથે જે કંઇ સંમત છે તે બધું અવિરુદ્ધ કહેવાય. પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સાથે જેનો વિરોધ નથી, એટલે કે સેવા અને સ્મરણ. પ્રભુ પોતાના જીવોને સેવા અને સ્મરણમાં જોડે છે. પ્રભુ શોધી શોધીને આવા જીવોને પોતાની તરફ ખેંચી લાવે છે. બીજા માર્ગે ભટકનારને પણ બોલાવી લાવે છે કે તુમે અહીં આવો, તમે મારા છો.

એક એવા વૈષ્ણવનું મને સ્મરણ થઇ આવે છે. એ યુવાન મુંબઇમાં છે. તેમની માતા સેવા - સ્મરણ - પરાયણ છે, પણ તેમનો આ દીકરો મહાદેવજીનો પરમ ઉપાસક. કૃષ્ણભક્તિ તેના હૃદયમાં ઊતરતી જ નથી. માતા મનમાં તેના માટે રોજ પ્રભુને વિનંતી કરે છે. પ્રભુને એ જીવ ઉપર કૃપા કરીને પોતાની પાસે ખેંચવો છે, એટલે અનાયાસે એક વૈષ્ણવનો એમને સંગ થયો. માતાના આગ્રહને વશ થઇને યુવાન દીકરાએ સાત દિવસ સુધી તેમની પાસેથી શિક્ષાપત્રનું શ્રવણ કર્યું. પહેલા દિવસથી તેનું મનોમંથન શરૂ થયું-હું કરું છું તે સાચું કે મારી માતા કહે છે તે સાચું? મારે શિવભક્તિ કરવી કે કૃષ્ણભક્તિ કરવી? સાતમા દિવસના અંતે શિક્ષાપત્રનું શ્રવણ કરાવનારને તેમણે પૂછ્યું : 'તમે મને સલાહ આપો, મારે શું કરવું?' એ વૈષ્ણવે સલાહ આપી : 'તમે બ્રહ્મસંબંધી છો, વૈષ્ણવ છો, તમારે કૃષ્ણભક્તિ કરવી જોઇએ.' એણે કહ્યું : 'પણ મહાદેવજી મારા ઉપર ખીજાશે તો? હું કૃષ્ણભક્તિ કરું અને મહાદેવજી મારા ઉપર કોપાયમાન થાય તો?' વૈષ્ણવે કહ્યું કે 'મહાદેવજી પણ

પરમ કૃષ્ણભક્ત છે. કૃષ્ણભક્ત ઉપર મહાદેવજી ક્યારેય કોપાયમાન ન થાય અને કોપાયમાન થાય તો તેની જવાબદારી મારી!' 'તો મારે હવે શું કરવું?' 'રોજ સવારે તમે મહાદેવજીના મંદિરે દર્શન કરવા જાવ છો તેના બદલે કાલથી મોટા મંદિરે મંગળાનાં દર્શન કરવા જાવ. સવારે નાહીને યમુનાષ્ટકનો એક પાઠ કરો. આટલું તમે શરૂ કરો.' પેલા યુવાને બીજા દિવસથી શરૂઆત કરી, પણ હજી તેના શંકરભક્તિના સંસ્કારો ગયા નથી, ભુલાયા નથી. રહી રહીને મહાદેવજીના મંદિરે દર્શન કરી આવે ત્યારે ચેન પડે. એમ કરતાં અષાઢ વદ અમાસનો દિવસ આવ્યો. બીજા દિવસથી શ્રાવણ મહિનો શરૂ થતો હતો. મહાદેવજીની ઉગ્ર ભક્તિનો મહિનો. અમાસના દિવસે મંદિરના પુજારીએ તેમને બોલાવીને કહ્યું : 'ભાઇ, મારા હૃદયમાં જાણે મહાદેવજી કહી રહ્યા છે કે હવે તમે કેવળ કૃષ્ણભક્તિ કરો તો સારું. તમે કાલથી અહીં ન આવો તો મહાદેવજી વધારે રાજી થશે.' તેના હૃદયમાં જે કંઇ શંકરભક્તિનાં બીજ હતાં તે બધાં બીજ ધોવાઇ ગયાં. કૃષ્ણભક્તિના બીજમાંથી અંકુર ફૂટયા અને આજે હવે તે વૈષ્ણવ નિયમપૂર્વક દર્શન કરે છે, ઘેર સેવામાં તત્પર થાય છે, રાત્રે કુટુંબ સાથે બેસીને ભગવદ્વાર્તા કરે છે, વ્રજયાત્રા કરે છે, શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરે છે. તેમના જીવનમાં શ્રીમહાપ્રભુજીએ એવી કૃપા કરી કે પુષ્ટિમાર્ગથી અવિરુદ્ધ હતું તે સેવા અને સ્મરણમાં એ જીવને જોડી દીધો.

શ્રીઠાકોરજીનું બીજું કાર્ય છે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોથી વિરુદ્ધ હોય તે છોડાવવું. આપણે જો મર્યાદા સાધન વગેરેમાં પડી જઇએ, તો આપણાં સાધનોની નિષ્ઠા પણ પ્રભુ તોડાવી નાખે છે.

એક વૈષ્ણવે મને ફરિયાદ કરી : 'મેં ૪૧ દિવસ સુધી દરરોજ ૪૧ વખત શ્રીયમુનાજીનાં ૪૧ પદ કરવાનો સંકલ્પ કરેલો; પણ ૩૯મા દિવસે મારો એ સંકલ્પ તૂટયો, ૪૧ દિવસ સુધી પૂરાં ૪૧ પદ ન થયાં. આનું કારણ શું?' મેં કહ્યું : 'ભાઇ, તેનું કારણ એક જ છે. શ્રીયમુનાજીના સ્વરૂપમાં તમારી નિષ્ઠા ન થઇ. પણ તમે રોજ ૪૧ વખત, ૪૧ પદ, ૪૧ દિવસ કરવા સમર્થ છો, એવી તમારી સાધન અને લૌકિક શક્તિમાં નિષ્ઠા થઇ. તમને અહંકાર આવ્યો, માટે શ્રીયમુનાજીએ કૃપા કરીને તમારો અહંકાર તોડાવ્યો. હવે તમે કોઇને કહી નહીં શકો કે તમારું આ વ્રત તમે પૂરું કર્યું છે!'

પ્રભુ પોતાના જીવનો સાધનોમાંથી ઊભો થતો અહંકાર હમેશાં તોડે છે. માટે આપણો રોજનો જે કંઇ નિયમ હોય, તે જે દિવસે તૂટી જાય તે દિવસે દુ:ખ ન કરતાં

માનવું કે આજે પ્રભુએ મારા ઉપર કૃપા કરી છે અને તે દિવસે પ્રભુને સામગ્રી આરોગાવીને મનોરથ કરો.

નિયમ તૂટવા પાછળ પણ જીવનું શ્રેય કરવાનું જ કારણ હોય છે. આપણે તે સમજવું જોઇએ. જીવને માટે જે યોગ્ય નથી, તે પ્રભુ કદી ચલાવી લેતા નથી, તે છોડાવીને જ જંપે છે.

એવા જ એક બીજા વૈષ્ણવનું સ્મરણ થાય છે. જન્મથી અને વારસાથી તે પણ મહાદેવજીના ભક્ત છે, પણ લગ્ન થયું છે એક વૈષ્ણવ દીકરી સાથે. દીકરી શ્રીઠાકોરજીની સેવક છે. બંને ભણેલાં છે, સમજુ છે. પરિણામે એમણે જીવનમાં એક એડજસ્ટમેન્ટ કર્યું કે ઘરમાં કોઇએ ધર્મની વાત ન કરવી. સૌએ મનમાં પોતપોતાનો ધર્મ પાળવો. ભાઈ શિવમંદિરે દર્શન કરે, બહેન શ્રીગુસાંઇજીની બેઠકે દર્શન કરે. એક દિવસ બહેન શ્રીગુસાંઇજીની બેઠકે મંગળાનાં દર્શન કરે છે. કીર્તનિયાજી કીર્તન કરી રહ્યા છે, તંબૂર સાથે. તંબૂરનો તાર અચાનક તૂટી ગયો. કીર્તનિયાજીને તાર બાંધતાં આવડતો નથી. તેમની નજર પેલાં બહેન તરફ ગઇ. તે જાણતા હતા કે તેમના પતિ મહાદેવજીના ભક્ત છે, પણ સંગીતના બહુ સારા જાણકાર છે. પૂછ્યું : ‘તમારા પતિ અંદર આવીને તાર બાંધી દેશે?’ બહેને બહાર જઇને પતિને પૂછ્યું. એ ભાઇએ વિચાર કર્યો કે કોઇનું સંગીત અટકતું હોય તો મદદ કરવી એ મારી ફરજ છે. પણ આ લોકોનો કૃષ્ણ કપટી છે, માટે હું એની સામે જોયા વિના તાર બાંધી આવું. તે અંદર આવ્યા. કીર્તનિયાજીએ ખસીને શ્રીગુસાંઇજીની સામે જગ્યા કરી આપી. નીચું જોઇને તે તાર બાંધી રહ્યા છે. પેલાં બહેન વિચાર કરે છે કે એકવાર સામે જુએ તો પણ પ્રભુ કૃપા કરે, પણ એ નિર્ધાર કરીને આવ્યા છે કે કપટી કૃષ્ણની સામે નથી જોવું. તાર બાંધીને ચાલ્યા ગયા! બંનેમાંથી કોઇએ એ પ્રસંગની ચર્ચા ન કરી. રાત્રે સ્વપ્નમાં તે ભાઇને શ્રીનાથજીએ દર્શન આપ્યાં અને આજ્ઞા કરી : ‘હે દુષ્ટ જીવ! તને શરણે લેવા, મારા ચરણમાં બોલાવવા મારા કીર્તનનો મેં રસભંગ થવા દીધો, તાર તોડી નાખ્યો તોય તારા હૃદયનો તાર જોડાયો નહીં!’ મારી સામે આવીને કોરો ધાકોર જેવો તું પાછો ગયો? તને મારા રંગની બીક લાગી?’ હજી આપણા કેટલાય વૈષ્ણવોને હોળીના રંગની બહુ બીક લાગે છે. જેનું હૃદય હોળીના રંગથી ન રંગાય, તે ભગવદ્‌રંગથી તો કેમ રંગાય? પુષ્ટિમાર્ગમાં રંગની બીક રાખવી જ નહીં.

પેલા ભાઇએ તો એમ માન્યું કે આ મારા મનની નબળાઇ છે. સવારમાં બન્યું એટલે રાત્રે સ્વપ્ન આવ્યું! કહેતો હતો ને કે કૃષ્ણ કપટી છે? બીજા દિવસે રાત્રે

ફરીથી એ જ સ્વપ્ન આવ્યું. આ ભાઇએ કોઈને વાત ન કરી, કંઇ માન્યું નહીં. ત્રીજા દિવસે શ્રીઠાકોરજીએ ક્રોધાયમાન સ્વરૂપે દર્શન આપી, લાત મારીને આજ્ઞા કરી : 'જો, તારી લૌકિક બુદ્ધિ હું ચલાવવાનો નથી. તને ચોવીસ કલાકની મુદત આપું છું. તું મારા શરણે આવ, મારી સેવા કર. જો તું વૈષ્ણવ નહીં થાય, તો તું જીવતો નહીં રહે.' એ ગભરાઇ ગયા. શરીરે પરસેવો વળી ગયો. અડધી રાત્રે પત્નીને જગાડીને કહે છે : 'આ તારો કૃષ્ણ દુષ્ટ છે. મને મારવાની ધમકી આપી છે, ચોવીસ કલાકનો સમય આપ્યો છે. મરવું નથી, જીવવું છે. ભલે કૃષ્ણની ભક્તિ કરીશ. ભયથીયે કરીશ! પણ તું મને વૈષ્ણવ બનવાનો રસ્તો બતાવ.'

સવારે વહેલાં ઊઠીને જ્યાં તેમનાં પત્નીના શ્રીગુરુદેવ બિરાજતા હતા તે ગામમાં ગયા. જઇને વિનંતી કરી : 'મહારાજ ! મને બ્રહ્મસંબંધ આપો.' આપે આજ્ઞા કરી : આજે વ્રત કરો, કાલે બ્રહ્મસંબંધ થશે.' પેલા ભાઈ કહે છે: 'મહારાજ ! ચોવીસ કલાક થશે, તો હું જીવતો નથી રહેવાનો, તમે વ્રત કરવાની કયાં વાત કરો છો ?' આપે તે જ દિવસે વ્રત કરાવ્યું અને બ્રહ્મસંબંધ પણ આપ્યું. તરત જ તેમને એમના શ્રીગુરુદેવમાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક દર્શન થયાં અને એમનું આખું જીવન આજે એવું બદલાઇ ગયું છે કે બંને પતિપત્ની શ્રીઠાકોરજીની સેવા કરે છે, અસમર્પિત છોડી દીધું છે, શ્રીઠાકોરજીને બંને જણ પોતાનાં કીર્તનથી લાડ લડાવે છે અને દીનતા તો એમના હૃદયમાં ભારોભાર છલકાય છે!

આમ, પોતાના જીવ જો પોતાની ઇચ્છા કરતાં વિરુદ્ધ કરવા જાય તો પ્રભુ તેને રોકે છે. માટે 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : બાળક ગમે તેટલી લાતો મારે, તોયે માતા તેને સ્તનપાન કરાવે છે. માતા કદી બાળકને સ્તનપાન કરાવવાનો ઇન્કાર નથી કરતી. તો પ્રભુ પણ, જીવ ગમે તેવો દુષ્ટ બને તોયે એને છોડવાનો વિચાર નથી કરતા, સદાય જીવને પોતાની પાસે રાખે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આવા પ્રભુ જ્યારે આપણા માથે બિરાજે છે, શ્રીમહાપ્રભુજીએ આવા સમર્થ પ્રભુ સાથે આપણી છેડાછેડી બાંધી આપી છે, આપણો હસ્તમેળાપ થયો છે, બ્રહ્મસંબંધ રૂપી સપ્તપદીની પ્રતિજ્ઞાથી આપણે બંધાયા છીએ, ત્યારે છૂટાછેડા લેવાનો વિચાર કરવાને બદલે પુષ્ટિના પથ ઉપર આગળ વધવા માટે તમે આ ચાર કર્તવ્યોનો વિચાર કરો. સૌથી પહેલાં, દુ:સંગનો ત્યાગ કરો.'

શ્રીહરિરાયચરણે આ શિક્ષાપત્રમાં દૃષ્ટાંત અલંકારો બહુ સુંદર રીતે નિરૂપ્યા છે. જેમ માતાને તેના બાળકમાં અતિશય સ્નેહ હોવાથી સતત શંકા રહે છે કે બાળકને

કોઇ ભૂતપ્રેત વળગશે તો નહીંને? તેમ આપણે પણ આ દુ:સંગથી હમેશાં ડરીને ચાલવું જોઈએ.

ઘણા એમ કહે છે કે અમે ગમે તે વાત સાંભળીએ, પણ અમારું મન અડગ છે, અમારા મનમાં કોઇ ફેરફાર ન થાય.. આવું અભિમાન રાખવું યોગ્ય નથી. આજે તો વિજ્ઞાન એટલું બધું આગળ વધ્યું છે કે આપણે ઊંઘતા હોઇએ અને કોઇક આપણા મસ્તક પાસે કેસેટ ચાલુ કરીને મૂકી દે, તો થોડાક દિવસમાં ઊંઘમાં પણ, આપણું અજાગૃત મન, જે કંઇ વાગતું હોય તેને ગ્રહણ કરે છે. આપણે મોટા ભાગના જીવો વિજ્ઞાનના એક રમકડા જેવા છીએ. સમતોલન માટેનું એક રમકડું આવે છે. તમે ગમે તેમ ડોલાવ્યા કરો, એ ડોલતું જ રહે અને ડોલતું ડોલતું પાછું હતું તેવું થઇ જાય. આપણે પણ આવા ડોલતા જીવો છીએ. કોઇ એમ કહે કે આ રસ્તો સારો, તો એ રસ્તે દોડીએ, કોઇ કહે આ રસ્તો સારો, તો તે એ રસ્તે પણ દોડીએ, કારણકે આપણે પોતે આપણા મન ઉપર કાબૂ ધરાવતા નથી, આપણામાં અડગતા નથી.

શ્રીહરિરાયચરણ દુ:સંગની વ્યાખ્યા કરતાં કહે છે : દુ:સંગ એટલે દુષ્ટનો સંગ. અહીં આપ મનુષ્યને દુષ્ટ નથી કહેતા, મનુષ્યની બુદ્ધિને, તેના વિચારોને દુષ્ટ કહે છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી જે જુદી વાત કરે, જે જુદું વિચારે તેની એ વાત દુષ્ટ છે, તેના એ વિચારો દુષ્ટ છે. આજે ભોળા વૈષ્ણવોને છેતરવા માટે જગતમાં એક પાખંડ ચાલે છે. શ્રીમહાપ્રભુજીનું નામ દઇને વ્યાખ્યાનકાર એમ કહેતા હોય કે ભક્તિના બેતાજ બાદશાહ શ્રીવલ્લભાચાર્યજી કહે છે કે આ જગત માયાવી છે. આપણે કહીએ, ઓહો ! શ્રીમહાપ્રભુજીની વાત છે, તો હશે ત્યારે જગત માયાવી ! શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને આપણે જાણતા નથી. માટે આવા અન્ય રીતે વિચારનારાઓની જાળમાં આપણે ફસાઇ જઇએ છીએ. લોકો આપણને ફોસલાવી દે છે. એમના વિચારોની પછી એવી પ્રબળ અસર થાય છે કે આપણે આપણો સ્વધર્મ છોડીને પરધર્મના માર્ગે ઘણા આગળ નીકળી ગયા હોઇએ છીએ. આનું આજે દુનિયામાં એક જીવતું જાગતું પરિણામ આવી રહ્યું છે. આજે ધર્મની વાતો કરનાર, પોતાની જાતને મહાપુરુષ કહેવડાવનાર કેટલાકે એક વ્યવસ્થિત ષડ્યંત્ર ચલાવ્યું છે, આપણાં વૈષ્ણવ ઘરોમાંથી વૈષ્ણવ ધર્મને નાબૂદ કરવાનું. આપણાં ભોળાં, કુમળાં, અણસમજુ બાળકોને એવી રીતે મોહિત કરીને પોતાની તરફ ખેંચે છે કે પરિણામે આપણાં બાળકો શ્રીવલ્લભના માર્ગેથી દૂરદૂર ચાલ્યાં જાય છે. આપણાં ઘરોમાંથી પુષ્ટિમાર્ગનું ધીમે ધીમે પોતનું થવા માંડયું છે. આજે એ ષડ્યંત્ર એટલું વ્યવસ્થિત ચાલ્યું છે કે પુષ્ટિમાર્ગની અંદર અડગતા રાખનાર વૈષ્ણવ કુટુંબોના ઘરની અંદર,

એમના ગઢની અંદર બાકોરાં પાડવામાં આવી રહ્યાં છે. એમનાં સંતાનોને પુષ્ટિમાર્ગથી વિખૂટાં પાડવાની કોશિશ કરી રહ્યાં છે, અને તે પણ શ્રીમહાપ્રભુજીનું નામ આપીને! આપણે જો નહીં ચેતીએ, અને સત્સંગની બાબતમાં શિથિલતા રાખીશું, આપણાં બાળકોની સાથે બેસીને બહુ જ પ્રેમપૂર્વક પ્રશ્નોનો, એમની જિજ્ઞાસાનો ઉકેલ નહીં આપી શકીએ તો મને લાગે છે કે પરધર્મીઓ આપણા ઘરની અંદર ઘૂસી આવશે.

તમે પેલા આરબ અને ઊંટની વાર્તા જાણતાં હશો. ઠંડીમાં આરબે ઊંટની દયા લાવીને તંબુમાં મોં રાખવા જગ્યા કરી આપી. પરિણામ એ આવ્યું કે ઊંટ આખું તંબુમાં આવી ગયું અને આરબને તંબુની બહાર નીકળી જવું પડયું!

આપણા ઘરમાં અન્ય ધર્મ આવી જશે અને આપણે ઘરમાંથી બહાર ચાલ્યા જવાનો વખત આવશે. આજે આપણા ત્યાં ભારે લાચારી છે, ગામેગામ ચાલતી આપણી પાઠશાળાઓ લગભગ બંધ થઇ ગઇ છે. આપણે આપણાં બાળકોને સાંપ્રદાયિક અભ્યાસ માટે તૈયાર કરીએ છીએ? પોતાની જાતને પૂછી જોજો. હું તો એમ કહું છું કે આજે આપણું પ્રત્યેક ઘર આપણી પાઠશાળા બનવું જોઇએ. હું તો અહીં ઉપસ્થિત સૌ માતાઓ અને બહેનોને વિનંતી કરું કે તમારાં બાળકોને તમે જેટલાં કેળવી શકશો એટલાં અમે પુરુષો નહીં કેળવી શકીએ. તમે જેટલું આચરણ કરશો, તેટલું તમારાં બાળકો પણ જાણેઅજાણે કરશે. આપણી રવિવારની સાંજ જો ટી.વી. પર સિનેમા જોવામાં ગુજરતી હશે તો કઇ રીતે આપણાં બાળકો સેવા-સત્સંગ કરતાં થશે?

મેં જોયું છે, જે ઘરમાં માતાપિતા સવારે ઠાકોરજીની સેવા કરે છે, તે ઘરમાં બાળકોને પણ સેવા કરવાનું મન થાય છે. જે ઘરમાં માતાપિતા અને વડીલો રોજ સવારે જપમાળા ફેરવે છે તે ઘરનાં ચાર-પાંચ વર્ષનાં બાળકોને પણ સવારે નાહીને માળા ફેરવતાં જોઉં છું, ત્યારે ખૂબ આનંદ થાય છે. આપણે આપણાં બાળકોમાં પુષ્ટિમાર્ગના સંસ્કારોનું સિંચન કરવાની જવાબદારી જાતે ઉપાડવી પડશે. કોઇ આવીને આપણાં બાળકોમાં સંસ્કારોનું સિંચન કરી જાય એવી આશામાં બેસી રહેવાનો હવે વખત નથી. સંસ્કારોનું સિંચન કયારે કરી શકીશું? જ્યારે આપણે પોતે આ સર્વ પ્રકારના દુ:સંગમાંથી મુક્ત થઇને સત્સંગ માટે અડગ અને કૃતનિશ્ચયી બનીશું, ત્યારે.

આપ સૌને હું એક નમ્ર અનુરોધ આ પ્રસંગે કરું. તમારા જીવનના ચોવીસ કલાકમાં આપણા પ્રભુ માટે તમે ઓછામાં ઓછો અડધો કલાક આપો. જે પ્રભુએ તમને સુંદર મજાનું કુટુંબ આપ્યું છે, પૂરતી આજીવિકા આપી છે, રહેવા માટે ઘર આપ્યું છે, તે પ્રભુને માટે રોજ કેવળ અડધો કલાક - સવાર-સાંજ પા કલાક

શ્રીઠાકોરજીની સેવામાં આપો. ભલે મિસરીની એક કટોરી ધરો! ઘરનાં સૌ એક કટોરી મિસરી ધરતાં થાય. જો ઘરમાં બધાંને જમવા જોઇતું હોય, તો શા માટે ઘરમાં કેવળ એક માતા અથવા પિતા જ સેવા કરે? તમારાં બાળકોને પણ સાથે સેવામાં નવડાવો, તેમની પાસે પ્રેમથી મિસરીની કટોરી ધરાવડાવો, ચરણસ્પર્શ કરાવો. પા કલાકમાં તેમને આવડતા પાઠ બોલાવો. રોજ એક વધુ શ્લોક શીખવાડો, અષ્ટાક્ષરની એક માળા ફેરવાવો. તમારો પા કલાક બીજું બધું છોડીને કેવળ ઠાકોરજીને આપી દો. રાત્રે ઘરનાં બધાં સાથે બેસીને, શિક્ષાપત્રનો એક શ્લોક અને ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તામાંથી એક પ્રસંગ - એટલું વાંચીને, અષ્ટાક્ષરની એક માળા કરીને પથારીમાં સૂઇ જવાનો નિયમ ઘરમાં સૌ પાસે પ્રેમથી લેવડાવો. સાથે આપણે એવી ઈચ્છા કરીએ કે જેમ બધાં સાથે બેસીને ઘરના પ્રશ્નોનો ઉકેલ લાવીએ, તેમ બધાં સાથે બેસીને સેવા અને સત્સંગ પણ કરીએ. ઘેર ઘેર ભગવદ્‌વાર્તા થવી જોઇએ, ગામેગામ સાંભળીએ છીએ અને અહીંનો પણ અનુભવ છે કે હવે દર એકાદશીએ સત્સંગમંડળ મળે અને ભગવદ્‌વાર્તા-સ્મરણ થાય. શું બાકીના ચૌદ દિવસ ભૂખ્યા રહેવાનું? પેટને ખોરાક તો દિવસમાં ઓછામાં ઓછો બે વખત જોઇએ, વધુ જેવી તમારી પાચન-શક્તિ. રોજ બે વખત ખાવા જોઇએ, તો રોજ સવારે સેવા અને સાંજે સત્સંગ પણ થવાં જાઇએ. જે હાથ સેવા ન કરે તે હાથને ભોજન કરવાનો અધિકાર ન હોય, જે હાથ સેવા ન કરે તે હાથને ભોજનની થાળીમાં મૂકતાં પહેલાં પૂછી લેજો કે આજે સવારે તેં સેવા કરી છે? જો હા, તો જ તું ભોજન કર. સાંજે હાથને પૂછજો કે રાત્રે તું આ હાથથી ભગવદ્‌વાર્તાનું પુસ્તક ખોલવાનો છે? જો હા, તો અત્યારે ભોજન કર. જેને સેવા અને સ્મરણમાં જોર આવે છે. તેને પોતાના દેહના કેવળ પોષણ માટે ખાવાપીવાનો અધિકાર ન હોવો જોઇએ.

જો આવું એક વલણ આપણે સૌને પ્રેમપૂર્વક સમજાવીને લઇ શકીશું તો મને લાગે છે કે આપણું ઘર સાક્ષાત્ વ્રજભૂમિ બની જશે, નહીં તો પછી એ ઘર સ્મશાનભૂમિ બનીને રહેશે; માટે દુ:સંગથી હમેશાં ડરતાં રહેજો. શ્રીહરિરાયચરણે દરેક શિક્ષાપત્રમાં આ દુ:સંગથી બચવા અને સત્સંગ કરવા માટેનો આગ્રહ કર્યો છે.

બીજું કર્તવ્ય બતાવીને શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ભગવદ્‌ભક્તોના મુખારવિંદથી ભગવદ્‌વાર્તાનું શ્રવણ કરવું અને તેમના સંગમાં રહેવું. શ્રવણ કરીને કેવળ ચાલ્યા ન જવું. તમે કહેશો કે તેમની કેસેટ વસાવી લઇએ તો ન ચાલે? તેમના મુખથી જ શ્રવણ કરીએ છીએ ને? ના, એકલું શ્રવણ અધૂરું છે. ભગવદ્‌ભક્તોના સંગપૂર્વક જો ભગવદ્‌વાર્તાનું શ્રવણ થાય, તો તે શ્રવણની દૃઢતા થાય.

આપણે ઘણી વાતો ઘણાંના મુખથી સાંભળીએ છીએ, પણ બધાંની વાતો સ્વીકારતા નથી. આપણે વાત સાંભળ્યા પછી મનમાં કહીએ છીએ 'જવા દો, એને તો આવું બોલવાનું આવડે છે, ટેવ પડી છે, એટલે વાતો કર્યા કરે છે. એની વાતો ધ્યાનમાં લેવા જેવી નથી.' તો આપણે કોની વાત ધ્યાનમાં લઇએ છીએ? જે વ્યકિત જેવું આચરણ કરે છે તેવું જ બોલે છે. જેના આચાર અને વિચારમાં કોઇ ભેદ નથી, તેની વાત આપણા હૃદયને સ્પર્શી જાય છે, તેની વાત આપણે ધ્યાનપૂર્વક સાંભળીએ છીએ, તેની વાત ઉપર આપણે વિચાર કરીએ છીએ અને તેના પ્રત્યેની શ્રદ્ધાને કારણે તેની આજ્ઞાનું પાલન કરીએ છીએ.

ભગવદ્‌ભક્તોનો સંગ મૌન રહીને કરવા જેવો છે. તેઓ કેવી રીતે રહે છે? કેવી રીતે ધર્માચરણ કરે છે? કેવી રીતે સેવા કરે છે? કેવી રીતે આચારોનું પાલન કરે છે? આ બધું જો આપણે નજરોનજર જોઇએ - પ્રત્યક્ષ રીતે અનુભવીએ, તો આપણને તેમના માટે સદ્‌ભાવ બંધાય છે. તેમના માટે અહોભાવ જાગે છે અને તેમનામાં શ્રદ્ધા જન્મે છે. પછી તેમના મુખથી જે સાંભળીએ છીએ તે સ્વીકારવામાં આપણે આનાકાની નથી કરતા. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે તમે કેવળ પા કલાક, અડધો કલાક ભગવદીયના મુખથી વાર્તાશ્રવણ કરીને સંતોષ ન માનશો, પણ એમનો તમને વધારેમાં વધારે સંગ મળ, એમને તમે વધારેમાં વધારે નજીકથી જોઇ શકો, જાણી શકો, એમના જીવનમાંથી તમે ઘણું બધું શીખી શકો એ પ્રકારે એમની નજીક રહેવાનો પ્રયત્ન કરજો.

એટલા માટે જ આપણે યાત્રા કરવા નાથદ્વારા જઇએ છીએ, વ્રજમાં જઇએ છીએ, બેઠકજીએ જઇએ છીએ, કે જો ત્યાં આવા કોઇ ભગવદીય મળી જાય, થોડો સમય એમની સાથે રહેવાનું થાય, તો એમના જીવન દ્વારા આપણો જીવનપલટો થાય. જીવનપલટો કરવા માટે આવા ભગવદીયોને .શોધી એમની સન્મુખ રહેવું.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેમ સતી સ્ત્રી પોતાના હૃદયની ગુપ્ત વાત પોતાના પતિ સિવાય બીજા કોઇની આગળ રજૂ નથી કરતી, તેમ આપણે પણ આપણા હૃદયમાં રહેલો ભગવદ્ધર્મ કેવળ ભક્તોની આગળ જ રજૂ કરવો. આપણા લૌકિક સંબંધીઓ સાથે અથવા જાહેરમાં તેની ચર્ચા ન કરવી; કારણ કે તે દુ:સંગી જીવો આપણો વિરોધ કરશે, પ્રતિરોધ કરશે, સામે દલીલો કરશે, કદાચ આપણે જવાબ નહીં આપી શકીએ, તો આપણી એ વિહ્વળતાનો લાભ લઇને આપણી ઉપર વિચારોનો હુમલો કરશે. પરિણામે, હૃદયમાં વધવા માંડેલો આપણો ભગવદ્‌ભાવ

ખંડિત થઇ જશે. ધર્મ આચરણનો વિષય છે, તેને અથડામણનો વિષય ન બનાવશો.

સાથે સાથે એક બીજી વાત પણ અહીં સ્ફૂરે છે. ભગવદીયોનો સંગ મળે ત્યારે કદાચ કોઇ ભગવદીયનો આચાર કે વિચાર તમને કંઇક જુદો લાગે તો હાથ જોડી, દીનતાથી એમની પાસેથી ખુલાસો પૂછજો, પણ સમજ્યા વિના તેમનું અનુકરણ ન કરશો.

૨૫૨ વૈષ્ણવની વાર્તમાં એક વાર્તા છે. એક માજી ખૂબ નિષ્કંચન. શયનભોગની સામગ્રી સિદ્ધ કરતાં હતાં, ત્યાં ખબર આવી કે શ્રીગુસાંઇજી પધાર્યા છે. દર્શનની આતુરતાને કારણે ગરમ સામગ્રી કેમ ધરવી તેની ચિંતા થઇ. ઘરમાં ચમચો પણ નહોતો. એક દાતણ હતું. તે ધોઇને, ચમચાના ભાવથી સામગ્રીમાં ધરી શયનભોગ ધરીને દર્શન કરવા ગયાં. પાછાં વળતાં એક બીજા વૈષ્ણવ સાથે થઇ ગયા. વૈષ્ણવને ઘેર લઇ આવ્યાં, પ્રસાદ લેવડાવવા. શયનભોગ સર્યા ત્યારે વૈષ્ણવે જોયું, બધા કહે છે કે આ માજીને ઠાકોરજીનો સાનુભવ છે, અને માગીને આરોગે છે તેનું કારણ સમજાતું ન હતું, પણ આજે ખબર પડી કે આપણને કેમ ઠાકોરજી દર્શન નથી આપતા, આપણી સાથે નથી બોલતા અને આ માજી સાથે બોલે છે? કારણ કે આ માજી દાતણ ધરે છે, માટે બોલે છે, આપણે દાતણ નથી ધરતા, માટે નથી બોલતા! એમણે મનમાં આ વાત રાખી. બીજા દિવસે ઘેર જઇને મંગળભોગથી શયનભોગ પર્યંત દાતણ ધરવા માંડ્યું. એમના ત્યાં બીજા કોઇ વૈષ્ણવ આવ્યા. તેમણે પૂછ્યું : 'આ દાતણ કેમ ધર્યું છે?' એટલે કહે : 'પેલાં માજી ધરે છે, એટલે ! ઠાકોરજીને જો બોલતા કરવા હોય તો દાતણ ધરો !' ગામમાં વાત પહોંચી એટલે પેલા બીજા વૈષ્ણવ વળી કહે કે : 'જલદી બોલતા થાય તો હું બે ધાતણ ધરું !' અને પછી તો કોઇકે આખી દાતણની ઝૂડી ધરી. શ્રીગુસાંઇજીએ તે વૈષ્ણવને પૂછ્યું : 'ભાઇ, આ શું કર્યું? આ દાતણની ઝૂડી દાળની તપેલીમાં કેમ ધરી છે?' 'મહારાજ ! મને કંઇ ખબર નથી, પણ પેલો વૈષ્ણવ ધરતો હતો એટલે મેં પણ ધરી!' આપે આ વાતનું પગેરું કાઢયું, તો પગેરું છેક માજીના ત્યાં પહોચ્યું. માજીને પૂછે છે : 'મા, કેમ દાતણ ધર્યું હતું?' 'મહારાજ ! દાતણ તે ધરાતું હશે? હું કંઇ દાતણ ધરું ?' પેલો વૈષ્ણવ કહે છે. 'કેમ, તે દિવસે ધર્યું હતું કે નહીં?' 'મેં તો ચમચો ધર્યો હતો, તેને દાતણ દેખાય તેમાં મારો શો દોષ?'

બીજા એક વૈષ્ણવ હતા. તે ગુજરાતથી વ્રજમાં શ્રીનાથજીનાં દર્શન કરવા ગયેલા. પોતે સેવાની બહુ રીત જાણે નહીં. રાજભોગ આવવાના સમયે મંદિરે બેઠેલા.

મુખિયાજીએ બૂમ પાડી : 'ચેલી લાવો.' ચેલી એટલે લાકડાના નાના ટુકડા. ભંડારીએ એક ટોપલી ભરીને લાકડાના નાના ટુકડા આપ્યા. મુખિયાજી અંદર લઇ ગયા. પેલા ભોળા વૈષ્ણવે ધાર્યું કે આ પણ રાજભોગમાં અંગીકાર થતા હશે! એટલે ઘેર જઇને તેમણે પણ ટુકડા ધરવા માંડયા. શ્રીગુસાંઇજીએ જાણ્યું એટલે પૂછ્યું : 'ભાઇ, આ શું ધર્યું?' એટલે કહેઃ 'તમારા ત્યાં શ્રીજીબાવા આરોગે છે ને!' 'લાકડાના ટુકડા કંઇ ઠાકોરજી આરોગે? તમારે મુખિયાજીને પૂછવું તો હતું કે આ કેમ અંદર લઇ જાઓ છો? આવું બધું કંઇ ઠાકોરજી આરોગે છે? અમારે ત્યાં તો શ્રીજીબાવા ડાઇનિંગ ટેબલ ઉપર બિરાજીને આરોગે છે.' આપણા ત્યાં તો ડાઇનિંગ ટેબલ પછી આવ્યાં, હોં. ભોગ માટે મોટી મોટી પાટો હોય. બધી પાટો એક સમયે તો બની ન હોય, એટલે કોઇ ઊંચી હોય, કોઇ નીચી હોય. ઠાકોરજીને આરોગવામાં પરિશ્રમ પડે. પાટોની સપાટી એકસરખી કરવા માટે નીચે પેલા લાકડાના ટુકડા ભરાવવામાં આવે, જેથી બધી પાટો એકસરખી સપાટીએ રહે, સામગ્રી સાજવાની સગવડ થાય અને ઠાકોરજીને આરોગવાની સગવડ થાય. આપણા ત્યાં આજે આવું ચાલ્યું છેઃ પેલા કરે છે માટે આપણે ય કરો! અરે ભાઇ, એ કરે છે તો એમને પૂછી જુઓ, પછી તમે કરો.

પ્રિય વૈષ્ણવો, આપ સૌને હું અનુરોધ કરું છું. કોઇ કહે તે સ્વીકારી ન લો; મનમાં પ્રશ્ન થાય ત્યારે વિના સંકોચે પૂછો પુષ્ટિમાર્ગની વૈષ્ણવતા કંઇ લશ્કરી શિસ્ત જેવી નથી કે 'નોટ ટુ કવેશ્ચન વ્હાય. બટ ટુ ડુ એન્ડ ડાય.' પ્રશ્ન પુછાય જ નહીં, હુકમ થયો એટલે કરો અને મરી જાઓ. આવી શિસ્ત નથી. અહીં તો ન સમજાય એ તમે પૂછો. આવું કેમ કરવામાં આવે છે? જ્યારે તમે પૂછતા થશો, તમારી જિજ્ઞાસા રજૂ કરતા થશો, ત્યારે જ તમે સમજતા થશો.

એક વિદ્વાને બહુ સુંદર કહ્યું છે : પ્રશ્ન બે જણને નથી હોતો; એક જે સૌથી વધારે બુદ્ધિશાળી હોય તેને, કારણ કે તેને બધું આવડતું હોય અને બીજો ભેંશને, જેનામાં બિલકુલ બુદ્ધિ નથી હોતી. આપણે નથી તો પેલા સૌથી વધારે બુદ્ધિશાળી અને આપણી જાતને ભેંશ તો કહી જ ન શકીએ; કારણ કે થોડી બુદ્ધિ તો પ્રભુએ આપી છે. માટે આપણને પ્રશ્નો પણ છે. તમે તમારા પ્રશ્નો પૂછો, જવાબો મેળવો અને સિદ્ધાંતોને-માર્ગની રીતે-સમજો તો આ માર્ગમાં પ્રીત થશે.

શ્રીહરિરાયચરણ ત્રીજું કર્તવ્ય બતાવે છે કે 'ઘરમાં રહેવા છતાં, ઘરનાં આવશ્યક બધાં કાર્યો કરવા છતાં, મન ઘરમાં ન રાખશો, ઘનશ્યામમાં રાખજો. લૌકિક-વૈદિક કાર્યો કાપટય ભાવથી કરવાં.' કાપટય ભાવ એટલે એવો ભાવ કે આ

કાર્યો મારા પર આવી પડેલી ફરજને લઇને હું કરું છું, પણ એમાં મારો મોહ નથી, મારી આસક્તિ નથી, એના માટે મારી કોઇ અપેક્ષા નથી. શાસ્ત્રોની આજ્ઞા છે, માટે લગ્ન વગેરેમાં ગ્રહશાન્તિ જેવા વૈદિક સંસ્કારો કરવામાં આવે છે, નહીં કે તે ગ્રહોથી ડરીને, એમને શાન્ત કરવા કે રીઝવવા.

દયારામભાઇએ કહેલી વાત આપણે ફરીથી યાદ કરીશું. ‘જગત જાણે એ છે જંજાળી, રાખે હૃદયે ત્રિકમજી-શું તાળી.’ ભલે દુનિયાના લોકોને એમ લાગે કે આપણે દુનિયામાં રચ્યાપચ્યા છીએ, પણ આપણું મન તો દુનિયાના પ્રવાહમાં રહેવા છતાંય દુનિયાથી દૂર દૂર શ્યામસુંદરમાં ચોંટેલું રહે, એવી રીતે આપણે રહેવું જોઇએ. માટે તો ભગવદીયોએ પણ ગાયું ‘કૈસે કીજે વેદ કહ્યો.’ પરમાનંદદાસજી કહે છે: ‘વેદની અંદર જે આજ્ઞાઓ થઇ છે તે હું કેવી રીતે આચરું?’ કેમ? ‘હરિ મુખ નિરખત વિધિનિષેધ કો ન મનમેં ઠોર રહ્યો.’ શ્રીઠાકોરજીના મુખારવિંદનું દર્શન થતાં હવે શ્રીઠાકોરજી મારા મનમાં એવા બિરાજી ગયા છે કે આ કરવું જોઇએ અને આ ન કરવું જોઇએ એ-યાદ રાખવા મારા મનમાં કોઇ જગ્યા જ રહી નથી.

પરમાનંદદાસજી એક બીજા પદમાં કહે છે: ‘અબ હૌં કહા કરૌં રી માઇ’ -હે સખી, હવે હું શું કરું ? ‘જબતેં દૃષ્ટિ પરિ નંદનંદન, પલભર રહ્યો ન જાઇ’ - શ્રીઠાકોરજી પર જ્યારથી મારી દૃષ્ટિ પડી છે, ત્યારથી એક ક્ષણ પણ (એમના વિના) હું રહી શકતી નથી. ‘ભિતર માતપિતા મોહીં ત્રાસત’ -ઘરમાં મારાં માતાપિતા મને ત્રાસ આપે છે; છતાં પણ મારું મન શ્યામસુદરમાંથી હટાવી શકતી નથી. આમ, જગતની સર્વ જંજાળમાં રહેવા છતાંય આ વ્રજભક્તોની જેમ મન જંજાળમાંથી હટાવીને મોહનમાં લગાડી દેવા માટે આપણે સતત ઉદ્યમશીલ રહેવું પડશે.

શ્રીહરિરાયચરણ છેલ્લે આજ્ઞા કરે છે : શ્રીઠાકોરજીમાં મન લગાડવા માટેની આપણા ચિત્તની યોગ્યતા કેવળ શ્રીઆચાર્યચરણ દ્વારા થવાની છે. માટે શ્રીમહાપ્રભુજીનાં બંને ચરણકમળોમાં આપણું હૃદય નિરંતર સ્થાપિત રાખવું.’ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનું આપણે સૌએ નિશદિન ધ્યાન ધરવું. જેમ શ્રીઠાકોરજીનાં ચરણકમળમાં ષોડશ ચિહ્ન બિરાજે છે, તેમ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળમાં ષોડશ ચિહ્નોના સ્વરૂપનું ચિંતન કરવું. કમળ વ્રજભૂમિનું સ્વરૂપ છે, માટે ચરણકમળમાં સાક્ષાત્ વ્રજ બિરાજે છે. એવા શ્રીમહાપ્રભુજીના વ્રજરૂપી ચરણકમળનું જો આપણે રાતદિવસ સ્મરણ- ચિંતન કરીએ. તેમના દસ નખચંદ્ર આપણા હૃદયમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર - એ છ દુર્ગુણો; મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

- એ અંતઃકરણના ચાર ધર્મો એમ દસેયને શુદ્ધ કરીને પ્રભુમાં જોડનારા છે, એવા દસ નખચંદ્ર સહિત કમળ સમાન શ્રીવલ્લભનાં અલૌકિક ચરણારવિંદ આપણે સદાય સેવીએ, હૃદયમાં પધરાવીએ, એમનું ચિંતન કરીએ, એમના શરણનો દૃઢ આશ્રય રાખીએ.

ભગવદીયોએ માટે કહ્યું : 'શ્રીવલ્લભકો ભારી ભરોંસો' - મને જો દુનિયામાં કોઇનો સૌથી વધારે વિશ્વાસ હોય તો શ્રીમહાપ્રભુજીનો છે.

શ્રીહરિરાયચરણ, આમ, છવ્વીસમા શિક્ષાપત્રમાં આપણને આ ચાર કર્તવ્યો તરફ અભિમુખ કરે છે : 'હે વૈષ્ણવો, તમે દુઃસંગથી બચો. તમારા હૃદયમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રકટ થયેલ ભગવદ્‌ભાવ તમારા લૌકિક સંબંધીઓથી ગુપ્ત રાખો. તમે ભગવદીયોના વચનામૃતનું શ્રવણ કરતાં, એમના સંગમાં રહીને તમારા હૃદયના ભગવદ્‌ભાવની વૃદ્ધિ કરો. હે વૈષ્ણવો, તમે લૌકિક-વૈદિકમાં તમારા ચિત્તને ઉદાસીન રાખી, શ્રીમહાપ્રભુના દસ નખચંદ્ર સહિતનાં ઉભય ચરણકમળનું સેવન કરો, એમનો દૃઢ આશ્રય કરો.'

આ રીતે અહીં છવ્વીસમું શિક્ષાપત્ર પરિપૂર્ણ થાય છે.

॥ ઇતિ શ્રીહરિરાયજીવિરચિતં ષડ્‌વિંશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્ ॥

છવ્વીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૦

વિષય : પુષ્ટિજીવોનું કર્તવ્ય

- પુષ્ટિજીવોનાં ચાર મુખ્ય કર્તવ્યો : (૧) દુઃસંગથી ડરતા રહેવું. (૨) લૌકિક સંબંધીઓથી ભયવદ્‌ભાવને ગુપ્ત રાખવો. (૩) ભક્તનાં વચન અને સંગથી આપણા ભગવદ્‌ભાવની વૃદ્ધિ કરવી. (૪) લૌકિક-વૈદિકમાં ચિત્ત ઉદાસીન રાખવું.
- પ્રભુનાં મુખ્ય બે કાર્યો : (૧) પોતાના ભક્તોને ભક્તિથી અવિરુદ્ધ એવાં સેવા-સ્મરણમાં જોડવા (૨) ભક્તિથી વિરુદ્ધ એવાં લૌકિક-વૈદિક સાધનોથી રોકવાં.
- શ્રીઠાકોરજીની જેમ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનું નિશદિન ધ્યાન કરવું.

શિક્ષાપત્ર : ૨૭

નિજાચાર્યપદાંભોજયુગલાશ્રયણં સદા ।
વિધેયં તેન નિખિલં ફલં ભાવિ વિનાશ્રમમ્ ॥૧॥

જો શ્રીમહાપ્રભુજીનાં ઉભય ચરણકમળનો સદા આશ્રય કરવામાં આવે, તો શ્રમ વિના સર્વ ફળની સિદ્ધિ થાય. (૧)

ધનં ગૃહં ગૃહાસક્તિઃ પ્રતિષ્ઠા લોકવેદયોઃ ।
કર્માદિનિષ્ઠા મનસઃ સ્વર્ગાદિફલકાંક્ષિણમ્ ॥૨॥
લૌકિકે પરમા પ્રીતિર્વિરુદ્ધવિષયેષણા ।
અવિરુદ્ધે તથાસક્તિર્વિષયૈર્ભોગભોજનમ્ ॥૩॥
દેહાભિમાનઃ કુલજો વિદ્યાદિવિહિતોઽપિ ચ ।
ભગવત્સેવનાભાવસહિતં દેહપોષણમ્ ॥૪॥
અસત્સંગૈઃ સદા દુષ્ટઃ કૃષ્ણાનુચ્છિષ્ટભક્ષણમ્ ।
નિવેદનાનુસંધાનત્યાગઃ શરણવિસ્મૃતિઃ ॥૫॥
દેવાંતરાશ્રયસ્તેભ્યઃ પ્રાર્થનાપિ ફલાર્થિતઃ ।
ભગવચ્ચિત્તરહિતા વ્યાવૃત્તિરપિ લૌકિકી ॥૬॥
ગુરુદ્રોહસ્તદીયેભ્યોઃ સ્વસ્યાધિકયવિભાવનમ્ ।
અત્યંતદેહસામર્થ્યં ઇન્દ્રિયાણાં ચ પોષણમ્ ॥૭॥
ગૃહેષ્વભિરતિર્ભાર્યાપુત્રાદિષુ મનોગતિઃ ।
કૃષ્ણાનુભાવરહિતદેશે સતતં સંસ્થિતિઃ ॥૮॥
હર્ષશોકૌ લોકલાભસ્તદભાવકૃતૌ તથા ।
સ્વાતંત્ર્યભાવનં સ્વસ્ય જીવસ્વાભાવિકો હઠઃ ॥૯॥
અધિકારઃ પાપરતિઃ પક્ષપાતો દુરાત્મનામ્ ।
હૃદયક્રૂરતા દીનજનોપેક્ષાઽક્ષમા પુનઃ ॥૧૦॥
એતે ચાઽન્યે ચ બોદ્ધવ્યા દોષા વિસ્મારકા હરેઃ ।
સાવધાનીભૂય દાસૈઃ કૃષ્ણસ્ય સ્થેયમાદરાત્ ॥૧૧॥

ધન, ઘર, ગૃહાસક્તિ, પ્રતિષ્ઠા, લોક-વેદાદિમાં કર્મનિષ્ઠા, સ્વર્ગ આદિ ફળની ઈચ્છા (૨); લૌકિક કાર્યોમાં અતિ પ્રેમ, ભક્તિ-વિરોધી વિષયોમાં ઈચ્છા, લૌકિકને અનુકૂળ હોય તેવા વિષયોમાં આસક્તિ, વિષયભોગની લાલસાથી કરેલું ભોજન (૩); દેહાભિમાન, કુળાભિમાન, વિદ્યાદિથી ઉપજેલું અભિમાન, ભગવત્સેવાના ભાવ વિનાનું દેહપોષણ (૪); અસત્પુરુષના સંગથી દૂષિત હોવું તે, શ્રીકૃષ્ણને ભોગ ધર્યા વિનાનું અન્નભક્ષણ, નિવેદનમંત્રના અનુસંધાનનો ત્યાગ, શરણભાવની વિસ્મૃતિ (૫); અન્ય દેવોનો આશ્રય, ફળની ઈચ્છાથી અન્ય દેવની પ્રાર્થના કરવી તે, ભગવાનમાંથી ચિત્તને દૂર કરે તેવી લૌકિક વ્યાવૃત્તિ કરવી (૬); ગુરુનો દ્રોહ, ભગવદીયો કરતાં પોતાની અધિકતાની ભાવના કરવી, દેહનું અતિસામર્થ્ય, ઇંદ્રિયોનું પોષણ (૭); ઘર વગેરેમાં પ્રીતિ, સ્ત્રી-પુત્રાદિમાં મનની ગતિ, જ્યાં શ્રીકૃષ્ણનો અનુભવ ન થયો હોય, તેવા દેશમાં સતત વાસ (૮); લૌકિક લાભહાનિથી હર્ષશોક થવો, પોતાની સ્વાતંત્ર્ય-ભાવના, જીવની સ્વાભાવિક હઠ (૯); અધિકારપણું, પાપમાં પ્રીતિ, દુરાત્માનો પક્ષપાત, હ્દયની ક્રૂરતા, દીનજનોની ઉપેક્ષા તેમજ અક્ષમા (૧૦) - આ અને આવા અન્ય દોષો હરિને ભુલાવનારા છે, માટે શ્રીકૃષ્ણના દાસોએ આદરપૂર્વક સાવધાન થઈને રહેવું. (૧૧)

ભગવન્માર્ગમાત્રસ્થૈસ્તન્માર્ગફલાકાંક્ષિભિઃ ।
વિરકતૈરન્યતઃ કૃષ્ણગુણાસકતાંતરાત્મભિઃ ॥૧૨॥

જે વૈષ્ણવો ભક્તિમાર્ગમાં જ સ્થિતિ કરી રહેલા છે, જેઓ આ માર્ગના ફલાભિલાષી છે, અન્યથી વિરકત છે અને જેમના અંતરાત્મા શ્રીકૃષ્ણના ગુણમાં આસક્ત છે; (૧૨)

સ્વાચાર્યશરણં યાતૈસ્તદ્વિશ્વાસસમન્વિતૈઃ ।
પરિત્યક્તાખિલૈઃ સ્થેયં સદા તદ્દર્શનોત્સુકૈઃ ॥૧૩॥

જે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના શરણે ગયેલા છે અને તેમનામાં વિશ્વાસયુક્ત થઇ અન્ય સર્વનો પરિત્યાગ કરનારા છે, તેમણે સદા તેમનાં દર્શન કરવાને ઉત્સુક થઈને રહેવું. (૧૩)

ઈદાનીમાગતઃ કાલઃ સર્વબુદ્ધિવિનાશકઃ ।
કરે પતતિ દુઃસંગો મીલિતાક્ષસ્ય ચાપિ હિ ॥૧૪॥

કાળ એવો કઠિન છે કે તે સર્વની બુદ્ધિનો નાશ કરે છે. અરે! તે એવો છે કે આંખ મીંચીને ચાલતો હોય, તેવાના હાથમાં પણ દુઃસંગ આવીને પડે છે. (૧૪)

કિં કાર્યં કિમકાર્યં વા યતઃ સ્ફુરતિ નૈવ હિ ।
પ્રભુણા સ્વબલં તાવદુપસંહૃતમેવ હિ ॥૧૫॥

શું કરવું, શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી, તેની બરાબર ખબર પડતી નથી ત્યારે, પ્રભુએ પોતાનું બળ આપ્યું છે. (૧૫)

સાધનાનિ ન સિદ્ધ્યંતિ કાલદોષાદ્દુરાત્મનઃ ।
પ્રતિબંધશ્ચ કાલાદિકૃતઃ પ્રત્યહમેધતે ॥૧૬॥

તેથી સાધનોની સિદ્ધિ થતી નથી. કાળદોષને લીધે દુરાત્માનો પ્રતિબંધ નડે છે. કાળ વગેરેથી ઉત્પન્ન થતા દોષો દરરોજ વધતા જ જાય છે. (૧૬)

ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગશ્ચાઽપિ પ્રજાયતે ।
પ્રતિબંધસેવનં તૈઃ પ્રત્યાશા કા ફલસ્ય હિ ॥૧૭॥

ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ પણ ઉત્પન્ન થાય છે. આ બધું જ સેવામાં પ્રતિબંધક છે. જો તેનું સેવન કરવામાં આવે, તો ફળની આશા પણ શી રાખવી? (૧૭)

તથાપિ શ્રીમદાચાર્યચરણાઽશ્રયણાન્મમ ।
નિર્વતતે નિરાશં સન્ન મનઃ ફલલબ્ધિતઃ ॥૧૮॥

આમ છતાં, શ્રીમદાચાર્યજીના આશ્રયને લીધે મારી નિરાશા નિવૃત્ત થાય છે અને મને પુષ્ટિમાર્ગીય ફળ પ્રાપ્ત થશે તેવો મનમાં વિશ્વાસ આવે છે. (૧૮)

શિક્ષાપત્ર : ૨૭

સત્તાવીસમા શિક્ષાપત્રમાં શ્લોકની કુલ સંખ્યા અઢારની છે.

આપણા ત્યાં પ્રત્યેક વસ્તુ ભાવાત્મક છે. અંક સંખ્યાની પાછળ પણ અલૌકિક ભાવ છૂપાયેલો છે.

આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ શ્રીગોપેશ્વરજીને નિમિત્ત બનાવીને આપણને પુષ્ટિમાર્ગમાં બાધક એવા ચાલીસ દોષો સમજાવે છે. ત્યાર બાદ ભગવદ્‌સ્વરૂપની પ્રાપ્તિ માટે પુષ્ટિમાર્ગમાં સાધક એવા નવ આવશ્યક ગુણો સમજાવે છે અને સાથે સાથે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું એકમાત્ર કર્તવ્ય - ભગવદ્‌સેવા - એમાં પ્રતિબંધરૂપ સેવાના મુખ્ય ત્રણ પ્રતિબંધો સમજાવતાં આજ્ઞા કરે છે કે 'આવા આ કરાલ કલિકાલમાં, આપણે સૌ દોષગ્રસ્ત જીવો ભગવદ્‌પ્રાપ્તિને ઝંખતા હોઈએ, તો કેવળ આપણા ગુરુદેવ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો આશ્રય કરવો રહ્યો.'

આમ, આ સત્તાવીસમા શિક્ષાપત્રમાં જેમને પ્રાપ્ત કરવા છે, એવા પૂર્ણપુરુષોત્તમ ધર્મીસ્વરૂપ અને એમના છ અલૌકિક દિવ્ય ધર્મો, તથા એમની પ્રાપ્તિનો ઉપાય બતાવે છે. આપણા શ્રીયશોદોત્સંગલાલિત શ્રીગોવર્ધનધરણ અલૌકિક દ્વાદશ અંગયુક્ત બિરાજે છે. એ ધર્મીસ્વરૂપનાં દ્વાદશ અંગ અને એમના છ દિવ્ય ધર્મ મળી કુલ અઢારનો આંક થાય. શિક્ષાપત્રની અઢાર શ્લોકોની સંખ્યા દ્વારા, શ્રીહરિરાયચરણ આપણને અંગુલિનિર્દેશ કરીને સમજાવે છે કે આવા અલૌકિક ધર્મ સહિત ધર્મીસ્વરૂપને પ્રાપ્ત કરવા હોય, તો આ શિક્ષાપત્રમાં નિરૂપેલા ચાલીસ દોષોથી તમે તમારી જાતને બચાવતા રહેજો, ભગવદ્‌ધર્મોમાં સહાયક એવા નવ ગુણોને પ્રયત્નપૂર્વક જીવનમાં ઉતારતા રહેજો. સેવામાં આવતા ત્રણ પ્રતિબંધોથી સાવધાન રહેજો અને શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો આશ્રય છોડશો નહીં.'

આપણે સૌ પ્રથમ આ શિક્ષાપત્રમાં બતાવેલા પુષ્ટિમાર્ગમાં બાધક એવા ચાલીસ દોષોને સમજવાનો પ્રયત્ન કરીશું. આપ સૌ સ્વસ્થ ચિત્તથી, સાવધાનીથી આ દોષોનો વિચાર કરજો. જેમ સવારે ઘરનો કચરો અને ગંદકી સાફ કરીને, ઘરને પ્રભુને ખેલવાલાયક સુઘડ-સુંદર બનાવીએ છીએ, તેમ આપણા હૃદયરૂપી પ્રભુને બિરાજવાના મંદિરને સ્વચ્છ, શુદ્ધ અને પવિત્ર બનાવવા માટે આ ચાલીસ દોષોને હૃદયમાંથી

દેશવટો આપવાનો છે. માટે આપણે આ દોષોને ખૂબ કાળજીપૂર્વક યાદ રાખવાનો, સમજવાનો અને તેમને દૂર કરવાનો પ્રયત્ન કરીશું.

શ્રીહરિરાયચરણે સૌથી પ્રથમ દોષ બતાવ્યો ધન. **ધન એ સૌથી મોટામાં મોટો અને બીજા ઓગણીસ દોષોના કારણરૂપ છે.**

તમે કહેશો, જીવનમાં પૈસા વિના તો કેવી રીતે ચાલે? શું ધન કમાવું એ દોષ છે? શું ધન વાપરવું એ દોષ છે? શ્રીગોપેશ્વરજી ટીકામાં સમજાવે છે : **'ધન બે પ્રકારનું હોય છે - એક આસુરી અને બીજું દૈવી.'** શ્રીગોકુલેશપ્રભુએ પોતાના એક વચનામૃતમાં ધન અને દ્રવ્ય શબ્દનો તફાવત બતાવ્યો છે. 'ધૃ' એટલે ધારણ કરવું. જેને ધારણ કરી રાખવામાં આવે, જેને બચાવી રાખવામાં આવે, જેનો ઉપયોગ ન કરવામાં આવે એ પૈસો ધન છે. **ઘરની તિજોરીમાં દાટી રાખેલો પૈસો આસુરી છે, કારણ કે તે ભગવદ્કાર્યોમાં વપરાતો નથી.** શ્રીગોકુલેશપ્રભુ સમજાવે છે કે 'જે દ્રવે, જે વહેતું રહે તે દ્રવ્ય છે. ઘરની તિજોરીમાં પુરાઇ રહેવાને બદલે શ્રીહરિ, ગુરુ અને **વૈષ્ણવની સેવામાં જેનો સતત ઉપયોગ થતો રહે તે દૈવી દ્રવ્ય.** તે આપણા હૃદય માટે દોષરૂપ નથી.' શ્રીગોપેશ્વરજી અહીં સમજાવે છે કે 'માણસને પૈસો મળે તેની સાથે લક્ષ્મીનો મદ, ધનનું અભિમાન પણ મળે છે. ધનના મદથી માણસને અંધાપો આવે છે, તે સારાસારનો વિવેક ગુમાવી બેસે છે. ધનના અભિમાનને કારણે તેનું વર્તન સંપ્રદાયના સિદ્ધાંતોથી વિરુદ્ધ થવા માંડે છે. તે ગરીબોની મુશ્કેલી જાણી શકતો નથી, તે મંદિરમાં કે વૈષ્ણવો માટે પૈસો આપે ત્યારે પણ હૃદયની અંદર દીનતા નથી હોતી; કેવળ પોતાની કીર્તિ વધારવા માટે જ તે દાન આપતો હોય છે. તેનું દાન ભાવનાયુક્ત નહિ, પણ કીર્તિયુક્ત છે. **આવું અહંકારથી આપેલું દ્રવ્ય પ્રભુ કયારેય અંગીકાર કરતા નથી.'**

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'જેની પાસે ધન આવે છે, તેના હૃદયમાં, એની પાછળ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરની એક મોટી સેના પણ ધસી આવે છે. આ બધાને પ્રાપ્ત કરવામાં અને તેમનું રક્ષણ કરવામાં મન લાગેલું રહે છે.'

લૌકિક ધન એ સાચું ધન નથી. આપણું સાચું ધન તો આપણા અલૌકિક સ્વામી શ્રીગોવર્ધનધરણ છે. **'યહ ધન ધર્મ હી તે પાયો'** બધા લૌકિક જીવો ધનતેરસના દિવસે રૂપિયાની, સોનાની પૂજા કરે, એમને દૂધથી સ્નાન કરાવે, એમની પૂજા કરીને લક્ષ્મી વધારે આવે એવી ઇચ્છા વ્યક્ત કરે; ત્યારે નિત્યલીલામાં શ્રીસ્વામિનીજી,

વ્રજભક્તો અને યશોદામા પોતાના અલૌકિક ધન એવા શ્રીઠાકોરજીને પ્રેમપૂર્વક દૂધથી સ્નાન કરાવી, સૂંદર વસ્ત્રાભૂષણ ધરાવી, ઉત્તમ સામગ્રીઓનો ભોગ ધરે છે. એ વ્રજભક્તો એમ કહે છે કે 'અમારું સાચું ધન અમારા આ શ્યામસુંદર છે!' માટે શ્રીહરિરાયચરણે અહીં બતાવ્યું : 'ધનનો સાચો ઉપયોગ આપણી પોતાની જાત માટે ધન વાપરવામાં નથી, ધનનો સાચો ઉપયોગ દુનિયાના ભોગવિલાસ માટે નથી, આપણું ધન એ આપણું છે જ નહીં; એ તો પ્રભુએ આપેલી થાપણ છે, આપણે તો એના ટ્રસ્ટી છીએ, આપણું ધન બ્રહ્મસંબંધની પ્રતિજ્ઞા દ્વારા આપણે પ્રભુને સમર્પિત કરી દીધું છે. એટલે એ ધનનો ઉપયોગ કેવળ આપણા પ્રભુના સુખ માટે જ કરી શકાય, બીજી રીતે કરવાનો આપણને અધિકાર નથી.'

આપણા ત્યાં એવી પરંપરા હતી કે પુત્રાદિકના લગ્ન વગેરે લૌકિક પ્રસંગમાં ધન ખર્ચવું પડે, તો શ્રીઠાકોરજીની આજ્ઞા લઈને ઓછામાં ઓછું ધન ખર્ચીને એ લૌકિક વ્યવહાર કરવામાં આવતા. આજે પણ ભગવદીયો એ પ્રમાણે જ કરે છે.

પૂર્ણમલ્લ ક્ષત્રિયે એ જમાનામાં, આજથી પાંચસો વર્ષ પહેલાં, પોતાના જીવનની બધી કમાણીરૂપ લાખો રૂપિયાનું દ્રવ્ય શ્રીજીબાવાનું મંદિર સિદ્ધ કરવામાં વિનિયોગ કરાવી દીધું. એમનું ધન ખૂટ્યું ત્યારે ફરીથી કમાઈ આવીને અધૂરું મંદિર પરિપૂર્ણ કર્યું.

શેઠ પુરુષોત્તમદાસ છપ્પન કરોડ રૂપિયાના આસામી હોવા છતાંય નાની પોતડી પહેરીને ગાયોની સેવા જાતે કરતા હતા.

કનોજના શેઠ દામોદરદાસ સંભરવાળા એ જમાનાના છત્રીસ કરોડ રૂપિયાના માલિક, કનોજના નગરશેઠ અને દીવાન. શ્રીઠાકોરજીનું જળ ભરવા રાજમાર્ગ ઉપરથી ખભે ગાગર મૂકીને, પગે ચાલીને જતાં એમને સંકોચ નડતો ન હતો.

નારાયણદાસ બ્રહ્મચારીના ત્યાં એમની કસોટી કરવા પ્રભુ રાતે ધનના ઢગલા કરાવતા. સવારે પોતાની ભત્રીજીને નારાયણદાસ આજ્ઞા કરતા : 'એ બધી ગંદકી બહાર ફેંકી દે, એ બગાડ છે. ઘરમાં ગોબરનું પોતનું કરી દે.'

કુંભનદાસ પાસે રાજા માનસિંહ આવીને સોનાનો અરીસો અને સોનામહોરો આપવા તૈયાર થયા, ત્યારે એ નિઃસ્પૃહી ભક્તજને માનસિંહને પણ કહી દીધું કે 'મારા ગરીબની ઝૂંપડીમાં એ બધું ફાવે નહીં. મારું કહ્યું માનવાના હો તો આજથી તમે તમારું આ અશુભ મોં મને બતાવશો નહીં.' એ વિરકત કુંભનદાસજી અકબરને- દિલ્હીના સમ્રાટ બાદશાહને- પણ ભરસભામાં એમ કહેતા હોય કે 'જાકો મુખ દેખત

દુઃખ ઉપજ્યો, તાકો કરનો પડયો પ્રનામ; કુંભનદાસ લાલ ગિરિધરન બિન, યહ સબ જૂઠો ધામ.' જ્યાં શ્રીઠાકોરજી નથી તે ધામ મારે માટે જૂઠું છે, નકામું છે. તમારી ભૌતિક સંપત્તિનો અમારે કોઇ ઉપયોગ નથી, **અમારું ધન એક જ છે અને તે અમારા પ્રભુ શ્રીગિરિરાજધરણ;** એ સિવાય બીજા ધનમાં અમને રસ નથી.

માટે, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'ધનનો ત્યાગ કરો. જો તમે ધનનો ત્યાગ કરવા સમર્થ ન હો, તો પ્રભુએ આપેલું ધન પ્રભુની સેવામાં વાપરો.' જે વ્રજની અંદર શ્યામસુંદર પ્રકટ થયા તે વ્રજમાં લક્ષ્મીજી માળણ બનીને ઘેરઘેર બંદનવાર(તોરણ) બાંધવા માટે આવ્યાં. આપણે નારાયણનાં ચરણ પકડી લઇશું તો એ ચરણમાં લક્ષ્મીજી બિરાજેલાં છે, તે કયાંય જવાનાં નથી. લક્ષ્મીજીને શોધવાને બદલે આવશ્યકતા છે નારાયણને શોધવાની. એટલે પ્રભુએ કૃપા કરીને જે દ્રવ્ય આપ્યું છે, તેનો વધુમાં વધુ વિનિયોગ પ્રભુની સેવામાં થવો જોઇએ, શ્રીગુરુદેવની અને વૈષ્ણવોની સેવામાં થવો જોઇએ.

શાસ્ત્રો આજ્ઞા કરે છે કે **'તમારા દ્રવ્યનો છઠ્ઠો ભાગ સેવાકાર્યોમાં વાપરજો, એનાથી તમારા દ્રવ્યની શુદ્ધિ થશે'**

આજે આપણે આપણું દ્રવ્ય દીનતા અને ભાવનાપૂર્વક પ્રભુની સેવામાં અંગીકાર કરાવતા નથી, આપણે આપણા પરિવાર માટે સોનાના, હીરાના, રત્નોના અલંકારો વસાવવામાં ગૌરવ માનીએ છીએ અને શ્રીઠાકોરજી માટે કાચ-કીડિયાનાં આભૂષણોથી ચલાવી લઇને એમ કહીએ છીએ કે એ ભાવના ભૂખ્યા છે. ગુંજામાળા ધરી એટલે આખો શૃંગાર થઇ ગયો! શ્રીઠાકોરજીનો શૃંગાર ગુંજામાળાથી થતો હોય, તો આપણે પણ ગુંજામાળા પહેરીએ તો ન ચાલે? આપણને રોજ નવાં વસ્ત્રોની જરૂર રહે છે, શ્રીઠાકોરજીનો વાઘો બાર મહિને પણ બદલવાનું આપણને સૂઝતું નથી! આપણને રોજ સુંદર મજાના શયનખંડમાં ડનલોપ પીલોની ગાદીમાં સૂવાનું ગમે છે અને શ્રીઠાકોરજીને એક કબાટના અંધારા ખાનામાં કેદ કરી રાખવામાં આપણને જરાય સંકોચ થતો નથી!

એક વૈષ્ણવને ત્યાં જવાનું થયેલું. મહેલ જેવું એમનું મકાન. આરસથી મઢેલું. સંપત્તિનો પાર નહીં. સૌ છાકમછોળ દ્રવ્ય વાપરે. એમને પૂછયું : 'તમારા ઠાકોરજી કયાં બિરાજે છે?' એમણે મને બતાવ્યું તો સીડીની નીચે એક ખૂણો હતો, જ્યાં ઘરના નોકરને રહેવાનું કહીએ તો પણ ના પાડે. એવા ખૂણામાં શ્રીઠાકોરજીને પધરાવેલા. મને થયું, એમનું આ દ્રવ્ય આસુરી છે, જેને કારણે પ્રભુ તે અંગીકાર કરતા

નથી. જો આવું દ્રવ્ય હોય તો તે દ્રવ્ય - તે ધન આપણે માટે દોષરૂપ છે. શ્રીઠાકોરજી કદી પોતે ભક્તનું સ્વીકારીને બિરાજી રહેતા નથી. ભક્ત પ્રભુને અંગીકાર કરાવે તેનાથી અનેકગણું પ્રભુ પાછું આપે છે, પણ આપણને શ્રદ્ધા નથી; આપણને પ્રભુમાં સ્નેહ નથી. આપણા ઠાકોરજી માટે આપણે ૫૦-૧૦૦ રૂપિયા ખર્ચવાના હોય, તો પાછી પાની કરીએ અને દીકરો સ્કૂટર કે સાયકલ માગે તો તરત લાવી દઇએ! આવું દ્રવ્ય દોષરૂપ છે, હૃદયને બગાડનારું છે એમ શ્રીહરિરાયચરણ બતાવે છે.

ધનથી જે ઘર બન્યું તે ઘર પણ દોષરૂપ છે. તમે કહેશો કે શું અમારે ઘર પણ છોડી દેવું? અહીંથી સીધા જ કયાંક ચાલ્યા જવું? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ઘર હંમેશાં છોડી દેવું. પણ એ છોડવા જો તમે શક્તિમાન ન હો, તો **તમને ઘરમાં રહેવાનો અધિકાર ત્યારે જ છે કે જ્યારે એ ઘરમાં તમે પ્રભુની સેવા અને ભગવદ્કાર્યો કરતાં હોવ.** એ ઘરમાં ભગવદ્સેવા ન બને, તો ઘરમાં આપણને ગૃહસ્થ-જીવન ગાળવાનો કોઇ અધિકાર શ્રીમહાપ્રભુજી આપતા નથી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **'આપણો ગૃહસ્થાશ્રમ પ્રભુની સેવા માટે છે,** પત્ની અને પુત્ર ભગવદ્સેવા માટે છે. પત્ની અને પુત્ર સાથે ઘરમાં રહેવાનું ભગવદ્સેવાના હેતુ માટે છે. ઘરમાં રહીને ચોવીસે કલાક દુનિયાદારીની ગડમથલ થઇ શકતી હોય; પણ એકકાલ, દ્વિકાલ કે ત્રિકાલ પ્રભુની સેવા ન થઇ શકતી હોય, તો એ ઘરમાં રહેવાનો આપણને અધિકાર નથી. કારણકે, બ્રહ્મસંબંધ દ્વારા આપણે એ ઘર પણ પ્રભુને સમર્પિત કર્યું છે. ઘરના સાચા માલિક પ્રભુ છે. આપણે તો કેવળ એ ઘરના ટ્રસ્ટી છીએ.' પ્રભુના સેવક બનીને, પ્રભુના એ ઘરરૂપી નિકુંજમાં રહેવાનો પ્રભુએ અધિકાર આપ્યો છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ મારું ઘર છે, મારું ઘર હું વધારે સારી રીતે સાચવું. એને મારે માટે વધારે સગવડવાળું બનાવું - આ બધી ગડમથલમાં આપણે પ્રભુને ભૂલી જતાં હોઇએ છીએ. ખાસ્સા મોટા ઘરમાં બધાંનો સમાવેશ કરીએ. દીકરાનું લગ્ન થાય તે પહેલાં દીકરા માટે અલગ બેડરૂમ થઇ જાય, પણ જે દીકરો બોલતો નથી, માગતો નથી તેવા શ્રીઠાકોરજી માટે ઘરની અંદર જગ્યા નથી મળતી! ડ્રોઇંગ રૂમમાં શ્રીઠાકોરજીને પધરાવાય નહીં, બેડરૂમમાં ફાવે નહીં, કીચનની અંદર મુશ્કેલી પડે! ઘરમાં કયાંય જગ્યા નથી, તો સ્ટોર રૂમની અંદર શ્રીઠાકોરજીને પધરાવો! કારણ કે આપણને કયારેય એવો વિચાર નથી આવ્યો કે શ્રીઠાકોરજી અમારા પરિવારના એક સભ્ય છે. અમારા ઘરમાં જેમ બે દીકરા છે, તેમ શ્રીઠાકોરજી પણ ત્રીજા છે. આવો વિચાર કદી આપણે કર્યો નથી. ઠાકોરજી હમેશાં આપણને બોજારૂપ લાગ્યા છે, એક લગેજ જેવા લાગ્યા છે, એક સામાન

હોય એવા લાગ્યા છે! પરિણામે આપણે માનીએ છીએ કે જેમ ઘરમાં વધારાનો સામાન સ્ટોર રૂમમાં મૂકી રાખીએ, તમે શ્રીઠાકોરજીને પણ એક ખૂણામાં મુકી રાખવા. આવું ઘર આપણા હૃદયમાં કદી ભગવદ્ભાવનો વધારો કરતું નથી, પણ ભગવદ્ભાવનો નાશ કરે છે.

જે ઘરની અંદર રહીને, જે સ્થાને રહીને શ્રીઠાકોરજી યાદ ન આવે, શ્રીઠાકોરજીમાં સ્નેહ ન વધે તે સ્થાન ભગવદ્વિરોધી સ્થાન છે, તે પ્રભુમાં સ્નેહ વધારનાર સ્થાન નથી. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે **'ઘરના આ દોષનું જો તમારે નિવારણ કરવું હોય, તો ઘરમાં રહીને સેવા કરો.'**

શ્રીમહાપ્રભુજીએ **'સિદ્ધાંત મુક્તાવલી'**માં આજ્ઞા કરી : **'કૃષ્ણસેવા સદા કાર્યા.'** શ્રીઠાકોરજીની હંમેશાં સેવા કરવી. સેવા કેવી રીતે કરવી, તેનો પ્રકાર બતાવ્યો : **ચિત્ત પ્રભુમાં પરોવાય, અગિયારેય ઇન્દ્રિયો સહિત મન પ્રભુમાં જોડાયેલું રહે તે માટે તનુવિત્તજા સેવા કરવી.**

તનુવિત્તજાનો અર્થ, તનુવિત્તજા સેવાનું સ્વરૂપ શ્રીગુસાંઇજીએ **'સિદ્ધાંતમુક્તાવલી'**ની ટીકામાં બહુ સ્પષ્ટ રીતે સમજાવ્યાં છે. શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે **"આપણા ઘરમાં, આપણા પોતાના શરીરથી, આપણા પોતાના દ્રવ્યથી, આપણા પોતાના માથે બિરાજતા ઠાકોરજીની આપણે જાતે સેવા કરવી, તે તનુવિત્તજા સેવા."** જે સેવામાં આપણું પોતાનું શરીર, આપણું પોતાનું દ્રવ્ય, આપણું પોતાનું ઘર વપરાય તે તનુવિત્તજા સેવા.

શ્રીગુસાંઇજી આગળ આજ્ઞા કરે છે કે **'બીજાને પૈસા આપીને કરાવેલી સેવા એ સેવા નથી, બીજાના પૈસા લઇને કરેલી સેવા એ પણ સેવા નથી.'** સેવા તો જાતે જ કરવી પડે, પોતાના ઘરમાં જ કરવી પડે, પોતાના દ્રવ્યથી જ કરવી પડે અને પોતાના માથે બિરાજતા ઠાકોરજીની જ કરવી પડે. આવી ગૃહસેવા જ્યાં સુધી આપણે નહીં કરીએ ત્યાં સુધી આપણે અંતર્મુખ થઇ શકીશું નહીં. ગૃહસેવાના વિકલ્પરૂપે અન્ય સ્થળોમાં સેવા કરવાનું શોધીશું ત્યાં સુધી આપણી અંતર્મુખતા નહીં બની રહે, આપણે બહિર્મુખ રહીશું અને પરિણામે એ ઘર, મહાનુભાવો કહે છે તેમ, ઘર મટીને સ્મશાન જેવું રહેશે. એટલે ઘરને જો ઘર રાખવું હોય, ઘરની અંદર જો ભગવદ્લીલાનો આનંદ માણવો હોય, તો ઘરમાં સેવા કરવી પડશે.

ઘણીવાર આપણે કહીએ છીએ કે ચાલો, વ્રજયાત્રા કરવા જઇએ. વ્રજયાત્રા કરવા જવાથી વ્રજમાં અલૌકિક દર્શનની ઝાંખી થશે જ એની કોઇ નિશ્ચિતતા નથી.

પણ એ જ વ્રજ આપણા ઘરમાં છે. એ જ વ્રજરજ આપણા ઘરમાં બિરાજે છે એ વાત આપણે ભૂલી ગયાં છીએ.

એક ઉદાહરણ લઈને આ વાતને વધારે સારી રીતે સમજીએ. જે ટી.વી. અને વીડીઓ પાછળ આપણે સૌ ઘેલાં બન્યાં છીએ તે ટી.વી.નો કાર્યક્રમ ઘરમાં બેસીને આપણે જોઈએ છીએ. એ કાર્યક્રમ ઘરમાં થતો નથી. એ તો મુંબઈના કે અમદાવાદના ટી.વી. સ્ટેશનમાં થતો હોય છે. એ કાર્યક્રમનાં મોજાં-પ્રકાશ અને ધ્વનિનાં મોજાં- હવા દ્વારા આપણા ઘર સુધી આવે છે, મકાન પર લગાડેલા એન્ટેના અને બૂસ્ટર મારફત આપણા ઘરમાં રહેલા ટી.વી. સેટમાં એ ઝિલાય છે અને આપણને દેખાય છે. શ્રીઠાકોરજી વ્રજમાં નિત્યલીલા કરી રહ્યા છે. એ નિત્યલીલા આપણા ઘરમાં જે ખૂણામાં આપણા પ્રભુ બિરાજે છે, તે ખૂણામાં હમેશાં ઝિલાતી રહે છે. આપણે પણ જો હૃદયને એન્ટેના અને બૂસ્ટર લગાડીએ તો એ જ નિત્યલીલાનો અનુભવ આપણને આપણા ઘરમાં થશે. એ અનુભવ કરવા બહાર દોડવાની જરૂર નહીં પડે.

શ્રીગુસાંઈજીના સેવક માધવદાસજી કાબુલમાં યવનોના દેશમાં રહેતા. પણ શ્રીગુસાંઈજીની એવી કૃપા કે રોજ સાંજે ગૌચારણ કરીને પધારતા શ્રીનાથજીબાવાનાં એમને ઠેઠ કાબુલમાં સાક્ષાત્ દર્શન થતાં.

તેથી આપણા હૃદયને બૂસ્ટર અને એન્ટેના લગાડવાની જરૂર છે. આજે આપણે આપણા હૃદયનાં દ્વારા બંધ કર્યાં છે. ઘરની અંદર નિરાંતજીવે બેસીને, પ્રભુની સન્મુખ રહીને, પ્રભુની સેવા કરતાં આપણાં મન અને ઇંદ્રિયોને પ્રભુમાં પાંચ મિનિટ પણ આપણે જોડી શકતા નથી. પછી કહીએ કે પ્રભુ અમને દર્શન આપતા નથી! દર્શન કરવાની આપણી તત્પરતા ક્યાં છે? જેને આવી તત્પરતા છે તેને પોતાના સેવ્ય સ્વરૂપમાં સાક્ષાત્ દર્શન થાય છે.

હવે શ્રીહરિરાયચરણ ત્રીજો દોષ બતાવે છે. ઘરની સાથે જોડાયેલો એ દોષ છે - ગૃહાસક્તિ. ઘરમાં રહેલી આપણી આસક્તિ. આપણી જાતનો વિચાર કરજો, હોં. ક્યારેક રાત્રે સૂઈ જાઓ અને ઊંઘ ન આવે ત્યારે આખા દિવસના કામનો વિચાર કરજો કે આપણને શું વધારે પ્રિય છે? ઘરનાં લૌકિક કાર્યો પ્રિય છે કે સેવા વધારે પ્રિય છે? ઘરમાં યુવાન દીકરા હોય ત્યારે તે એમની માતાને હમેશાં ફરિયાદ કરતા જ રહે છે કે તમે સેવામાં નહાઓ છો, છતાં ધ્યાન તો આખા ઘરમાં ભટકયા કરે છે. કેમ આવું થાય છે? એનું કારણ એક જ છે. મનનો એ સ્વભાવ છે, જેમાં રસ

પડે તે તરફ મન દોડે. આપણને ઘરકામમાં વધારે રસ છે, ઠાકોરજીની સેવામાં એટલો રસ નથી. આપણું ચિત્ત સતત ઘરકામમાં પરોવાયેલું છે. જ્યારે વ્રજભક્તોની વાત ન્યારી હતી. ઘરકામ કરવા ખાતર કરતાં હતાં. ઘરકામ કરતાં કરતાં પણ એમનું ચિત્ત શ્રીઠાકોરજીમાં લાગેલું રહેતું હતું. એમને કયારેય ઘરમાં આસક્તિ થઇ જ નથી, એમને તો એમ થતું કે કયારે હું શ્રીઠાકોરજીની પાસે પહોંચી જાઉં?

એક ગોપી છે. લગ્ન કરીને હજી પહેલવહેલી ગોકુળ આવી છે. ગોકુળમાં આવ્યે દસ દસ કલાક થઇ ગયા છે. જે શ્યામસુંદરની વાતો સાંભળી, તેમનાં દર્શન કર્યા નથી. મનમાં ચટપટી ઘણી છે, પણ સાસુમાની રજા લઇને નંદાલયમાં જવું કેવી રીતે? સાંજ પડી ગઇ છે, અંધારું થવાની તૈયારી છે. એ જમાનામાં ઈલેક્ટ્રિક દીવા નહોતા, દીવાસળી નહોતી. ગામમાં જેનું સૌથી મોટું ઘર હોય, તેના ઘેર ચોવીસે કલાક દીવો અને દેવતા પ્રજ્વલિત રહે. સૌ ત્યાં જઇને પ્રકટાવી આવે. એ ગોપી સાંજે પડયે સાસુમાને કહે છે : મા, હવે તમે વૃદ્ધ થયાં. ગોકુળની સાંકડી ગલીઓમાં ગાયો આવતી હોય, તમને કયાંક અડફેટમાં લઇ લે. તમે જો રજા આપો, તો આ પડોશીની દીકરી દીપ પ્રકટાવવા જાય છે, તો હું પણ તેની સાથે જઇ આવું. સાસુ વિચારે છે કે વહુ મારું હિત જોનારી આવી છે. એ ગોપી નંદાલયમાં આવે છે. તિબારીમાં શ્યામસુંદર પોઢયા છે, પલનામાં. બાજુમાં દીપક પ્રજ્વલિત છે. ગોપી દીપક પ્રકટાવવા હાથ લંબાવે છે, પણ મોં તો શ્યામસુંદરના વદનકમળ ઉપર ચોંટી ગયું છે, નેત્રો ત્યાંથી ખસતાં નથી. એને ભાન રહ્યું નથી કે દીવો તો સળગ્યો, પણ સાથે સાથે એનો હાથ પણ સળગવા લાગ્યો છે. પ્રભુના દર્શનમાં એકચિત્ત બનેલી આ ગોપીની આવી મનઃસ્થિતિ જોઇને પ્રભુએ સ્વયં પોતાનો શ્રીહસ્ત લંબાવી, એનો દાઝતો હાથ રોકી દીધો છે. એટલામાં યશોદામાં આવ્યાં : 'અરિ બહૂ! તું આ ગામમાં નવી આવી લાગે છે. મારા લાલાને શું ટીકી ટીકીને કયારીની જોઇ રહી છે? એને નજર લાગી જશે. દીવો સળગાવવા આવી છે ને? જા તારા ઘેર.' ગોપી ભારે હૃદયે નંદાલયની બહાર આવે છે. મન તૈયાર થતું નથી, પગ ઊપડતા નથી. શું કરું તો ફરી નંદાલયમાં ફરી જવાય? ફૂંક મારીને દીવો ઓલવી નાખ્યો. ઓશિયાળુ મોં કરીને ફરી દીવો સળગાવતાં યશોદામાને કહે છે : મા, આ પવન દુશ્મન બન્યો છે. દીવો રહેવા દેતો જ નથી, હું શું કરું?

આવી આસકિત જો પ્રભુમાં થાય, તો ઘરમાંથી છૂટી જાય. ઘરમાં આસક્તિ રાખવી અને પ્રભુમાં આસક્તિ કરવી, એ બંને કોઇ દિવસ એક સાથે નહીં બને. ક્યાંતો ઘરની અંદર મન ચોંટાડો, કાં તો પ્રભુમાં મન ચોંટાડો.

એક બીજી ગોપી છે. શ્યામનાં દર્શનના મિષે દહીંની મટુકી લઇને વેચવા નીકળી છે. બીજાં ગોપીજનો મથુરા જઇ રહ્યાં છે, ત્યારે આ ગોપી ગોકુળમાં નંદાલયની ગલીમાં જાય છે. નંદાલયની નાનકડી ગલીમાં એક છેડાથી બીજા છેડા સુધી આંટા માર્યા કરે છે. દહીં લો, દહીં લો ની બૂમો પાડયા કરે છે. દહીં વેચાય કે ન વેચાય તેની એને પરવા નથી. એ તો વિચારે છે, કયાંક શ્યામસુંદરનાં બે નેત્રોનાં મને દર્શન થઇ જાય તો કેવું? નંદબાવાએ જોયું કે આ ગોપી સવારથી આ ગલીમાં જ આટાં મારતી, દહીં લો ની બૂમો પાડતી થકવી નાખે છે. નંદબાવાએ તેને બોલાવી : અરિ આમ આવ. તું તારા ઘરમાં બહું સયાની (ડાહી) લાગે છે. તું માઠું ન લગાડતી હોં મારા ઉપર, પણ મને લાગે છે કે તારા ઘરમાં તારા સિવાય બધાં મૂર્ખા છે કે તને દહીં વેચવા મોકલી અને તે પણ જેના ઘરમાં નવ લાખ ગાયો છે ત્યાં! આ ઘર આગળ સવારથી સાંજ સુધી બૂમો પાડીશ તો પણ કોણ તારું દહીં લેવાનું છે? ખબરદાર, જો કાલથી આ ગલીમાં તું આવી છે તો. ગોપી તો કંઇ બોલી શકી નહીં. નીચું જોઇને રડતી આંખે ચાલી ગઇ. બીજા દિવસનું સવાર થયું. દહીંની મટુકી લઇને નીકળી છે, પણ નંદાલયની ગલીમાં જવાની હિંમત નથી. નંદબાવાનો ડર છે. શું કરવું? યમુનાજીના કિનારે જઇ રહી છે. મનમાં વિરહ છે, વ્યથા છે. ત્યાં શ્યામસુંદર સામેથી પધારીને તેને દર્શન આપે છે.

જેને પ્રભુમાં આવી આસક્તિ થઇ જાય, તેનું એક લક્ષણ શ્રીમહાપ્રભુજીએ **'ભક્તિવર્ધિની'**માં બતાવ્યું. ઘરમાં અરુચિ થવા માંડે, ઘરમાં ગમવા ન માંડે ત્યારે માનવું કે હવે પ્રભુમાં આસક્તિ થઇ છે. આપણને પણ ઘરમાં ગમતું નથી, પરંતુ એ તો કોઇક સાથે ઝઘડો થાય તે દિવસે નથી ગમતું. બહારગામ ગયા પછી તો પાછું ઘર જ યાદ આવે.

મુંબઇમાં એક વૈષ્ણવ હતા. તે એમ કહેતા કે હું રોજ માનસી સેવા કરું છું. એમને પૂછવામાં આવ્યું કે તમે શું કરો છો? તો એમણે કહ્યું : હું અહીં મુંબઇમાં માનસી સેવા ન કરું, મને ન ફાવે. રોજ હું માનસીમાં ચાર્ટર્ડ પ્લેનમાં વ્રજમાં જઉં છું. અને ત્યાં બધી સેવા કરીને પાછો આવતાં મારા વતનમાં જે ઘર છે, ભલે બંધ છે, થોડી જમીન છે - એ બધાંની માનસીમાં ખબર કાઢીને પરત આવું છું!

શ્રીહરિરાયચરણ ચોથો પ્રતિબંધ બતાવે છે : **લોક-વેદમાં પ્રતિષ્ઠા.** આપણને સૌને મોટાઇનો ખ્યાલ શાન્તિથી જીવવા દેતો નથી. સમાજમાં આપણી પ્રતિષ્ઠાનું એક વાતાવરણ છે, પરિણામે આપણે વિચાર કરીએ છીએ કે બહાર જવું છે તો વ્યવસ્થિત

કપડાં પહેરીને જવું પડશે. આવાં કપડાં પહેરીને જઈશું તો લોકો શું કહેશે? આપણું શું કહેવાશે? ઘરમાં લગ્ન આવ્યું છે, ધામધૂમથી પ્રસંગ નહીં ઊજવીએ તો લોકો શું કહેશે? મોટાઈના ખ્યાલમાં જ આપણે મરીએ છીએ અને ડૂબીએ છીએ. ઘણી વાર આપણું અભિમાન આપણી પ્રતિષ્ઠા વધારવા માટે આપણી પાસે અનેક અવિવેકી કાર્યો કરાવે છે. સેવાની ટીપ થાય છે તેમાં પેલા વૈષ્ણવે હજાર લખાવ્યા! તો મારા લખો બે હજાર. એના કરતાં મારો આંકડો મોટો હોવો જ જોઈએ. એ પાંચ હજાર રૂપિયા ખર્ચે, તો હું બે લાખ રૂપિયા ખર્ચું. એ પચાસ હજાર રૂપિયા દીકરાના લગ્નમાં વાપરે, તો હું બે લાખ રૂપિયા વાપરું! હું એનાથી કમ છું? આવી પ્રતિષ્ઠાનું ભૂત, આવી બડાઈનો ભ્રામક ખ્યાલ આપણા હૃદયને ઘેરી લે છે. એ અભિમાનમાં ચકચૂર બનેલું હૃદય વિચારી શકતું નથી કે ભાઈ, તું આ સંપત્તિનો માલિક નથી, તું તો ટ્રસ્ટી છે. પૈસા વેડફી દેવાનો તને પ્રભુએ અધિકાર નથી આપ્યો. **જે દ્રવ્ય આપ્યું છે તે શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવનાં સુખ અને સેવામાં વપરાવવું જોઈએ.** આપણે આ પ્રતિષ્ઠાના ખ્યાલમાં એવા જીવીએ છીએ કે કોઈ દિવસ વિચાર નથી કરતા કે હું આ મંદિરમાં કે બેઠકજીમાં જે દ્રવ્ય આપું છું અને મારા નામની તકતી લગાડવાનો આગ્રહ રાખું છું તે દ્રવ્યનો હું માલિક છું ખરો? **દ્રવ્ય તો પ્રભુનું છે, તકતી લાગે તો પ્રભુના નામની લાગે;** પણ આજે આપણે ટ્રસ્ટી મટીને માલિક થઈ બેઠા છીએ. પરિણામ, બીજાના પૈસા વાપરીને આપણે આપણી પ્રતિષ્ઠા વધારવાનો મિથ્યા પ્રયાસ કરીએ છીએ. પ્રભુ આવા જીવોથી હમેશાં દૂર રહેતા હોય છે. **પ્રભુએ જે દ્રવ્ય આપ્યું છે તે કોઈ ન જાણે તેમ, ગુપ્ત રીતે સેવામાં વાપરીએ તે આપણી વૈષ્ણવતા છે.**

એક કવિએ બહુ સાચું કહ્યું છે કે આકાશની અંદર પેલાં ગર્જના કરનાર જે વાદળાં છે તેને જુઓ. વાદળાં થોડું પાણી વરસાવે તે પહેલાં કેટલી ગર્જના કરે છે? અને પેલા સમુદ્રને જુઓ. થોકબંધ વાદળોને જળ આપવા છતાં એક અક્ષરે બોલતો નથી. આપે ખૂબ અને છતાંય શબ્દ એક ન બોલે એવા તો કરોડોમાં વીરલા છે. ગુપ્ત સેવા એ સાચી સેવા છે. એમાં દીનતા છે. નામનાનો મોહ રાખીને, તકતીનો આગ્રહ રાખીને કરેલી સેવા તે સાચી સેવા નથી, માટે તો શ્રીહીરરાયચરણે આગલા શિક્ષાપત્રમાં કહ્યું હતું કે તમારી પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ વધારવા માટે સેવાનો અંચળો ન ઓઢશો, સેવાનું નાટક ન કરશો. સેવા હૃદયની દીનતાથી કરવી હોય તો બડાઈના - મોટાઈ મેળવવાના પ્રયત્નોથી હમેશાં દૂર રહેજો.

શ્રીહરિરાયચરણ વૈદિક પ્રતિષ્ઠાનું સ્વરૂપ સમજાવે છે. જપ, તપ, વ્રત, નિયમ વગેરેમાં બીજાની હરીફાઈ કરીને આપણે બધા કરતાં કંઈક વધારે ધર્માચરણ

કરીએ છીએ તેવો દેખાવ કરવો તે વૈદિક પ્રતિષ્ઠા છે. એના કારણે પણ હૃદયમાં મલીનતા આવે છે, માટે લૌકિક અને વૈદિક પ્રતિષ્ઠાથી દૂર રહેવું એવી શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે.

પાંચમો દોષ છે કર્મ વગેરેમાં નિષ્ઠા. ઘણા વૈષ્ણવો છે, જે ઠાકોરજીની સેવા કરતા હોવા છતાં તેમને સંધ્યા, યજ્ઞ, શ્રાદ્ધ, વ્રત, તપ, જપ એ બધાંમાં ભગવદ્સેવા કરતાં પણ વધારે નિષ્ઠા હોય છે. તેઓ એમ માને છે કે આ બધાં કાર્યો અમે કરીશું તો એનું ફળ-એનું પુણ્ય અમને મળશે, પુણ્યનું ભાથું અમે બાંધીશું.

શ્રીગુસાંઇજીના એક સેવક થઇ ગયા. એ મોટા શેઠ હતા. વ્રજયાત્રા કરવા જવાનો ઘણો વિચાર કરે, પણ ધંધા-રોજગારમાંથી સમય ન મળે. એક દિવસ એમણે ભગવદ્વાર્તામાં એમ કહ્યું કે મારા વતી જો કોઇ વ્રજયાત્રા કરી આવે હું એને રૂપિયા આપું. પણ શરત એટલી કે એનું પુણ્ય મને મળવું જોઇએ. એક વિરક્ત વૈષ્ણવે કહ્યું કે ભલે શેઠ, તમારે જે વાપરવું હોય તે મને આપજો, હું વ્રજયાત્રા કરી આવીશ. લાવો, તમને લખી આપું કે એનુ પુણ્ય તમને આપું છું. બીજા વૈષ્ણવો કહે છે કે આ મૂર્ખ છે. જાતે આટલી મહેનત કરીને જાય છે અને પુણ્ય શેઠને આપવા તૈયાર થયો છે! પણ પેલા વૈષ્ણવ તો વ્રજમાં ગયા. શેઠે આપેલા દ્રવ્યથી શ્રીજીના, શ્રીનવનીતપ્રિયજીના, શ્રીયમુનાજીના, શ્રીગુસાંઇજી ઘણા મનોરથો કર્યા, લાડ લડાવ્યાં અને આનંદ પ્રાપ્ત કરીને પાછા આવ્યા. કોઇકે એમને પૂછયું : ભાઇ, તમે શું મેળવ્યું? તો વૈષ્ણવ કહે છેઃ મારે પુણ્યને શું કરવું છે? પુણ્ય તો ક્ષણિક છે. પુણ્ય તો એવું છે કે જે ભોગવવા મારે બીજો જન્મ લેવો પડે. હવે તો મારે ભગવદ્પ્રાપ્તિનો જ મનોરથ છે, બીજો જન્મ લેવાની ઇચ્છા નથી. એટલે મેં તો ત્યાં પ્રભુને લાડ લડાવીને, એ મનોરથોના અલૌકિક સુખનો આનંદ લીધો છે. એનાથી મારું હૃદય તૃપ્ત છે, મારે પુણ્ય સંચિત કરવાની કોઇ ઇચ્છા નથી.

વ્રજયાત્રા કરવા જઇએ ત્યારે પણ ભગવદ્સુખની, ભગવદ્સ્વરૂપોના અધિકાધિક મનોરથો કરવાની ભાવના લઇને જઇએ, પુણ્ય મેળવવાની ભાવનાથી ન જઇએ. અષ્ટાક્ષર, પંચાક્ષરના જપ કરીએ તો પણ કેવળ પ્રભુના ગુણાનુવાદ ગાવાના ભાવથી કરીએ, કોઇ લૌકિક કે વૈદિક ફળ મેળવવાની ઇચ્છા રાખીંને ન કરીએ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ફળ મેળવવાની ઇચ્છા રાખીને જો આપણે કોઇ કર્મ કરીશું, તો આપણું મન તે કર્મમાં રચ્યુપચ્યું રહેશે અને પરિણામે હૃદયમાં પ્રભુ નહીં બિરાજે.

શ્રીહરિરાયચરણ છઠ્ઠો દોષ બતાવે છે - સ્વર્ગની ઈચ્છા રાખવી તે પુષ્ટિમાર્ગમાં દોષ છે. સ્વર્ગ કોને મળે? જેને થોડું પુણ્ય ભેગું થાય તેને પુણ્યના બદલામાં સ્વર્ગનું સુખ મળે. જેમ આપણે કોઈક હિલ સ્ટેશન ઉપર જઈએ, ખિસ્સામાં રૂપિયાની થોકડીઓ હોય, તે ફાઈવ સ્ટાર હોટેલના મેનેજરને આપો. જેટલા દિવસ તે રૂપિયા ચાલે તેટલા દિવસ સૌ તમને સલામ કરશે, માન આપશે, સુખ-સગવડ આપશે, હોટેલમાં રહેવા દેશે, આદર-સત્કાર કરશે. પણ જે દિવસે એમ કહેશો કે આજે હવે રૂપિયા નથી. તે દિવસે કહેશે કે સાહેબ, સામાન લઈને બહાર જાઓ, હવે અહીં તમારે માટે સ્થાન નથી!

શાસ્ત્રોએ કહ્યું : પુણ્ય પણ વપરાઈ જાય એટલે જે તે જીવને સ્વર્ગમાંથી પાછા પૃથ્વી પર આવવું પડે. વડોદરાની ગરમીથી બચવા હિલ સ્ટેશન ઉપર ગયા, ચાર દિવસ રહ્યા. પણ ફરી પાછા વડોદરાની ગરમી તો કરમે લખાઈ છે, એમાંથી છૂટકો થવાનો નથી, માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે મનમાં આવી તુચ્છ ફળની ઈચ્છા રાખીએ તો મન એ ભોગવિલાસમાં લપટાયેલું રહેશે, શ્રીજીનું સ્મરણ નહીં થાય, માટે સ્વર્ગની ઈચ્છા ન રાખવી! સ્વર્ગની ઈચ્છા કોઈ નાના બાળકને પીપરમીંટ આપીને તેના હાથ ઉપરથી સોનાની વીંટી ઉતારી લેવા જેવી છે. સ્વર્ગના લોભ અને મોહમાં સાક્ષાત્ પ્રભુથી આપણે વંચિત બનીએ છીએ, **માટે સ્વર્ગની આકાંક્ષા, કોઈ પ્રકારના ભોગ-વિલાસની આકાંક્ષા વૈષ્ણવોએ સેવવા જેવી નથી.**

સાતમો દોષ શ્રીહરિરાયચરણે બતાવ્યો - **આપણો કુટુંબ પ્રેમ.** કુટુંબીજનો ઉપરનો પ્રેમ એ પણ એક દોષ છે. તમે કહેશો કે ત્યારે આજે રાતથી અમે ઘેર જઈને પરસ્પર લડાઈ શરૂ કરીએ? ના, પણ લૌકિક વ્યક્તિઓ તરીકે એમને સ્વીકારીને પ્રેમ કરવો એ દોષ છે, પરંતુ એમનામાં વૈષ્ણવી ભાવ રાખીને જો પ્રેમ રાખીએ, તો એ દોષરૂપ બનતો નથી. કુટુંબીજનો સાથેનો આપણો વ્યવહાર એવો ન બનાવી દઈએ કે જેથી રાત-દિવસ આપણું મન એ કુટુંબીજનોમાં જ રમમાણ રહે.

શ્રીગુસાંઈજીના સેવક થઈ ગયા એક શેઠ. અમદાવાદના વતની છે. શ્રીગુસાઈજી અમદાવાદ પધાર્યા ત્યારે શરણે આવ્યા. શ્રીગુસાંઈજીએ એમને આજ્ઞા કરી : શેઠ, તમે ભગવદ્ સેવા કરો. શેઠ કહે છે : મારાથી એ નહીં બને, પણ એક વાર મને વ્રજયાત્રા કરવાની ઈચ્છા છે. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : અમે અહીંથી વ્રજમાં જ જઈએ છીએ, તમે અમારી સાથે ચાલો. શેઠ કહે છે : મહારાજ હજી મારો કારોબાર સંભાળે એવો એકે દીકરો મને નથી. દીકરો જન્મશે પછી હું વ્રજમાં

આવીશ. શ્રીગુસાંઈજીએ કહ્યું : ભલે, અમે તમારી રાહ જોઈશું. શ્રીગુસાંઈજી અંતર્યામી છે. શેઠને દીકરો જન્મ્યો એવા સમાચાર મળ્યા. એક વૈષ્ણવને મોકલ્યા કે જાઓ, શેઠને યાદ કરાવો કે ચાલો હવે વ્રજમાં. શેઠ કહે છે કે ભાઈ, દીકરો જન્મ્યો, પણ નાનો છે. એને ઉછેરવો, મોટો કરવો - આ તો ફૂલ જેવો રહ્યો. એ મોટો થાય એટલે આવીશ. વૈષ્ણવ પાછા ગયા. વર્ષો વીત્યાં. શ્રીગુસાંઈજીએ ફરીથી વૈષ્ણવને મોકલ્યાઃ જાઓ, હવે તો દીકરો મોટો થયો. ફરી વૈષ્ણવ આવીને કહે કે છે ચાલો. શેઠ કહે છે : વાત સાચી છે, પણ દીકરાને પરણાવવો છે, ધંધો શીખવવો છે દીકરાના ઘેર દીકરો આવે તેની રાહ જોઉં છું. બધું થયા પછી હું આવીશ. શ્રીગુસાંઈજીની આજ્ઞા હતી. વૈષ્ણવ ત્યાં જ રોકાઈ ગયા : હવે તો તમને લઈને જ જવાનું છે. શેઠ કેમેય કરીને વ્રજમાં જતા નથી, બહાનાં કાઢયા કરે છે. એમ કરતાં એમનો દેહ પડી ગયો. બીજી યોનિ કૂતરાની આવી. એમની જ શેરીમાં કૂતરો થઈને જન્મ્યા. વૈષ્ણવને શ્રીગુસાંઈજીની કૃપાથી સમજાયું કે આ શેઠનો જ આત્મા છે. એને પૂછે છે : કેમ હવે આવવું છે? શેઠ કહે છે : હજી આ ઘરની ચોકી કરવાની છે કોઈ આ ઘરનું દ્રવ્ય લઈ ન જાય. કૂતરાની યોનિ પણ પૂરી થઈ. શેઠ સાપ બન્યા. વૈષ્ણવ પૂછે છે : હવે આવવું છે? શેઠ કહે છે : ના, આ ઘરના દ્રવ્યની ચોકી કરવી છે. સાપની યોનિ પૂરી થઈ. ઘરની ગટરનો કીડો બન્યા છે. વૈષ્ણવ પૂછે છે : કેમ, હવે? શેઠ કહે છે : ના, આ ઘરનો એંઠવાડ પણ વહાલો લાગે છે, હમણાં વ્રજમાં નથી આવવું. વૈષ્ણવ કીડાને પાણી ભરેલી ડબ્બીમાં મૂકી તે ડબ્બી લઈને વ્રજમાં ગયા. શ્રીગુસાંઈજી તો શરણે આવેલા ભક્તોનો કૃપા કરીને ઉદ્ધાર જ કરે છે. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે શ્રીયમુનાજીમાં પધરાવી દો; એટલે એની મુક્તિ થશે. મને લાગે છે કે આપણી પણ આજ સ્થિતિ થવાની છે, કારણ કે આપણો કુટુંબપ્રેમ આપણને ક્યાંય એકાગ્રતાથી ભગવદ્-સેવાસ્મરણ કરવા દેતો નથી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : **આઠમો દોષ લૌકિક વિષયોની ઈચ્છા છે.** આપણને લૌકિક બાબતો અને ચીજવસ્તુઓમાં એટલો બધો રસ છે કે વારંવાર એ મેળવવાનું મન થયા કરે છે. આપણને રોજ નવી નવી વસ્તુઓની આકાંક્ષા રહ્યા કરે છે. ઘરમાં પંખો આવે, તો ઈચ્છા કરીએ કે હવે એરકૂલર આવે તો સારું. એરકૂલર આવે તો એરકંડિશનરની ઈચ્છા ઊભી થાય. એક રૂમમાં એરકંડિશનર મશીન આવે, તો આખા મકાનને એરકંડિશન્ડ કરાવવાનું મન થાય. લૌકિક વિષયમાં આપણે વધારે ને વધારે રચ્યાપચ્યા રહ્યા કરીએ છીએ.

આપણને થોડાં વસ્ત્રો કે થોડા અલંકારોથી ચાલતું નથી. રોજ નવાં વસ્ત્રો,નવી ડિઝાઈનના અલંકારો, નવા જોડા કે ચંપલ, નવી વસ્તુઓ, નવાં સાધનો - એ લૌકિક વસ્તુઓની ઇચ્છા મનમાં એટલી બધી વધી પડી છે કે એમ થાય કે અહીંથી લઇ આવું કે ત્યાંથી લઇ આવું? ભારતમાં એ ન મળે તો એમ થાય કે ચાલો, અમેરિકા જઇશું. આપણું મન આ લૌકિક વિષયોમાં જ્યાં સુધી રચ્યુંપચ્યું છે ત્યાં સુધી પ્રભુમાં મન લાગવાનું નથી

બાઇબલે એના પહેલા જ વાક્યમાં પુષ્ટિસિદ્ધાંત આપ્યો : કોઇ પણ માણસ એક સાથે બે માલિકની સેવા કરી શકતો નથી, બેને ખુશ કરી શકતો નથી. કાં તો તમે જગદીશની સેવા કરો અને જગતને ભૂલી જાઓ અને કાં તો તમે જગતમાં રચ્યાપચ્યા રહો અને જગદીશને ભૂલી જાઓ. **કુટુંબનો પ્રેમ આપણને પ્રભુને ભુલાવે છે.**

હવે નવમો દોષ છે લૌકિકમાં આસક્તિ. કેવળ ઇચ્છાથી વાત પૂરી થતી નથી. સર્વ પદાર્થોમાં, સર્વ વ્યવહારમાં પણ આપણી આસક્તિ દિવસે દિવસે વધતી જાય છે. એમાંથી છુટાતું નથી, એમાંથી મુક્ત થઇને બે ઘડી સેવા-સ્મરણ-સત્સંગ કરવાનું મન થતું નથી.

દસમો દોષ છે આપણા આનંદ માટે, શોખ માટે, વિષય-વાસનાના ઉશ્કેરાટ માટે સ્વાદિષ્ટ પદાર્થોનું ભોજન કરવું. શ્રીમહાપ્રભુજીએ **'સર્વનિર્ણયપ્રકરણ'**માં આપણી આ નબળાઇને બતાવતાં આજ્ઞા કરી : જીવ કેવો છે? **'જિહ્વોપસ્થપરાયણઃ ।'** જિહ્વા એટલે જીભ. **જીવ જીભનો ગુલામ બની ગયો છે.** આપણને ખાવાપીવાનો એટલો બધો ચસકો લાગ્યો છે કે આપણે ભાન ભૂલ્યા છીએ, જ્ઞાન ભૂલ્યા છીએ, વિવેક ભૂલ્યા છીએ. આ ખાવાલાયક છે કે નહીં, આ શુદ્ધ છે કે નહીં, આ શરીરમાં રોગને નોતરશે કે નહીં એનો વિચાર કર્યા વગર રસ્તામાં જે મળે તે બધું પેટમાં ઠાલવ્યા જ કરીએ છીએ! અમદાવાદમાં રાત્રે નવદસ વાગ્યા પછી માણેકચોકમાં જાઓ, ત્યાં તમને માણસોના સ્વરૂપમાં ફરતાં પશુઓ જ જોવા મળશે. જે કોઇ વિવેક વિના, જે આવ્યું તે પેટમાં ઓર્યા કરતાં હશે. રસ્તેથી પસાર થઇએ અને ખાદ્ય પદાર્થો દેખાય એટલે આપણી જીભ લપકારા માર્યા કરે છે. આપણને ઘરમાં શુદ્ધ સાત્ત્વિક ભોજનથી કે ભારતીય વાનગીઓથી સંતોષ નથી થતો, તેથી ચાઇનીસ, યુરોપિયન, મેક્સિકન વાનગીઓ ખાવા માટે રોજ જીભ લપકારા મારતી હોય. ગરમાગરમ વાનગીઓ, તીખા તમતમતા પદાર્થો ખાવા માટે આપણે સતત પ્રયત્નશીલ રહેતા હોઇએ છીએ.

આ બધા ખાદ્ય પદાર્થોની શરીર ઉપર નિશ્ચિત અસર થાય છે. માટે કહ્યું છે કે જેવું અન્ન તેવો ઓડકાર. તમે જે અન્ન ભોજનરૂપે ખાશો, તે વીર્ય અને પ્રાણરૂપ ધારણ કરીને સમગ્ર શરીરને, ઇંદ્રિયો અને મનને એ પ્રકારનું બનાવશે. ભોજનનો વિવેક ગુમાવી બેસવાને કારણે આપણે મનમાં સતત ખાવા સિવાયની બીજી કોઇ બાબતનો વિચાર કરતાં નથી, પરિણામે હૃદયમાં પ્રભુ નથી રહ્યા.

શ્રીહરિરાયચરણ **અગિયારમો દોષ** બતાવે છે : **આપણું દેહાભિમાન.** ખાવામાંથી પરવારીએ એટલે શરીરને સુંદર અને સુશોભિત બનાવવા પાછળ બાકીનો સમય ખર્ચી નાખીએ છીએ. એક ફિલસૂફે બહુ સાચું કહ્યું છે કે માણસ એની જિંદગીનો પા ભાગ અરીસા સામે પસાર કરે છે. શરીરના સુશોભન માટે, શરીરના સૌષ્ઠવ માટે, શરીરના શણગાર માટે આપણે એટલા બધાં રચ્યાંપચ્યાં રહીએ છીએ કે મન અને ઇંદ્રિયોને પ્રભુસેવા-સ્મરણનો અવકાશ નથી મળતો.

બારમો પ્રતિબંધ છે કુળનું અભિમાન. હું આવા મોટા કુટુંબનો. જ્ઞાતિમાં મારું ઘર સૌથી મોટું, હું ધોતી-બંડી પહેરીને સેવામાં કેવી રીતે જઉં? હું તિલક કરીને નીકળું તો લોકો મને શું કહેશે? આપણું આ કુળાભિમાન આપણને વૈષ્ણવતાનું આચરણ કરતાં રોકે છે.

તેરમો દોષ છે વિદ્યામદ. જ્ઞાન જો સુપાત્ર વ્યક્તિને પ્રાપ્ત થાય, તો વિદ્યાથી વિનય આવે, વિવેક આવે, નમ્રતા આવે. પણ અધૂરી વિદ્યાને લઇને આપણને એવું અભિમાન આવે છે કે હું આ બધું જાણું છું, બધું સમજું છું. હવે મારે કશું જાણવા - સમજવાનું રહ્યું નથી. વિદ્યામદને લીધે આપણે કયારેક બીજાઓનું અપમાન કરી દઇએ, સેવાસ્મરણથી પણ વિમુખ બનીએ.

રાણા વ્યાસજીને આવો વિદ્યામદ હતો : હું કાશીના બધા પંડિતોને હરાવી દઇશ! પણ પ્રભુ તેમને શરણે લેવા ઇચ્છતા હોઇ એવી લીલા કરી કે રાણા વ્યાસ જ્યાં જ્યાં શાસ્ત્રાર્થ કરવા ગયા ત્યાં બધે હારી ગયા, એમનો વિદ્યામદ તૂટી ગયો, ત્યારે છેવટે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. રાણા વ્યાસની વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્ઞાનનો બોજો ઊંચકીને હે વૈષ્ણવો, તમે ફરશો નહીં. એવું જ્ઞાન ન મેળવશો કે જેના કારણે પ્રભુનાં સેવાસ્મરણથી તમે દૂર ને દૂર ચાલ્યા જાઓ. **જ્ઞાનનું અભિમાન હોય ત્યાં સુધી પ્રભુમાં સ્નેહ જાગતો નથી.**

એક અંગ્રેજ ફિલસૂફે સાચું કહ્યું છે : જ્યાં જ્ઞાન અટકી જાય છે, ત્યાંથી પ્રેમની શરૂઆત થાય છે. આમ, વિદ્યાનું અભિમાન પણ આપણા હૃદય ઉપર એવો

કબજો જમાવે છે કે આપણા મનમાંથી પ્રભુનું સ્વરૂપ ખોવાઇ જાય છે.

ચૌદમો દોષ છે ભગવદ્સેવાનો અભાવ. વૈષ્ણવ થઇને, બ્રહ્મસંબંધ લઇને ઠાકોરજીની સેવા ન કરીએ તે મોટો અપરાધ છે. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે **જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની સેવા ન કરે તે એના માટે દોષરૂપ છે, તેમ આપણે પ્રભુને સમર્પણ કરીને, પ્રભુનના દાસ બનીને, એમની સેવા ન કરીએ તો તે આપણો મોટોમાં મોટો દોષ છે.**

પંદરમો દોષ છે દેહનું લાલનપાલન કરવું. સહેજ શરદી થાય કે છીંક આવે એટલે કહીએ કે આજે સ્નાન નહીં કરીએ, શરદી થઇ ગઇ છે. દેહની આવશ્યક કાળજી લેવી તે આપણું કર્તવ્ય છે, કારણ કે આ દેહ પ્રભુએ તેમની સેવા માટે આપ્યો છે. જો આ દેહથી પ્રભુની સેવા થતી હોય તો દેહ તંદુરસ્ત રહે, સ્વસ્થ રહે તે માટેના બધા ઉપાયો અવશ્ય કરવા જોઇએ. પણ દેહના લાલનપાલન પાછળ આપણે ભાન ન ભૂલી જઇએ કે જેથી દેહ મહત્ત્વનો બની જાય અને પ્રભુ ગૌણ બની જાય.

સોળમો દોષ છે અસત્સંગ. ભગવદીયોનો સત્સંગ ન કરવો તે પણ દોષરૂપ છે. આજે ચારે બાજુ પ્રબળ દુ:સંગ ફેલાયેલો છે. ત્રીજા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને દુ:સંગ અને સત્સંગનું સ્વરૂપ સમજાવ્યું હતું. આપણા હૃદયનો ભગવદ્ભાવ અગ્નિરૂપ છે, દુ:સંગ જળરૂપ છે અને સત્સંગ પાત્ર એટલે વાસણરૂપ છે. અગ્નિ ઉપર સીધું જળ રેડીએ તો અગ્નિ ઓલવાઇ જાય, એવી રીતે ભગવદ્ભાવરૂપી અગ્નિ ઉપર દુ:સંગની અસર થાય, તો ભગવદ્ભાવ શિથિલ થઇ જાય, પરંતુ વચમાં જો સત્સંગરૂપી પાત્ર મૂકી દો, તો તેમાં પડતા દુ:સંગરૂપી જળથી ભગવદ્ભાવ ઓલવાશે નહીં, પણ દુ:સંગનો નાશ થઇ જશે.

સત્તરમો અપરાધ બતાવ્યો અસમર્પિત. પ્રભુને ભોગ ધરીને લેવું તેનું નામ સમર્પિત. પ્રભુને ભોગ ધર્યા વિના લેવું તેનું નામ અસમર્પિત. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધ થવાથી જે દોષો દૂર થાય છે, તે દોષો ફરી ન લાગે તે માટે તમે બધા જ પદાર્થો પ્રભુને સમર્પણ કરીને એનો ઉપયોગ કરો. સમર્પિત પદાર્થોથી તમારો જીવનનિર્વાહ કરો. આપણે અસમર્પિત ભોજન ખાઇએ છીએ, તેથી આપણી બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે, એના કારણે આપણું હૃદય ભ્રષ્ટ થયું છે, આપણને પ્રભુમાં સ્નેહ થતો નથી. અસમર્પિત ત્યાગનો સૌથી ઉત્તમ પ્રકાર પ્રભુને ભોગ ધરી, પ્રસાદરૂપે લેવાનો છે. તે ન બને તો, મિશ્રી આદિ પ્રભુને ભોગ ધરાવી, ભોજન આદિમાં તે મિશ્રી વગેરે મહાપ્રસાદ પધારવો. તેનાથી એ પદાર્થોનો અસમર્પિતનો દોષ દૂર થશે. પરંતુ આ

આધરામૃત નથી, કારણ કે પ્રભુને સાક્ષાત્ ભોગ ધરીએ અને પ્રભુ અંગીકાર કરે તે એમનું સાક્ષાત્ અધરામૃત છે. એ કૃષ્ણાધરામૃતસ્વાદની સિદ્ધિ છે. જ્યારે એમાં પ્રસાદ પધરાવીને લઈએ તે કેવળ અસમર્પિતનો દોષ દૂર કરનાર છે, પ્રભુનું એ સાક્ષાત્ અધરામૃત બનતું નથી. મહાનુભાવો તો એવી આજ્ઞા કરે છે કે તમે જ્યાં જાઓ ત્યાં તમારા ખિસ્સામાં ચરણામૃતની એક નાની ડબી રાખો. હોટેલમાં ખાવું પડતું હોય, ઈલાજ ન હોય તો નાછૂટકે ખાઓપીઓ, પણ એમાં પેલી ડબીમાંથી સહેજ ચરણામૃત પધરાવીને પછી લો. કોઇ પૂછે તો કહેવું કે આ મારી દવા છે. જેમ ડાયાબિટીસનો દર્દી સેકરીનની ગોળીઓની ડબી ખિસ્સામાં રાખતો હોય અને ચહાના કપમાં નાખીને પીતો હોય, તેમ આપણે આટલું તો અવશ્ય કરી શકીએ.

અસમર્પિત છૂટવાનો વિચાર સૌથી વધારે જો કોઇ કરી શકે તો તે આપણી માતાઓ અને બહેનો કરી શકે. કારણ કે રસોઇ કરીને જમાડવાની જવાબદારી હજી તેમના શિરે છે.

મુંબઇના એક વૈષ્ણવનો પ્રસંગ યાદ આવે છે. ભાટિયા કુટુંબની એ દીકરી. તેના ઘરમાં પેઢીઓથી ઠાકોરજી સખડીભોગ આરોગે. પ્રભુએ કંઇક એવી લીલા કરી કે એ છોકરી તેની સાથે ભણનાર મુસલમાન સાથે પરણીને મુસલમાન પતિના ઘેર ગઇ. જન્મના સંસ્કારો જાગૃત છે. એના ઘરમાં એ અને એના પતિ બે જ છે. તે પતિને કહે છે : આખા ઘરમાં તમારી સત્તા, રસોડામાં કેવળ મારી સત્તા. તમને હું ડાઈનિંગ ટેબલ ઉપર બે વખત ગરમાગરમ ભોજન આપીશ, પણ તમારે રસોડામાં આવવાનું નહીં! પતિને તે કબૂલ હતું. બજારમાંથી તેણે શ્રીનાથજીનાં ચિત્રજી લાવીને રસોડાના એક ગોખલામાં પધરાવ્યાં. રસોઇ બનાવતાં મનોમન શ્રીજીબાવાને વિનંતી કરે છે: મહારાજ! મારો દેહ મ્લેચ્છ થયો છે, ઘર મ્લેચ્છ છે, આપને આરોગાવવાનો અધિકાર હું ગુમાવી ચૂકી છું. છતાંય, શ્રીમહાપ્રભુજીની કાનિથી હું એટલી વિનંતી કરું કે આ બધા ખાદ્ય પદાર્થો ઉપર આપ કેવળ દૃષ્ટિ કરો, જેથી તે અસમર્પિત ન રહે. એવી રીતે તે તેના પતિને જમાડી પોતે પણ ભોજન કરે છે. આજે સુધી એ બહેનનો એ પ્રકાર ચાલ્યો આવે છે. અસમર્પિતમાંથી છૂટવાનું માતાઓ અને બહેનો માટે બહુ સહેલું છે. તમે ધારો તો તમારા ઘરનાં બધાંને, ઘરમાં બનાવેલા પદાર્થોમાં મિશ્રી કે ચરણામૃત પધરાવીને જરૂર લેવડાવી શકો. તેમને બહારનું ખાવાનું મન છૂટી જાય, તે માટે ઘરમાં જે કંઇ શકય હોય તે બનાવીને ખવડાવી શકો. જો કે આજે તો જીવથી જે નહોતું છૂટતું તે પ્રભુએ કૃપા કરીને છોડાવ્યું છે.-પોતાના સેવક કમળા નામના રોગને મોકલીને, કે તું પૃથ્વી ઉપર ગુજરાતમાં જા અને ત્યાં મારાં જે જીવો બહિર્મુખ

બનીને, પશુની જેમ રસ્તામાં ખાઇ રહ્યા છે તે સૌને એવા ગભરાવી દે કે ઘરમાં પણ જળ પીતાં સત્તર વાર વિચાર કરે! કમળો ભલે કાલે જતો રહે, પણ બહારનું ખાવાની, બિનજરૂરી ખાવાની ટેવ છોડી દેજો. એના કારણે મન અને ઇંદ્રિયો શુદ્ધ અને પ્રભુગામી બનશે.

શ્રીહરિરાયચારણ **અઢારમો દોષ** બતાવતાં કહે છે : **આપણે લૌકિક વાતનો એટલો બધો બબડાટ કરીએ છીએ** કે દિવસમાં જો કોઇ આપણા બોલવાની આખી કેસેટ કરી લે, તો ખબર પડે કે આપણે કામનું અને નકામું કેટલું બધું બોલીએ છીએ! જેનો જવાબ એક શબ્દથી આપી શકાય તેના દસ-વીસ શબ્દ બોલીએ છીએ! વિના કારણ લોકોની સાથે જીભાજોડી કરીએ છીએ. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **લૌકિક બોલવાની વૃત્તિનું નામ છે અસદાલાપ.** તેને કારણે આપણે જે નિવેદન કર્યું છે, બ્રહ્મસંબંધની જે પ્રતિજ્ઞા કરી છે તેની વિસ્મૃતિ થઇ ગઇ છે. પ્રતિજ્ઞામાં શી વિનંતી કરી, શું સમર્પણ કર્યું તેનો આપણે વિચાર કરતાં નથી, એ પણ એક દોષ છે. રોજ **આપણે નિવેદન મંત્રનું, નિવેદનની ભાવાનાનું ભગવદીયો સાથે મળીને સ્મરણ કરવું જોઇએ.**

ઓગણીસમો દોષ છે શરણ-વિસ્મૃતિ. આપણે પ્રભુના દાસ છીએ, એમના શરણે છીએ, એનો વિચાર પણ આપણે કરતાં નથી. આ બધું હું કરું છું -કર્તૃત્વના આ અભિમાનમાં આપણી શરણાગતિ ભુલાઇ ગઇ છે. વિચાર કરજો, તમારા હૃદયને પૂછી જોજો કે રોજ તમે અષ્ટાંક્ષરની એક માળા કરો તો એટલી મિનિટ પણ એકાગ્ર ચિત્તથી શરણ-ભાવનાનું ચિંતન કરીને કરો છો ખરા? શરણની વિસ્મૃતિ એ પણ દોષ છે.

શ્રીહરિરાયચરણ **વીસમો દોષ** બતાવે છે, **અન્યાશ્રય.** ગયા વર્ષે અન્યાશ્રયના સિદ્ધાંત વિષે આપણે વિશદતાથી વિચાર કરેલો છે. એ એક સ્વતંત્ર વિષય છે, એટલે અત્યારે ફરીથી તેનો વિગતે વિચાર નહીં કરી શકીએ, પણ અન્યાશ્રયનો ટૂંકમાં અર્થ કરવો હોય તો આટલો જ કે **આપણા સ્વામી એવા પ્રભુ સિવાય કોઇ પણ વસ્તુનો આશ્રય કરવો. કોઇ પણ વસ્તુ,વ્યકિત, પદાર્થ પાસેથી કંઇક મેળવવાની ઇચ્છા રાખવી, એનો આધાર લેવો, તે આપણું ભલું કરશે એવો વિચાર કરીને એની પાસે જવું, એની પાસે માગવું, એનું નામ અન્યાશ્રય.** અન્યાશ્રય કેવળ દેવદેવીનો જ નહીં, મનુષ્યોનો પણ થાય. પત્ની જો એમ વિચારે કે મારા આ પતિને લીધે મારું જીવન સુખી છે, તો એ પતિનો અન્યાશ્રય છે. આપણી જાતનો પણ અન્યાશ્રય થાય. જો આપણે એમ વિચારીએ કે મારામાં શક્તિ છે તો હું કમાઉં છું, તો આપણી જાતનો અન્યાશ્રય ગણાય. અન્યાશ્રય મનથી, વાણીથી અને કર્મથી-ક્રિયાથી પણ થાય. માટે

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે અન્યાશ્રય મહાન બાધક છે. તેથી તેનાથી હંમેશાં ડરતા રહેજો.

શ્રીહરિરાયચરણ એકવીસમો દોષ બતાવે છે. અન્ય દેવો પાસે આપણા જીવન માટે લૌકિક ફળોની અપેક્ષા રાખવી. આ પણ અન્યાશ્રયનો જ એક પ્રકાર છે.

બાવીસમો દોષ છે ભગવદ્-ચરણરવિંદમાં વૈરાગ્ય. લૌકિકમાં આસક્તિ હોય તો પ્રભુનાં ચરણારવિંદમાં આસક્તિ ના રહે, વૈરાગ્ય થાય. પ્રભુનાં ચરણારવિંદમાં વૈરાગ્ય થયો તેનાં લક્ષણો શું ? શ્રીહરિરાયચરણે ત્રણ લક્ષણો આપ્યાં : **પહેલું અસંભાવના.** પ્રભુ વિષે આપણને લૌકિક વિચાર આવે. એમ થાય ઠાકોરજી આટલા નાના બાળક અને આટલો મોટો છપ્પનભોગ કેવી રીતે આરોગતા હશે? આવો વિચાર આવે તો માનવું કે ભગવદ્-ચરણાવિંદમાં આપણો વૈરાગ્ય છે. પ્રભુને હજી આપણે સમજી શક્યા નથી. **બીજું, વિપરીત ભાવના.** પ્રભુમાં આપણી ભાવના એવી વિપરીત બને કે ઠાકોરજી તો આચારનું પાલન કરતા નથી, સ્નાન કર્યા વિના મંગળભોગ આરોગે છે અને આપણને એમ કહેવામાં આવે છે કે નહાયા વિના કશું લેવું નહીં. આ વિપરીત ભાવના છે. વૈષ્ણવોએ આવી ભાવના કદી ન કરવી ત્રીજું, **મિથ્યાભિમાન.** શ્રીઠાકોરજીના સ્વરૂપમાં આપણને મિથ્યાભિમાન થાય છે. તેમના અલૌકિક સ્વરૂપને બદલે આપણે તેમને લૌકિકવત્ વિચારીએ. ત્યારે પણ આપણને દોષ લાગે છે.

શ્રીહરિરાયચરણ ત્રેવીસમો દોષ બતાવે છે : લૌકિક વ્યાવૃત્તિ. વ્યાવૃત્તિ શબ્દનો અર્થ જોઇ ગયા છીએ. બિનજરૂરી લૌકિકમાં ડૂબેલા રહેવું એનું નામ લૌકિક વ્યાવૃત્તિ. બે વ્યક્તિઓને ધીમેથી વાત કરતા જોઈએ અને આપણને મનમાં આવે કે એ શું વાતો કરતા હશે? મારા વિશે કહેતા હશે? લાવને. જરા પાસે જઇને ખાનગીમાં સાંભળી લઉં. આ બધા વ્યાવૃત્તિના પ્રકારો છે.

ચોવીસમો દોષ છે ગુરુદ્રોહ. આપણા ગુરુ શ્રીમહાપ્રભુજી, અને જેમણે કૃપા કરીને બ્રહ્મસંબંધ આપ્યું તે શ્રીવલ્લભકુળ આપણાં ગુરુદ્વાર છે. એમનો આપણે દ્રોહ કરીએ, એમના સ્વરૂપને આપણે જાણીએ નહીં, તો પણ એનો દોષ લાગે છે.

પચીસમો દોષ છે ભગવદીયોને આપણા કરતાં ન્યૂન એટલે હલકા ગણવા. આપણે દુનિયામાં સૌથી મોટા છીએ એમ સમજી સૌના દોષ જેવા એ પણ એક દોષ છે.

છવ્વીસમો દોષ છે આપણા શરીરમાં પુષ્કળ તાકાત હોવાનું અભિમાન રાખવું, વધુ પડતી વિષયવાસના સેવવી. શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરી

કે પુત્રની કામના એટલા માટે કરીએ કે શ્રીઠાકોરજીની સેવા માટે સહાયક બને. એના બદલે આપણે વિષયવાસના માટે પુત્રસુખ ઇચ્છીએ તે પણ દોષ છે.

સત્તાવીસમો દોષ છે ઈન્દ્રિયોના પોષણમાં તત્પર રહેવું, આંખોને ભગવદ્દર્શનને બદલે લૌકિક દર્શનમાં રાખવી, કાનને લૌકિક વાતો સાંભળવામાં, હાથને લૌકિક કાર્યો કરવામાં, જીભને લૌકિક વાતોમાં જોડવાં એ દોષ છે.

અઠ્ઠાવીસમો દોષ છે લૌકિક કાર્યોમાં પ્રીતિ રાખવી. આવશ્યક કાર્યો કરવાં તે આપણી ફરજ છે. ફરજ સમજીને, અનાસક્ત ભાવે કાર્યો કરવાં તે એક વાત છે અને તેમાં પ્રીતિ રાખીને ગળાડૂબ રહીને કરવાં તે બીજી વાત છે. પ્રભુએ સોંપેલી ફરજો બજાવવી તે કર્તવ્ય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે : હે જીવ, તારો અધિકાર કેવળ કર્મ કરવાનો છે, તને સોંપેલું કર્મ તું કર્યા કર. ફળ મારે જે આપવું હશે તે જ હું આપીશ. તેનો વિચાર તું કરીશ નહીં. પ્રભુની આ આજ્ઞા સમજવી જરૂરી છે.

ઓગણીસમો દોષ બતાવ્યો કુટુંબમાં ડૂબેલું મન. જેના વિષે આપણે અગાઉ વિચાર કરી ગયા છીએ.

ત્રીસમો દોષ બતાવે છે કે **જે સ્થાનમાં પ્રભુનાં દર્શન ન થાય, પ્રભુનો અનુભવ ન થાય, પ્રભુનું સ્મરણ કરવાનું મન ન થાય તેવા દેશમાં, તેવા સ્થળોમાં રહેવું.** શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે વ્રજમાં, નાથદ્વારામાં જ્યાં મંદિરો આવેલાં હોય ત્યાં, જ્યાં બેઠકજી બિરાજતાં હોય તેવાં સ્થળોમાં ભગવદીયોની સાથે મળીને રહેજો, જેથી ભગવદીયોના સંગમાં સેવા-સ્મરણ દ્વારા કૃષ્ણાનુભવ થાય.

એકત્રીસમો દોષ હૃદયમાં ઉત્પન્ન થતો હર્ષ અને શોક છે. લૌકિક બાબતોમાં હર્ષ અને શોક થવો તે પણ દોષ છે. માટે મનને એવું તટસ્થ બનાવો કે લૌકિક બાબતોનો આનંદ પણ ન હોય, તેનું દુઃખ પણ ન હોય.

બત્રીસમો દોષ છે પૈસાનો લોભ કરવો. જીવનમાં લોભ કરશો નહીં. પ્રભુ કૃપા કરીને જ્યારે જે આપે, તેનાથી આનંદપૂર્વક જીવન જીવતાં, ભગવદ્સ્મરણ કરતાં રહીએ.

તેત્રીસમો દોષ છે સૌનું બુરું ઇચ્છવું, કોઇનુંય મનથી, વાણીથી કે ક્રિયાથી બુરું બોલશો નહીં, કરશો નહીં. હૃદયમાં જે બુરું ઇચ્છે તેનું હૃદય કાદવથી ભરેલું રહે છે, તેમાં પ્રભુ પધારતા નથી.

ચોત્રીસમો દોષ છે દાસત્વનું વિસ્મરણ. આપણે પ્રભુના દાસ છીએ. તે આપણે ભૂલી ગયા છીએ. યાદ આવી ગયું કે હું કંઇક છું, હું પોતે સમર્થ છું. પરિણામે, આપણામાં આવેલું અભિમાન અને ભગવદ્-વિસ્મૃતિ, એનો દોષ લાગે છે

પાંત્રીસમો દોષ શ્રીહરિરાયચરણ બતાવે છે : **દુનિયામાં બધું કરજો, પણ કોઇના ઉપર અધિકાર જમાવશો નહીં. અધિકાર એ મોટોમાં મોટો દોષ છે.** અધિકારમાંથી અહંકાર આવે છે, અહંકારમાંથી બીજાને દુઃખ પહોંચાડવાની લાગણી આવે છે. અધિકારને કારણે આપણું હૃદય મદોન્મત્ત બની જાય છે. માટે તો શ્રીકૃષ્ણદાસ અધિકારી નિત્યલીલાને પ્રાપ્ત થયા ત્યારે શ્રીગુસાંઇજી શ્રીનાથજીને પૂછે છે કે હવે હું આપના મંદિરનો અધિકાર કોને સોપું? શ્રીજીબાવાએ જવાબ આપ્યો : હું શું કરવા કોઇ જીવનો બગાડ કરું? શ્રીગુસાંઇજી પણ વિચારે કરે છે કે હું પણ શા માટે કોઇ જીવનો બગાડ કરું? અધિકાર જીવનો બગાડ કરનાર છે. માટે નક્કી કર્યું કે આ અધિકારનો ઉપરણો ખીંટીએ લટકાવો, જેને પોતાની જાતે પહેરવો હોય અને પોતાના અધિકારને કારણે પ્રભુથી દૂર જવું હોય તે ભલે પહેરી લે. વાર્તાપ્રસંગ એમ કહે છે કે ઉપરણો ઓઢવા માટે પણ વૈષ્ણવો ઝગડી પડેલા. હમેશાં દાસ બનીને સેવા કરજો. મંદિરની સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે હું અધિકારી છુ એવો ખ્યાલ રાખીને સેવા ન કરશો, હું તો પ્રભુનો દાસાનુદાસ છું એ ભાવ રાખીને સેવા કરજો. તો એ અધિકારનો દોષ લાગુ નહીં પડે.

છત્રીસમો દોષ બતાવે છે : **પાપાચરણમાં પ્રેમ.** કેટલાક માણસોને પાપ કરવું ગમે છે, બીજાને ગાળો દેવાનું, મારવાનું કે ઇજા પહોંચાડવાનું ગમે છે. આવા પાપમાં તમે પ્રેમ ન રાખતા. પાપથી હંમેશાં ડરતા રહેજો. **જે હૃદયમાં પાપ હોય તે હૃદયમાં પ્રભુ ન હોય.**

સાડત્રીસમો દોષ છે : સારા માણસોને બદલે દુર્જનોનો પક્ષપાત કરવો. માટે દુષ્ટ માણસોનું કદી ઉપરામણ ન લેવું, પણ સજ્જન માણસોનું ઉપરામણ લેવું.

આડત્રીસમો દોષ છે હૃદયની નિર્દયતા અને ક્રૂરતા. કયારેક આપણું હૃદય દ્રવતું નથી. આશ્વાસનના શબ્દોથી પણ બીજાનો ઘા રૂઝવી શકતા હોઇએ તેને બદલે ઘામાં મીઠું ભભરાવવાનું આપણને મન થતું હોય છે. હૃદયને હંમેશાં કોમળ રાખીને, બીજાને દુઃખ થશે તેનો સતત ખ્યાલ રાખીને કોઇને કટુ વચન કહેવાં નહીં. સૌની સાથે મધુર વચનોનો વ્યવહાર રાખવો. કવિ દલપતરામે લૌકિક જીવોને પણ સલાહ આપી : કાણાને કાણો નવ કહીએ, કડવાં લાગે વેણ, ધીમે રહીને પૂછીએ શાથી ખોયાં નેણ?

ઓગણચાલીસમો દોષ છે ગરીબોની ઉપેક્ષા કરવી. વચ્ચેના થોડા સમયમાં આપણા વૈષ્ણવ સમાજમાં એવી ભ્રાંતિ આવી ગઇ કે આપણે તો કેવળ સેવા-સ્મરણ કરવાનાં, બીજાની દરકાર નહીં કરવાની. બીજાનું થવું હોય તે થાય, અમને કંઇ લાગતું વળગતું નથી! પરિણામે આપણું હૃદય ક્રૂર અને નિર્દય બન્યું, આપણે ગરીબોની ઉપેક્ષા કરવા માંડી. આંગણે આવેલા ગરીબનું સન્માન કરવામાંથી પાછા પડતા ગયા. આપણી અડોશપડોશમાં રહેનારાઓને મુઠ્ઠી વાળીને જે મદદ કરી શકીએ, તેમાંથી પણ આપણે પાછી પાની કરવા માંડી. ધીમે ધીમે હવે ભગવત્કૃપાથી આપણને આ વાત સમજાવા માંડી છે કે પ્રભુએ જે દ્રવ્ય આપ્યું છે, તે પ્રભુની સેવામાં વિનિયોગ કરાવ્યા પછી જે કંઇ વધે તે પ્રભુની આજ્ઞા લઇને પ્રભુનાં જ બાળકો એવાં ગરીબોના ઉત્કર્ષ માટે, ગરીબોના દુ:ખનાં નિવારણ માટે વાપરીએ. આજે આપણી કરુણતા છે કે આટલો મોટો આપણો વૈષ્ણવ સમાજ હોવા છતાં આપણે બીજાનાં આંસુ લૂછવા તત્પર નથી! આજે એવાં અનેક વૈષ્ણવ કુટુંબો છે, જેમને બે ટંકના ભોજનની ચિંતા છે. ઘણાં કુટુંબોને પોતાનાં બાળકોના અભ્યાસની મોટી ચિંતા છે. કેટલાંક કુટુંબોને રહેવાનાં સ્થાનની કે આજીવિકાનું સાધન મેળવવાની પરેશાની છે, આપણે તેમના માટે આજ સુધી કશું કરી શક્યા નથી.

એક શહેરમાં એક ધર્મ પાળનાર લોકોએ પોતાના ધર્મસ્થાનમાં બે પેટીઓ મૂકી છે: એકની અંદર જેને કંઇ પણ જરૂરિયાત હોય તે પોતાનું નામઠામ અને જરૂરિયાત લખીને ચિઠ્ઠી નાખે અને બીજામાં પોતાનું નામઠામ અને શી મદદ કરવી છે તે લખીને મૂકે. વર્ષોથી તે ગામનો એ સમાજ પોતાના એ સમાજનાં દુ:ખી ભાઇ-ભાંડુઓને એ બે પેટી દ્વારા ગુપ્ત રીતે મદદ કરે છે. એમને એમ લાગે છે કે આમાં અમારું સ્વમાન જળવાય છે અને સૌને લાગે છે કે અમે અમારાં ગરીબ ભાઇભાંડુઓને કંઇક મદદ કરી છે. આપણી પરિસ્થિતિ આજે જુદી છે. આજે એવાં અનેક સ્થળો છે, જ્યાં આપણે જઇએ તો આપણે માટે જલ, પ્રસાદ વગેરેની વ્યવસ્થા પણ દુર્લભ છે. આપણે જલ, પ્રસાદની અપેક્ષા ન રાખીએ, પણ ત્યાં બે સારા શબ્દો પણ આપણને મળવા દુર્લભ છે. હવે આપણે માટે સમય પાકી ગયો છે કે ગામેગામ આપણો વૈષ્ણવ સમાજ સંગઠિત બની, પોતાનાં આવાં દુ:ખી ભાઇભાંડુઓને યથાશક્ય ગુપ્ત રીતે મદદ કરવા તત્પર બને. આપણે આપણા ભાઇભાંડુને આપીએ, તો એનાથી પ્રભુ પ્રસન્ન થશે.

થોડા સમય પહેલાંની વાત છે. સૌરાષ્ટ્રના એક શહેરના કોઇ વૈષ્ણવનો દિવાળી પહેલાં હૃદયદ્રાવક પત્ર આવ્યો. પાંચ માણસોનું એમનું કુટુંબ છે. ઘરમાં

વડીલ પથારીવશ છે. બાળકો બધાં નાનાં છે, કોઇ કમાઇ શકે તેવું નથી. માંદગીમાં ઘરની બધી ઘરવખરી વેચાઇ ગઇ છે. એમને બે ટંક ચહા પીવાનાં પણ ફાંફાં થઇ પડ્યાં છે. એ પત્ર વાંચતાં હૃદય એટલું દ્રવી ગયું કે આખી રાત ચેન ન પડયું. જે વૈષ્ણવોને સ્નેહના સંબંધથી ઓળખતો હતો તે સૌને વિનંતીપત્રો લખ્યા કે એક એવો વૈષ્ણવ પરિવાર છે, જેને માટે આપણે હાથ લંબાવવાની જરુર છે. મને આનંદ થાય છે કે એ સૌ વૈષ્ણવોએ મારી વિનંતી સ્વીકારી. એવા પણ પરિવારો હશે, જે આટલું કહી શકે તેવી સ્થિતિમાં પણ નથી. એ સૌને માટે આપણે કંઇક વિચારવું જોઇએ, કંઇક કરવું જોઇએ. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જો એ નહીં કરીએ તો એ પણ એક દોષ છે.

ચાલીસમો-છેલ્લો દોષ બતાવે છે : આપણી સાથે અપકાર કરનાર, આપણા દિલને દુભાવનાર,આપણને નુકસાન કરનાર સૌને દંડ આપવાને બદલે ક્ષમા આપીએ. ક્ષમા ન આપવી, કટુતાનો વ્યવહાર રાખવો, વેર અને અપકારનો બદલો લેવાની ભાવના રાખવી તે પણ ખરાબ દોષ છે.

આ પ્રમાણે, ચાલીસ દોષોનું નિવારણ આ સત્તવીસમા શિક્ષાપત્રના બીજા શ્લોકથી લઇને દસમા શ્લોક સુધી એટલે કે કુલ નવ શ્લોકમાં શ્રીહરિરાયચરણે કર્યુ.

હવે દસમા શ્લોકમાં આજ્ઞા કરે છે કે આ ચાલીસ દોષો ઉપરાંત, એવા બીજા અનેક દોષો વૈષ્ણવોએ વિચારવા, કારણ કે આ દોષ પ્રભુને ભુલાવનારા છે. આગળ બત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આ જ વાત સમજાવે છે કે કેવા હૃદયમાં શ્રીઠાકોરજી પધારતા નથી.

અહીં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે પ્રભુના જે દાસ છે, એવા વૈષ્ણવોએ સાવધાન બનીને પ્રભુનાં ચરણના શરણે આદરપૂવૃક, આગ્રહપૂર્વક રહેવું જોઇએ. બાકીના શ્લોકમાં શ્રીહરિરાયચરણ આ ચાલીસ દોષોને દૂર કરી, નવ ગુણો પોતાના જીવનમાં સમજપૂર્વક અને ધ્યાનપૂર્વક ઉતારવાની આપણને આજ્ઞા કરે છે.

પહેલો ગુણ છે ભગવદ્માર્ગમાં સ્થિતિ. આપણે કહીએ કે અમને કોઇ પૂછે તો અમે તરત કહીએ છીએ કે વૈષ્ણવ છીએ, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ. અમારી સ્થિતિ તો ભગવદ્માર્ગમાં છે જ. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે કેવળ વૈષ્ણવ કહેવડાવાથી વૈષ્ણવ થઇ જવાતું નથી, ભગવદ્માર્ગમાં સ્થિતિ થતી નથી. આ નવ ગુણ આપણી વૈષ્ણવતાનું બેરોમીટર છે. બેરોમીટર મૂકીને ચકાસી જોજો કે આપણામાં આ ગુણ કેટલા પ્રમાણમાં છે? વૈષ્ણવ શબ્દમાત્રથી વૈષ્ણવ બનાતું નથી.

વૈષ્ણવની વ્યાખ્યા શ્રી દયારામભાઇએ બહુ સુંદર બતાવી. વૈષ્ણવનો પહેલો વ શ્રીવલ્લભનો, વચ્ચેનો ષ્ણ શ્રીકૃષ્ણનો. છેલ્લો વ શ્રીવિઠ્ઠલનો. જેના હૃદયમાં શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીકૃષ્ણ - આ ત્રણેય સ્વરૂપો બિરાજે છે તે વૈષ્ણવ. એમાં આપણે એટલે ઉમેરો કરીએ કે વ ની જે બે માત્રાઓ છે તે સેવા અને સ્મરણ છે. સેવા અને સ્મરણરૂપી છત્રછાયાની માત્રાઓ હોય તો જ હૃદયમાં શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીકૃષ્ણ બિરાજે. શ્રીગુસાંઇજીને શ્રી કુંભનદાસજીએ જે જવાબ આપ્યો છે તે યાદ કરીએ. જે સેવા ને સ્મરણ બંને કરે તે આખો પુત્ર, બેમાંથી એક કરે તે અડધો દીકરો. આપણે આપણી જાતને પૂછી જોવાનું કે આપણે શું કરીએ છીએ? સેવા અને સ્મરણ દ્વારા ભગવાનમાં આપણી સ્થિતિ છે કે કેમ?

બીજો ગુણ બતાવે છે : **સેવા-સ્મરણ કરતાં ભગવન્માર્ગમાં સ્થિતિ રાખનાર વૈષ્ણવને મર્યાદાના કોઇ પણ ફળની ઇચ્છા ન હોય.** આપણે આપણા મનને પૂછી જોઇએ કે તેને કોઇ લૌકિક, વૈદિકની ઇચ્છા, આકાંક્ષા છે ખરી? તું સેવા કરે છે એમાં ઊંડે ઊંડે તારો લૌકિક સ્વાર્થ સાધવાનો વિચાર રહેલો છે ખરો?

તેથી શ્રીહરિરાયચરણે બીજું લક્ષણ આપ્યું : જેને પુષ્ટિમાર્ગીય ફળની આકાંક્ષા હોય તે વૈષ્ણવ ભગવન્માર્ગમાં સ્થિતિ કરીને રહે. પુષ્ટિમાર્ગીય ફળ કયું? શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે આકાંક્ષા છે, ફળ છે. માટે તો વ્રજભક્તોએ વેણુગીતમાં કહ્યું: હે પ્રભુ! અમારાં નેત્રોનું જો કોઇ પણ પ્રયોજન હોય, કોઇ પણ ફળ હોય તો તે અમને આપની માધુરી મૂરતનાં સદાય દર્શન થયા કરે.

શ્રીગોપેશ્વરજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવની બીજી આકાંક્ષા વ્યક્ત કરે છે, સદાય લીલાના અનુભવની ઝંખના, પ્રભુની આકાંક્ષા આપણા હૃદયને સતત વિરહતાપથી તપાવતી હોય, તો તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો ગુણ છે.

ત્રીજો ગુણ છે **લૌકિકમાં વિરક્તિ.** પરિણામે બહુ સહજ રીતે ભગવદાસક્તિ થવા માંડે. લૌકિકમાં રહેવા છતાં, લૌકિકના વિષયોનો સ્પર્શ હૃદયને ન થાય, હૃદય લૌકિક વિષયોમાં જળકમલવત્ રહે એ પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે ઇચ્છનીય ગુણ છે.

ચોથો ગુણ બતાવ્યો, **શ્રીકૃષ્ણમાં આસક્તિ દ્વારા સર્વાત્મભાવની દઢતા.** પ્રભુમાં ધીમે ધીમે પ્રેમ થાય, આસક્તિ વધે. એમાંથી વ્યસન અવસ્થા પ્રાપ્ત થઇ, એવો સર્વાત્મભાવ પ્રકટે કે મારું સર્વસ્વ કેવળ પ્રભુ છે, મારા પ્રાણ કરતાં પણ પ્રભુ મને વધારે પ્રિય છે. પ્રભુ સિવાય બીજો કોઇ વિચાર, બીજું કોઇ કર્તવ્ય નથી. સેવા-સ્મરણ

દ્વારા હૃદયમાં આવો સર્વાત્મભાવ પ્રકટાવવાની અને દૃઢ કરવાની આવશ્યક્તા છે.

પાંચમો ગુણ બતાવ્યો સત્સંગ. ભગવદીયોના સંગમાં રહેવું અને તેમના મુખથી ભગવદ્વાર્તાનુ શ્રવણ-સ્મરણ કરવું તે સત્સંગ. થોડોક વખત માત્ર શ્રવણ કરવાથી સત્સંગની પરિસમાપ્તિ થતી નથી. ભગવદીયોના સંગમાં રહીને, તેમના આચરણને નજીકથી સમજીને, તેમની પાસેથી માર્ગદર્શન મેળવીને, તેમને પગલે ચાલવાનો પણ આપણે પ્રયત્ન કરવો જોઇશે.

છટ્ઠો ગુણ બતાવે છે : શ્રીમહાપ્રભુજીનો આશ્રય. આપણે આ વિષયને યથાશક્તિ, યથામતિ સમજ્યા છીએ, એટલે અત્યારે માત્ર એટલું જ યાદ કરીએ કે શ્રીવલ્લભ એ જ મારું સર્વસ્વ છે, હું એમનાં ચરણારવિંદનો દાસ છું. એમના દ્વારા જ મને પ્રભુની પ્રાપ્તિ થવાની છે, એ જ મારા મહાપ્રભુ છે. એમના કૃપાભાજન બનવા માટે હું સદાય એમનાં ચરણનું સેવન કરું, એ ચરણારવિંદમાં બિરાજતાં ષોડશ ચિહ્નો, દસ નખચંદ્ર સદાય મસ્તક અને હૃદય પર બિરાજે એવું સતત ભાવન કરવાથી શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થશે.

સાતમો ગુણ છે દૃઢ વિશ્વાસ. શ્રીમહાપ્રભુજીમાં અને શ્રીઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ હોય, તો જ આપે બતાવેલ માર્ગે આપણે ચાલી શકીશું. એ માર્ગે ચાલવામાં આપણને સંકલ્પ-વિકલ્પ નહીં થાય.

આઠમો ગુણ છે પુષ્ટિમાર્ગીય જીવનથી વિરુદ્ધ જે કંઇ લૌકિકવૈદિક બાબતો હોય, જે આપણને પ્રભુથી વિમુખ કરાવનારી હોય તે સૌથી અળગા રહેવું.

નવમો અને છેલ્લો ગુણ છે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીનાં દર્શન માટે ક્ષણે ક્ષણે અભિલાષા રાખવી, દર્શનમાં ઉત્સાહ રાખવો અને દર્શન માટે તત્પર રહેવું. દર્શન માટેનાં તડપન અને વિરહ આપણા હૃદયમાં પ્રકટેલાં રહે. એવી આર્તિ હંમેશાં રહે કે પ્રભુ અને મહાપ્રભુજીના અલૌકિક મંગલ મુખારવિંદનાં આપણને ક્યારે દર્શન થશે? આપણે હંમેશાં વિનંતી કરતા રહીએ કે હે નાથ! મને આપના અલૌકિક સ્વરૂપનાં દર્શન આપો. આપણા ઘેર બિરાજતા પ્રભુના મુખકમળને નીરખવામાં અને શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોને નીરખવામાં આપણે સદાય ઉત્સાહપૂર્વક તત્પર રહીએ. એને માટે અભિલાષા, આકાંક્ષા, આર્તિ અને તાપ રાખીએ તે આવશ્યક છે.

આમ, શ્રીહરિરાયચરણે પુષ્ટિમાર્ગીય જીવન માટે વૈષ્ણવોએ સાધવા જેવાં, જીવનમાં ઉતારવા જેવાં નવ લક્ષણો નિરૂપ્યાં છે.

હવે છેલ્લે સેવાના ત્રણ પ્રતિબંધોનું આપ નિરૂપણ કરે છે : સેવામાં જે

વિઘ્નરૂપ બને, આપણને પ્રભુથી વિમુખ કરે તેનું નામ પ્રતિબંધ.

પહેલો પ્રતિબંધ છે ઉદ્વેગ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આપણને લૌકિક બાબતનો ઉદ્વેગ થાય છે. જ્યારે લૌકિક બાબતોનો ઉદ્વેગ થાય, ત્યારે કાયર બનવાને બદલે જે કારણને લીધે ઉદ્વેગ થયો હોય, તે કારણ વિચારી, તેને દૂર કરવા માટે કટિબદ્ધ બનવું જોઇએ. લૌકિક ઉદ્વેગને પ્રયત્નપૂર્વક આપણે દૂર કરી શકીએ અને કરવો જાઇએ. તે માટે પ્રભુને વિનંતી કરીને પરિશ્રમ ન અપાય, કાયર ન બનાય. પરંતુ જે અલૌકિક ઉદ્વેગ છે,તે તો આ માર્ગમાં ફળરૂપ છે, કારણ કે પ્રભુનાં દર્શન સાક્ષાત્ ક્યારે થાય? પ્રભુ મારા મનોરથ ક્યારે અંગીકાર કરે? પ્રભુ ક્યારે સાક્ષાત્ આ ઘરમાં બિરાજીને માગી માગીને આરોગે? તે ઉદ્વેગ બાધક નહીં, સાધક છે. માટે તેનો વિરહતાપ સદાય હૃદયમાં કરતા રહેવું.

સેવામાં એક બીજું પણ પ્રતિબંધક તત્ત્વ છે. તે છે પ્રતિબંધ. પ્રતિબંધ બે પ્રકારના : (૧) જીવકૃત પ્રતિબંધ અને (૨) ભગવદ્કૃત પ્રતિબંધ. આપણા કારણે સેવામાં જે વિઘ્ન આવે તે જીવકૃત પ્રતિબંધ છે. સૂતક પડવું, વૃદ્ધિ આવવી, રોગ થવો, પથારીવશ થવું - આ બધા જીવકૃત પ્રતિબંધોનો થઇ શકે તે રીતે ઇલાજ કરવો. તેના માટે આપણે પ્રયત્નશીલ રહેવું, પરંતુ જ્યારે પ્રતિબંધનો ઉપાય ન થાય, અનેક પ્રયત્નો કરવા છતાંય સેવા સિદ્ધ ન થાય ત્યારે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે તે ભગવદ્કૃત પ્રતિબંધ છે એમ માનવું. પ્રભુની ઇચ્છાથી જ આપણા જીવમાં આસુરીપણું રહેલું છે, તેને કારણે પ્રભુ આપણી સેવા અંગીકાર કરવા તત્પર નથી, માટે પ્રયત્ન કરવા છતાં એ પ્રતિબંધ દૂર થતા નથી. આવી સ્થિતિમાં ભગવદિચ્છા માની જપપાઠ, શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય કરી એમનો પાઠ કરતા રહેવું.

ત્રીજું પ્રતિબંધક તત્ત્વ છે ભોગ. તેનાં પણ બે સ્વરૂપ છે : (૧) લૌકિક અને (૨) અલૌકિક. લૌકિકમાં મોજમજા માણવાની વૃત્તિ, લૌકિક વિષયોમાં રુચિ થવી તે લૌકિક ભોગ છે. જેને લીધે પ્રભુમાં અરુચિ થતી હોય, સેવામાં તત્પરતા ઓછી થતી હોય. લૌકિક પ્રમોદમાં ફસાઇને પ્રભુમાં આપણે પ્રમાદી બનતા હોઇએ આ બધા લૌકિક ભોગ છે. તે સહુને સમજી, જાણી, શ્રીમહાપ્રભુજી **'સર્વનિર્ણય'**માં આજ્ઞા કરે છે તેમ ઇન્દ્રિયો ઉપર સંયમ રાખી, લૌકિક ભોગોથી દૂર રહી, પ્રભુનાં સેવાસ્મરણમાં પરોવાવું જોઇએ. લૌકિક ભોગોથી દૂર રહેવાનું જીવ પોતે વિચારી શકે એમ છે, જ્યારે અલૌકિક ભોગ સેવામાં બાધક નહીં, પણ સાધક છે. પ્રભુનો મહાપ્રસાદ લેવો એ અલૌકિક ભોગ છે, પરંતુ તે પ્રસાદની ભાવનાથી લેવો જોઇએ, જીભને સારું

લગાડવાની વૃત્તિથી નહીં. આપણને કેવું ભાવે છે તેનો વિચાર કરીને ઠાકોરજીને ધરવું તે દુર્ભાવ છે, લૌકિક ભોગનું લક્ષણ છે, પણ પ્રભુને શું પ્રિય છે તેનો વિચાર કરીને સામગ્રી આરોગાવવી અને ઉદરનિર્વાહ અર્થે તે મહાપ્રસાદથી જીવન ચલાવવું, પ્રભુનાં પ્રસાદી વસ્ત્રો પહેરવાં, પ્રભુનું સર્વસમર્પિત લઇને એનાથી જીવનનો નિર્વાહ કરવો એ બધા અલૌકિક ભોગ છે.

આમ, શ્રીહરિરાયચરણ સેવાના આ ત્રણ પ્રતિબંધ સમજાવીને આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે અગાઉ બતાવેલા ચાલીસ દોષોથી પ્રયત્નપૂર્વક અને સમજપૂર્વક નિવૃત્ત થઇ, નવ ગુણો ગ્રહણ કરી ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગને સમજપૂર્વક અને પ્રયત્નપૂર્વક નિવૃત્ત કરી, સેવા-સ્મરણમાં તત્પર થતાં થતાં શ્રીમહાપ્રભુજીનાં ચરણાવિંદનો દૃઢ આશ્રય સદાને માટે રાખવો. જીવ આ કરાલ કળિયુગમાં આ બધું છોડવા અને સાધવાના પ્રયત્ન કરવા છતાંય તેમાં નિષ્ફળ જાય, તો તેણે એનું દુઃખ કરવાનું કે ચિંતા કરવાનું કારણ નથી, કારણ કે શ્રીમહાપ્રભુજીનાં યુગલ ચરણારવિંદના આશ્રયથી મનની ખિન્નતા અને નિરાશા દૂર થઇ, અલૌકિક ફળની પ્રાપ્તિ થાય છે. માટે આ શિક્ષાપત્રના પ્રથમ શ્લોકમાં શ્રીહરિરાયચરણે આપણને આજ્ઞા કરી : હમેશાં શ્રીમહાપ્રભુજીનાં બંને ચરણાવિંદનો આશ્રય કરો. તેનાથી ભવિષ્યમાં વગર મહેનતે તમને સમસ્ત ફળની પ્રાપ્તિ અવશ્ય થશે. શ્રીહરિરાયચરણની આ આજ્ઞામાં આપણે દૃઢ વિશ્વાસ રાખી, આ શિક્ષાપત્રમાં બતાવેલા ચાલીસ દોષોને વારંવાર યાદ કરી, સમજપૂર્વક તેમને દૂર કરીએ અને શ્રીમહાપ્રભુજીના શરણમાં રહીએ.

॥ ઈતિ શ્રીહરિરાયજીવિરચિતં સપ્તવિંશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્ ॥

સત્તાવીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૮

વિષય : પુષ્ટિમાર્ગમાં બાધક ચાલીસ દોષો અને સાધક નવ ગુણોનું નિરૂપણ.

પુષ્ટિમાર્ગમાં બાધક ચાલીસ દોષ :

(૧) ધનનું અભિમાન (૨) ઘર (૩) ઘરમાં આસક્તિ (૪) લોકવેદમાં પ્રતિષ્ઠા (૫) કર્મમાં નિષ્ઠા (૬) સ્વર્ગની ઈચ્છા (૭) કુટુંબપ્રેમ (૮) લૌકિક વિષયોની ઈચ્છા (૯) લૌકિકમાં આસકિત (૧૦) વિષય ભોગના હેતુથી સારું ભોજન (૧૧) દેહાભિમાન (૧૨) કુળાભિમાન (૧૩) વિદ્યામદ (૧૪) ભગવદ્સેવાનો અભાવ (૧૫) દેહનું લાલનપાલન (૧૬) અસત્સંગ (૧૭) અસમર્પિત (૧૮) અસદાલાપ-નિવેદન-વિસ્મૃતિ (૧૯) શરણ-વિસ્મૃતિ (૨૦) અન્યાશ્રય (૨૧) અન્ય દેવો પાસેથી લૌકિક ફળની અપેક્ષા (૨૨) ભગવદ્-ચરણારવિંદમાં વૈરાગ્ય (૨૩) લૌકિક વ્યાવૃત્તિ (૨૪) ગુરુ દ્રોહ (૨૫) ભગવદીયોને ન્યૂન ગણવા (૨૬) દેહમાં અત્યંત સામર્થ્ય હોવાનું અભિમાન - વિષયાતિરેક (૨૭) ઈન્દ્રિયોના પોષણમાં તત્પરતા (૨૮) લૌકિક કાર્યોમાં પ્રીતિ (૨૯) કુટુંબમાં ડૂબેલું મન (૩૦) કૃષ્ણાનુભવ વિનાના દેશમાં નિવાસ (૩૧) હર્ષ-શોક (૩૨) દ્રવ્યલોભ (૩૩) સૌનું બુરુ ઈચ્છવું (૩૪) દાસત્વનું વિસ્મરણ (૩૫) અધિકારમદ (૩૬) પાપમાં પ્રેમ (૩૭) દુર્જનોનો પક્ષપાત (૩૮) હૃદયની ક્રૂરતા (૩૯) ગરીબોની ઉપેક્ષા (૪૦) અક્ષમા.

પુષ્ટિમાર્ગમાં સાધક નવ ગુણ :

(૧) ભગવદ્માર્ગમાં સ્થિતિ (૨) પુષ્ટિમાર્ગીય ફળની આકાંક્ષા (૩) લૌકિકમાં વિરક્તિ (૪) શ્રીકૃષ્ણમાં આસક્તિ (૫) સત્સંગ (૬) શ્રીમહાપ્રભુજીનો આશ્રય (૭) શ્રીપ્રભુમાં દઢ વિશ્વાસ (૮) પુષ્ટિમાર્ગથી વિરુદ્ધ લૌકિક-વૈદિકનો ત્યાગ (૯) ભગવદ્-દર્શનની અભિલાષા અને તત્પરતા.

સેવામાં બાધક :

(૧) ઉદ્વેગ (૨) પ્રતિબંધ (૩) ભોગ.

શિક્ષાપત્ર : ૨૮

કદા નંદાત્મજઃ સ્વેષુ કૃપાદૃષ્ટિં કરિષ્યતિ ।
પ્રતીક્ષયૈવાડસ્મદાદિમનઃ શ્રાંતં સહેન્દ્રિયૈઃ ॥૧॥

શ્રીનંદનંદન પોતાના ભક્તો પર કયારે કૃપાદૃષ્ટિ કરશે? આ પ્રમાણે પ્રતીક્ષા કરવાથી ઈન્દ્રિયો સહિત મારું મન શિથિલ થયું છે. (૧)

કરુણાવારિધિઃ સ્વીયનિધિઃ સર્વાધિકઃ પ્રભુઃ ।
ઉપેક્ષતે કુતઃ સ્વીયાનિતિ ચિંતાતુરં મનઃ ॥૨॥

તે દયાસાગર ભગવાન ભક્તોના નિધિરૂપ અને સર્વથી અધિક છે. એવા પ્રભુ અંગીકૃત ભકતની કેમ ઉપેક્ષા કરતા હશે? એથી મન ચિંતાતુર રહે છે. (૨)

નિજાનંદનિમગ્નસ્ય ભવેદ્યદ્યપિ વિસ્મૃતિઃ ।
ભક્તાર્થમવતીર્ણસ્ય કૃપાલોરુચિતા ન સા ॥૩॥

પ્રભુ પોતે પોતાનામાં આનંદમગ્ન હોય, ત્યારે તો વિસ્મૃતિ થાય, પરંતુ ભક્તોને માટે જ તે પ્રગટ થયેલા છે, તો તેવા કૃપાળુ પ્રભુ આવી રીતે ભૂલી જાય તે ઉચિત નથી. (૩)

કં પ્રાર્થયેયુસ્તે દીના વિહાય નિજનાયકમ્ ।
તદેકશરણા નિત્યં વિમુક્તાઃ સર્વસાધનૈઃ ॥૪॥

સર્વ સાધનોથી રહિત અને એક પ્રભુને જ શરણે રહેલા એવા અમે દીનભક્તો અમારા પતિ (પ્રભુ) વિના અન્ય કોની પ્રાર્થના કરીએ? (૪)

મન્નાથ ! નાથયે નૂનં ભવામિ વિરહાકુલઃ ।
દર્શનં સ્પર્શનં વાપિ દેહિ વેણુસ્વરશ્રુતિમ્ ॥૫॥

હે મારા નાથ ! હું આપના વિરહથી વ્યાકુળ થયો છું. મને આપનાં દર્શન અને સ્પર્શ કરાવો, મારા કર્ણને વેણુનાદ સંભળાવો. મને ખરેખર સનાથ કરો. (૫)

નિજાચાર્યાશ્રિતાનસ્માન્ યદિ કૃષ્ણ પ્રહાસ્યસિ ।
ગમિસ્યર્તિ હરે નાથ ! પ્રતિજ્ઞૈવ તદા તવ ॥૬॥

હે કૃષ્ણ ! જો આપ અમારા આચાર્યજીના આશ્રિત એવો મારો ત્યાગ કરશો,

તો હે નાથ ! હે હરિ ! આપની પ્રતિજ્ઞાનો ભંગ થશે. (૬)

વયં તુ સર્વથા દુષ્ટાઃ સ્વધર્મવિમુખા અપિ ।
ત્વમસ્મદીયાન્મા ધર્માન્ ગૃહાણ ગુણપૂરિતઃ ॥૭॥

અમે તો સર્વ રીતે દોષવાળા છીએ. સ્વધર્મથી પણ વિમુખ છીએ, જ્યારે આપ સર્વ ગુણોથી પૂર્ણ છો. માટે અમારા ધર્મોને ગ્રહણ કરશો નહીં (અમારા જેવા થશો નહિ). (૭)

કૃપાલો પાલનીયાનાં ગુણદોષવિચારણા ।
ન કાર્યા સ્વીયશરણવિહિતં વરણં યદિ ॥૮॥

હે કૃપાળુ ! આપના શરણે આવવાથી, અમે આપના વરણને લાયક થાય છીએ, તેથી અમે આપને પાલન કરવા યોગ્ય જીવો છીએ. આપે અમારા ગુણદોષોનો વિચાર કરવો યોગ્ય નથી. (૮)

અશ્રાંતોડપિ હરે દોષગણનાયાં મમ પ્રભો ।
શ્રમમેષ્યતિ ગોપીશ તતો વિસ્મર સર્વથા ॥૯॥

હે હરિ ! આપને શ્રમ લાગવો શક્ય નથી, છતાં હે પ્રભુ ! અમારા દોષો એટલા બધા છે કે. તે ગણતાં આપને શ્રમ લાગશે. તેથી હે ગોપીજનોના ઈશ ! અમારા તે દોષો ભૂલી જાઓ. (૯)

દીનેષુ ગુણલીનેષુ (હીનેષુ) તાવકીનેષુ મત્પ્રભો ।
પરાધીનેષુ કરુણા કરણીયૈવ સર્વથા ॥૧૦॥

હે મારા પ્રભુ ! જે ભક્તો દીન હોય, ગુણહીન હોય, સાંસારિક ગુણોમાં લીન હોય, પરાધીન હોય, તેમના ઉપર પણ હમેશાં કૃપા કરવી યોગ્ય છે. (૧૦)

નિઃસાધના ગતધના મનોદીના સુદુઃખિતાઃ ।
નિજાચાર્યાશ્રિતાઃ શોકલોભમોહભયાકુલાઃ ॥૧૧॥
ભવંતિ તે કૃપાપાત્રં મહોદાર દયાનિધે ।
પ્રયચ્છ કરુણાં તેભ્યો દત્તં પાત્રેડક્ષયં ભવેત્ ॥૧૨॥

તેઓ નિઃસાધન - નિર્ધન છે. મનથી દીન થયેલા છે, અત્યંત દુઃખી છે, આચાર્યશ્રીના આશ્રિત છે, શોક-મોહ અને ભયથી વ્યાકુળ બનેલા છે. આવા તેઓ આપની કૃપાને પાત્ર છે. હે મહોદાર ! હે દયાનિધે ! એવાઓ પર આપ કૃપા કરો, કારણ કે જો આપ લાયક (સુપાત્ર)ને દાન આપશો, તો તે અક્ષય થશે. (૧૧-૧૨)

સંસારદાવદગ્ધાનાં જીમૂતજલકાંક્ષિણામ્ ।
ન નીલજલદાનંતજલદાનં વિના સુખમ્ ॥૧૩॥

તેઓ સંસારરૂપી દાવાનળથી બળી રહ્યા છે અને મેઘજળની ઈચ્છાવાળા છે. શ્યામ-મેઘના ધોધમાર વરસાદના દાન વિના તેમને સુખશાંતિ થવાની નથી. (૧૩)

યે મયાંગીકૃતાઃ સર્વે ત્વત્સૈવાયૈ ગૃહસ્થિતાઃ ।
ત એવ ભાવનાશાય ભવંતિ કરવૈ કિમુ ॥૧૪॥

હે પ્રભુ ! ઘરમાં રહેલા સર્વ પદાર્થોને મેં તમારી સેવાર્થે સ્વીકાર્યા છે, પરંતુ તે તો મારા ભાવનો જ નાશ કરવાને તત્પર થયા છે, તો હું હવે શું કરું ? (૧૪)

બહિર્મુખાઃ પ્રકુર્વન્તિ સ્વસંબંધ બહિર્મુખમ્ ।
સહાયતા ભ્રમાદેવ ન હાતુમહમુત્સહે ॥૧૫॥

તે સર્વ બહિર્મુખ હોવાથી, તમારી જાડે મારો જે સંબંધ છે તેનાથી મને પણ તે બહિર્મુખ બનાવે છે. આમ છતાં, તમારી સેવામાં તે મને સહાય કરશે એવો ભ્રમ મને થયા કરે છે, તેથી તેમનો ત્યાગ કરવાની હું ઈચ્છા કરતો નથી. (૧૫)

સહાયભ્રમમુત્પાદ્ય વંચયંતિ યથા જનમ્ ।
માર્ગસ્થિતં તથા વંચિતોઽહં ગૃહસ્થિતૈઃ ॥૧૬॥

માર્ગમાં ઉપસ્થિત થયેલા મનુષ્યને જેમ કોઇ ઠગ મદદ કરવાને બહાને ઠગે, તેમ હે નાથ! હું મારા ઘરમાં મારા માણસોથી ઠગાયો છું. (૧૬)

યથાંધકૂપપતિતં મંડૂકા દુઃસ્વરૈર્જનમ્ ।
વ્યથયંતિ તથા મહ્યં દુર્વચોભિર્ગૃહસ્થિતાઃ ॥૧૭॥

જેમ અંધારા કૂવામાંના દેડકાં(અજ્ઞાની) મનુષ્યને દુષ્ટ વાણીથી દુઃખ પહોચાડે છે, તેમ મને ઘરમાં રહેલા લોકો દુર્વચન દ્વારા વ્યથા પહોંચાડે છે. (૧૭)

કિયત્પર્યંતમેવં કિ મદુપેક્ષાં કરિષ્યસિ ।
ત્યક્તો વા દોષસાહિત્યાત્ વિમુખોઽહં દયાલુના ॥૧૮॥

ખરે, તમે કેટલા દિવસ સુધી આવી રીતે મારી ઉપેક્ષા કરશો? અહા! દોષોથી દૂષિત થયેલા એવા મારા જેવા વિમુખનો દયાળુ પ્રભુએ પરિત્યાગ કર્યો છે! (૧૮)

ત્યક્તઃ કુત્ર ગમિષ્યામિ ન મેઽસ્તિ શરણં કવચિત્ ।
નાવમારોપ્ય દીનં સ્વં મધ્યેધારં ન મજ્જય ॥૧૯॥

હવે, આમ ત્યજાયેલો હું કયાં જઉં ? મારું શરણ કોઈ પણ અન્ય સ્થળે નથી.

તમારા આવા દીન જનને નાવમાં બેસાડી, જળ મધ્યે ન ડુબાડો. (૧૯)

નિજાચાર્યકુલે જન્મ કિમર્થં વિહિતં મમ ।
વિહિતં ચેન્મયિ સદા દોષપીને કૃપાં કુરુ ॥૨૦॥

જો એમ હતું, તો આપને અંગીકૃત થયેલા એવા આચાર્યકુળમાં મારો જન્મ શા માટે કર્યો? અને જો કર્યો, તો પછી દોષથી ભરેલા એવા મારા ઉપર કૃપા કરો! (૨૦)

અસંગઃ સર્વથા દૂયેઽસત્સંગસહિતોપ્યહમ્ ।
યથારણ્યે પરિત્યક્તઃ કાંદિશીકો મૃગાદનૈઃ ॥૨૧॥

હું અસત્પુરુષોના સહવાસમાં રહેતો હોવાથી તેમના સંગનો રંગ મને લાગે નહિ તેવી રીતે રહું છું, છતાંય ખેદ પામું છું. જેમ વનમાં ત્યજાયેલો અને દિઙ્મૂઢ બનેલો પુરુષ સિંહથી ભય પામે, તેમ હું અસત્સંગથી ડરું છું. (૨૧)

જાતપક્ષાઃ ખગાઃ સ્વીયજનનીં ચ ત્યજંતિ હિ ।
યથા તથા કરાલેઽસ્મિન્ કાલેઽહં ભગવજ્જનૈઃ ॥૨૨॥

જેમ પાંખો ફૂટેલાં પક્ષી પોતાની માતાને તજી દે, તેમ આ વિકટ સમયમાં હું ભગવદ્જનોથી ત્યજાયેલો છું. (૨૨)

ચિંતાપારાવારે પતિતસ્યાત્રૈવ મગ્નસ્ય ।
એતજ્જલવડવાગ્નિઃ શરણં શ્રીવલ્લભાચાર્યાઃ ॥૨૩॥

હું ચિંતારૂપી મહાસાગરમાં પડેલો અને તેમાં ડૂબેલો છું જળનું શોષણ કરવાને સમર્થ અગ્નિરૂપ શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે. (૨૩)

હા કૃષ્ણ હા નન્દસૂનો હા યશોદાપ્રિયાઽર્ભક ।
હા ગોપિકાહૃદાધાર ધારયસ્વ કરેણ મામ્ ॥૨૪॥

હા કૃષ્ણ! હા નંદકુમાર! હા યશોદાના પ્રિય પુત્ર! હા ગોપીજનોના હૃદયાધાર! શ્રીહસ્ત વડે મને પકડી લો. (૨૪)

શિક્ષાપત્ર : ૨૮

અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં નિરૂપાયેલા કુલ ચોવીસ શ્લોક દ્વારા શ્રીહરિરાયચરણ એવું સૂચવે છે કે જીવ જો શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીનું શરણ સ્વીકારી લે, તો તેનાથી એનું અભિમાન ચાલ્યું જશે. એનામાં દીનતા આવશે, જેને લીધે તેના હૃદયમાં વિરહતાપ પ્રકટશે. વિરહતાપ તથા દીનતા પ્રભુને પ્રાપ્ત કરાવનારાં અલૌકિક સાધનો છે. તે ફલરૂપ છે, એનાથી જીવ શ્રીયુગલસ્વરૂપનાં ચરણાવિંદને પ્રાપ્ત થશે. એટલે શ્રીયુગલસ્વરૂપનાં ચોવીસ શ્રીઅંગને પ્રાપ્ત કરવા માટે આ શિક્ષાપત્રમાં ચોવીસ શ્લોક શ્રીહરિરાયજીએ આપ્યા છે.

આ શિક્ષાપત્ર દીનતા અને વિરહતાપનું શિક્ષાપત્ર છે. આપણા સંપ્રદાયમાં મહાનુભાવ શ્રીગોપાળદાસભાઈએ '**શ્રીવલ્લભાખ્યાન**'માં શ્રીગુસાંઈજીનું સ્વરૂપ નિરૂપતાં આજ્ઞા કરી : '**આપ સેવા કરી શીખવે શ્રીહરિ.**' શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભકુળ સાક્ષાત્ ભગવદ્સ્વરૂપ હોવા છતાં, પૃથ્વી ઉપર પોતે દાસભાવ ધારણ કરીને બિરાજ્યા છે. આપણા જેવા જીવોને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનું આચરણ કરતાં શીખવવા માટે આપ કેવળ વચનામૃત કરતા નથી, પણ એ સિદ્ધાંતો પોતે જીવનમાં આચરીને આપણને પ્રેરણા આપે છે કે હે વૈષ્ણવો! તમે પણ આ પ્રમાણે, આ સિદ્ધાંતોનું જીવનમાં આચરણ કરો. તેથી શ્રીગુસાંઈજીએ સંયોગરૂપ સેવાની સાથે સાથે વિરહ અને વિપ્રયોગ કેવી રીતે થાય, તે શીખવવા માટે જ એક લીલાનાટ્ય રચ્યું. કૃષ્ણદાસ અધિકારીએ આપને વિનંતી કરી : શ્રીનાથજીની સેવાનો અધિકાર શ્રીગોપીનાથજીના આત્મજ શ્રીપુરુષોત્તમજીનો છે, માટે આપ મંદિરમાં ન પધારો. શ્રીગુસાંઈજીએ વિચાર્યું હોત, તો શ્રીગોવર્ધન છોડીને આપ ગોકુળ પોતાના ઘેર પધારી શક્યા હોત, શ્રીનવનીતપ્રિયજીની સેવા કરી શક્યા હોત, પરંતુ વિરહતાપનો અનુભવ કેવી રીતે કરાય, એ આપણા જેવા અજ્ઞાની જીવોને શીખવવા માટે શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજીથી થોડે દૂર ચંદ્રસરોવર પર પધાર્યા છે અને ત્યાં જ બિરાજી, છ માસ સુધી આપે શ્રીનાથજીનો વિરહ કર્યો. એ વિરહ કરતાં અત્યંત દીનતાથી આપે શ્રીનાથજીને વિનંતીરૂપ વિરહતાપયુક્ત શ્લોકની રચના કરી છે, જેને સંસ્કૃતમાં '**વિજ્ઞપ્તિઓ**' કહે છે. શ્રીનાથજીના મુખિયાજી દરરોજ રાજભોગ પછી માળાબીડાં લઈને ત્યાં આવે, તેમની સાથે શ્રીગુસાંઈજી પોતે રચેલી વિજ્ઞપ્તિ શ્રીનાથજીને મોકલાવે.

શ્રીનાથજીબાવા તે વાંચીને બીડાંના પાન ઉપર મુખારવિંદના પાનના પીક - રસથી તેનો જવાબ લખીને શ્રીગુસાંઇજીને પાઠવે. શ્રીગુસાંઇજી પ્રભુના હસ્તાક્ષરનાં દર્શન અને વાચન કરી, હૃદયમાં ધારણ કરી, જળમાં એ પાનને ઘોળીને આરોગી જાય. આમ, છ માસ દરમ્યાન આપે શ્રીનાથજીબાવાને દીનતા અને વિરહતાપથી વિનંતીના અનેક શ્લોક પાઠવ્યા, જેનો સંગ્રહ પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં નવ વિજ્ઞપ્તિઓ રૂપે આજે પણ બિરાજે છે.

શ્રીહરિરાયચરણે પણ આવી જ રીતે, દીનતા અને વિરહતાપપૂર્વક શ્રીઠાકોરજીને અનેક વિનંતીઓ કરી છે. શ્રીહરિરાયચરણ એટલે સાક્ષાત્ દીનતાના સાગર, વિરહતાપનું અલૌકિક સ્વરૂપ, શ્રીપ્રભુચરણનું જ પાકટ્ય. પરિણામે શ્રીગુસાંઇજી શ્રીહરિરાયજીરૂપે ફરી ભૂતળ ઉપર પ્રકટીને, ફરીથી દીનતા અને વિરહતાપપૂર્વક વિજ્ઞપ્તિઓરૂપે વિનંતી કરે છે.

અઠાવીસમું શિક્ષાપત્ર આ વિજ્ઞપ્તિઓનું, દીનતા અને વિરહતાપનું શિક્ષાપત્ર છે. **માટે આપણે સૌએ આ શિક્ષાપત્રને કંઠસ્થ કરી રોજ સવાર-સાંજ તેનો પાઠ કરવા જેવો છે. શ્રીહરિરાયજીની આ ફલાત્મક વાણી દ્વારા, પાઠ દ્વારા આપણા હૃદયમાં પણ દીનતા અને વિરહતાપ પ્રકટ થશે.**

શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી દીનતાપૂર્વક શ્રીઠાકોરજીને કેવી રીતે વિનંતી કરવી, તેનો પ્રકાર શીખવે છે. વર્તમાન સમયના વૈષ્ણવથી સેવાસ્મરણ બનતાં નથી. તેવા વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો આશ્રય રાખી રહેવાથી ફળ જરૂર પ્રાપ્ત થશે. શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો આશ્રય પણ સરળ નથી. તે સિદ્ધ કરવા માટે દૈન્ય જરૂરી છે. દૈન્યથી વિરહ પ્રકટે છે અને વિરહથી આશ્રય સિદ્ધ થાય છે, માટે આ શિક્ષાપત્રમાં દીનતાપૂર્વક વિરહતાપનું નિવેદન છે.

સૌ પ્રથમ તો આપણા ત્યાં વપરાતા વિરહ અને વિપ્રયોગ એ બે શબ્દોને સાંભળીએ છીએ અને માનીએ છીએ કે શ્રીઠાકોરજી ન મળે એટલે રડવું, આંસુ પાડવાં તેનું નામ વિરહ, તેનું નામ વિપ્રયોગ. આ તો વિરહની તદ્દન પ્રાથમિક અવસ્થા છે. કયારેક પ્રભુની યાદથી આંખ છલકાઇ જાય તો એમ ન માની લેશો કે આપણને વિરહ સિદ્ધ થઇ ગયો છે! 'વિરહ' શબ્દની વ્યુત્પત્તિ છે : વિ - રહ. રહ એટલે એકાંત અને વિ એટલે વિશેષેણ. વિશેષતાપૂર્વકના એકાંતમાં રહીને, જેમને મનથી પોતાના માન્યા છે તેવા પ્રભુનું ચિંતન કરતાં કરતાં, તે પ્રભુ કયારે પ્રાપ્ત થાય

તેની અભિલાષા સેવવી, જે ઉત્તરોત્તર વધીને ઉત્કંઠા બને. ઉત્કંઠામાંથી તાલાવેલી - આર્તિ જાગે અને એ આર્તિને લીધે હૃદય સદાય તાપભાવથી યુક્ત બને તેવી મનની વિશિષ્ટ ભાવાત્મક સ્થિતિનું નામ વિરહ.

નંદદાસજીએ વિરહના ચાર પ્રકાર બતાવ્યા : દેશાંતર વિરહ, વનાંતર વિરહ, પલકાંતર વિરહ અને પ્રત્યક્ષ વિરહ.

પ્રભુ વનમાં ગૌચારણકરવા પધારે તે દિવસકાલીન સમયમાં પ્રભુનાં સાક્ષાત્ દર્શનનો લાભ ન મળે ત્યારે વ્રજભક્તોને જે વિરહ થાય, દર્શન માટે જે તાપ-કલેશ થાય તે વનાંતર વિરહ. દિવસ પૂરો સાંજ પડતાં પ્રભુ પાછા પધારે ત્યારે થઇ, પ્રભુના સંયોગસુખનો પુનઃ અનુભવ થાય.

પ્રભુ જ્યારે વ્રજ છોડીને મથુરા પધાર્યા, ત્યારે વ્રજમાં પ્રત્યક્ષ બિરાજતા પ્રભુએ ભાવાત્મક સ્વરૂપે વ્રજભક્તોના હૃદયમાં બિરાજી, તેમના દેહ અને પ્રાણને પોષણ આપી, તેમનો દેશાંતર વિરહ સિદ્ધ કર્યો. એ વિરહમાં પ્રભુનો એવો અનુભવ થઇ રહ્યો છે કે વચ્ચે રહેલાં યમુનાજી ઓળંગી, પ્રભુનાં દર્શન કરવા મથુરા જવાની પણ વ્રજભક્તોને ઇચ્છા રહી નહિ.

ત્રીજો વિરહ છે પલકાંતર. વ્રજભક્તો બ્રહ્માજીને દોષ આપે છે : હે બ્રહ્મા! અમારા શ્યામસુંદરે તમને જગતના વિધાતા, ચારે વેદોના જ્ઞાની બનાવી દીધા, પણ તમારામાં સ્નેહની સાદીસીધી સમજ નથી આવી! તમે આવું મજાનું સુંદર શરીર આપ્યું, પણ તેમાં એક મોટી ખામી રાખી. પ્રભુના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરવા નેત્રો આપ્યાં. પણ એ નેત્રોને તમે પલક-પાંપણો શું કામ આપી? પાંપણ ફરકે એટલો વખત પણ પ્રભુનો જે વિરહ થાય છે તે અમને યુગો જેટલો લાગે છે ! બ્રહ્મા, તમે પાંપણો ન આપી હોત, તો અપલક નેત્રે અમને પ્રભુદર્શનનું સુખ મળ્યું હોત. આમ, ફરકતી પાંપણ પણ નેત્રને અસહ્ય લાગે એવા વિરહવાળુ હૃદય તે પલકાંતર વિરહનો પ્રકાર.

ચોથો છે પ્રત્યક્ષ વિરહ. અતિ સ્નેહ હોય ત્યાં શંકા પણ વધારે હોય. જેમ જેમ સ્નેહ વધતો જાય, તેમ શંકાનું પ્રમાણ પણ વધતું જાય. વ્રજભક્તોને પ્રભુમાં એટલો સ્નેહ છે કે તેમના હૃદયમાં શંકા પણ ઘણી બધી છે. શ્યામસુંદર આજે તો થોડોક સમય અમારાથી છુપાઇ ગયા, પણ ક્યારેક અમારી સામે બિરાજતા હશે, છતાંય એમનાં દર્શન નહીં થાય તો? પ્રભુ સામે બિરાજે છે, વ્રજભક્તો પ્રભુનાં અપલક નેત્રે દર્શન કરે છે, સાક્ષાત્ સંયોગસુખનો અનુભવ કરે છે, છતાં તેમના

હૃદયમાં શંકા છે, હમણાં દર્શનમાં ટેરો આવી જશે તો? હમણાં યશોદામા અહીંથી ચાલ્યાં જવાનું કહેશે તો ? વ્રજભક્તોને હજી તો દર્શનમાં કોઇએ અવરોધ કર્યો નથી, છતાંય તેમના હૃદયમાં આવો વિરહ રહે છે. આ સંયોગ દ્વારા થતા વિરહને નંદદાસજી પ્રત્યક્ષ વિરહ કહે છે.

વિરહની આ ભાવાત્મક સ્થિતિ ઉત્તરોત્તર વધતી જાય, તેમ તેમ તે સાધનરૂપ વિરહ પ્રભુની કૃપાથી ફલાત્મક બને છે. આવા ફલાત્મક વિરહને વિપ્રયોગ કહે છે. યોગ એટલે જોડાણ અથવા મિલન. બે વ્યક્તિ કે બે પદાર્થોનું મિલન એટલે યોગ. પ્રભુનું અને આપણું મિલન એ યોગ છે. પ્રભુનાં દર્શન એ યોગ છે. જે દર્શન આપણે આ લૌકિક આંખોથી થાય તે સંયોગનું સુખ છે, પ્રશિષ્ટ યોગ છે. માટે તેને પ્ર ઉપસર્ગ લાગ્યો વિશેષ કરીને, ખાસ પ્રકારનું મિલન, તેનું નામ વિપ્રયોગ. વિપ્રયોગમાં અંતઃકરણમાં પ્રભુનો સતત અનુભવ થયા કરે.

આવા વિપ્રયોગની અવસ્થા ક્યારે સિદ્ધ થાય ? જ્યારે જીવની વ્યસન દશા સિદ્ધ થાય ત્યારે. વ્યસન અવસ્થામાં જીવને બહારનું કોઇ ભાન રહેતું નથી. આશકરણજીને આવી વ્યસન અવસ્થા સિદ્ધ થઇ છે. તેઓ વ્રજમાં વિચર્યા કરે છે. દેહનું ભાન નથી, ખાનપાનનું ભાન નથી. કોણ મળ્યું, શી વાતો થઇ તેનુંયે ભાન નથી. માત્ર પ્રભુની એક સમયમાં અનેક લીલાઓનો જે અનુભવ મનમાં થઇ રહ્યો છે, તેમાં જ એ રમમાણ છે, તલ્લીન છે. આપણને તો પ્રભુની એક સમયમાં એક જ લીલાંનાં દર્શન થાય છે. હોળીખેલનાં દર્શન થાય, તો તે વખતે હિંડોળે ન ઝૂલતા હોય, હિંડોળે ઝૂલતા હોય, ત્યારે રથમાં બિરાજેલા ન હોય. પરંતુ જેનાં હૃદયચક્ષુ ખૂલી જાય, જેના હૃદયમાં બિરાજીને પ્રભુ પોતાના અલૌકિક ભાવાત્મક લીલાપરિકર સહિત દર્શન આપે, તેને એક કાળમાં, એકી સાથે અનેક લીલાઓનાં દર્શનનો અનુભવ થાય. એમાં તે એવો તન્મય થઇ જાય કે બહારનું કોઇ ભાન ન હોય. આપણને લાગે કે આ જીવ કેવો મૂર્છાવશ છે, ગાંડાઘેલા જેવો છે! ચેનચાળા કરે છે! પણ તેને પ્રભુનો સાક્ષાત્ અનુભવ થતો હોય. આવા વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થાય, તે વિપ્રયોગ અવસ્થા છે. એ અવસ્થામાં જીવ પ્રભુ સાથે એવા વિશિષ્ટ યોગથી જોડાઇ જાય છે કે પછી તેને દેહનું ભાન રહેતું નથી. તેને આપણે 'નિરોધ' કહીએ છીએ. **એટલે આ વિરહ અને વિપ્રયોગ જે ફલાત્મક છે, ભાવાત્મક છે, તેની પ્રાપ્તિનો ઉપાય દીનતા છે એમ શ્રીહરિરાયચરણ અહીં બતાવે છે.**

જીવમાં દીનતા આવે તે ખૂબ જરૂરી છે. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાષ્ટકના

પ્રારંભમાં જ આજ્ઞા કરે છે : 'નમામિ યમુનામહમ્.' પ્રારંભ 'નમામિ'થી થાય છે. નમ્ ધાતુ પરસ્મૈપદી છે. હું નમન કરું છું. પોતાનો હુંકાર, અહંકાર પ્રભુનાં ચરણે નમાવી દેવો, તેનું નામ નમન. નમવું એટલે અભિમાન પ્રભુના ચરણ સોંપી દેવું. એક નાનું બાળક એમ કહેતું હોય કે આ કામ હું કરી દઈશ. કામ કરવામાં તે નિષ્ફળ જાય ત્યારે પિતાના શરણે જાય છે. થાકી-હારીને તે કહે છે કે હવે મારાથી નથી થતું, તમે કરી આપો. માણસ શરણ ત્યારે જ સ્વીકારે, જ્યારે તેના મનમાંથી અભિમાન હટી જાય. જ્યાં સુધી અભિમાનનો પથ્થર મગજ ઉપર પડયો છે, ત્યાં સુધી તે મસ્તક નમાવી શકતો નથી.

દાસનો ધર્મ છે દીનતા. આજ સુધી અજ્ઞાનમાં જીવ એમ કહેતો કે 'સોહમ્.' જે બ્રહ્મ-પરમાત્મા છે, તે જ હું છું. મારામાં અને પરમાત્મામાં કોઈ ભેદ નથી. પ્રભુ હસતાં હસતાં અંતર્યામી સ્વરૂપે તેના હૃદયમાં બિરાજીને કહે છે : એમ! તું પરમાત્મા છે? તો જરા તારી સામે આ નાનકડું પાંદડું પડયું છે, તેને ઉડાડ જોઈએ. જીવ પોતાના પ્રયત્નોથી એ નાનકડા પાંદડાને પણ ઉડાડી શકતો નથી. તેનું અભિમાન ઓગળી જાય છે. તેને પોતાની મર્યાદાનું, અશક્તિનું ભાન થાય છે, ત્યારે પ્રભુને કહે છે : ના, ના તમે સ્વામી છો. 'સોહમ્'માં જે અભિમાન છે, તે પ્રભુને સોંપી દેવું તેનું નામ 'દાસોહમ્.' સંસ્કૃતમાં દા ધાતુનો અર્થ છે આપવું. જે દાસ છે તે હંમેશાં પ્રભુને આપી દે છે. તે કહે છે, તમે જે આજ્ઞા કરશો તેનું હું હસતા મોઢે પાલન કરીશ, મારી બુદ્ધિથી કોઈ બાબતનો વિચાર નહીં કરું. આવી શરણાગતિ સિદ્ધ થતાં આપણામાં આપોઆપ દીનતા આવે છે.

આપણામાં સમજ છે કે જે માણસ નોકરી કરવા ગયો છે. તે જાણે છે કે જો મિજાજ કરીશ, તો શેઠ લાત મારીને કાઢી મૂકશે. શેઠને રાજી રાખવા હશે તો અભિમાન નહીં ચાલે. શેઠની સામે નમીને, દીન બનીને રહેવું પડશે. એટલે ત્યાં બકરી બનીને રહે છે, પણ ઘરમાં આવે એટલે પાછું અભિમાન જાગે છે : આ બધાં મારે વશ છે, હું આ બધાંનો સ્વામી છું. જયાં સ્વામીત્વની ભાવના આવી, ત્યાં સિંહની ગર્જના શરૂ થઈ. માટે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાષ્ટકનો પ્રારંભ 'નમામિ'થી કરે છે. શ્રીયમુનાષ્ટકની ટીકામાં શ્રીગુસાંઈજી સમજાવે છે કે જીવ પ્રભુને નમન સિવાય બીજું શું આપી શકે? વધુમાં વધુ બે હાથ જોડી, માથું નમાવી શકે, સાષ્ટાંગ દંડવત્ કરી શકે. પણ હવે તો આપણે કહીએ છીએ : મહારાજ અમે તો તમારાથી થાકયાં. તમને નવ ગજના નમસ્કાર!

આપણી દીનતા પણ સાચા હૃદયની દીનતા છે કે કેમ, એ વિચારવા જેવું છે. કયારેક એવું બને કે બહાર દીનતા રાખીએ અને ઘરના વૈષ્ણવો સાથે ભારે ઝઘડો કરતા ફરીએ. એમાં દીનતા કયાં રહી? દીનતા તો ત્યારે જ સિદ્ધ થાય, જયારે નાનામાં નાના બાળક સાથે પણ વ્યવહાર અને વાણીમાં દીનતા વરતાય.

જેમ 'ગોપીગીત'ના અઢાર શ્લોકોમાં શ્રીગોપીજનોએ બધાં સાધનો કર્યા પછી પણ પ્રભુ ન મળ્યા, ત્યારે શ્રીયમુનાજીના કિનારે બેસીને, શ્રીયમુનાજીની કૃપાથી વિરહ-તાપ કરતાં કરતાં દીનતા અને વિરહ વ્યકત કર્યો. તેમ અહીં શ્રીહરિરાયચરણ પણ દીનતાયુકત વિરહતાપ વ્યકત કરે છે અને અત્યંત ભાવાવેશમાં વ્રજાંગનારૂપે પોતાની સખીને પૂછી રહ્યા છે : હે સખી, શ્રીનંદરાયજીના પુત્ર પોતાના ભક્તોના ઉપર ક્યારે કૃપાદષ્ટિ કરશે? હે સખી, તેમની રાહ જોતાં જોતાં મારું મન, મારી બધી ઇંદ્રિયો હવે શિથિલ થઇ ગઇ છે. તું મને કહીશ કે શ્રીનંદકુમાર મારા ઉપર કયારે કૃપા કરશે?

શ્રીહરિરાયચરણ પ્રભુ માટે અહીં 'નંદાત્મજઃ' પદનો પ્રયોગ કરે છે. સૌને આનંદ આપે તેમનું નામ નંદ. કયારે આપણી ગોદમાં સાક્ષાત્ ઠાકોરજી બિરાજશે? કયારે આપણું ઘર ગોકુળ બની જશે? જ્યારે આપણે હૃદયથી અને મનથી નંદ-યશોદા બનીશું ત્યારે. કેમ નંદબાવા અને યશોદાજીના ત્યાં શ્રીઠાકોરજી પ્રકટ થયા? વ્રજમાં બીજે કયાંય કેમ પ્રકટ ન થયા? નંદબાવાનો સ્વભાવ મધુર છે. નંદબાવા વ્રજના રાજા છે, સર્વસત્તાધીશ છે, પણ એ કોઇને કટુવચન કહેતા નથી, કોઇને ધમકાવતા નથી, કોઇને દંડ આપતા નથી. તે સૌને આનંદ જ આપે છે, સૌની ચિંતા રાખે છે. નંદબાવાની હાજરીથી સૌ રાજી થઇ જાય છે. બધા ગોપબાલો તેમને બાવા, બાવા કહીને વળગી પડે છે. આપણે નંદબાવાની જેમ સૌને રાજી કરતાં શીખીશું, ત્યારે પ્રભુ આપણા હૃદયમાં પધારશે, આપણી ગોદમાં બિરાજશે.

જે બીજાઓને યશ આપે તે યશોદા. યશોદામા વ્રજભક્તોને કહે છે : બહેનો, આ લાલો મારા ત્યાં પ્રકટયો તે મારા ભાગ્યથી નહીં, તમારા પુણ્યપ્રતાપે પ્રકટયો છે. તમારું પુણ્ય મને મળ્યું છે, તેથી મારી ગોદમાં આ લાલ બિરાજ્યો છે. હું એને શાં લાડ લડાવી શકીશ? હું તો કયારેક એને દોરડે બાંધીશ, કયારેક આંખ પણ બતાવીશ, કયારેક એને ભૂલીને ઘરકામમાં ખોવાઇ જઇશ. હે બહેન, એ લાલો મારે ત્યાં અવતર્યો એટલું જ, પણ છે તમારા સૌનો. યશોદામા પ્રભુનું પ્રાકટય પોતાને ત્યાં થયું, તેનો યશ પોતે ન લેતાં, વ્રજવાસીઓને આપે છે. વ્રજવાસીઓને મોટાં કરે છે,

પોતાની બડાઇ કરતાં નથી. જે પોતાની બડાઇ કરવાનું છોડીને બીજાંને મોટાં કરે, પોતાની લીટી નાની કરીને બીજાની લીટી મોટી કરે, તેના ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે. આવાં નંદ અને યશોદાનાં હૃદય, તેમના જેવાં બુદ્ધિ અને મન આપણે જો કેળવીએ, તો પ્રભુ આપણા હૃદયમાં પધારે.

શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે : એ નંદનંદન ક્યારે મારા ઉપર કૃપાદૃષ્ટિ કરશે? પ્રભુને તેઓ યાદ કરાવે છે કે મહારાજ, તમે નંદબાવાના લાલ છો. પિતાનો વારસો જાળવવો તે તમારી ફરજ છે. નંદબાવાએ વ્રજવાસીઓને ખૂબ સુખ આપ્યું છે તમે પણ નંદબાવાની જેમ અમને સુખ આપો, અમારા ઉપર કૃપા કરો.

'નંદાત્મજઃ' શબ્દનો એક બીજો ભાવ છેઃ આપણને કયા કૃષ્ણની કૃપાદૃષ્ટિ જોઇએ છે? તમે કહેશો : કેમ, કૃષ્ણ કંઇ ઘણા છે, તે કયા કૃષ્ણની ?-એમ પૂછો છો. સામાન્ય બુદ્ધિથી ન સમજાય તેવી આ વાત છે. પણ પ્રિય વૈષ્ણવો, એટલું યાદ રાખજો કે કૃષ્ણતત્ત્વ જુદા જુદા સ્વરૂપે પ્રકટ થયું છે. આપણા સેવ્ય પ્રભુ સારસ્વતકલ્પમાં શ્રીનંદરાયજીના ત્યાં પ્રકટ થયેલા તે કૃષ્ણ. વસુદેવ-દેવકીજીના ત્યાં પ્રકટેલા કૃષ્ણ આપણા સેવ્ય નથી. શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં સમજાવે છે કે સારસ્વતકલ્પમાં, શ્રાવણ વદ આઠમની મધ્ય રાત્રિએ જ્યારે મથુરામાં વસુદેવ-દેવકીજીના કારાવાસમાં પ્રભુ પ્રકટ્યા ત્યારે તે પુરુષોત્તમ સ્વરૂપ છે, ચતુર્ભુજ સ્વરૂપે તે પ્રકટ થયા છે. ગોકુળમાં શ્રીયશોદાજીને ત્યાં કેવળ રસાત્મક સ્વરૂપે પ્રભુનું પ્રાકટ્ય થયું છે. ત્યાં પોતાની સાથે વાસુદેવ વ્યૂહને લઇને પ્રકટ થયા છે. ત્યાં પ્રભુના પ્રાકટ્ય પછી તરત જ માયારૂપી દીકરી જન્મી, એટલે યશોદાજી અને વ્રજવાસીઓને ખબર નથી કે પોતાને ત્યાં કૃષ્ણ પ્રકટ્યા છે! જ્યારે મથુરાથી વસુદેવજી પુરુષોત્તમ કૃષ્ણને પધરાવી ગોકુળ ગયા અને માયાને લઇ આવ્યા ત્યારે યશોદાજીની કૂખે પ્રકટેલા રસસ્વરૂપ પ્રભુ, મથુરાથી પધારેલા સ્વરૂપમાં બિરાજી ગયા. બંને સ્વરૂપ એક થયાં. અને તે સ્વરૂપે વ્રજમાં અગિયાર વર્ષ, બાવન દિવસ લીલા કરી. તેમાં વ્રજભક્તો સાથે રસાત્મક લીલા કરનાર સ્વરૂપ, યશોદાજીના ત્યાં પ્રકટ થયેલું. રાક્ષસોનો સંહાર કરનારું, કાલીનાગનું દમન કરનારું સ્વરૂપ તે ત્રણ વ્યૂહો સાથેનું મથુરાથી પધારેલું સ્વરૂપ. જ્યારે મથુરાથી પધારેલું સ્વરૂપ મથુરા પાછું પધાર્યું ત્યારે યશોદાજીની કૂખે પ્રકટ થયેલું સ્વરૂપ વ્રજભક્તોના હૃદયમાં બિરાજી ગયું. તે વ્રજ છોડીને બીજે ક્યાંય બિરાજ્યું નથી. તેથી પ્રભુની પ્રતિજ્ઞા છે : 'વ્રજ તજ અનત ન જાઉં.' વ્રજ છોડી બીજે ક્યાંય હું જતો નથી. માટે આપણા સેવ્ય મથુરાના અધિપતિ શ્રીકૃષ્ણ નથી, દ્વારિકાના શ્રીકૃષ્ણ નથી. આપણા સેવ્ય શ્રીગોકુળના અધિપતિ શ્રીકૃષ્ણ છે. માટે તો શુકદેવજીએ

પ્રભુના પ્રાકટયનું નિરૂપણ કરતાં પ્રભુને 'નંદસ્વાત્મજ' કહ્યા છે. શુકદેવજી કદી મિથ્યા ભાષણ કરે નહીં. નંદરાયજીના પોતાના પુત્ર છે. જો તે વસુદેવજીના પુત્ર હોત, તો શુકદેવજી તેમને 'નંદસ્વાત્મજ' શબ્દથી સંબોધત નહીં.

માટે શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે કે હે પ્રભુ! અમે તમારા શરણે આવીને રહ્યા છીએ. તમે અમારા ઉપર કૃપા કરો. તમે અમારા ઉપર કયારે કૃપા કરશો એની રાહ જોતાં જોતાં હંવે અમે થાકી ગયા છીએ. હે નાથ, કંઇક તો કહો.

શ્રીહરિરાયચરણ નંદાત્મજ પ્રભુને હવે બીજા શ્લોકમાં વિનંતી કરે છે : હું કેમ આપની રાહ જોઉં છું? આપની કૃપા વરસાવવાની શકિતમાંથી મારો વિશ્વાસ હજી કેમ ઘટયો નથી? કારણ કે હું આપના ગુણોને જાણું છું. હે પ્રભુ, હું જેમ જેમ આપના ગુણોનો વિચાર કરું છું, તેમ તેમ મારું મન વધારે ચિંતાતુર બને છે.

શ્રીહરિરાયચરણ પ્રભુના ત્રણ ગુણ બતાવે છે : (૧) **કરુણાસાગર** : આપ દયાના સાગર છો. દયા કરવી તે આપનો સહજ સ્વભાવ છે. દયાદાન કરતાં આપ જીવના ગુણદોષ જોતા નથી. (૨) **સ્વિયનિધિ** : આપ પોતે જ સાક્ષાત્ નિધિ છો. આપની પાસે દયાનો કોઈતોટો નથી. (૩) **સર્વાધિક** : - આપ સર્વથી શ્રેષ્ઠ છો. દયા કરવામાં આપની બરોબરી કોઇ કરી શકે તેમ નથી, છતાંય તમે પોતાના ભક્તોની આટલી બધી ઉપેક્ષા કેમ કરો છો, તે મને સમજાતું નથી. જો તમારામાં ગુણો ન હોત, તો હું મારો આ પાલવ પસારીને તમારી પાસે દયા માગત નહીં. તમે દયાળુ છો તે જાણીને જ હું તમારાં ચરણમાં આવ્યો છું. છતાં મહારાજ, તમે મારી ઉપેક્ષા કરો છો! તમે તમારો દયાળુ સ્વભાવ પ્રકટ કરતા નથી! તેથી મારું મન વધું ચિંતાતુર બન્યું છે.

શ્રીગુસાંઇજી પણ પ્રભુને એ જ વિનંતી કરે છે : હે નાથ, હે અમારા જીવિતના અધીશ, હે કમલદલલોચન! હું તમને હવે કશું કહેવા માગતો નથી કે તમે આમ કરો ને તેમ કરો. હું નાનકડો અબુધ જીવ, હું તમારી અજ્ઞાની દાસી, હું તમને શું કહું કે શિખામણ આપું? હું તો સ્નેહમાં પરવશ બનીને એટલી વિનંતી કરું છું કે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો, પણ અમારા ઉપર કંઇક કૃપા કરો. કૃપા કરવી હોય તો કૃપા, નફરત કરવી હોય તો નફરત, ક્રોધ કરવો હોય તો ક્રોધ, દંડ આપવો હોય તો દંડ, પણ તેવા કોઇક સ્વરૂપે આપ અમને પ્રાપ્ત થાઓ. હું તમને શી પ્રાર્થના કરું? તમે તો સર્વજ્ઞ છો, સર્વકંઇ જાણો છો.

શ્રીહરિરાયચરણ ત્રીજા શ્લોકમાં વિનંતી કરે છે : તમે દયાળુ છો. સૌના ઉપર દયા કરતા આવ્યા છો, એમાં મને અવિશ્વાસ નથી, મહારાજ! પણ તમે મારા

ઉપર દયા નથી કરતા. તેનું કારણ મને લાગે છે કે તમે કેવળ આનંદ-સ્વરૂપ છો. તમે આ જગત કેવળ તમારા આનંદ માટે પ્રકટ કર્યું છે. એકલા એકલા લીલાનો આનંદ ન લઈ શકાય, માટે તમે આ જગતને પ્રકટ કરીને તમારી પોતાની લીલાનો, તમારો પોતાનો આનંદ માણી રહ્યા છો. આનંદસાગર એવા તમે, તમારા લીલાસાગરના આનંદમાં ડૂબેલા છો, એટલે કદાચ તમને અમારું વિસ્મરણ થયું હશે.

હે પ્રભુ, હું તમને દોષ નથી આપતો. હું માનું છું કે તમે અમારું વિસ્મરણ કરો એમાં નવાઇ નથી, કારણ કે અમારામાં સ્મરણ કરવા જેવું છેય શું? સદાનંદ લીલાવિહારી એવા આપ અમને ભુલી જાઓ તેનું આશ્ચર્ય નથી. પરંતુ હે પ્રભુ, તમે તમારી નિત્યલીલામાં બિરાજો ત્યારે ભલે અમને ભૂલી જાઓ. એ નિત્યલીલામાંથી ભૂતળ ઉપર તમે કેવળ ભક્તોને માટે પ્રકટ થયા છો. તમે કેવળ ભક્તોનો ઉદ્ધાર કરવા માટે આ પૃથ્વી ઉપર પધાર્યા છે. તમે શ્રીમહાપ્રભુજીને ગોવિંદઘાટ ઉપર શ્રાવણ શુક્લ એકાદશીની મધ્યરાત્રિએ આજ્ઞા કરી છે કે જે જીવ મારે શરણ આવશે તેને હું તરછોડીશ નહીં. આવા તમે કૃપાળુ છો. પોતાના જીવનું ધ્યાન રાખનારા છો. માટે હું તમને વિનંતી કરું છું કે જે કાર્ય માટે તમે ભૂતળ ઉપર પધાર્યા છો, તે આપનું કાર્ય આપ ન કરો તે ઉચિત નથી. આપનું કાર્ય શરણે આવેલા જીવો ઉપર કૃપા કરવાનું છે. આપ અમારા ઉપર કૃપા કરો.

શ્રીગુસાંઇજી પણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે : હે પ્રભુ, તમે દયાના નિધિ છો. તમારો અધિકાર છે જીવો ઉપર કૃપા કરવાનો. એ અધિકાર ભોગવવામાં તમને કોણ રોકે છે? કૃપા કરતાં તમને કોણ અટકાવે છે? મહારાજ, અમારાં કર્મ જોઈને જો એનું ફળ આપવાનું હોય તો તમારી શી જરૂર છે? એ કામ તો તમે દેવોને સોંપી દીધું છે. અમે જાણીએ છીએ કે અમે તો તમારા લાડીલા જીવો છીએ. પુષ્ટિજીવોને કર્મનાં ફળનાં બંધન નડતાં નથી, પુષ્ટિજીવો માટે કાયદો જુદો છે. માટે અમે વિનંતી કરીએ છીએ કે જીવના દુર્ગુણો જોઇને તમે વિચાર કરશો નહીં. તમે એટલો જ વિચાર કરજો કે આ જીવ કૃપા કરવા યોગ્ય છે, માટે તેના ઉપર તમે કૃપા કરો.

શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે : મહારાજ હું અજ્ઞાની જીવ, હું અબુધ વ્રજની ગોપી, હું તમારાં ચરણકમળની દાસી, જ્ઞાનરહિત એવી હું તમને રીઝવવાનાં કોઇ સાધન જાણતી નથી. તમને કેવી રીતે પ્રાર્થના કરી શકાય એ મને આવડતું નથી, વિનંતીના મારી પાસે શબ્દો પણ નથી.

હે પ્રભુ, હું નિઃસધાન જીવ, તમારું એકમાત્રનું શરણ હંમેશ માટે સ્વીકારીને

રહેલો દીન ભક્ત. તમારા જેવા દુર્લભ પતિ મને મળ્યા. હવે એવા પતિને છોડીને હું બીજા કોને પ્રાર્થના કરવા જાઉં? મહારાજ, પતિવ્રતા સ્ત્રી પોતાના હૃદયનું ગુપ્તમાં ગુપ્ત દુઃખ પણ પોતાના પતિની આગળ રડી શકે, ત્રાહિત વ્યક્તિ આગળ તે પોતાના અંતરંગ દુઃખનો હરફ પણ ઉચારે નહીં. આવો હું જીવ, હવે કોને કહું કે મારા સ્વામી મારાથી રૂઠયા છે? નાથ, એક ભવમાં બે ભવ કરવાની મારી તૈયારી નથી. મેં તો તમારાં ચરણમાં મારું સર્વસ્વ સોંપી દીધું છે. હું જાણું છું કે હું તમારે લાયક નથી. મારા દોષ તો એટલા પ્રબળ છે કે તમે રોજ ક્ષણે ક્ષણે મારા ઉપર ખિજાતા રહો, પણ તમારી કૃપા મારા દોષો કરતાંય પણ વધારે બળવાન છે, મહારાજ!

શ્રીગુસાંઇજી વિનંતી કરે છે : હે મહારાજ, અમારા દોષ ઘણા બળવાન છે. છતાંય તમારી કૃપા પાસે તો તે બિચારા દુર્બળ છે, કારણ કે તમારી કૃપા એ ઈશ્વરનો ધર્મ છે.

શ્રીમહાપ્રભુજીએ **'શ્રીકૃષ્ણાશ્રય'**માં એ જ વિનંતી કરી : સર્વ સામર્થ્ય વિનાનો આ જીવ, હે કૃષ્ણ, તમારા શરણે આવ્યો છે. તેને તમે સ્વીકારી લો એટલી હું વિનંતી કરું છું.

શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે : હે પ્રભુ, આપની આ કૃપાશક્તિનો વિચાર કરતાં તો અમે એટલું જ કહીશું કે તમે અમારા ગુણદોષોનો વિચાર ન કરશો. હે કૃપાળુ ! હે કૃપાનિધિ ! લૌકિકમાં પણ એવું સંભવે છે કે પોતાના શરણે આવે, તે સેવકનું સ્વામી પાલનપોષણ કરે. તે તેના ગુણદોષનો વિચાર કરતા નથી. નોકરમાં અનેક દુર્ગુણો હોય, છતાં. આપણે આંખ આડા કાન કરીને એને નિભાવીએ છીએ, આપ અમારા પાલક છો, માટે આપ અમારા ગુણદોષનો વિચાર કરો તે બરાબર નથી, કારણ કે તમે અમારો અંગીકાર કર્યો ત્યારે અમારા ગુણદોષ જોઈને નહોતો કર્યો. હે કૃપાનિધિ ! જીવના દોષોનો વિચાર કરવો તે તમારો અધિકાર નથી, એ તમને છાજતું નથી. તમારો અધિકાર તો એટલો જ છે કે તમે અમારા ઉપર કૃપા કર્યા કરો.

શ્રીહરિરાયચરણ નવમા શ્લોકમાં માર્મિક રીતે વિનંતી કરે છે : હે પ્રભુ! આપ એવા પરમાનંદ સ્વરૂપ છો કે તમને કોઇ કાર્યનો શ્રમ કદી થતો જ નથી. પરિશ્રમ એ તો જીવોનો ધર્મ છે. પ્રભુ કદી થાકતા નથી, જીવ થાકી જાય છે. છતાં પણ પ્રભુ! મને એમ લાગે છે કે જો તમે મારા દોષોની યાદી બનાવવા બિરાજશો તો મને શ્રદ્ધા છે કે દોષોની ગણતરી કરતાં કરતાં તમે જરૂર થાકી જશો. કારણ કે

ગણ્યાં ગણ્યા નહીં તો ય મારા આભલામાં માય. એવા આભના તારલિયા જેટલા છે એટલા અમારા દોષ છે, છતાં એક નાના સરખા હૃદયમાં એ બધા સમાઇ જાય છે. હે ગોપીજનના ઈશ! હે ગોપીજનવલ્લભ! તમે જેમ ગોપીજનોના દોષોને વીસરી ગયા હતા, તમે કોઇ દિવસ ગોપીજનોના દોષોનો વિચાર કરીને એમની સાથે ઝઘડો નથી કર્યો, તેમ અમારા દોષોને પણ આપ ભૂલી જજો.

શ્રીહરિરાયચરણ સૂચવે છે કે ગોપીજનોના અનેક દોષો હોવા છતાં પ્રભુનાં ચરણકમળમાં હંમેશ માટે દીનતા રાખી, પદે પદે ગોપીજનોએ પ્રભુને એક જ વિનંતી કરી : હૌં હારી તુમ જીતે. પ્રભુ, હું તમારાથી હારી, તમે જીતી ગયા છો. ગોપીજનોએ પ્રભુને ખાતરી આપી કે અમારા હૃદયના બધા વિષયો છોડીને અમે તમારાં ચરણકમળમાં આવ્યાં છીએ. મહારાજ, એ ગોપીજનોના દોષ પછી તમે જોયા નથી. તમે ગીતામાં જગતના બધા જીવોને આજ્ઞા કરી : તું બધા ધર્મો, બધાં કાર્યો, બધી ફરજો - બધું છોડીને એકલાં મારાં ચરણમાં આવી જા. પ્રભુ, તમે જગતના બધા જીવોને પાપોમાંથી મુક્ત કરવા કટિબદ્ધ બન્યા છો, જ્યારે હું તો તમારો પુષ્ટિજીવ છું. શું તમે મારા દોષને ભૂલી નહીં જાવ?

શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે : હે વ્રજના અધિપતિ! નિઃસાધન જીવોના ફલાત્મક પ્રાણ! અમારા અપરાધોની ગણતરી કરવી તમારા માટે યોગ્ય નથી, કારણ કે તમારી પાસે અલૌકિક ઐશ્વર્ય ધર્મ બિરાજમાન છે. ઐશ્વર્ય ધર્મને લઇને તમે સૌને ક્ષમા કરી દો છો. અમારા ક્ષુદ્ર દોષોને તમે કયારેય વિચારતા નથી.

શ્રીહરિરાયચરણ અત્યંત દીનતાયુક્ત વાણીમાં જીવના દોષોનું નિરૂપણ કરે છે. એક લૌકિક કવિએ પણ એમ કહ્યું : **'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે, પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે.'** મનુષ્યને લૌકિક બાબતોમાં પણ જો સાચા દિલનો પશ્ચાત્તાપ થાય, તો તેના પરિણામે દોષમાંથી તે મુક્ત થાય છે, તેનું જીવન વધારે ઊર્ધ્વગામી અને સુંદર બને છે. અલૌકિક દોષો બદલ પણ જો જીવ પશ્ચાત્તાપ કરતો રહે, પોતાના અપરાધોનું અનવસરના સમયમાં સ્મરણ કરીને જાગૃતિ રાખતો રહે, તો જીવ અભિમાની બનતો અટકે છે. કુંતાજીએ પ્રભુ પાસે સુખ ન માગતાં દુઃખ માગેલું. પ્રભુ ! સુખ ન આપશો. માણસ જ્યારે પુણ્ય કરે છે ત્યારે તે પુણ્ય ભોગવવાની એની ઈચ્છા પ્રબળ બનતાં, તે પ્રભુને પણ ભૂલી જાય છે.

શ્રીહરિરાયચરણ દસમાં શ્લોકમાં વિનંતી કરે છે : હે પ્રભુ, અમે આપના છીએ, એટલે હજી અમે આપને કહેવાનો અધિકાર ગુમાવ્યો નથી, પતિને કંઇક કહેવું

હોય તો તેને સૌથી વધારે સારી રીતે તેની પત્ની સમજાવી શકે અને કહી શકે. માટે કાવ્યશાસ્ત્રમાં કાવ્યનો એક ગુણ બતાવ્યો - 'કાન્તાસમ્મિતતયોપદેશયુજે.' ઉપદેશ આપવો હોય, શિખામણ આપવી હોય, તો પત્નીની જેમ આપવી. જીવનમાં આડા માર્ગે ચડી ગયેલા પોતાના પતિને પણ શાણી - સમજુ આર્યનારી પ્રેમપૂર્વક, મીઠા શબ્દોમાં સમજાવીને ફરી સન્માર્ગે વાળવાની ક્ષમતા ધરાવે છે. પત્નીની શિખામણ સુગર કોટેડ કિવનાઇન જેવી હોય છે, જેમાં કડવી કિવનાઇન ઉપર ખાંડનું પડ હોય કે જેથી ગળી જવામાં તકલીફ ન પડે. અહીં શ્રીહરિરાયચરણ એ જ ભાવથી શ્રીપ્રભુને વિનંતી કરી રહ્યા છે કે મહારાજ, તમારા ત્રણ ગુણ મેં આગળ બતાવ્યા હતા : તમે કૃપાસાગર છો, સર્વસ્વ નિધિ છો અને સર્વથી શ્રેષ્ઠ છો. તમારા એ ગુણો કરતાં મારા દોષોની સંખ્યા ઘણી મોટી છે. અમે દીન છીએ, સંસારના ગુણોમાં રચ્યાપચ્યા છીએ અથવા તો અમે અલૌકિક ગુણો વિનાના છીએ. અમે પરાધીન છીએ. આવા હોવા છતાં, હે પ્રભુ, તમારે તો અમારા ઉપર કૃપા કરવી જ જોઇએ.

અહીં શ્રીહરિરાયચરણ પ્રભુને આગ્રહ કરી રહ્યા છે કે તમારે કૃપા કરવી જ પડશે. ભલેને તમે હમણાં જ થોડું માન કરીને બિરાજી ગયા છો. જાણે કહેતા હો: હું તારી સાથે વાત નહીં કરું! પણ મહારાજ, અમે જાણીએ છીએ કે માન કરતાં તો તમને આવડતું જ નથી, એ તો અમને જ આવડે છે! હું અત્યંત દીન છું, દુઃખી છું, સંસારમાં ફસાયેલો છું, પરાધીન છું, છતાંય તમારી કૃપાને લાયક છું, કારણ કે હું તમારો છું! તમારે મારા ઉપર કૃપા કરવી પડશે.

શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે : હે શ્યામસુંદર, હું કાળકર્મને અધીન બન્યો છું. આપ મને કાળકર્મને વધારે અધીન બનાવો તે યોગ્ય નથી, કારણ કે તમે મારો અંગીકાર કર્યો છે. માટે તમે કાળકર્મને અધીન ન બનાવતાં મને તમારે અધીન બનાવો.

શ્રીહરિરાયચરણ હજી પોતાના વિશેષ દોષ બતાવી રહ્યા છે. આપના હૃદયનો દીનતાભાવ વધુ ને વધુ પ્રબળ થઇ રહ્યો છે. પ્રિય વૈષ્ણવો, વિચાર કરજો. જગતના સર્વ ધર્મોનો ઈતિહાસ તપાસવો હોય તો તપાસી લેજો. કોઇ પણ ધર્માચાર્યે આવા નિઃસાધન ભક્તની જેમ જાહેરમાં પ્રભુ પાસે હૃદયની સાચી દીનતાયુક્ત વાણી કયારેય પ્રકટ નહીં કરી હોય! શ્રીપ્રભુચરણે અને શ્રીહરિરાયચરણે એવી અદ્ભુત દીન વાણી પ્રકટ કરી છે :

હું નિઃસાધન છું. કયાં સાધનો કરીને હું તમને રાજી કરી શકું? તમને રાજી

કરવાનાં કોઇ સાધન મારી પાસે નથી. વૈષ્ણવો, જ્યારે સાધનમાંથી આપણી આસક્તિ છૂટશે, સાધનોથી પ્રભુ જોજનો દૂર છે - એવો નિઃસાધન ભાવ હ્રદયમાં પ્રકટશે, ત્યારે પ્રભુની સમીપે આપણે પહોંચી શકીશું. માટે શ્રીહરિરાયચરણે શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવોને નિઃસાધન ભક્તો, નિર્ગુણ ભક્તો કહ્યા છે. એ ભક્તો પાસે કોઇ સાધનો નહોતાં એવું નહીં, સાધનો હોવા છતાંય એ ભક્તોએ નિઃસાધનતાનો ભાવ કેળવી હ્રદયમાં સદાય વિરહ અને વિપ્રયોગનો અનુભવ કર્યો છે.

'ગતધનાઃ'. શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે કે મારું ધન ચાલ્યું ગયું છે. **'મનોદીનાઃ'** હું મનથી પણ ગરીબડો-લાચાર બની ગયો છું. **'સુદુઃખિતાઃ'** હું આ સંસારના કાળ-અગ્નિમાં ભારે દુઃખી છું. રામાનંદ પંડિતનો શ્રીમહાપ્રભુજીએ ત્યાગ કર્યો, પણ રામાનંદ પંડિત પોતાની વિકળ અવસ્થામાંય શ્રીમહાપ્રભુજીનાં ચરણનો આશ્રય છોડતા નથી. હું શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળનો આશ્રિત છું. ચરણાવિંદનો આશ્રય કર્યો હોવા છતાંય હે મહારાજ! શોક, લોભ, મોહ, ભય - આ બધાં મને ઘેરી વળ્યાં છે. આવો હું તમારો કૃપાપાત્ર છું, કારણ કે હું શ્રીમહાપ્રભુજીનો આશ્રિત છું.

શ્રીહરિરાયચરણ પ્રભુને બે વિશેષણથી સંબોધે છે - **'મહોદાર, કૃપાનિધે :'** તમે ભારે ઉદાર, મહોદાર ચરિત્રવાન છો. તમે દયાના સાગર છો. હે પ્રભુ. તમારી પાસે બીજું કંઇ નથી માગતો, તમારી કરુણા, તમારી દયા માગું છું. કેમ? મહારાજ, તમે જે આપો છો તે અક્ષય બની જાય છે. હું જાણું છું કે તમારું આપેલું કદી ખૂટતું નથી. ગમે તેટલું વપરાય તો પણ એ છલોછલ ભરેલું રહે છે. મહારાજ, તમે વિદુરજીને અક્ષયપાત્ર આપ્યું. તો એમાં ચોંટેલો ભાજીનો એક કણ પણ અક્ષય બની ગયો હતો. માટે તમે મને દયારૂપી એવું અક્ષયપાત્ર એક વાર આપી દો કે પછી તમારી દયા ઘટે જ નહીં.

શ્રીહરિરાયચરણ આગળ વિનંતી કરે છે : હે મહારાજ, હવે આ જયેષ્ઠ માસ તપવા માંડશે. વરસાદની અમે આતુરતાપૂર્વક રાહ જોયા કરીશું. અમને સુખ ન થાય, એ રીતે, આ સંસારરૂપી દાવાનળ અમારા હ્રદયમાં સળગી રહ્યો છે, અહંતા અને મમતાને કારણે અમે દુઃખી છીએ, પણ મહારાજ, અમે એવા મૂર્ખ છીએ કે જેનાથી દુઃખી થવા છતાં વધારે પકડીએ છીએ અને એની પાછળ વધારે દોડીએ છીએ. હું કરું છુંની અહંતાને લીધે અમે દુઃખી થઇ ગયા છીએ.

એક વૈષ્ણવનું સતત બોલાતું એક વચન મને ઘણું યાદ આવે છે, દીનતાનું એ લક્ષણ પણ છે. કોઇ એમને સૂચન કરે કે કેમ કરીશું? એ કહે કે તમે જેમ કહો

એમ કરીએ. આપણે બીજા કહે એમ કરીએ ત્યારે કોઇ દિવસ મગજ ઉપર બોજ લાગતો નથી. આપણે કહીએ એમ બીજા કરે એવો આગ્રહ કરીએ ત્યારે મગજ ક્રોધથી ફાટી જાય છે કે કેમ મારું કહ્યું ન કર્યું? પણ તમે કહો એમ કરીએ ત્યારે મગજ શાંત રહે છે, સ્વસ્થ રહે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા આ સંસારને શ્રીમહાપ્રભુજીએ મિથ્યા કહ્યો છે. સંસાર એટલે અહંતા અને મમતા. એના દાવાનળમાં અમે બધાં બળી રહ્યાં છીએ. મહારાજ, અમે જાતે કરીને આપઘાત કરતાં રહ્યાં છીએ અમારા ઉપર અહંતામમતાનું કેરોસીન છાંટીને અમે સળગીએ છીએ. આપઘાત કરનારને તમે સાંભળ્યા હશે, કયાંક જોયા પણ હશે કે ક્રોધના આવેશમાં પગલું ભરે અને દાઝયા પછી બૂમો પાડે : મને બચાવો, હવે બચાવો. એવી સ્થિતિ આપણા જીવોની પણ છે. ક્રોધથી મગજને ફાડી નાખીએ, એની મન ઉપર ભારે અસર થાય. બી.પી. વધી જાય અને પછી ડૉકટરને કહીએ કે બી.પી. ઘટાડો. દવા આપો. પણ એના કરતાં બી.પી. વધે જ નહીં એ માટે આ અહંતાને છોડી દો, તો બી.પી. આપોઆપ નોર્મલ રહેશે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : આ સંસારરૂપી દાવાનળમાં હું સળગી રહ્યો છું. એ વખતે હું ઇચ્છા કરું છું કે આકાશમાંથી વાદળ વરસીને મારી આગ ઠારી દે. હે ઘનશ્યામ શ્રીગોવર્ધનધરણ, તમે કૃપારૂપી અનંત જળનું દાન કરી અમને સુખ આપો. એ સિવાય અમારે માટે સુખપ્રાપ્તિનો બીજો કોઇ ઉપાય નથી.

શ્રીહરિરાયચરણ કહે છે : જેમને મેં અંગીકૃત કર્યા છે, જેમને મેં શરણે લીધા છે, જેમના ઉપર મેં કૃપા વરસાવી છે, જેમને બ્રહ્મસંબંધ આપીને મેં આજ્ઞા કરી છે કે હવે તમે ઘરમાં રહી સેવા કરો. તમે ઘરમાં સેવા કરવા માટે રહો એ બધા પોતાના ભાવનો નાશ કરવામાં તત્પર બન્યા છે. શ્રીહરિરાયચરણને ભારોભાર દુઃખ છે, વ્યથા છે કે મારા વૈષ્ણવો આજે મારી આજ્ઞાનું પાલન કરવા તત્પર નથી, મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે તત્પર બન્યા છે. હું શું કરું? હું એ વૈષ્ણવોને કેવી રીતે સમજાવું? કાળના પ્રવાહમાં ઘસડાઇ જતા એ વૈષ્ણવોને હવે હું કેવી રીતે રોકી રાખું ? નાથ, મને કંઇ સમજણ પડતી નથી. આજે મારા જીવો જ મને દઝાડી રહ્યા છે, મને વેદના આપી રહ્યા છે. જે શ્રીવલ્લભે કૃપા કરીને શરણે લીધા, જે શ્રીવલ્લભે કૃપા કરીને આપણો હાથ શ્રીનાથજીના હાથમાં સોંપ્યા તે શ્રીવલ્લભને આજે આપણે પીઠ બતાવી રહ્યા છીએ!

એક વૈષ્ણવ કુટુંબમાં જવાનું થયું. એમણે પોતાની લૌકિકની વ્યથા મને કહી

કે મારો એકનો એક દીકરો. દીકરાનાં લાડ-કોડ બન્યાં એટલે મેં પૂરાં કર્યાં. એને અમેરિકા ભણવાની ઇચ્છા હતી. એને અઢાર વર્ષની ઉંમરે અમેરિકા ભણવા મોકલ્યો. એ દીકરા માટે રોજનો એક હજાર રૂપિયાનો હું ખર્ચ કરું છું. એ દીકરાનું સગપણ એની ઇચ્છા પ્રમાણે કરી આપ્યું. એની વિવાહિતા પત્નીને મળવા માટે એ દીકરો ગામમાં આવે એટલે એરપોર્ટ ઉપરથી સીધો એની પત્નીના ઘેર ચાલ્યો જાય, બે દિવસ પછી એના બાપને યાદ કરીને ફોન કરે કે પપ્પા હું ગામમાં આવ્યો છું! શું કરવાનો મારે આ દીકરાને? પિતાની આ વેદના છે, વ્યથા છે કે મારો પૈસો આ દીકરાને માટે ખર્ચવાનો? એના કરતાં ગામના અનેક દુઃખી દીકરાઓને હું વધારે સુખી કરવામાં ખર્ચું તો? શ્રીવલ્લભની પણ આ વેદના છે કે મારા જીવો, જેમને કૃપા કરીને મેં શરણે લઇને આવું અલભ્ય સેવાનું સુખ બતાવ્યું, એ જીવો આજે મારા સિદ્ધાંતોનો ત્યાગ કરી, મને છોડી, મારો અને મારા પ્રભુનો આશ્રય છોડી, સેવા અને સ્મરણ છોડી ફરી પાછા સંસારમાં ભટકી રહ્યા છે. એમને ભાન નથી, એમને સાન નથી, શું કરે છે એની એમને ખબર નથી. ઇસુ ખ્રિસ્તે એમ કહ્યું કે આવું પાપાચરણ કરનાર જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે? પ્રભુ, તું એમને ક્ષમા કરજે. શ્રીહરિરાયચરણ પણ પ્રભુને એ જ વિનંતી કરી રહ્યા છે કે પ્રભુ, આ જીવો અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને સંસારમાં ઘસડાઇ રહ્યા છે. તમે ખુદ પ્રકટ થઇને આજ્ઞા કરી છે : જો તમને મારામાં - શ્રીગોપીજનવલ્લભમાં વિશ્વાસ હશે તો તમે કૃપાર્દ્ર છો, તમારે કોઇ શંકા કરવાની જરૂર નથી. પણ હે પ્રભુ, તેમણે તમારામાંથી વિશ્વાસ ગુમાવ્યો છે. છતાંય તમે એ જીવો ઉપર ક્ષમા કરજો. એ જીવોને કેવી રીતે સુખ આપવું તેની મને સમજણ પડતી નથી. મારો સેવક તમારી સારી રીતે સેવા કરે તો મને સુખ થશે એમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે.

શ્રીહરિરાયચરણની આજ્ઞા એ જ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. શ્રીહરિરાયચરણના હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજી આપણને સૌને કહી રહ્યા છે કે હે વૈષ્ણવો, તમે જો મારું સુખ ઇચ્છતા હો તો કેવળ વાતોનાં વડાં કરવાથી નહીં થાય, કેવળ બેઠકોની યાત્રાએ દોડધામ કરવાથી નહીં થાય. મારું સુખ કરવું હોય તો તમે ઘરમાં રહીને પ્રભુની સેવા કરો. તમારા સ્વામીને લાડ લડાવો. પ્રભુના મુખારવિંદમાં બિરાજીને હું તમારી સેવા અંગીકાર કરીશ. તો મને સુખ થશે, બીજી કોઇ રીતે તમે મને સુખ નહીં આપી શકો, નહીં આપી શકો, નહીં આપી શકો.

જો જપ, તપ, તીર્થ એ જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો ધર્મ હોત તો એ સાધનો તો મર્યાદામાર્ગનાં શાસ્ત્રોએ ક્યારનાંય બતાવેલાં હતાં, શ્રીમહાપ્રભુજીએ ફરી પ્રાકટ્ય

લેવાની જરૂર ન હતી. શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય કેવળ 'ભગવદ્રૂપ સેવાર્થમ્' - ભગદ્સ્વરૂપની સેવા શીખવવા માટે જ થયું છે.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જે ગૃહસ્થ ઘરની અંદર ભગવાનની સેવા નથી કરતા અને સેવા ન કરીને પોતાના ભગવદ્‌ભાવનો નાશ કરી રહ્યા છે, એવું ઊલટું કર્તવ્ય કરનારા વૈષ્ણવોને જોઈને, હે પ્રભુ, હવે હું શું કરું ? ડાહ્યો માણસ પોતે જે વૃક્ષની ડાળ ઉપર બેઠો હોય એ ડાળીને કાપવાનો પ્રયત્ન કદી ન કરે. પોતે જે વ્યવસાય કરતો હોય એ વ્યવસાયનો નાશ કરવાનો પ્રયત્ન કદી ન કરે. આપણે આપણા ધર્મનો નાશ કરી રહ્યા છીએ, સેવાથી વિમુખ બનીને! શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે મને સમજાતું નથી કે મારે શું કરવું? જે પોતાના સંબંધથી બહિર્મુખ થયા છે, પ્રભુ સાથેનો પણ સંબંધ ભૂલીને બહિર્મુખ થયા છે તેવા જીવોને, હે પ્રભુ, આપ સહાય કરો, કારણ કે તેઓ ઉત્સાહહીન બની ગયા છે. આપ તેમને છોડશો તો તેમનો ઉત્સાહ સદાને માટે નાશ પામશે.

આમ, પંદર શ્લોકમાં શ્રીહરિરાયચરણે પ્રભુને દીનતાયુક્ત વાણીમાં વિજ્ઞપ્તિ કરી છે.

શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે : હે પ્રભુ, જેવી રીતે રસ્તામાં કોઈ ઠગ પુરુષ જીવને ઠગી લેવાનો પ્રયત્ન કરે, એવી રીતે જાણે ઘરમાં રહેલો હું ઠગાઈ રહ્યો છું એવું મને લાગી રહ્યું છે. તેથી જેમના દ્વારા હું ઠગાઈ રહ્યો છું એ સૌથી આપ મારું રક્ષણ કરો. આમ વિનંતી કરતાં આગળ આજ્ઞા કરે છે કે એક અંધારો કૂવો હોય, એમાં પડેલું દેડકું દુઃખયુક્ત અવસ્થામાં પોતાની વ્યથા વ્યકત કરે એમ હું પણ મારી આ વ્યથા આપની સમક્ષ વ્યકત કરી રહ્યો છું.

હે પ્રભુ, આપ મારી કયાં સુધી ઉપેક્ષા કરશો? આપ મારો ત્યાગ કયાં સુધી કરશો? મને કંઈ સમજાતું નથી, કારણ કે હે પ્રભુ, હું બધાથી દુષ્ટ છું. - ચિત્ત દુષ્ટ છે, વાણી દુષ્ટ છે, કાયા દુષ્ટ છે, ક્રિયા દુષ્ટ છે, મારું જ્ઞાન દુષ્ટ છે. મારી બુદ્ધિ દુષ્ટ છે. આપ મારો વિચાર કર્યા વિના મારા ઉપર કૃપા કરો.

જો તમે મારો ત્યાગ કરશો તો હું હવે કયાં જઈશ? હવે હું બીજા કોઈના શરણે જઈ શકું તેમ નથી. જેવી રીતે એક નાવિક પોતાની નાવમાં કોઈક મનુષ્યને બેસાડી, મધ્યધારામાં છોડી મૂકે તો એ મનુષ્યની શી દશા થાય? આપ મારી જીવનનૌકાના નાવિક છો, મને આ સંસારની મધ્યધારામાં છોડી મૂકો એ ઉચિત નથી.

આપે શ્રીમહાપ્રભુજીના કુળમાં મને જન્મ શું કરવા આપ્યો? અને જો જન્મ

આપ્યો તો ભલે હું ગમે તેટલો દોષિત છું તો પણ આપ મારા ઉપર કૃપા કરો, કારણ કે શ્રીગુસાંઇજીને આપે વચન આપ્યું છે કે હું આપના વંશનો કદાપિ ત્યાગ નહિ કરું.

આમ, વિનંતી કરતાં કરતાં ચોવીસમા છેલ્લા શ્લોકમાં આપનો દીનતાનો સાગર ચરમ કક્ષાએ ઊછળે છે. આપના હૃદયનો વિપ્રયોગનો નિઃશ્વાસ 'હા' શબ્દ દ્વારા આપ વ્યક્ત કરે છે. સૌથી પહેલું નામ આપે દીધું 'હા કૃષ્ણ.' શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કૃષ્ણ નામ વેદની શ્રુતિઓએ પ્રભુને આપેલું નામ છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુની નિત્યલીલામાં જે શ્રુતિરૂપા વ્રજભક્તો છે, શ્રીચંદ્રાવલીજીના યૂથનાં એ વ્રજભક્તોએ પ્રભુનું સ્મરણ આ કૃષ્ણ નામથી કર્યું છે. કૃષ્ણ નામ ફલાત્મક છે, વિરહાત્મક છે. પરિણામે અષ્ટાક્ષર અને પંચાક્ષરમાં કૃષ્ણ નામ છે. કૃષ્ણ શબ્દ પ્રભુના સર્વસામર્થ્ય અને પરમાનંદનું આપણને સૂચન કરનાર છે. એવા હે કૃષ્ણ, આપ મારો ઉદ્ધાર કરો.

બીજું નામ આપ્યું હા 'નંદસૂનુ.' સૂનુ એટલે પુત્ર. હે શ્રીનંદરાયજીના પુત્ર, તમે જેમ શ્રીનંદબાવાનું પાલન કર્યું, નંદબાવાને અંબિકા વનમાં સુદર્શન નાગ ગ્રસી જતો હતો ત્યારે બચાવ્યા, નંદબાવાના વ્રજ ઉપર ઇંદ્રે મુશળધાર વૃષ્ટિ કરી ત્યારે આપે નંદબાવા સહિત વ્રજવાસીઓ અને વ્રજને ઉગારી લીધું એમ આપ મારું પણ પાલન કરો. નંદબાવા બંગાળના ગૌડ દેશમાંથી કંસને ભેટ આપવા લઇ આવેલ ૧૬,૦૦૦ કુમારિકાઓ, જે પૂર્વજન્મમાં ભગવાન રામચંદ્રજીનું વરદાન પામેલા ઋષિકુમારો છે, એમને પ્રભુની સેવામાં ઘરમાં રાખ્યા છે, જેમણે કાત્યાયિની વ્રત કરીને શ્રીયમુનાજી પાસે નંદનંદન પોતાના સ્વામી થાય એવું વરદાન માગ્યું છે, એ કુમારિકાઓ પ્રભુને 'નંદસૂનુ' કહીને સંબોધન કરે છે, કારણ કે પ્રભુમાં એમનો પતિભાવ છે. પરિણામે પ્રભુનું એ સીધું નામ લેતાં નથી.

ત્રીજું નામ આપ્યું : 'યશોદાજીના પ્રાણપ્રિય હે પુત્ર.' શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે શ્રીયમુનાજી સતત શ્રીયશોદામા પાસેથી એ શીખી રહ્યાં છે કે હું આપની જેમ પ્રભુના ચરણે બધા જીવોને લઇને યશ લેવાને બદલે યશ આપનારી બનું. આવાં શ્રીયમુનાજી પ્રભુને યશોદાજીના પ્રાણપ્રિય પુત્ર તરીકે સંબોધીને વિનંતી કરે છે કે આપ અમારા ઉપર કૃપા કરો.

ચોથું નામ શ્રીહરિરાયચરણે આપ્યું, 'હે ગોપીજનોના હૃદયના આધાર', આપ અમારા ઉપર કૃપા કરી અમારો ઉદ્ધાર કરો. શ્રીસ્વામિનીજી પોતે ગોપિકા સ્વરૂપે પોતાના પ્રાણનાથને વિનંતી કરતાં આ નામથી વીનવે છે.

આ ચાર સ્વામિની સ્વરૂપોના ભાવથી શ્રીહરિરાયચરણે આ અઠ્ઠાવીસમા શિક્ષાપત્રના છેલ્લા શ્લોકમાં પ્રભુને વિનંતી કરી : હે પ્રભુ, મને આપના વરદ શ્રીહસ્તથી પકડી રાખો, સંસારસાગરમાં મને વહી જવા દેશો નહીં, મને બચાવી લો. મને આપના શ્રીહસ્તથી પકડીને આ માર્ગમાં પુષ્ટિના પથમાં આગળ ચાલવાની, શ્રીવલ્લભના નિરૂપેલા સિદ્ધાંતોને શબ્દશઃ જીવનમાં ઉતારવાની શક્તિ, મતિ, ગતિ અને રતિનું દાન કરો. આપ મારો ઉદ્ધાર કરો. વિપ્રયોગના સમુદ્રમાં હું ડૂબી રહ્યો છું. આપ જો હવે મને આપના વિપ્રયોગધર્મી સ્વરૂપનાં દર્શન નહીં કરાવો, તો મારા આ પ્રાણ હવે ટકશે નહીં. મારા પ્રાણ હવે આપના હાથમાં છે. આપ મને આ વિપ્રયોગ સમુદ્રમાંથી બહાર કાઢી, આપના અલૌકિક સ્વરૂપાનંદના સંયોગનું સુખ આપો.

શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી : મારા હૃદયરૂપી શેષસાગરમાં પ્રભુ બિરાજી રહ્યા છે. સહસ્ર વ્રજભક્તો સાથે એમનો લીલાવિનોદ ચાલી રહ્યો છે. એક એક ક્ષણમાં અનુભવાતી એ પ્રભુની અગણિત અનેક લીલાઓનાં દર્શન કરતાં કરતાં એ લીલાનાયકનાં ચરણોમાં હું નમન કરું છું.

શ્રીહરિરાયચરણે પણ પ્રભુને એ જ વિનંતી કરી છે કે મારું હૃદય આપનો લીલાસાગર બની જાય. મારા હૃદયમાં આપ સદાય સર્વ વ્રજપરિકર સહિત બિરાજો. મને સદાય કેવળ આપની લીલાનાં દર્શનનું અનુસંધાન રહ્યા કરે. 'આગે કૃષ્ણ પાછે કૃષ્ણ, ઉત કૃષ્ણ હૌ તો ભયી રી, કૃષ્ણમયી રી.' હે પ્રભુ, આપ મારો હસ્ત પકડો, આપનાં ચરણનો મને આશ્રિત કરો. આવી, અત્યંત ભાવાત્મક દીનતા, અત્યંત ભાવસભર હૃદયથી શ્રીહરિરાયચરણ કરતાં કરતાં વિપ્રયોગના સમુદ્રમાં ડૂબી જાય છે અને ત્યાં એમને પ્રભુના અલૌકિક સ્વરૂપનો અનુભવ થાય છે.

॥ ઇતિ શ્રીહરિરાયજીવિરચિતં અષ્ટાવિંશતિતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષા ટીકાસમેતં સમાપ્તમ ॥

શિક્ષાપત્ર અઠ્ઠાવીસમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૨૪

વિષય : સ્વદોષદર્શન - કૃપાયાચના

- હું સર્વસાધનહીન છું. માત્ર ભગવદ્ શરણાગત, વિરહવ્યાકુળ છું. માટે મને દર્શન આપો.
- તમે ભક્તો માટે પ્રગટ થયા છો, માટે મારો ઉદ્ધાર કરો.
- મારા દોષોને ભૂલી જાવ.
- નિર્ધન, મનથી દીન, અત્યંત દુઃખી, શોક-મોહ-ભયથી વ્યાકુળ મારા પર કૃપાનું દાન કરો.
- ઘરમાં રહેલાં સૌ મારા ભાવનો નાશ કરવા તત્પર છે. તેમનાથી મને બચાવો.
- ભગવદીયોથી હું ત્યજાયેલો છું. ચિંતા રૂપી મહાસાગરમાં ડૂબેલો છું. મને તેમાંથી ઉગારો.

શિક્ષાપત્ર ઓગણત્રીસમું

બુધ્ધિનાશકકાલોડયં સર્વેષાં સમુપાગતઃ ।
અતો હિ સર્વથા ગોપ્યં બુદ્ધિરત્નં સુબુદ્ધિભિઃ ॥૧॥

સર્વની બુદ્ધિનો નાશ કરનારો સમય આવ્યો હોવાથી બુદ્ધિમાનોએ પોતાની બુદ્ધિને સર્વથા છુપાવી રાખવી. (૧)

સત્સંગ કૃષ્ણસ્મરણશરણાગતિસાધનૈઃ ।
તદભાવે કૃતિઃ સર્વા યતો વૈયર્થ્યમેતિ હિ ॥૨॥

સત્સંગ, કૃષ્ણસ્મરણ અને શરણાગતિરૂપ સાધનો વડે બુદ્ધિની રક્ષા કરવી. તેના અભાવમાં સર્વ કૃતિ વ્યર્થ થઈ જશે. (૨)

અત એવોક્તમાચાર્યૈઃ સ્વકીયકરુણાત્મભિઃ ।
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ॥૩॥

તેથી જ પોતાના જનો ઉપર કરુણા કરનાર શ્રીઆચાર્યચરણોએ કહ્યું છે કે બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણનાં ચરણકમળ પ્રસન્ન થાઓ! (૩)

ઉપકારોડપિ ગાયત્ર્યા ધ્યાનહેતુરયં મતઃ ।
ગીતાયાં હરિણાપ્યુક્તમર્જુનં પ્રતિ મોદતઃ ॥૪॥
દદામિ બુધ્ધિયોગં તં યેન મામુપયાંતિ તે ।
બુધ્ધિસ્થૈર્યં હૃદિસ્થૈર્યં હરેરિતિ ન સંશયઃ ॥૫॥

ગાયત્રીના ધ્યાનમાં આવા પ્રકારનો ઉપકાર હેતુરૂપ માનવામાં આવ્યો છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે અર્જુનને આનંદથી આ પ્રમાણે કહ્યું છે : હું તને બુદ્ધિયોગ આપું છું, જેથી તું મને પ્રાપ્ત કરી શકે. જ્યારે બુદ્ધિની સ્થિરતા આપું છું, ત્યારે જ હૃદયમાં પ્રભુની સ્થિરતા થાય છે, એમાં સંશય નથી. (૪-૫)

તન્નાશ એવ ગીતાયાં સર્વનાશો નિરૂપિતઃ ।
અતો બુદ્ધિઃ સુસંરક્ષ્યા ભાવભાવનકારણમ્ ॥૬॥

ગીતાજીમાં એમ પણ કહ્યું છે કે જો બુદ્ધિનો નાશ થાય, તો સર્વસ્વનો નાશ થાય. બુદ્ધિ સર્વ ભાવોની ઉત્પત્તિના કારણરૂપ છે. તેનું સારી પેઠે રક્ષણ કરવું જોઈએ. (૬)

પ્રસાદભક્ષણૈર્નિત્યં સેવનાકરણૈરપિ ।
સત્સંગેન સદા કૃષ્ણકથાશ્રવણકીર્તનૈઃ ॥૭॥

આમ, જો બુદ્ધિનું રક્ષણ કરવું હોય, તો મહાપ્રસાદનું ભક્ષણ કરવું. પ્રભુની સેવા કરવી, સદા સત્સંગ કરવો, કૃષ્ણકથા સાંભળવી અને પ્રભુનું ગુણગાન કરવું.(૭)

શિક્ષાપત્ર : ૨૯

અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે દીનતા અને વિરહ કેવી રીતે સિદ્ધ થાય તેનો પ્રકાર સમજાવ્યો હતો.

૨૯મા શિક્ષાપત્રમાં આપ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીએ નિરૂપેલા આ બધા સિદ્ધાંતો આપણે ક્યારે આપણા જીવમાં ઉતારી શકીએ? એને માટે આપણામાં કઇ બાબતની ઉણપ વર્તાય છે? શ્રીહરિરાયચરણ ૨૯મા શિક્ષાપત્રમાં સમજાવે છે કે **ભગવદ્ ધર્મનું પાલન કરવા માટે બુદ્ધિની દૃઢતા અત્યંત જરૂરી છે.** જ્યાં સુધી આપણી બુદ્ધિમાં આ સારું કે પેલું સારું ? આ સાચું કે પેલું સાચું? એવા સંકલ્પ-વિકલ્પ થયા કરે ત્યાં સુધી બુદ્ધિ કદી દૃઢ અને સ્થિર થઇ શકતી નથી. બુદ્ધિ દૃઢ અને સ્થિર ન થાય, તો જાણવા છતાં પણ એનું આચરણ કરવા માટે એ બુદ્ધિ તત્પર થતી નથી. માટે તો દુર્યોધને એમ કહ્યું કે ધર્મ શું છે, એ હું જાણું છું. હું એનો સિદ્ધાંત બરાબર સમજું છું. પણ એનું આચરણ હું કરી શકતો નથી. હું જાણું છું. કે આ અધર્મ છે, પણ હું એનાથી દૂર રહી શકતો નથી!

આપણા સૌની સ્થિતિ પણ આવી છે. આપણે બધા શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને નથી જાણતા અને નથી સમજતા એમ કહી શકીશું નહીં. આપણે ઠીક ઠીક પ્રમાણમાં જાણીએ છીએ, સમજણા થયા ત્યારથી ભગવદ્વાર્તા સાંભળીએ-વાંચીએ છીએ, શ્રીવલ્લભકુળનાં અને વિદ્વાનોનાં વચનામૃતો અને પ્રવચનોને આપણે સાંભળવા-સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. બીજાને સલાહ અને સૂચના આપવી હોય તો આપણે શું કહેવું, એની સમજ છે પરંતુ એનું જાતે આચરણ કરવામાં આપણે ઘણા શિથિલ છીએ. એનું કારણ શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં બતાવે છે.

અત્યારનો આ સમય જ્ઞાની-અજ્ઞાની સૌની બુદ્ધિનો નાશ કરનારો છે. આ સમયમાં બુદ્ધિને સાચવી રાખવી બહુ કઠણ છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણી બુદ્ધિ સ્થિર રહેતી નથી, આપણા મનમાં સંકલ્પ-વિકલ્પ થયા કરે છે. ભગવદ્વાર્તા દ્વારા જાણવા છતાંય ભગવદ્ધર્મનું આચરણ કરવામાં આપણે શિથિલ છીએ. દેહ-ધર્મના આચરણમાં આપણે વધારે રચ્યાપચ્યા છીએ.

શ્રીહરિરાયચરણ અહીં બતાવે છે કે સારી બુદ્ધિ કોને કહીશું? જે શ્રીમહાપ્રભુજીના

શિક્ષાપત્રનું

સિદ્ધાંતોને સમજીને એનું આચરણ કરવાનો પ્રયત્ન કરે એની બુદ્ધિ સારી. સમજીને આચરણ ન કરે એની બુદ્ધિ નઠારી. જેની બુદ્ધિ સારી છે, એમણે પોતાની આ બુદ્ધિરૂપી રત્નને એક બંટામાં બરાબર પ્રયત્નપૂર્વક સાચવી રાખવા જેવી છે.

આ ૨૯મું શિક્ષાપત્ર જાણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના સાંખ્ય યોગના બીજા અધ્યાયના ૫૪મા શ્લોકમાં અર્જુને ભગવાનને પૂછેલા પ્રશ્નના જવાબનું ભાષ્ય છે! ૫૪મા શ્લોકમાં અર્જુન ભગવાનને પૂછે છે કે મહારાજ! તમે મને એમ કહો છો કે તારી બુદ્ધિને તું સ્થિર કર, મારી બુદ્ધિ દૃઢ કેવી રીતે બને? બુદ્ધિ સ્થિર કેવી રીતે બને? શું કરીએ તો બુદ્ધિમાં સંકલ્પ-વિકલ્પ ન થાય? શું કરીએ તો બુદ્ધિમાં શંકા-કુશંકા ઊભી ન થાય?

અર્જુનના આ પ્રશ્નના જવાબમાં ગીતાના બીજા અધ્યાયના ૫૫મા શ્લોકથી લઇને ભગવાન અર્જુનને આજ્ઞા કરે છે. અર્જુન તો અહીં નિમિત્ત છે. એ આજ્ઞા આપણને સર્વેને ભગવાન કરી રહ્યા છે. ૨૯મું શિક્ષાપત્ર સમજવા માટે પહેલાં આપણે ગીતાનો આ બુદ્ધિયોગ - સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજવાં પડશે. ભગવાને અર્જુનને કહેલો આ બુદ્ધિયોગ સમજવામાં તમારાં મન અને હૃદયને સ્વસ્થ ચિત્તે જોડજો.

હમણાં હું કથામંડપમાં આવતો હતો ત્યારે મને સમજાયું નહીં કે આઠ આઠ દિવસની ભગવદ્વાર્તાનું પાન કર્યા પછી આજે નવમા દિવસે આપણે હસવું કે રડવું? જ્યાં ભગવદ્‌વાર્તા થાય ત્યાં સ્વયં ભગવાન પધારે છે અને બિરાજે છે. આપણા પ્રાચીન મહાનુભાવ ભગવદીયો એવી આજ્ઞા કરતા કે ભગવદ્‌વાર્તા સાંભળવા બેસીએ, ત્યારે પલાંઠી વાળીને બેસીએ. ગમે તેમ પગ ઊંચા-નીચા રાખીને ભગવદ્‌વાર્તા ન સાંભળીએ. કારણ કે આપણી ગોદમાં આપણા માથે બિરાજતા આપણા સેવ્ય પ્રભુ ભગવદ્‌વાર્તા સાંભળવા બિરાજે છે. પગ ઊંચા-નીચા કરવાથી પ્રભુને પરિશ્રમ થાય છે. આ વાત તો આપણાથી ભુલાઇ ગઇ, પરંતુ એનાથી વધારે ભુલાઇ ગયું કે આ ભગવદ્‌વાર્તાનું સ્થળ પણ ભગવન્નમંદિર છે. મંદિરમાં જોડા-ચંપલ પહેરીને દર્શન કરવા જવા જેટલો અવિવેક આપણે નથી કરતા. જોડા-ચંપલની ચિંતા જરૂર રાખીને મંદિરમાં જઇએ છીએ કે બહાર કાઢેલા જોડા-ચંપલ ચોરાઇ જશે કે કેમ? દર્શન કરવા જતાં ચિત્ત શ્રીઠાકોરજીમાં નથી હોતું, એ જોડા-ચંપલમાં રહે છે. કથામંડપમાં આપણે પગ નીચે જોડા-ચંપલ દબાવીને બેસતાં થયાં. પગમાં ચંપલ પહેરીને ભગવદ્‌વાર્તા સાંભળવા બેસવું એના કરતાં ન આવવું વધારે સારું. જાણી બૂઝીને આપણે પ્રભુના

અપરાધી બનીએ છીએ, દોષવાન બનીએ છીએ. ભગવદ્‌વાર્તા સાંભળવી છે અને જોડા-ચંપલમાં ચિત્ત રાખવું છે. આપણી બુદ્ધિ આવી ચલાયમાન થઇ છે, ભ્રષ્ટ થઇ છે એ બુદ્ધિની સ્થિરતા માટે, એ બુદ્ધિની શુદ્ધિ માટે, એ બુદ્ધિને દૃઢ કરવા માટે ગીતાજીના બીજા અધ્યાયમાં ભગવાન આપણને સમજાવે છે

ચારેય બાજુ ભટકતી-રખડતી તમારી બુદ્ધિને જો ખીલે બાંધવી હોય તો તમે શું કરશો? ભગવાને સૌથી પહેલી ચાવી આપી, તમારા મનમાં જન્મતી લૌકિક ઇચ્છાઓને છોડી દો. બુદ્ધિને સ્થિર કરવી હોય તેણે લૌકિક ઇચ્છાઓથી દૂર રહેવું પડે. ચંપલ પહેરીને કથામંડપમાં બેસવું એ લૌકિક ઇચ્છાઓને સામે રાખીને બેસવા જેવું છે. પરિણામે સાંભળવા છતાં આ ભગવદ્‌વાર્તાની અલૌકિક બાબતો આપણા હૃદયમાં ઊતરતી નથી. એટલે જ કદાચ પેલા અખાએ કહ્યું હશેઃ **'કથા સુણી-સુણી ફૂટયા કાન, તોય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન!'** વાત આપણે જેટલી હસી કાઢીએ એટલી જ ગંભીર છે. ભગવાને સૌથી પહેલું જણાવ્યું કે હે અર્જુન, જો તારે મારા સાચા સ્વરૂપને જાણવું હોય તો તું તારા હૃદયમાંથી લૌકિક ઇચ્છાઓને દૂર કરી દે.

અર્જુન કહે છે : મહારાજ, લૌકિક ઇચ્છાઓને દૂર કરવી એટલે શું? ભગવાન કહે છેઃ તું જે કંઇ કામ આ દુનિયામાં કરતો હોય, એના પરિણામે જો તને દુઃખ થાય તો એ દુઃખ તું મનમાં લગાડીશ નહીં. તને જો એનું સુખ થાય તો તે સુખ પણ તું મનમાં વિચારીશ નહીં. સુખ-દુઃખથી નિઃસ્પૃહ થઈને નું જીવજે. રાગ, ભય અને ક્રોધ છોડી દેજે.

આપણો રાગ છૂટયો નથી. જેને રાગ છે એને ભય લાગે છે કે એ ચોરાઇ જશે તો? અને જેને ભય વધારે લાગે તેને ક્રોધ વધારે થતો હોય છે. માટે પ્રભુએ આજ્ઞા કરી કે જે સુખદુઃખમાં સમાન બુદ્ધિ રાખે, રાગ, ભય અને ક્રોધ છોડી દે એવા માણસની બુદ્ધિ સ્થિર થઇ છે એમ તમારે સમજી લેવું. આપણી બુદ્ધિ સ્થિર છે કે નહીં એનું આ લક્ષણ પ્રભુએ આપણને સમજાવ્યું.

પ્રભુ આગળ આજ્ઞા કરે છે કે જેવી રીતે કાચબો સામે ભય આવે ત્યારે પોતાનું બધું શરીર એના કોચલાની નીચે સંકોરી લે છે, એવી રીતે હે અર્જુન, દુનિયાના જુદા જુદા વિષયોમાંથી તું તારા મનને સંકોરી લે. દુનિયાની બહારની બાબતોમાંથી મન ભટકાવવાને બદલે પ્રભુના સ્વરૂપના ચિંતનમાં મનને જોડે છે તેની બુદ્ધિ સ્થિર છે એમ ભગવાન કહે છે.

ભગવાન અહીં બે શબ્દ આપ્યાઃ બહિર્મુખ અને અંતર્મુખ. જે દુનિયાની

બાબતોમાં રચ્યોપચ્યો રહે તે બહિર્મુખ. જે પ્રભુના સ્વરૂપમાં રચ્યોપચ્યો રહે તે અંતર્મુખ. દુનિયાની બાબતોમાંથી મનને ખેંચી લઈને જે પ્રભુમાં બુદ્ધિ જોડે એની બુદ્ધિ સ્થિર છે એમ માનવું.

દુનિયામાં રહેવા છતાં દુનિયાની બાબતોમાંથી મન કેવી રીતે નીકળી જાય? જનકવિદેહી રાજાના ત્યાં ગયેલા ઋષિ જનકવિદેહીને પૂછે છે કે તમે રાજા છો. છતાંય તમે અંતર્મુખ છો એમ બધા કહે છે. આટલી મોટી રાજ્યની જવાબદારી બજાવવા છતાં તમે અંતર્મુખ થયા કેવી રીતે? મને એ શીખવો. જનકવિદેહીએ બીજે દિવસે એ મુનિને રથમાં બેસાડ્યા. હાથમાં છલોછલ ભરેલી થાળી. પાછળ બે ખુલ્લી તલવારવાળા સૈનિકો મૂકયા અને કહ્યું : મહારાજ, મારું શહેર બહુ સુંદર જોવાલાયક છે. તમે આજે જોઇ આવો. રાત્રે હું તમને દુનિયામાં રહેવા છતાં દુનિયામાં મન ન રાખવાનો કીમિયો શીખવીશ. પણ યાદ રાખજો, મારા રાજ્યનો શિરસ્તો છે. આ થાળીમાંથી પાણીનું એક ટીંપું પણ બહાર પડવું ન જોઇએ. તેમ થશે તો તમારો શિરચ્છેદ થશે. ઋષિ નગરદર્શન કરી પાછા આવ્યા. રાજા જનક પૂછે : શું શું જોયું? ઋષિ કહે છે : શું કપાળ જુએ! મારું ધ્યાન તો આ થાળીમાંથી એકે ટીંપું નીચે ન પડે એમાં હતું, કારણ કે જિંદગી બચાવવાનો મને ભય હતો. જનકે કહ્યું બસ, આ જ કીમિયો છે દુનિયામાંથી મન ખેંચી લઈ, તેને પ્રભુમાં જોડવાનો.

કેટલાક લોકો ભયથી મન પ્રભુમાં લગાવે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે સ્નેહથી મન પ્રભુમાં લગાડી દો. દુનિયામાં રહેવા છતાં તમારું મન કેવળ માધવમાં લાગેલું હોય, તમારા મનમાં કેવળ મોહન બિરાજતા હોય એવું કરી દો. તો તમને દુનિયામાં પછી રસ પડશે નહીં. ભગવાન આજ્ઞા કરે છે કે મનને મારામાં મેળવવું હોય તો હે અર્જુન, તારે લૌકિક વિષયોનો સંગ છોડવો પડશે.

પ્રિય વૈષ્ણવો, આપણી અગિયાર ઈન્દ્રિયોને લૌકિક વિષયોનો સંગ વધારે છે. પ્રભુનાં દર્શન ક્ષણિક કરીએ છીએ, લૌકિક પદાર્થો જોવામાં આંખો વધારે તત્પર હોય છે. પ્રભુનાં ગુણગાન ક્ષણિક સાંભળીએ છીએ, લૌકિક વાતો કાન સતત સાંભળે છે. માટે શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણય' ગ્રંથમાં આજ્ઞા કરે છે : હે વૈષ્ણવો, પ્રભુએ તમને એક સરસ મજાનો રથ આપ્યો છે. તમારો દેહ એ રથ છે. એ રથને અગિયાર ઘોડાઓ આપ્યા છે. તમારી અગિયાર ઈંદ્રિયો એ રથના અગિયાર ઘોડા છે. થનગનતા ઘોડા છે. તમારા એ રથમાં આત્મા અને અંતર્યામી બિરાજમાન છે. તમારી બુદ્ધિ તમારા શરીરના એ રથની સારથિ છે. જો સારથિ ઘોડાને કાબૂમાં રાખવા જેટલો કુશળ ન

હોય, ઘોડાની લગામ સારથિ બરાબર કબજામાં ન રાખી શકે તો થનગનતા તોફાની ઘોડાઓ સારથિની મર્યાદામાંથી મુક્ત થઇને રથને ગબડાવી પાડે, સારથિ પણ ઘોડાના પગ નીચે કચડાઇ જાય.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : વૈષ્ણવો, યાદ રાખજો, તમારી ઇંદ્રિયોરૂપી ઘોડાના તમે માલિક છો, તમે એના સારથિ છો એની લગામ તમારે બરાબર હાથમાં રાખવાની છે. તમે જો એ ઘોડાના ગુલામ બની જશો, તમારું કહ્યું તમે ઘોડા પાસે નહીં કરાવી શકો અને ઘોડા બેફામ બનીને દોડશે, તમારા કાબૂમાં નહીં રહે તો તમે તમારા રથને સાચવી નહીં શકો, એ ઊથલી પડશે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમારા ઇંદ્રિયરૂપી અશ્વોને કાબૂમાં રાખો, એમનો વિનિગ્રહ કસે.

ઇંદ્રિયોને કાબૂમાં રાખવાની માણસમાં શક્તિ છે, તાકાત છે, પણ આપણે આપણી તાકાતને ભૂલી ગયા છીએ. પરિણામે તાકાત વાપરવાને બદલે ઘોડાને શરણ થઇ ગયા છીએ. જો આપણે ઇચ્છીએ તો કહી શકીએ કે હું કહું એ જ તારે કરવાનું છે, તું કહીશ તે કરવા હું તૈયાર નથી. પણ આપણે આંખથી જોઇએ છીએ, આપણે કહીએ તે આંખ જોતી નથી.

માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમારે તમારી ઇંદ્રિયોને તમારા કબજામાં રાખવી હોય તો એ ઇંદ્રિયોને કાબૂમાં રાખવાના બે રસ્તા છે : પહેલો રસ્તો છે ઇંદ્રિયોનું દમન કરવાનો. ઇંદ્રિયોને એવી કચડી નાખો કે ઇંદ્રિયોને કોઇ બાબતનો શોખ જાગે જ નહીં. નાનું બાળક બહુ માગ માગ કરતું હોય, રસ્તામાં આપણી આંગળી પકડીને નીકળે અને જુએ એટલું માગે. જો એ બાળક અસંસ્કારી માતાની આંગળી પકડીને નીકળ્યું હશે તો એની મા એને બે તમાચા મારી દેશે. રસ્તામાં એને રોતું-કકળતું મૂકીને મા આગળ વધી જશે. બીકનું માર્યું બાળક ઘસડાતું પાછળ જશે અને વિચાર કરશે કે માગવા જેવું નથી. માગીશ તો મા મારશે. મા દમન કરીને દીકરાને કાબૂમાં લે છે. પણ સંસ્કારી માતા હશે, શિક્ષિત માતા હશે તો એના દીકરાને સમજાવશે : બેટા, બજારમાં જે ચીજવસ્તુઓ જોઇએ એ બધી આપણે ખરીદી શકીએ નહીં મારા આ પાકીટમાં આટલા જ રૂપિયા છે અને એમાંથી ઘર માટે આટલી આટલી વસ્તુઓ આપણે લઇ જવાની છે. સારાં છોકરાં કદી હઠ કરતાં નથી. બાળક માનો પ્રેમ સમજીને એની વાત સ્વીકારી લેશે. એટલે બાળકને કાબૂમાં રાખવાનો બીજો માર્ગ છે પ્રેમનો. એક દમનનો અને બીજો પ્રેમનો. ઇંદ્રિયોને પણ કાબૂમાં રાખવાનો એક માર્ગ છે દમનનો, જે આપણા કર્મ અને જ્ઞાન માર્ગે આપણને બતાવ્યો.

તમે ખૂબ વ્રત કરો, તમે ખૂબ તપ કરો, એક આસને બેસીને ખૂબ જપ કરો, તમે અનેક ઉપવાસ કરો - આ બધું કરી કરીને ઇંદ્રિયોને શિથિલ બનાવી દો, બિચારી આંખને ઊંચી થઇને જોવાનું મન નહીં થાય, કાનને સાંભળવાની ઇચ્છા જ નહીં રહે, જીભ એવી થાકી ગઇ હોય કે એને ખાવાનું યાદ જ નહીં આવે. આ રસ્તો દમનનો છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જો દમનનો માર્ગ લેવામાં આવે તો કામચલાઉ ઇંદ્રિયો દબાઇ જશે, પણ વખત આવ્યે બેવડા જોરથી કૂદવા માંડે છે. બહારનું ન ખવાય, બહારનું હવે છોડવું જોઇએ. માથે ધોળાં આવ્યાં, હવે નાતમાં જમવા જવું ઠીક નથી, ઘરમાં એક નાનકડા સ્વજનના હરિશરણ થયા પછી બહારનું ન ખવાય, માટે ઇંદ્રિય ઉપર દમન કર્યું. જીભને કહ્યું કે તને નહીં ખાવા દઉં. આ દબાયેલી કચડાયેલી જીભ જ્યારે વ્રજમાં જાય, જ્યારે નાથદ્વારા પહોંચે, ત્યારે બેવડા જોરથી કૂદીને કહે છે કે ચાલો, અહીં તો છૂટ છે, ખાઇ લો. સૂરદાસજીએ તો એમ કહ્યું **'મહાપ્રસાદ ઔર જલ જમુના કો તનક તનક લિજે.'** પણ આપણને વ્રજભાષા ન આવડી. 'ન' ને બદલે 'બ' વાંચ્યો. અર્થ કર્યો : મહાપ્રસાદ ઔર જલ જમુના કો તબક-તબક લિજે! ખવાય એટલું ખાઓ, લેવાય એટલો લહાવો લો, કાલ કોણે દીઠી છે! એના બદલે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે સમજપૂર્વક, પ્રેમપૂર્વક ઇંદ્રિયોને પ્રભુના માર્ગે જોડી દો, વાળી દો. આંખને કહો કે લૌકિક સૌંદર્યમાં, આ દુનિયાના રૂપમાં તારે મોહ પામવા જેવું કંઇ નથી. હે આંખ, તું આ જે રૂપાળા શરીર પાછળ ગાંડી બની છે, એ શરીરને જરા એકસ-રેમાં જોઇ લેને, અંદર કેવી ગંદકી ભરી છે? માંસ છે, લોહી છે, હાડકાં છે. શું છે એ શરીરમાં? શેના માટે તું રૂપ પાછળ પાગલ બને છે? તારે રૂપ જ જોવું છે, તો અલૌકિક એવા શ્યામસુંદરના રૂપને નીરખને?

નંદદાસજીને લૌકિક સ્ત્રીના રૂપમાં મોહ થયો, પણ શ્રીગુસાંઇજીની કૃપા થતાં, શ્રીનવનીતપ્રિયજીનાં અને શ્રીગુસાંઇજીનાં દર્શન થતાં એ જ સમયથી એમનો લૌકિક મોહ છૂટી ગયો. રસખાનજી હિન્દુના એક નાના છોકરાના રૂપ પાછળ પાગલ બનેલા. શ્યામસુંદર શ્રીગિરિરાજધરણનાં ચિત્રજીનાં દર્શન કરતાં જ એમને થયું કે ઓહો! આવું રૂપ? રસખાનજીની ચિત્તવૃત્તિ પેલા બાળકના રૂપમાંથી ચાલી ગઇ. કાનને કહો કે તને સંગીત સાંભળવાનું મન છે તો અષ્ટાછાપ મહાનુભાવોનાં બહુ સુંદર કીર્તન છે તે સાંભળે. જીભને કહો કે તને બહુ બોલવું ગમે છે તો તું શ્રીયમુનાષ્ટકના પાઠ કર! તું શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કર, કીર્તન ગા! જીભને કહો કે તને ખાવું ગમે છે ને?તો પ્રભુનો મહાપ્રસાદ લે! હાથને કહો કે તને કંઇક સારું કામ કરવાની ઇચ્છા છે? તો ઠાકોરજી માટે વાઘા, વસ્ત્ર બનાવ. ઠાકોરજીનાં આભૂષણ

સિદ્ધ કર. ઠાકોરજીની સેવા કર. ઠાકોરજી માટે ફૂલમંડલી, હિંડોળા ભર. ઇચ્છા હોય તો કેટલુ બધું કામ છે!

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : તમારાં મન અને ઇંદ્રિયોને મારી ન નાખશો, પણ એમને મોહનમાં મેળવી દો. સ્થિર બુદ્ધિનું એ લક્ષણ છે, મનનો સ્વભાવ છે કે તે ઝટ કાબૂમાં આવતું નથી. મનને કાબૂમાં લાવવા માટે આપણે આપણી ઇન્દ્રિયોને પ્રભુમાં મેળવી દઇને, કબજામાં રાખવાની જરૂર છે. આવું કરવાથી આપણી બુદ્ધિ જરૂર સ્થિર થાય છે.

પ્રિય વૈષ્ણવો! આપણા શરીરનો ફરી એકવાર વિચાર કરી લેજો. બહારથી દેખાય છે, તે બહારનું કલેવર છે. એ વિશુદ્ધ મથુરાતટ છે, કારણ કે તેના કિનારે ગોપગોપીજનોથી વીંટળાયેલા પ્રભુ બિરાજે છે. આ શરીરની અંદર પ્રભુના પ્રેમરૂપી, પ્રભુની ભક્તિરૂપી ભાવનાનો એક અખંડ પ્રવાહ ચાલ્યા કરે છે. જે પ્રવાહમાં ભીંજાયેલી ઇંદ્રિયોને પ્રભુનાં દર્શન કરવાનો, ગાન સાંભળવાનો આનંદ આવે છે. ભક્તિની ભાવનાની આ જ સરિતા હૃદયમાં, શરીરમાં વહી રહી છે, તે શ્રીયમુનાજી છે. શ્રીયમુનાજીના એક કાંઠે બહારની બાજુએ મથુરાજી છે, જે પ્રભુથી વ્રજભક્તોને બહિર્મુખ કરનાર છે. આપણી બહારની ઇંદ્રિયો આપણને પ્રભુથી બહિર્મુખ કરે છે. એટલે બહારનું કલેવર વિશુદ્ધ મથુરાતટ છે. શરીરમાં વહેતી ભક્તિની ભાવનાની સરિતા તે શ્રીયમુનાજી છે. એના પેલે પાર એક નાનકડું પણ સુંદર મજાનું ગોકુળિયું ગામ આવેલું છે. એનું નામ છે હૃદય. ગો એટલે ઇંદ્રિયો અને કુલ એટલે સમૂહ. ઇંદ્રિયોનો સમૂહ એનું નામ ગોકુળ. જે હૃદય બધી ઇંદ્રિયો ઉપર કાબૂ ધરાવે તેવા ગોકુળમાં શ્યામસુંદર હમેશાં બિરાજે છે. શ્યામસુંદરની એ ક્રીડાભૂમિ છે. આવા ગોકુળની ચોમેર આખું વ્રજધામ છે, જેને આપણે અંતઃકરણ કહીએ છીએ. એમાં મન છે, બુદ્ધિ છે, ચિત્ત છે, અહંકાર છે.

બુદ્ધિ એટલે જ્ઞાન. જ્ઞાન એટલે વેદનાં શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજી. મન, જે સતત વહેતું રહે છે અને એકમાં જ લાગેલું રહે છે, તે શ્રીયમુનાજી. ચિત્ત, જ્યાં લાગે ત્યાં ચોંટી જાય. ચિત્ત એટલે કુમારિકા. લૌકિક અહંકાર હમેશાં બાધક છે, પણ પ્રભુનાં ચરણે ધરી દીધેલો અહંકાર અલૌકિક બનીને પ્રભુને પ્રસન્ન કરનારો છે, તે શ્રીરાધિકાજી સ્વરુપ છે. આમ, અંતઃકરણના ચારે ધર્મોને અલૌકિક બનાવીએ તો શ્રીઠાકોરજી આ ચારેય સ્વામિનીજીઓ સહિત હૃદયરૂપી ગોકુળમાં સદાય બિરાજવા તત્પર છે. એને માટે શ્રીમહાપ્રભુજી અને અહીં ઓગણત્રીસમા શિક્ષાપત્રમાં

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે તમારી બુદ્ધિને સ્થિર રાખવાની જરૂર છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાના બીજા અધ્યાયના ૫૫ થી ૭૨ સુધીના શ્લોકમાં બુદ્ધિયોગમાં સમજાવી રહ્યા છે : હે અર્જુન, આપણા હૃદયમાંથી ભગવદ્‌ભાવનો નાશ કેમ થાય છે, તેની પ્રક્રિયા તું બરાબર ધ્યાનપૂર્વક સમજી લે, જાણી લે. આપણે વિષયોનું, લૌકિક મોજશોખનું જેટલું ચિંતન કરીએ તેટલા વધુ દુ:સંગમાં ફસાઈએ છીએ, કારણ કે સરખા વિચારવાળા વચ્ચે મૈત્રી થાય. તમે અહીં બેઠેલા કોઈને કહેશો : ચાલો, સિનેમા જોવા આવવું છે? આ કથામાં રસ નથી પડતો. તો બીજા કહેશે: ના રે, આ કથા સાંભળવા આવ્યા છીએ. પણ અહીંથી બહાર જઈને કહેશો કે આ એક વધારાની ટિકિટ છે, મારી પાસે. તો? તો બહાર રસ્તે જનાર કોઈ કદાચ તેયાર થઈ જશે. વિષયોની-મોજશોખની હૃદયમાં ઈચ્છા થઈ, એટલે એ પૂરી કરવા માટે કોઈનો સંગ શોધીશું. તમે જોજો, જે માણસને વ્યસન હોય-પછી તે ચહાનું હોય, ધૂમ્રપાનનું હોય, પાનાં રમવાનું હોય, નિંદા કરવાનું હોય કે ગમે તે હોય, એને સાથીદારની જરૂર પડશે. એકલા ચહા પીનારને ચહામાં મજા નહીં આવે. નિંદા કરનારને કોઈ સાંભળનાર જોઈશે, પાનાં રમનારને કોઈ સાગરિત જોઈશે. અને એ સાથીદાર પણ જે લૌકિકમાં રચ્યોપચ્યો હોય તેવો જ મળશે, કોઈ ભક્ત નહીં મળે! આમ, મોજશોખની ઈચ્છામાંથી દુ:સંગની શરૂઆત થાય છે. દુ:સંગને પરિણામે હૃદયમાં કામવાસનઓ જાગશે. પેલો સાગરિત કહે છે : એક કપ ચહા શું પીએ છે? ચાલ ને બે કપ પી લઈએ. એક બાજી શું રમે છે? ચાલ ને, આખી રાત રમી લઈએ. એમાંથી વિષયવાસના જાગશે, કામવાસના થશે. મનમાં ઈચ્છેલી કામવાસના બધી ફળીભુત થતી નથી.

જુગાર રમવાનો વિચાર કર્યો, ઈચ્છા કરી, પણ જુગાર હારી ગયા. તમને એમાંથી ક્રોધ આવશે. મનમાં ઈચ્છેલું નહીં મળે, તેનું પરિણામ ગુસ્સામાં આવશે. કેટલાક માણસોને તો વાતવાતમાં ગુસ્સો જાગે છે! જે નિર્બળ હોય તેને વધારે ગુસ્સો જાગે. સશક્ત માણસ કદી ગુસ્સે ન થાય. જેના હૃદયમાં પ્રેમ ન હોય તે ગુસ્સે થાય. ગુસ્સાનું પરિણામ શું આવે? આ એક મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ ભગવાન શ્રીકૃષ્ણ કરી રહ્યા છે.

ક્રોધમાંથી સંમોહ જાગે. સંમોહ એટલે વિવેકનો અભાવ. ગુસ્સામાં વિવેક ચૂકી જાય. આપણે ગુસ્સામાં ન મારવાની હોય એનેય થપ્પડ મારી બેસીએ. માટે આપણામાં કહેવત આવી : નબળો પુરુષ બૈરી ઉપર શુરો. નવી પેઢી નસીબદાર છે,

પણ જૂની પેઢી માટે અને કેટલીક જ્ઞાતિઓ માટે એમ કહેવાતું કે પુરુષ નિર્દય રીતે પોતાની પત્નીને મારે અને મહાકવિ તુલસીદાસજીનો હવાલો આપતો જાય કે નારી....તાડનકી અધિકારી! આ બર્બરતા છે, જંગલીપણું છે. એ જંગલીપણું આવ્યું અવિવેકમાંથી. બસ કે ટ્રેઈનમાં તમે જુઓ. માણસ સાવ નાની વાતમાં ગુસ્સે થઇ જાય અને પછી સીધી મારામારી. આમ, ક્રોધમાંથી અવિવેક આવે.

ભગવાન કહે છે : અવિવેક આવે ત્યારે માણસ સારાસાર ભૂલી જાય. એની સ્મૃતિ-યાદશકિત ચાલી જાય. જે બાળકને લાડ કરે છે, જે જન્મ્યો ત્યારે પેંડા વહેંચ્યા હતા, તે બાળકને મારતી વખતે ભૂલી જાય છે કે આ જન્મ્યો ત્યારે તો મેં મોટો ઉત્સવ મનાવ્યો હતો! આજે હું એને મારી રહ્યો છું! એટલે અવિવેકમાંથી સ્મૃતિનો નાશ થાય. એની યાદશક્તિ નાશ પામે, પછી ધીમે ધીમે એની બુદ્ધિ પણ નાશ પામે. આજના જમાનામાં વિદ્યાર્થીઓ એમ કહે છે કે અમને યાદ રહેતું નથી. યાદ નથી રહેતું એટલે પરીક્ષામાં શું કરે છે તે તમે અને હું સારી રીતે જાણીએ છીએ. પરીક્ષામાં ચોરી કરવાનું કેમ સૂઝે છે? બુદ્ધિ નાશ પામી છે માટે. કથામંડપમાં ચંપલ પહેરીને શા માટે જવાનું સૂઝે છે? બુદ્ધિ નાશ પામી છે માટે. અવિવેકમાંથી યાદશક્તિનો નાશ થાય. યાદશક્તિનો નાશ થાય એટલે બુદ્ધિનો પણ નાશ થાય. ભગવાને છેલ્લું કહી દીધું : જેની બુદ્ધિ નાશ પામી તેનો પૂરેપૂરો નાશ થઇ ગયો. એ હવે જીવે તો પણ તેની જિંદગીની કોઇ કિંમત રહેતી નથી.

ભગવાન કહે છે : તમારી બુદ્ધિ જો સ્થિર રાખવી હોય, તો લૌકિક વિષયથી બચો. બાવાજીની લંગોટીનું તો તમે જાણો છો. બાવાજીએ લંગોટી સાચવવાનો વિચાર કર્યો તો અનેક ઉપાધિઓ વળગી. તેમ આપણે લૌકિક મોજશોખમાં મન કર્યું તો તેની પાછળ બુદ્ધિનો નાશ થવા સુધીની નોબત આવશે.

માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે તમારી બુદ્ધિ જો સ્થિર રાખવી હોય તો હે વૈષ્ણવો, તમે લૌકિક વિષયોનો નાશ કરવાનો વિચાર ન કરતાં, અલૌકિકમાં એમને ફેરવી નાખજો. એમનું માર્ગાન્તીકરણ કરી દેજો અને તેમાંથી એમનું સબ્લિમેશન-ઊર્ધ્વીકરણ કરજો. તમને જો પુસ્તકો વાંચવાનો શોખ હોય તો સંપ્રદાયના ૮૪-૨૫૨ ભગવદીયોનાં ચરિત્રની વાર્તાઓ વાંચો. તમારા લૌકિક શોખને તમે પ્રભુ પરત્વે વાળી દો. સુંદર રસોઇ કરવાનો શોખ હોય તો પ્રભુને માટે સુંદર સામગ્રીઓ બનાવો. સુંદર અત્તરનો શોખ હોય તો પ્રભુના માટે વાપરો. તમારા જે શોખ હોય તે બધા પ્રભુમાં લગાડી દો. પછી લૌકિક વિષયોની ઇચ્છા

કદાપિ થશે નહીં.

શ્રીમહાપ્રભુજીએ આપણને કેટલો સરળ, કેટલો આનંદદાયક અને જીવન જીવવાનો કેટલો ઉત્તમ માર્ગ બતાવ્યો છે! આ ઉત્તમ માર્ગ એટલે આપણો સેવામાર્ગ. સેવા એ પાંચ-દશ-પંદર મિનિટ, કલાક, બે કલાકની નથી. સેવા તો આપણું સમગ્ર જીવન છે, જીવન જીવવાની એક પદ્ધતિ-એક પ્રણાલિકા છે, જીવન જીવવાનો એક પ્રકાર છે. એને જીવનથી જુદી પાડી એટલે આજે સેવા આપણને બોજારૂપ લાગે છે. એને જીવનમાં તાણાવાણાની જેમ વણી લેશો તો સેવા બોજારૂપ નહીં લાગે. પછી તમે દરેક બાબત તે રીતે વિચારતાં થશો. તમે સૂવાનો વિચાર કરશો ત્યારે તમને એવો વિચાર આવશે કે હું એટલા માટે બરાબર ઊંઘ લઇ લઉં કે કાલે સવારે મારા પ્રભુની સેવામાં મન સ્વસ્થ રહે.

આ બુદ્ધિની સ્થિરતા છે. શ્રીહીરરાયચરણે બુદ્ધિની સ્થિરતા માટે લૌકિક વિષયોમાંથી આપણા મનને દૂર રાખવા માટે ત્રણ સાધનો બતાવ્યાં : પહેલું સાધન સત્સંગ. એવું એક પણ શિક્ષાપત્ર નથી, જેમાં શ્રીહરિરાયચરણે સત્સંગની આજ્ઞા ન કરી હોય! કારણ કે શ્રીદામોદરદાસ હરસાનીજીની વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : શ્રીમહાપ્રભુજીએ દામોદરસજીને એમ શા માટે કહ્યું કે દમલા, યહ માર્ગ તેરે લિયે હૈ. પુષ્ટિમાર્ગ એ વૈષ્ણવો માટે છે, એ શ્રીમહાપ્રભુજી માટે નથી. શ્રીવલ્લભકુળ માટે નથી, એ તો આપણા જેવા દાસ માટે છે. એનું કારણ શું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, પુષ્ટિમાર્ગ જો ફલિત થશે તો વૈષ્ણવ દ્વારા જ ફલિત થશે.

શ્રીઠાકોરજીને આપણે કૃપાળુ કહીએ છીએ, શ્રીઠાકોરજીની અપ્રસન્નતા થાય તો શ્રીમહાપ્રભુજી કૃપા કરીને શ્રીઠાકોરજીની સાથે મનામણાં કરાવી આપશે. શ્રીમહાપ્રભુજી અપ્રસન્ન થાય તો વૈષ્ણવ દ્વારા શ્રીમહાપ્રભુજીની સાથે મનામણાં થશે, પણ જો વૈષ્ણવ અપ્રસન્ન થયા તો આપણે માટે પછી કોઇ આરો નથી. ખુદ ભગવાનને દુર્વાસા મુનિને કહેવું પડયું છે કે હે દુર્વાસા, હું તો ભક્તને પરતંત્ર છું. મારું સુદર્શન અંબરીશની રક્ષા કરવા છૂટી ગયું. હવે એને પાછું બોલાવવાનું સામર્થ્ય મારામાં નથી. તેં અંબરીશનો અપરાધ કર્યો છે. માટે જા, જઇને અંબરીશની ક્ષમા માગ.

દુર્વાસા જેવા મહામુનિને પણ અંબરીશ જેવા ભક્તની ક્ષમા માગવી પડી! માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સત્સંગ વૈષ્ણવનો કરો, વૈષ્ણવના હૃદયમાં બિરાજેલા શ્રીમહાપ્રભુજી એ વૈષ્ણવ દ્વારા તમને જે કંઇ બોધ કરે એને માત્ર તમે

સાંભળશો નહીં, એનું બરાબર ચિંતન કરીને અનુકરણ કરજો. સત્સંગ તો થોડો સમય મળશે, બાકીના સમયમાં તમે જે સાંભળ્યું છે તેનું સ્મરણ કરો, ચિંતન કરો.

અન્ય માર્ગોથી પુષ્ટિમાર્ગની ગતિ વિરુદ્ધ છે. મર્યાદા ભક્તિમાર્ગનો પ્રારંભ શ્રવણભક્તિથી થાય છે અને આત્મનિવેદન ભક્તિ એનું શિખર છે પણ પુષ્ટિમાર્ગનો તો પ્રારંભ જ આત્મનિવેદનભક્તિ થાય છે, આત્મનિવેદન ભક્તિને સુદૃઢ કરવા માટે શ્રવણાદિક ભક્તિનો આપણે ઉપયોગ કરીએ છીએ, તો શ્રવણ પછીની બીજી ભક્તિ તે કીર્તન અને સ્મરણ.

શ્રવણ, કીર્તન અને સ્મરણ-આ ભક્તિની ત્રિવેણી શ્રીઠાકોરજીની સેવાના અનવસરમાં આપણી સર્વ ઇંદ્રિયોને ભીંજવતી રહે એ ખૂબ જરૂરી છે. તો જ આપણે પ્રભુથી બહિર્મુખ થતાં બચીશું. તો જ આપણને શરણાગતિનું સતત સ્મરણ રહેશે અને પ્રભુની શરણાગતિ થશે. આપણને સતત યાદ રહેશે કે હે કૃષ્ણ, હું તમારો દાસ છું. તમે મારું શરણ છો! તો એના કારણે આપણી બુદ્ધિ સ્થિર બનશે, આપણી બુદ્ધિની રક્ષા થશે.

જો આપણે આ શ્રવણ, કીર્તન અને સ્મરણની ભક્તિત્રિવેણી નહીં વહેવડાવીએ તો આપણી શરણાગતિ સિદ્ધ નહીં થાય. શરણાગતિ વિના આપણી બુદ્ધિ સ્થિર નહીં થાય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે માટે તો શ્રીમહાપ્રભુજીએ 'તત્ત્વાર્થદીપ-નિબંધ'ના પ્રારંભમાં પ્રભુને વિનંતી કરી : હે કૃષ્ણ! તમે જ મારી બુદ્ધિના પ્રેરક છો, અમને સારી કે ખોટી બુદ્ધિ આપનાર તમે છો, અમારી બુદ્ધિને સ્થિર કે અસ્થિર રાખનાર તમે છો. તમારાં ચરણકમળ અમારા ઉપર સદાય પ્રસન્ન રહે. તમે અમને જેવી બુદ્ધિ આપશો તેવું કાર્ય અમારાથી થવાનું છે. જો આપનાં ચરણારવિંદની અમારા ઉપર પ્રસન્નતા હશે, તો અમને સુંદર બુદ્ધિ મળશે. જો આપ અમારા ઉપર પ્રસન્ન નહીં હો, આપે અમારું વરણ નહીં વિચાર્યું હોય, આપની કૃપાના ભાજન અમે નહીં બન્યા હોઇએ તો અમને ખોટું કરવાનું સૂઝશે.

આમ કહીને શ્રીહરિરાયચરણ આપણને એક બેરોમીટર આપે છે : પ્રિય વૈષ્ણવો, જો તમારા મનમાં તમને ખોટા વિચારો, લૌકિકમાં રચ્યાપચ્યા રહેવાના વિચારો વધારે આવતા હોય તો માનજો કે હજી પ્રભુનાં ચરણકમળની પ્રસન્નતા પ્રાપ્ત થઇ નથી. **અને જો તમારી બુદ્ધિ સ્થિર હોય, તે બુદ્ધિ સેવાસ્મરણમાં તત્પર થતી હોય તો માનજો કે પ્રભુની તમારા ઉપર પ્રસન્નતા છે.**

બુદ્ધિના પ્રેરક પ્રભુ છે, એ સિદ્ધાંત સમજાવતાં શ્રીહરિરાયચરણ ગાયત્રી

મંત્રનું દૃષ્ટાંત આપતાં આજ્ઞા કરે છે કે ગાયત્રી મંત્રના ત્રીજા પાદમાં પ્રભુને એક વિનંતી કરવામાં આવી છે કે તમે અમારી બુદ્ધિનું રક્ષણ કરો. શ્રીમહાપ્રભુજીએ ગાયત્રી મંત્ર ઉપર 'ગાયત્રીભાષ્ય' રચ્યું છે. સૌ વૈષ્ણવોએ તે સમજવા જેવું છે. શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશપ્રભુની પણ એના ઉપર ટીકાઓ બિરાજે છે. ગાયત્રીભાષ્ય સમજાવવાનો અત્યારે અવકાશ નથી, પણ પ્રિય વૈષ્ણવો, એટલું યાદ રાખજો કે ગાયત્રીભાષ્યમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ગાયત્રી મંત્ર એ વેદનું બીજ છે. ગાયત્રી મંત્રરૂપી બીજમાંથી વેદરૂપી કલ્પવૃક્ષ પેદા થયું છે અને તેનું પાકેલું ફળ તે શ્રીમદ્ભાગવત છે. હવે તમે કહો, આંબાનું બીજ વાવીએ તો એના ઉપર લીંબોળી આવે ખરી? લીંબોળી વાવીએ તો આંબો થાય? બીજની અંદર જ ફળ છુપાયેલું છે. જેવું બીજ એવું જ ફળ. ભાગવત જો શ્રીઠાકોરજીનું નામાત્મક સ્વરૂપ છે, વેદ જો ભગવદ્સ્વરૂપ છે તો ગાયત્રી મંત્ર પણ સાક્ષાત્ ભગવદ્સ્વરૂપ છે. તે કોઈ દેવીનો મંત્ર નથી. ગાયત્રી તો છંદનું નામ છે. અને તેમાં **'રસો વૈ સઃ'**, **'આનંદકરપાદ મુખોદરાદિ'**, રસાત્મક, પૂર્ણપુરુષોત્તમ પ્રભુના સ્વરૂપનું નિરૂપણ કરીને એમને વિનંતી કરવામાં આવી છે કે તમે અમારી બુદ્ધિને પ્રેરો.

શ્રીમહાપ્રભુજીએ ગાયત્રી મંત્રમાં રહેલું ભગવદ્સ્વરૂપનું રહસ્ય ખૂબ સુંદર રીતે સમજાવ્યું છે. ઘણા વૈષ્ણવોને અધિકાર હોય કે ને હોય, બીજાની દેખાદેખીથી ગાયત્રી મંત્રનો જપ કરતાં, એનું લેખન કરતાં જોઉં છું ત્યારે તેમને પૂછું છું કે તમે આ શું કરો છો? એટલે કહે કે ગાયત્રી દેવીનો આ મંત્ર છે! ભાઈ, આ કોઈ દેવીનો મંત્ર નથી. શ્રીમહાપ્રભુજીમાં જો તમને દૃઢ વિશ્વાસ હોય, તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ તો રસાત્મક, પરમ પુરુષોત્તમ, આનંદઘન સ્વરૂપનો મંત્ર છે. જેનો અધિકાર હોય, જેને તેની મંત્રદીક્ષા થઈ હોય તે જ એ મંત્રનો જપ કરી શકે, બીજા એ મંત્રનો જાપ ન કરી શકે, બીજાને એ મંત્ર ફલિત થતો નથી. માટે બીજાની દેખાદેખી આપણે કરવી જોઈએ નહીં.

શ્રીહરિરાયચરણ અહીં એ જ આજ્ઞા કરે છે કે ગાયત્રી મંત્રમાં પણ એના મંત્રઋષિએ પ્રભુને એ જ વિનંતી કરી : તમે અમારી બુદ્ધિને સ્થિર કરો. જેની બુદ્ધિ પુષ્ટિમાર્ગમાં સ્થિર છે, તેને સંકલ્પ, તપ, દાન, વ્રત જેવાં મર્યાદામાર્ગનાં સાધનો, કર્મમાર્ગનાં સાધન, જ્ઞાનમાર્ગના સાધન કે યોગમાર્ગનાં સાધનમાં મન નહીં લાગે. એનું મન તો પુષ્ટિમાર્ગનાં સાધન એવા સ્મરણમાં એકાગ્ર બનશે. બુદ્ધિ કોઈ રીતે સિદ્ધ, સુંદર અને સ્થિર નહીં બને ત્યાં સુધી કોઈ પણ કર્મ કોઈ રીતે સિદ્ધ થઈ શકતું નથી.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને નિમિત્ત બનાવીને આપણને એટલા માટે આજ્ઞા કરે છે કે હે અર્જુન, જેની બુદ્ધિ હજી હાલકડોલક છે, જે નક્કી વિચાર કરી શકતો નથી, જેની બુદ્ધિ નિશ્ચયાત્મક નથી, તેના હૃદયમાં કદી ભાવના પ્રકટતી નથી.

આપણે આગળ જોઇ ગયા હતા કે ભાવ એટલે સ્નેહ. ભગવાનમાં સ્નેહ એનું નામ ભાવ. માટે શ્રીમહાપ્રભુજી **'ભક્તિવર્ધિની'**માં પ્રેમનું લક્ષણ બતાવતાં આજ્ઞા કરે છે કે સ્નેહનું લક્ષણ શું? પ્રભુમાં સ્નેહ થયો છે એમ કયારે માનવું ? જ્યારે પ્રભુ સિવાય બીજી બાબતોમાંથી આપણો રાગ, આપણો ગમો, પ્રેમ નાશ પામે. **'મેરે તો ગિરિધર ગોપાલ, દુસરો ન કોઇ.'** એવો ભાવ દૃઢ થાય ત્યારે. આવા ભાવ માટે બુદ્ધિની નિશ્ચયાત્મકતા બહુ જરૂરી છે. તમે જાણો છો કે લૌકિકમાં પણ અનેક લોકો અનેક વાતો કરીને આપણું મન ફેરવવા આવતા હોય છે. તમે ઘેર લગ્ન જેવો પ્રસંગ લઇને બેસો, જમણવાર કરવાનું નક્કી કરો એટલે અનેક સ્વજનો જુદી જુદી ફરમાઇશ આપશે. કોઇ કહેશે આ વાનગી બનાવો, કોઇ કહેશે આ વાનગી બનાવો. આ બધામાંથી છેવટે પોતાની બુદ્ધિએ ચાલનાર હમેશાં સુખી થાય છે.

માટે શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રમાં અને ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે કે બુદ્ધિને તમારે જો સ્થિર કરવી હોય, તો તમારે નિશ્ચય કરવો પડશે કે મારે આમ જ કરવું છે. **જેની બુદ્ધિમાં આવો મક્કમ નિશ્ચય છે તે જ હૃદયમાં પ્રભુના સ્વરૂપની ભાવના કરી શકશે, પ્રભુ પ્રત્યેનો ભાવ વધારી શકશે.**

શ્રીદયારામભાઇ આપણને સમજાવે છે કે પ્રભુનું સરનામું શું? પ્રભુ કયાં વસે છે? પ્રભુનું મંદિર કયાં છે? દયારામભાઇ કહે છે : **'નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો, વસે વ્રજ લાડીલો રે લોલ.'** પ્રભુ બીજે બધે વસતા હશે, પણ આ નિશ્ચયના મહેલમાં તો વસે જ છે. ભક્તના નિશ્ચયના પરિણામે પ્રકટેલું આ ધામ છે. ભક્તે નિશ્ચય કરીને પ્રભુને પોતાની નિકુંજમાં પધરાવ્યા છે, માટે પ્રભુ પધાર્યા છે. એટલે તો ભગવદ્‌ભક્તોએ આવી નિશ્ચયાત્મક બુદ્ધિના કારણે વિનંતી કરી છે : **'ભલે હી આયે મેરે પિય દુપહર કી બીરિયાં.'** હે પ્રભુ, તમે આવા ખરા બપોરે પધાર્યા તો ભલે પધાર્યા, પણ હવે **'અનત ન જૈયે પિય, રહિયે હમારે હી મહલ.'** હવે બીજે જવાની વાત ન કરશો. **'રહિયે હમારે હી મહલ'**માં હી શબ્દ બહુ મહત્ત્વનો છે. અમારી જ નિકુંજમાં રહો, બીજાની નિકુંજમાં નહીં. સદાને માટે હવે તમે અહીં જ રહો. આવ્યા છો તો બે-ચાર દિવસ અમારી મહેમાનગીરી માણો એવું નહીં, તમને અહીં હું જરાય

મૂંઝવણ નહીં થવા દઉં. 'જોઇ જોઇ કહોગે સોઇ સોઇ કરૌંગી ટહલ.' તમે જે કહેશો તે બધી ટહેલ-સેવા હું કરીશ, પણ આવ્યા છો, તો હવે અમારા જ મહેલમાં રહો. તમે જે વસ્ત્ર માગશો, જે સામગ્રી માગશો તે આપીશ. જેવી કહેશો તેવી શૈયા સિદ્ધ કરીશ. પ્રભુ ભક્તનું આ વચન સ્વીકારે છે. એનું શું કારણ? ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે કે નિશ્ચયાત્મક બુદ્ધિનો આ પ્રભાવ છે.

એક વૈષ્ણવ મળ્યા. શ્રીઠાકોરજીની ઘેર સેવા કરે, પણ એ સેવ્ય કરાવેલ નહીં. કારણ પૂછ્યું તો કહે કે ભાઇ સા'બ, એવું છે ને કે ક્યારેક સેવા ન બને તો? એટલા માટે અમે શ્રીઠાકોરજી સેવ્ય જ નથી કરાવ્યા! મેં એમને પૂછ્યું : તમે કેટલા વર્ષ જીવવાના છો? તો કહે : એ તો કોણ જાણે છે? તો તમે કેટલાં વર્ષ જીવવાના છો તે નથી જાણતા, છતાંય આવતીકાલ માટે મહેનત તો કરો છો. કાલે સેવા નહીં બને તો ભગવદિચ્છા. આજનો લ્હાવો લીજિયે રે. આજે શું કામ સેવા છોડી દો છો?

દુનિયામાં એવું ગાંડપણભર્યું વિચારતી કોઇ સ્ત્રી હશે ખરી કે પરણ્યા પછી કદાચ ન કરે નારાયણ ને મને વૈધવ્ય આવે તો! માટે મારે લગ્ન જ નથી કરવું! વૈધવ્યના ભયથી કોઇ કુંવારું રહ્યું છે ખરું? પ્રભુની જ્યારે જેવી ઇચ્છા હશે ત્યારે તેમ થશે, પણ જેટલો સમય સૌભાગ્ય ભોગવવાનું છે તેટલો સમય એનાથી વંચિત કેમ રહેવાય?

વૈષ્ણવોમાં એવી નિશ્ચયાત્મક બુદ્ધિ જોઇએ કે મારે માથે મારા ગુરુદેવે, જે શ્રીઠાકરોજી પધરાવી આપ્યા, તે મારું સર્વસ્વ છે. એ કોઇ મૂર્તિ નથી, કોઇ પથ્થર નથી કે કોઇ ચિત્ર નથી, તે સાક્ષાત્ યશોદાજીના લાલ છે.

સેવા શબ્દને સમજી લો. ગુજરાતીમાં પક્ષીઓ માટે આપણે પ્રયોગ કરીએ છીએ ઇંડાં સેવવાં. નર અને માદા પક્ષી શું કરે છે? માદા પક્ષી ઇંડાને જન્મ આપે, પછી એના ઉપર બેસીને એનું રક્ષણ કરવા, પોતાના શરીરની હૂંફ આપ્યા કરે. એ ક્યાંય ઊડીને જતી નથી, ખાનપાન શોધવા પણ જતી નથી. એને શ્રદ્ધા છે કે એક દિવસ આ ઇંડામાંથી જીવતું જાગતું બચ્ચું બહાર આવશે અને મારી સાથે ઊડાઊડ કરશે. એ માદા પક્ષી છે, છતાં એના બાળક માટેના પ્રેમને લીધે ઇંડાનું સેવન કરવા અંગત મોજશોખને, પોતાની જીવનની જરૂરિયાતને, ખાનપાનને વીસરી જાય છે. આવી રીતે જે સ્વરૂપ દ્વારા પ્રભુ પોતાના ઘેર પધાર્યા છે તેમનું લાલનપાલન કરવામાં, તેમની સેવામાં તત્પર બનીને જો આપણે એકરસ થઇ જઇએ, તેમના સિવાય બીજા બધાને વીસરી જઇએ, તેમના જ બનીને રહી જઇએ, આપણા હૃદયની સાચા

પ્રેમરૂપી હૂંફ એમને આપીએ, તો જરૂર એક દિવસ જેમ ઇંડામાંથી પેલું બચ્ચું પ્રકટે તેમ, એ સ્વરૂપમાં બિરાજતા સાક્ષાત્ આધિદૈવિક પૂર્ણપુરુષોત્તમ, શ્રીયશોદોત્સંગલાલિત આપણી સામે ગાદી પર બિરાજી, માગી માગીને આરોગશે. આપણી આ જ આંખોથી આપણે એમનાં દર્શન કરીશું, આપણા આ જ કાનથી આપણે એમની વાતો સાંભળીશું, આપણી આ જ જીભથી આપણે એમની સાથે વાતો કરીશું, આપણા બે હાથથી આપણે સાક્ષાત્ એમના મુખારવિંદમાં ઠોરનો ટૂક મૂકીને આરોગાવીશું.

શ્રીમહાપ્રભુજી **'નિરોધલક્ષણગ્રંથ'**માં આજ્ઞા કરે છે : પ્રભુ જ્યારે કૃપાળુ બને છે ત્યારે આપણી હથેળીમાં બિરાજી સાક્ષાત્ અનુભવ કરાવે છે. પ્રભુ ક્યાંય દૂર નથી, તે બહુ જ નજીક-આપણાં હૃદયમાં છે, પણ પેલી મૂંઝાયેલી મા કેડમાં દીકરો હતો, છતાંય ગામમાં શોધવા નીકળી, તેમ હૃદયમાં પ્રભુ હોવા છતાંય શહેરની ગલીએ ગલીએ શ્રીઠાકોરજીને શોધવા નીકળીએ છીએ-કોઇ ગોવિંદ બતાવો, કોઇ માધવ બતાવો. કોઇ નહીં બતાવે. કારણ કે એ તો બીજે ક્યાંય છુપાયા નથી, છુપાઇ શકતા પણ નથી. બાળકો સંતાકુકડી રમે તેમ પ્રભુને પણ આવી રમત રમવી ગમે છે અને તેમને છુપાવાનું એક જ સ્થાન છે : ભક્તનું હૃદય. નિશ્ચાત્મક બુદ્ધિ રાખો કે આ પ્રભુ જ મારું સર્વસ્વ છે અને એમને લાડ લડાવવાં એમાં જ મારા જીવનની પરિપૂર્ણતા છે. જો આવો ભાવ આપણે કરીશું, તો ભગવાન આજ્ઞા કરે છે કે એમાંથી તમને ભજનાનંદ મળશે, તમારા મનને અપૂર્વ સુખ અને શાન્તિ મળશે.

આજે આપણે સુખ અને શાન્તિ માટે વલખાં મારીએ છીએ. સાચાં સુખ અને શાન્તિ દુનિયામાં બીજા કશામાં નથી. એ છે કેવળ શ્યામસુંદરમાં. શ્યામસુંદર જ સુખનિધિ છે, શાન્તિનું સાક્ષાત્ સ્વરુપ છે. એમને મેળવીએ પછી દુનિયામાં કશું મેળવવાનું બાકી રહેતું નથી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : પ્રભુના સ્વરુપની, લીલાની અને સેવામાં ઉપયોગી પદાર્થોની ભાવભાવના કરવામાં બુદ્ધિનું સારી રીતે સંરક્ષણ જરૂર કરજો

શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમસ્તોત્રના અંતે આજ્ઞા કરી : જે વૈષ્ણવો શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક અનુદિન-દરરોજ એ સ્તોત્રનો પાઠ કરશે તેમને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થશે, એમાં કોઇ સંશય નથી. શ્રદ્ધાને માટે જરૂર છે વિશુદ્ધ બુદ્ધિની. જેમ પેલા પંડિતે વિચાર કર્યો હતો કે જગદીશને હાથ નથી, તેવો વિચાર, તેવો અવિશ્વાસ કદી ન કરશો. કદી એમ ન માનશો કે પ્રભુને અમે જેટલું ધર્યું હતું એટલું બધું એમ જ રહ્યું. પ્રભુ આરોગ્યા નથી. પ્રભુ હમેશાં આરોગે છે, પણ એમના શ્રીહસ્તમાં પદ્મ છે,

તેથી તે બધું આરોગે તો પણ એટલું ને એટલું જ રહે, કદી ઘટે નહીં. આપણે ભોગ ધરીને મંદિરનાં દ્વાર બંધ કરીએ છીએ, કારણ કે નિશ્ચિંત છીએ કે ભગવાન આપણા માટે બધું જ રાખવાના છે!

ભાવભાવના એ બુદ્ધિનો નહીં, શ્રદ્ધાનો વિષય છે. જેને તેનો અનુભવ થયો હોય તે સમજી શકે. આપણને કોઇ અનુભવ નથી, પણ મોટેરાઓ પોતાના અનુભવની વાત કરે ત્યારે આપણે સ્વીકારી લઇએ છીએ, એમાં આપણે શંકા નથી કરતાં ભગવાને ગીતાજીમાં કહ્યું : સંશય કરનારનો નાશ થાય છે. એક ગુજરાતી કવિ, એમની રીતે બહુ સુંદર વાત કરે છે. ભગવાનના મંદિરમાં જઇને મૂર્તિમાં બિરાજતા પ્રભુને એ પૂછે છે : **'તને પથ્થરને હું નમું?'** હે મૂર્તિ! તું કેવળ પથ્થર છે, માટે હું તને નમવા આવ્યો છું? **'નહીં નહીં, શ્રદ્ધા તણા આસનને નમું હું નમું.'** ના રે, પથ્થરને જ નમવાનું હોત તો કયાં મારા ઘરમાં ઓછા હતા? હું તો એમાં રહેલી મારી શ્રદ્ધાને નમું છું. એક કોરો કાગળ હોય, કામનો ના હોય તો ફાડીને આપણે ફેંકી દઇશું. પણ એ કાગળ ઉપર જો શ્રીનાથજીનાં ચિત્રજી કોઇ દોરે કે છાપીને આપે તો આપણે સાચવી રાખીશું કે ભાઇ, આને ફાડી ન નંખાય, શ્રીજીબાવાનાં ચિત્રજી બિરાજે છે. એને સાચવી રાખો, કોઇના પગ નીચે ન જાય, કારણ કે આપણને એમા કોરો કાગળ નથી દેખાતો, એમાં કેવળ ચિત્ર નથી દેખાતું, તેમાં શ્રીજીબાવાનાં દર્શન થાય છે. એ આપણી શ્રદ્ધા છે, માટે શ્રીગોકુલેશ પ્રભુ અને શ્રીહરિરાયચરણ ભાવભાવનાના ગ્રંથોમાં આજ્ઞા કરે છે : સેવામાં વપરાતો પ્રત્યેક પદાર્થ સાક્ષાત્ સ્વરૂપાત્મક છે, એવો ભાવ રાખવો. ભાવભાવનાનું ચિંતન કરતાં કરતાં શ્રીઠાકોરજીની સેવા કરવી. જે ગાદીતકિયા ઉપર તમે શ્રીઠાકોરજીને પધરાવો છો તે રૂથી ભરેલા, મખમલથી મઢેલા ગાદીતકિયા નથી, એ તો યશોદાજીની ગોદ છે. આવો ભાવ લઇને જો તમે ગાદીતકિયા સમારશો તો જેમ તમારા સોફા ઉપરની ધૂળ ખંખેરવા તમે ઝાપટ મારો છો તેમ ગાદીતકિયા ઉપર તમે હાથ પટકવાનો વિચાર નહીં કરો, પણ મુલાયમ હાથે તેને સમારશો.

ભાવભાવના જાણ્યા વિનાની સેવા એ કેવળ ક્રિયાત્મક બને છે, પણ કયારેક આપણે ઊંધું કરીએ છીએ. સેવા કરવી નથી, છતાંય કહીએ છીએ કે અમને ભાવભાવના કહો ને?

એક શહેરમાં આવી રીતે ભગવદ્વાર્તા કરવા જવાનું થયેલું. ભાવભાવનાની આવી જ કંઇ વાત નીકળી. એક બહેને પૂછયું : બુંદીના લાડુનો શો ભાવ? મેં એમને કહ્યું : હું તો આજે જ તમારા ગામમાં આવ્યો છું. તમારા ગામના મંદિરમાં બુંદીના

લાડુ કેટલા રૂપિયે મળે છે તેની મને શી ખબર? હું કંઇ ભાવ જાણતો નથી, એ તો અહીંના સેવા કરનાર પરિચારકોને પૂછો. હા, મહેસાણામાં બુંદીનો લાડુ શા ભાવે મળે છે તે જાણવું હોય, તો કહું! તો કહે, હું એ ભાવ નથી પૂછતી, હું તો ભાવભાવના પૂછું છું. મેં એમને પૂછયું : તમે ઠાકોરજીને સખડી ધરો છો કે અનસખડી ધરો છો? તો કહે : જુઓ, હું સેવા જ નથી કરતી. હજી ઠાકોરજી પધરાવ્યા જ નથી! મેં કહ્યું: ત્યારે પહેલાં ઠાકોરજી પધરાવો, આજ્ઞા લો, સેવા શરૂ કરો, પછી આપોઆપ હૃદયમાં ભાવ સ્ફૂરશે. પ્રશ્ન કરીને કેવળ સેવાનો ભાવ જાણવાનો પ્રયાસ ના કરશો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : ભાવભાવના હૃદયમાં સ્થિર કરવી હશે, તો તમારે તમારી બુદ્ધિને સ્થિર કરવી પડશે, શુદ્ધ રાખવી પડશે, સમજપૂર્વક પ્રભુમાં જોડવી પડશે.

મહાનુભાવોએ બહુ સાચું કહ્યું છે : પ્રમેયને પણ પ્રમાણની વાડની જરૂર છે. આજે આપણી બુદ્ધિ કેવળ ભાવભાવના સાંભળીને એને લૌકિકમાં પ્રયોજવા માટે તત્પર બની છે. એને કારણે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિમુખ થઇને આપણે લૌકિક મનુષ્યોની જેમ આ ભાવભાવના અને સિદ્ધાંતોનો લૌકિકમાં વિનિયોગ કરાવી દુરુપયોગ કરતા થયા છીએ. આપણે સૌએ શ્રીમહાપ્રભુજીનું આ વચન હૃદયમાં કોતરી રાખવા જેવું છે : **જેના હૃદયમાં વિષયવાસનાનો કાદવ ભરેલો છે, તેવા હૃદયમાં ઠાકોરજી કદી પધારતા નથી.**

કોઇ ઠેકાણે જઇએ ગંદકી ખૂબ હોય, કોઇ કહે કે અહીં બેસો. તો આપણે બેસીશું? માટે મહાનુભાવો પણ એમ કહેતા કે મહાપ્રસાદ સૌને લેવડાવવો. પણ સત્સંગ કરો ત્યારે એ વક્તાને બરોબર તપાસી જોઇને પછી એમનો સંગ કરજો, કારણ કે સત્સંગ થવાને બદલે એમનો દુ:સંગ તમારા હૃદયમાં વિષયવાસના વધારનારો ન બની જાય!

આજે ભોળા વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનું નામ દઇને છેતરનારા વંચકોનો તોટો નથી. શ્રીહરિરાયચરણે વંચકોનું સ્વરૂપ સમજાવતો ગ્રંથ લખ્યો છે. વૈષ્ણવી વેશમાં એ વંચકો કેવી રીતે ભોળા વૈષ્ણવોના હૃદયને ભોળવે છે તેનું નિરૂપણ શ્રીહરિરાયચરણે આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં કર્યું છે. ત્યાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ સત્સંગ કરતાં પહેલાં તમે વક્તાને બરાબર જાણી લેજો કે એમનો સત્સંગ તમારા હૃદયને શુદ્ધ ભગવદ્-સિદ્ધાંતમાં તત્પર બનાવશે કે કેમ? નહીં તો શ્રીમહાપ્રભુજી આદિના ગ્રંથોનો સત્સંગ કરો.

શ્રીહરિરાયચરણે એટલે જ અહીં આજ્ઞા કરી : બુદ્ધિનું સંરક્ષણ કરવા માટે તમારે બહુ સમજપૂર્વક આ સમયમાં તત્પર બનવું પડશે, કારણ કે, અનેક જણ પોતપોતાના મનની ભ્રાંતિથી, પોતાને જે કંઇ સૂઝશે તે તમને કહેવા આવશે. તમે જો બધાંની વાત સાંભળશો અને હકારમાં ડોકું હલાવ્યા કરશો, તો તમે કયાંયના નહીં રહો.

આપણે પેલા છ આંધળા અને હાથીની વાત જાણીએ છીએ. આંધળા માણસો હાથીનો આકાર જોવા ભેગા થયા. એકે કહ્યું : હાથી દોરડા જેવો છે! બીજાએ કહ્યું : હાથી થાંભલા જેવો છે! ત્રીજાએ કહ્યું : સૂપડા જેવો છે! આપણે આ વાત માનીશું? ના, કારણ કે આપણે અંધ નથી, આપણે હાથીને જોઇ શકીએ છીએ. હાથી ખરેખર દોરડા જેવો, સૂપડા જેવો કે થાંભલા જેવો નથી. એનો આકાર તો કંઇક જુદો જ છે. જે સંપૂર્ણ હાથીને જોઇ શકે તે જ સંપૂર્ણ હાથીનું નિરૂપણ કરી શકે.

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનું નિરૂપણ કરવા માટે સ્વયં શ્રીમહાપ્રભુજીએ જે આજ્ઞાઓ કરી છે તે આજ્ઞાઓને બરાબર સમજવી પડશે, કારણ કે વેદાદિ શાસ્ત્રોનો અર્થ કરવા માટે પણ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે એનો શબ્દાર્થ જ આપણે બરાબર સ્વીકારી લેવો, એના લક્ષણા અને વ્યંજનાના અર્થ આપણે આપણી બુદ્ધિથી કરવા નહીં. આજે મનકલ્પિત અર્થ સૌ પોતપોતાની બુદ્ધિથી કરવા લાગ્યા છે.

અગાઉના શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ માર્ગનિષ્ઠાનો પ્રકાર બતાવતાં સ્પષ્ટ આજ્ઞા કરેલી છે કે આ માર્ગમાં નિષ્ઠા થઇ, આ માર્ગમાં બુદ્ધિ સ્થિર થઇ, એમ કયારે કહેવાય? જ્યારે આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને અક્ષરશઃ સમજવાનો પ્રયત્ન કરીએ, જ્યારે એનો અર્થ આપણી બુદ્ધિથી ન ઉકેલીએ, પણ શ્રીગુસાંઇજી આદિ મહાનુભાવોએ એ ગ્રંથો ઉપર જે ટીકાઓ રચીને અર્થ બતાવ્યો તે અર્થને આપણે બરોબર સમજીને તેનું અનુકરણ કરીએ. જેમના હૃદયમાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી બિરાજ્યા છે, તેમની એ ટીકાઓનું અનુસંધાન કરીને મૂળ ગ્રંથોને સમજીએ તો જ આપણને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો સંપૂર્ણ અને સાચા સ્વરૂપમાં સમજાય. એવા સિદ્ધાંતોમાં આપણી બુદ્ધિને દૃઢ રાખવાથી હૃદયમાં ભાવની વૃદ્ધિ થાય. આજે આ કામ આપણા સૌના માટે ખૂબ જરૂરી છે. હવેનો સમય ઘણો સુધર્યો છે. આપણે સૌ સારી રીતે લખી-વાંચી શકીએ છીએ, સૌને વાંચવાનું થોડું થોડું મન પણ છે. આપણા ઘેર સવારમાં છાપું આવે, આપણી રુચિનાં સામયિકો આવે એવો આગ્રહ રાખીએ છીએ. એની સાથે સાથે આપણે એવો આગ્રહ પણ રાખવા જેવો છે કે આપણી કમાણીનો થોડોક હિસ્સો

આપણા સંપ્રદાયનાં પ્રકટ થતાં સામયિકો અને પુસ્તકોને ખરીદવા પાછળ પણ ખર્ચીએ. આપણાં બાળકોને કેવળ બંગલા, મોટર, બેંક-બેલેન્સની મૂડીનો વારસો આપી જવાને બદલે થોડાંક આપણાં સાંપ્રદાયિક પુસ્તકોનો પણ વારસો આપી જઈએ.

આપણે પુસ્તકો વસાવવાની અને તે પુસ્તકોને અવારનવાર વાંચવાની ટેવ પાડીએ. બાળકોને લાયક પુસ્તકો તેમના હાથમાં મૂકવાની અને તેમને પ્રેમથી વંચાવવાની પણ ટેવ પાડીએ, તો મને લાગે છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવાનું કામ કપરું નથી. જેવી રીતે દેહના પોષણ માટે આપણે મહાપ્રસાદનો ઉપયોગ કરીએ છીએ, તેનાથી દેહ સશક્ત બને છે, તેમ મનના પોષણ માટે આ સાંપ્રદાયિક સામયિકો અને પુસ્તકોનો પણ આપણે ઉપયોગ કરીએ. દેહના પોષણ માટે સીઝન પ્રમાણ ચોખા અને તેલ ભરીએ, તેમ આવાં થોડાંક પુસ્તકો પણ વસાવવાની ટેવ પાડીએ. એ વસાવવાનું બહુ અનુકૂળ ન હોય, તો બીજા વૈષ્ણવવોને ત્યાંથી માગી લાવીને, કાળજીપૂર્વક વાંચીને પાછું આપવાની ટેવ પાડીએ. આપણા માટે બહુ નવાઈની વાત છે કે આપણને પુસ્તકો મેળવવાનુ તો ગમે છે, પણ પાછાં આપવાનું ગમતું નથી!

એકાદ વર્ષ પહેલાં ઘણા વૈષ્ણવોની ફરિયાદના પત્રો આવતા કે અમે 'વૈષ્ણવ પરિવાર' માસિક બીજાઓને વાંચવા આપીએ છીએ, તો એ પાછાં આવતાં નથી અને માગવા જઈએ છીએ તો કહે છે કે ખોવાઈ ગયાં! જો કે હોય છે તો એમના ઘરમાં જ! કયારેક પાછું આવે તો બેદરકારીથી ફાડી નાખેલી હાલતમાં આવે છે. જેટલું જતન આપણે આપણી પોતાની વસ્તુઓનું કરીએ, તેટલું જતન આપણે આ સાંપ્રદાયિક પુસ્તકો અને સામયિકોનું પણ કરવું જોઈએ, કારણ કે આજના સમયમાં શ્રીમહાપ્રભુજી આપણા ઘરમાં બે સ્વરૂપે બિરાજમાન છે : એક સેવામાં શ્રીઠાકોરજી સ્વરૂપ અને બીજું આપણા ગ્રંથોમાં નામાત્મક સ્વરૂપે. આપણે જો આ સાહિત્યને બરાબર વાંચીશું નહીં, સમજીશું નહીં તો આપણી બુદ્ધિની સ્થિરતા કદાપિ થશે નહીં. બુદ્ધિનું સંરક્ષણ કરવા માટેનો આજના સમયમાં સહેલામાં સહેલો, અનુકૂળ આવે એવો આ એક જ ઉપાય છે - સાંપ્રદાયિક સાહિત્યને વસાવવાનો અને એ સાહિત્યને વાંચવાનો.

કયારેક માણસની પ્રકૃતિ એવી હોય છે કે ફરજ ન પડે ત્યાં સુધી તેને કામ કરવાનું ઉકલતું નથી, ઈચ્છા થતી નથી. આપણે સૌ ભણેલાં ગણેલાં છીએ, આપણી સાંપ્રદાયિક પરીક્ષાઓ દર વર્ષે ઓગષ્ટ મહિનામાં લેવાય છે. આપણે એ પરીક્ષાઓ

આપીએ. આપણે વાંચીએ, તૈયાર થઈએ અને એ રીતે પણ આપણી વાચન-રુચિને કેળવીએ, વધારીએ, સાંપ્રદાયિક ગ્રંથોનું પરિશીલન કરીએ.

શ્રીહરિરાયચરણ બુદ્ધિની સ્થિરતાનો છેલ્લો ઉપાય અંતિમ શ્લોકમાં બતાવે છે. શ્રીઠાકરોજીની સેવા કરતાં કરતાં, આપના આરોગેલ અધરામૃત મહાપ્રસાદનું ભક્ષણ કરી, અનવસરના સમયમાં પ્રભુની કથા, લીલાનું શ્રવણ-કીર્તન કરતાં આપણી બુદ્ધિની રક્ષા કરવી.

શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે : અસમર્પિત વસ્તુ ખાવામાં, અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ કરવામાં મન ચલાયમાન ન કરવું, હમેશાં પ્રભુના અધરામૃત સ્વરૂપ મહાપ્રસાદપૂર્વક સેવા કરવી. દુઃસંગનો ત્યાગ કરી, ભગવદીયોનો સત્સંગ કરવો, અનવસરના સમયમાં કથાશ્રવણ કરવું, પ્રભુની લીલા અને તેમના નામનું કીર્તન કરવું. એમ કરવાથી બુદ્ધિ નિર્મળ, સ્થિર તથા દૃઢ બને છે અને ત્યારે પ્રભુ આપણા હૃદયમાં બિરાજે છે.

જન્માષ્ટમીની વધાઈનું એક સુંદર કીર્તન છે : **'મહામહોત્સવ શ્રી ગોકુલ ગામ, પ્રેમમુદિત ગોપીજન ગાવત, જસોદાનંદન કો લૈ લૈ નામ.'** આ પદને તમે ઘણી વાર સાંભળ્યું અને ગાયું હશે, પણ આ શિક્ષાપત્ર આપણે વિચાર્યાં તેના અનુસંધાનમાં તમે તેનો કદી વિચાર કર્યો છે ખરો? શા માટે ચતુર્ભુજદાસજી આ પદમાં કહે છે: મહામહોત્સવ શ્રી ગોકુળ ગામ?

ઉત્સવ એટલે શું? મહોત્સવ એટલે શું? મહામહોત્સવ એટલે શું? શ્રીમહાપ્રભુજીએ 'સુબોધિનીજી'માં ઉત્સવ શબ્દનો અર્થ સમજાવ્યો. સવ એટલે આનંદ. અનાયસ ઊછળે, પ્રકટે અને આપણા સમગ્ર શરીરને એમાં ડુબાડી દે તેનું નામ ઉત્સવ. ઉત્સવનું આ એક વિશિષ્ટ લક્ષણ છે : મન, હૃદય, શરીર એ આનંદની અંદર ડૂબી જાય. તો પછી મહોત્સવ એટલે શું ? મહોત્સવ ક્યારે થાય? જ્યારે હૃદયમાં પ્રભુ સાક્ષાત્ પોતાના સ્વરૂપનો અનુભવ જતાવે, જે ક્ષણે આપણું રોમરોમ પુલકિત થઈ જાય, આપણને પ્રભુ સિવાય આજુબાજુની દુનિયાની કોઈ ગતાગમ ન રહે એવી જે પરમ ભાવાત્મક સ્થિતિ આવે તે મહોત્સવ. મહામહોત્સવ એટલે જ્યારે સાક્ષાત્ પ્રભુ આપણાં નેત્રો સામે બિરાજી, આપણને સ્વરૂપામૃતનું દાન કરી દે, પ્રભુના આલિંગનાદિનું સુખ પ્રાપ્ત થઈ જાય, રાસની સ્થળ, જળ લીલાનો પ્રભુ પોતાના શરણાગત ભક્તને અનુભવ કરાવી દે તે ક્ષણ મહામહોત્સવની.

ચતુર્ભુજદાસજી ગાઈ રહ્યા છેઃ આ એ જ ગોકુળિયું ગામ છે, જ્યાં મહોત્સવ

મનાવાઇ રહ્યો છે : કારણ કે શ્યામસુંદર કેવળ યશોદાજીના ત્યાં નથી પ્રકટયા, અમારા સૌના હૃદયમાં પ્રકટયા છે અને અમે તેમના સ્વરૂપાનંદનું પાન કરી રહ્યા છીએ.

કયું ગોકુળિયું ગામ? ગોકુળ કયાં આવ્યું ? પૃથ્વીની ભૂગોળમાં કદાચ મથુરાજીની નજીકમાં હશે, પણ અલૌકિક ભૂગોળમાં ગોકુળ આપણા હૃદયમાં છે. એ પ્રભુ હૃદયની અંદર બિરાજી, રોમેરોમને પોતાના ભગવદ્‌રસથી પ્લાવિત કરી દે અને જ્યારે આપણું હૃદય નાચી ઊઠે, ગાઇ ઊઠે, દુનિયાનાં સાનભાન ગુમાવી દે એવી મનઃસ્થિતિ થાય ત્યારે હૃદય મહામહોત્સવ મનાવતું હોય છે.

ગોપીજનો પ્રેમથી મુદિત-આનંદિત થયાં છે. વ્રજભક્તોના હૃદયમાં પ્રભુના પ્રાકટયથી એક પ્રકારનો અલૌકિક પ્રેમ અનાયાસ પ્રકટ થઇ જાય છે. પ્રેમ પ્રકટ થયેલો કયાં દેખાય? નેત્રોમાં દેખાય. નેત્રોમાંથી પ્રેમ વરસે. શ્રીઠાકોરજી ઉપર આ વૈષ્ણવને ખુબ પ્રેમ છે એ જાણવાનું કોઇ મશીન, કોઇ સાધન ખરું? હા. દર્શન કરતાં કરતાં શ્રીઠાકોરજીનાં નેત્રો સાથે આંખો કેટલી એકાકાર થાય છે, તે પ્રેમ માપવાનું સાધન.

એક ગોપી કહે છે : બહેન, તું આપણા પ્રાણપ્રિય શ્યામસુંદરની કંઇક લીલાની વાત કરને. સખી કહે છે : બહેન, એ બધી લીલા તારાથી કયાં છાની છે? શા માટે મારા મોંઢે તું કહેવડાવે છે! તેં પણ એ લીલાનો અનુભવ કર્યો છે. પેલી ગોપી કહે છે : બહેન, એ વાત તો સાચી, પણ તમારા મોંઢેથી આપણા એ શ્યામસુંદરની વાત સાંભળવામાં કંઇક અજબનો આનંદ આવે છે. એમ લાગે છે કે ફરીથી હું એની લીલાનો અનુભવ કરી રહી છું.

આવી રીતે બે વ્રજભક્તો પરસ્પર મળીને પોતાના પ્રાણપ્રેષ્ઠનું નામ લઇ લઇને વાત કરે, ત્યારે તેમના હૃદયરૂપી ગોકુળિયા ગામમાં મહામહોત્સવ મનાવાય. મહામહોત્સવ મનાવવો હોય તો આ વ્રજભક્તોની જેમ પ્રેમમુદિત બનીને લોક-વેદ-કુળ-કામનો સંકોચ છોડીને શ્યામસુંદરનું હરખાતાં-હરખાતાં નામ લો, કીર્તન કરો, નાચો, ગાઓ, વધાઇ કરો. **'પ્રેમમુદિત ગોપીજન ગાવત લૈ લૈ શ્યામસુંદર કો નામ.'** કયાં કયાં નામ લેવા બેઠાં છે? શું ગોકુળમાં આટલો મોટો નંદાલયનો ચોક છે? ના હોં, નંદાલયની ગલી તો બહુ સાંકડી છે. ગોકુળમાં પેસવાનો માર્ગ બહુ સાંકડો છે. સ્નેહનો માર્ગ કદી રાજમાર્ગ હોતો નથી, એ તો પગદંડી હોય છે. એ બધાં વ્રજભક્તો એકત્ર થઇને પ્રભુની લીલાનું અવગાહન કરી રહ્યાં છે. ગૌદોહન કરવા ગૌશાળામાં ભેગાં થયાં, તો ત્યાં પણ ગાયનું દૂધ તાંબડીની બહાર જઇ રહ્યું છે એની ચિંતા કર્યા

વિના શ્યામસુંદરમાં મગ્ન બન્યાં, જળ ભરીને આવતાં સાંકડી ગલીમાં ઊભાં રહી ગયા, ત્યાં જ માથાનો ભાર ભૂલીને શ્યામમય થઇ ગયા, તો કોઇક દધિમંથન કરતાં કરતાં હાથમાં રહેલું દોરડું એમ જ રહી ગયું અને શ્યામમય બની ગયાં! ભગવદ્ ગુણગાનનો કોલાહલ પા અડધો કલાક નથી કરતાં, રાતદિવસ ગુણગાન કરે છે. પરિણામે, ચોવીસ કલાક એ આનંદની એક અપૂર્વ મસ્તીમાં જીવે છે.

સામાન્ય રીતે આપણો અનુભવ જુદો છે. ઉત્સવનો આવેશ જ્યારે ઊતરી જાય છે ત્યારે શરીર થાક અનુભવે છે. શરીર પોતાના દેહની મર્યાદા અને ધર્મો અનુભવે છે, તેનું કારણ આપણો આવેશ બાહ્યાવેશ છે, એ હૃદયની અંતર્મુખતાનો આવેશ નથી.

હવે ત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી અંતર્મુખ બનવા માટે આપણને આજ્ઞા કરે છે.

॥ ઇતિ શ્રીહરિરાયજીવિરચિતં એકોનત્રિંશત્તમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્ ॥

શિક્ષાપત્ર ઓગણત્રીસમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૭

વિષય : ભગવદ્ધર્મના પાલન માટે બુદ્ધિની દૃઢતા.

- સદ્બુદ્ધિ એટલે શું? : શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજીને તેનું આચરણ કરવાનો પ્રયત્ન કરે તેની બુદ્ધિ સારી.
- દુર્બુદ્ધિ એટલે શું? : શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવા છતાં તેનું આચરણ ન કરે તેની બુદ્ધિ નઠારી.
- દુનિયામાં રહેવા છતાં દુનિયાની બાબતોમાંથી મન ખેંચી લઈને મન પ્રભુમાં જોડે તે સ્થિર બુદ્ધિ.
- બુદ્ધિને સ્થિર રાખવા બુદ્ધિને અલૌકિકમાં જોડવી. લૌકિક વિષયોથી મનને દૂર રાખવું.
- આ માટે ત્રણ સાધનો છે : (૧) સત્સંગ (૨) ભગવદ્સ્મરણ (૩) ભગવદ્સેવા.

શિક્ષાપત્ર : ૩૦

સ્મર્તવ્યઃ સર્વદા કૃષ્ણો વિસ્મયર્તવ્યં જગત્ પુનઃ ।
પ્રપંચસ્મરણે કૃષ્ણસ્મૃતિર્નૈવ ભવેદિતિ ॥૧॥

સર્વદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું અને જગતનું વિસ્મરણ કરવું. જો પ્રપંચની સ્મૃતિ રહે, તો કૃષ્ણની સ્મૃતિ ન થાય. (૧)

પ્રયતેત તતો જીવસ્તદભાવાય સર્વથા ।
કૃષ્ણાઽર્થતાભાવનેન ગૃહાદેર્વિસ્મૃતિર્ભવેત્ ॥૨॥

જીવે તે માટે પ્રયત્ન કરવો. તેના અભાવમાં સર્વ ક્રિયામાં શ્રીકૃષ્ણની ભાવના કરવી, જેથી ગૃહાદિકની વિસ્મૃતિ થાય. (૨)

અથવા બાધકત્વેન ત્યાગભાવનયા પુનઃ ।
અખંડાઽદ્વૈતભાવેન કામાદ્યાવેશતો હરૌ ॥૩॥

અથવા તો ગૃહાદિ બાધક છે, એમ વિચારી તેના ત્યાગની ભાવના કરવી. પછી તેમાં શુદ્ધાદ્વૈતની ભાવના કરવી, તેમ જ કામાદિના આવેશમાં તેમ જ પ્રપંચાત્મક પદાર્થોમાં પણ પ્રભુની લીલાસૃષ્ટિની ભાવના કરવી. (જેથી ગૃહાદિની વિસ્મૃતિ થાય.)

પ્રાપંચિકપદાર્થેષુ લીલાસૃષ્ટિત્વભાવનાત્ ।
કૃષ્ણસન્નિહિતો દેશઃ કાલઃ સત્સંગહેતુકઃ ॥૪॥
દ્રવ્યં સર્વસ્વમેવાઽત્ર કર્તાઽભિમતિવર્જિતઃ ।
મંત્રાઃ શ્રીકૃષ્ણનામાનિ ગુણલીલાસમન્વિતાઃ ॥૫॥
કર્માણિ કૃષ્ણસેવૈવ સર્વસાધનસંગ્રહઃ ।
એતત્ષટ્કસ્ય ભક્તો હિ સત્સંગઃ સાધન મતમ્ ॥૬॥

જ્યાં શ્રીકૃષ્ણ બિરાજતા હોય, ત્યાં દેશકાળ સત્સંગના હેતુરૂપ થાય છે. (શ્રીઠાકોરજી) એ જ પોતાનું દ્રવ્ય, કર્તાપણાના અભિમાનનો ત્યાગ, શ્રીકૃષ્ણનાં ગુણ અને લીલાયુક્ત નામ એ જ મંત્રો, શ્રીકૃષ્ણની સેવા એ જ કર્મ. ભક્તિમાર્ગમાં (દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ) આ છ પદાર્થો છે અને સત્સંગ તેના સાધન રૂપ છે. (૪-૫-૬)

કૃષ્ણસાન્નિધ્યદેશે તુ યતસ્તિષ્ઠંતિ સાધવઃ ।
કાલઃપ્રસંગહેતુસ્તુ મિલિતૈસ્તૈરુદેતિ હિ ॥૭॥

જ્યાં શ્રીકૃષ્ણ બિરાજતા હોય, ત્યાં સાધુ પુરુષો રહે છે. એવા સ્થળે સાધુપુરુષોનું મિલન થવાથી સત્સંગના કારણરૂપ કાળનો ઉદય થાય છે. (૭)

સર્વસ્વસ્યોપયોગોઽપિ સિદ્ધયેત્સદ્‌બુદ્ધિદાતૃભિઃ ।
અભિમાનનિવૃત્તિસ્તુઃ તદાશ્રયવતામિહ ॥૮॥

ત્યાં સદ્‌બુદ્ધિ કરનાર ભગવદીયોથી સર્વસ્વનો (દ્રવ્યનો) ઉપયોગ પણ સિદ્ધ થાય છે. વળી, તેવાઓનો આશ્રય કરવાથી કર્તાપણાનું અભિમાન પણ નિવૃત્ત થાય છે. (૮)

કૃષ્ણનામસ્વરૂપાદિજ્ઞાનં તુ તત એવ હિ ।
ભગવત્સેવનં વાઽપિ પુરુષાર્થસ્તદૈવ હિ ॥૯॥

એનાથી શ્રીકૃષ્ણના નામરૂપનું જ્ઞાન (મંત્રસિદ્ધિ) થાય છે, શ્રીકૃષ્ણની સેવાથી ઉત્તમ પુરુષાર્થરૂપ કર્મ સિદ્ધ થાય છે. (૯)

યદા તથાવિધાઃ સંતો દશ્યંતે સેવનોદ્યતાઃ ।
અતઃ સત્સંગ એવાઽસ્મિન્માર્ગે સર્વસ્ય સાધનમ્ ॥૧૦॥

ઉપર જણાવેલા સત્પુરુષોની સેવામાં તત્પરતા જણાય, ત્યારે ઉક્ત છ પદાર્થો સિદ્ધ થાય છે. તેથી પુષ્ટિમાર્ગમાં સત્સંગ જ સર્વનું સાધન છે. (૧૦)

તદભાવે સર્વથૈવ ન કિંચિદિહ સિદ્ધયતિ ।
તસ્માત્પ્રયત્નઃ કર્તવ્યઃ સત્સંગાય સુબુદ્ધિભિઃ ॥૧૧॥

તેના અભાવમાં કશું પણ સિદ્ધ થતું નથી, માટે સુંદર બુદ્ધિવાળોઓએ સત્સંગ માટે યત્ન કરવો. (૧૧)

અત એવોક્તમાચાર્યૈર્હરિસ્થાને તદીયકૈઃ ।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥૧૨॥

એથી જ શ્રીઆચાર્યજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં કહ્યું છે કે હરિના સ્થાનમાં જ્યાં ભગવદીયો રહેતા હોય, તેમની સમીપ કે તેમનાથી દૂર જેમ ચિત્ત દૂષિત ન થાય તેમ રહેવું. (૧૨)

ચિત્તદોષે કથં સેવા ચેતસ્તત્પ્રવણં ભવેત્ ।
અતો વિચારઃ કર્તવ્યઃ સર્વથૈકત્રવાસકૃત્ ॥૧૩॥

જો ચિત્તમાં દોષ ઉત્પન્ન થાય, તો તે દોષમાં ચિત્ત તદ્રૂપ બને. એવા દૂષિત ચિત્તથી સેવા શી રીતે બની શકે? માટે સર્વથા એક જ સ્થળમાં વાસ કરવાનો વિચાર કરવો જોઈએ. (૧૩)

બુદ્ધ્યા વિચાર્ય મત્પ્રોક્તં નિધાય હૃદિ સર્વથા ।
સ્વાર્થસંપત્તયે કાર્યો વાસ એકત્ર તત્પરૈઃ ॥૧૪॥

મેં જે કાંઈ ઉપર કહ્યું છે તેનો બુદ્ધિથી વિચાર કરી, તેને સદા હૃદયમાં સ્થાપન કરવું અને પોતાના અર્થની સિદ્ધિ થાય તે માટે ભગવદીયોની સાથે વાસ કરવો. (૧૪)

શિક્ષાપત્ર : ૩૦

ભગવાને અર્જુનને જે બુદ્ધિયોગ શીખવ્યો, એનું જ ભાષ્ય શ્રીહરિરાયચરણે ઓગણત્રીસમા શિક્ષાપત્રમાં કર્યું. ત્યાં ભગવાને અર્જુનને એટલી આજ્ઞા કરી : તારે તારા લૌકિક વિષયોનો ત્યાગ કરવો. લૌકિક વિષયોનો ત્યાગ કેવી રીતે કરવો, એનો પ્રકાર ઓગણત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરયાચરણે બતાવ્યો. બુદ્ધિને પ્રભુમાં સ્થિર રાખવા માટે, હે વૈષ્ણવો, તમે હમેશાં શ્રીઠાકોરજીની સેવા કરીને એમના આરોગેલા મહાપ્રસાદનું ભક્ષણ કરો. ભગવદીયોનો સત્સંગ કરીને કૃષ્ણકથાનું શ્રવણ કરો, ભગવદીયોની સાથે મળીને કૃષ્ણકથાનું કીર્તન કરો. એકલા પડો ત્યારે સાંભળેલી કૃષ્ણકથાનું સ્મરણ કરો અને અષ્ટાક્ષર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં શરણાગતિની ભાવના દૃઢ કરો.

લૌકિક વિષયોમાંથી બુદ્ધિ કાઢવી હોય, તો બુદ્ધિને અલૌકિક વિષયોમાં લગાડવી પડશે, કારણ કે બુદ્ધિનું એ લક્ષણ છે કે કદી વિચાર વિનાની નવરી રહેતી નથી. બુદ્ધિનો ખોરાક છે વિચાર. બુદ્ધિને લૌકિક વિચારોનો ખોરાક આપવાને બદલે આપણે જો અલૌકિક વિચારોનો ખોરાક આપીએ તો તે લૌકિકમાં ડૂબેલી રહેવાને બદલે, સંકલ્પવિકલ્પમાં અસ્થિર રહેવાને બદલે, પ્રભુમાં સ્થિર બનશે, સુંદર બનશે.

બુદ્ધિની રક્ષાનો પ્રકાર બતાવ્યા બાદ સ્થિર બનાવેલી બુદ્ધિને કાળનો દોષ ન લાગે, વર્તમાન વાતાવરણની અસર ન થાય તે માટે શું કરવું તેનો ઉપાય શ્રીહરિરાયચરણ હવે બતાવે છે.

ત્રીસમા શિક્ષાપત્રમાં કુલ ચૌદ શ્લોકમાં બુદ્ધિની રક્ષાનો ઉપાય આપ બતાવી રહ્યા છે, કારણ કે બુદ્ધિને સ્થિર કરી દેવા માત્રથી નિશ્ચિંત બની જવાશે નહીં. તે પાછી ક્યારે અસ્થિર થઇ જાય તેની ખબર ન પડે. બુદ્ધિને અસ્થિર કરનારું તત્ત્વ છે આજનો સમય-કરાલ કલિકાળ, જે ભલભલા ભગવદીયોને પણ બહિર્મુખ બનાવી દે છે.

બુદ્ધિ શી રીતે બહિર્મુખ બને છે, તે સમજવા માટે એક દૃષ્ટાંતનો વિચાર કરીએ. એક ભાઇ એમની ઓફિસના લૌકિક કામમાં બહુ મગ્ન હતા. એમને અચનાક યાદ આવ્યું કે સાંજે ચાર વાગ્યે ઘેર ટેલિફોન કરીને વાત કરવાની છે, પણ એ ઓફિસના કામમાં એટલા ગરકાવ છે કે વારંવાર આવતા ટેલિફોન રિસીવ કરતાં

કરતાં ઓફિસનો નંબર એટલો સતત બોલ્યા કરે છે કે ઘેર ટેલિફોન જોડતાં, ઘરનો નંબર જોડવાને બદલે ધૂનમાં ને ધૂનમાં ઓફિસનો જ નંબર ફેરવ્યા કરે છે! પરિણામે એમનો ફોન એંગેજ છે, એવી સૂચના કાનમાં આવ્યા કરે છે. એમને આશ્ચર્ય થાય છે કે પત્ની ઘેર હોવી જ જોઇએ, છતાં એંગેજ કેમ આવે છે! શું એ કોઇની સાથે લાંબી વાત કરતી હશે? ફોન કેમ એંગેજ આવે છે? એમની બાજુમાં બેઠેલી બીજી વ્યક્તિએ એમને કહ્યું: ભાઇ! તમે નંબર ખોટો જોડો છો, માટે એંગેજ આવે છે. તમારે જેની સાથે વાત કરવી છે તેનો નંબર જોડો. તમે તમારો પોતાનો નંબર જોડી રહ્યા છો! એ ભાઇને બુદ્ધિ સ્ફૂરી, ઘરનો ટેલિફોન નંબર જોડયો અને તરત ઘેર વાત થઇ.

આપણું પણ આવું થયું છે. પ્રભુ સાથે વાત કરવી છે પણ લૌકિકમાં એટલા ડૂબેલા છીએ, પોતાની જાતનો વિચાર કરવામાં એટલા બધા મશગુલ છીએ, સ્વની અંદર એટલા ગૂંચવાયેલા છીએ કે પ્રભુનો નંબર જોડવાને બદલે આપણે પોતાનોં જ નંબર જોડયા કરીએ છીએ. પરિણામે, પ્રભુ સાથે વાત થતી નથી. આપણને લાગે છે કે ટેલિફોન એંગેજ છે, પ્રભુ સાથે વાત થતી નથી. એંગેજ આપણે પોતે છીએ. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : આ જગતમાં રહીને, જગતની બધી જવાબદારીઓ વહન કરવા છતાં જગતને ભૂલી જજો. જગતમાં કશું યાદ રાખવા જેવું નથી.

તમે જાણો છો કે ઘણા માણસો બહુ ભુલકણા હોય છે. અમારા પ્રોફેસરને માટે તો ખાસ કહેવાય છે કે પ્રોફેસર ભુલકણો હોય પણ એ કેમ ભુલકણો છે તેનું કારણ કોઇ વિચારતું નથી. એની બુદ્ધિ મંદ છે માટે તે ભુલકણો છે? ના, તે પોતાના વિષયના જ્ઞાનમાં, એના ચિંતનમાં એટલો બધો રચ્યોપચ્યો છે કે પરિણામે એને બીજી બાબતો યાદ કરવાની ફૂરસદ નથી, બીંજી બાબતો યાદ આવતી નથી. મનોવિજ્ઞાન એમ કહે છે કે આપણને જે બાબતોમાં રસ પડે તે બાબતો લાંબા સમય સુધી યાદ રહે છે. જેમાં રસ ન પડે તે તરત ભુલાઇ જાય છે. જેને સિનેમામાં રસ પડે તેને પૂછી જોજો, વર્ષો પહેલાં જોયેલ ચિત્રોની બાબતો પણ તે યાદ કરીને કહેશે. મારા જેવા કોઇકને તમે એમ કહો કે હાથપગ પકડીને લઇ જવાના છે અને ત્રણ કલાકને અંતે કહેવાનું છે, આમાં શું આવ્યું? તો કંઇ યાદ ન રહે. કારણ કે, યાદશકિતનો રસ સાથે સીધો સંબંધ છે. હિસાબની અંદર જેને રસ છે તેને આંકડા યાદ રહે છે, પણ જેને સેવામાં રસ છે તેને આંકડા યાદ રહેતા નથી. સૌ સૌના રસના વિષયો જાુદા જાુદા હોય છે. માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે દુનિયામાં ભલે તમે રહો છો, પણ આ દુનિયાને તમારા રસનો વિષય ન બનાવશો. રસનો વિષય દુનિયાના રચયિતા દીનદયાળુ આપણા પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રને બનાવજો. જગતમાં રહેવા છતાં

જગતની બાબતોને નકામી ગણીને ભૂલી જજો અને પ્રભુનું હમેશાં સ્મરણ કર્યા કરજો.

જગતને ભૂલી જવું અને કૃષ્ણને યાદ રાખવા એ બુદ્ધિને સ્થિર રાખવાનો, બુદ્ધિને પ્રભુમાં જોડવાનો એકમાત્ર ઉપાય છે. માટે તો પેલાં વ્રજભક્તો મહી વેચવા નીકળ્યાં છે પણ એમને મહી યાદ આવતું નથી, એમને માધવ યાદ આવે છે. મહી લ્યો, મહી લ્યો ને બદલે માધવ લ્યો, માધવ લ્યોની બૂમો પાડે છે. ત્યારે આપણે સેવામાં માધવની સામે બેઠાં હોઈએ તો પણ માધવનું સ્મરણ થતું નથી, પણ દુનિયાનું જે દહીં છે, મહી છે તેનું જ સ્મરણ થયા કરે છે.

દૂધનો વિકાર છે દહીં. દૂધ બગડી જાય, ખાટું થઈ જામી જાય ત્યારે દહીં બને. આપણી ભાવભાવનામાં એમ કહ્યુ કે દૂધ એ ભક્તિનું સ્વરૂપ છે. માટે શ્રીગિરિરાજબાવાને આપણે દૂધથી સ્નાન કરાવીએ છીએ. એ દૂધ નથી, આપણા હૃદયનો સ્નેહ છે, ભક્તિ છે. માટે ભગવાનને યાદ કરવા હોય, તો ભગવાનમાં સ્નેહ રાખવો પડશે. જેનામાં સ્નેહ હોય તેની યાદ આવે છે. જે અળખામણા હોય તેની યાદ આવતી નથી. જગતને અળખામણું બનાવો અને જગદીશને પોતાના બનાવી લો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જ્યાં સુધી આ દુનિયાના કામમાં રચ્યાપચ્યાં રહીને તમે પ્રપંચનું સ્મરણ કરશો, ત્યાં સુધી કૃષ્ણનુ સ્મરણ નહીં થાય. સંસ્કૃતમાં 'પ્રપંચ' શબ્દ અહંતા અને મમતારૂપી સંસારના અર્થમાં વપરાય છે. પ્રપંચ એટલે આપણો સંસાર. જેમ જગતમાં પ્રપંચી માણસ ખોટું કરે, તેમ આપણો આ અહંતા અને મમતાનો સંસાર-પ્રપંચ પણ ખોટો છે, મિથ્યા છે. માણસ પોતાની જાતમાં ડૂબેલો હોય, પોતાનાં બણગાં ફૂંકવામાં રોકાયેલો હોય, પોતાની મમતાના મોહમાં ફસાયેલો હોય, ત્યાં સુધી તેને કૃષ્ણની યાદ આવતી નથી. કૃષ્ણની યાદ તો ત્યારે આવે કે જગતમાં તે જળકમળવત્ થઈને રહે.

જગતમાં જળકમળવત્ થઈને કેવી રીતે રહેવું? એનો ઉત્તમમાં ઉત્તમ રસ્તો શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક રાજા આશકરણજીએ બતાવ્યો છે. રાજ્યની બધી જવાબદારી સંભાળી, યુદ્ધના મેદાનમાં દુશ્મન રાજા સાથે યુદ્ધ કરી રહ્યા છે. પણ ચિત્ત માનસી સેવામાં પરોવાયું છે. ઘોડો કૂદતાં કઢીનો ડબરો છલકાય છે, ત્યારે એ કઢી સાક્ષાત્ બનીને એમનાં વસ્ત્ર પર છંટાઈ જાય છે.

આપણે તો યુદ્ધના મેદાનમાં જવાનો અવસર નથી. ઘરમાં રહીને શાન્તિ અને સ્વસ્થતાપૂર્વક જીવન જીવવાનું છે. છતાંયે આપણે પ્રભુને યાદ કરી શકતા નથી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જીવે 'પ્રયતેત' એટલે સારી રીતે, વધારે

સમજપૂર્વક, વધારે ધ્યાન આપીને પ્રયત્ન કરવો જોઇએ, જેથી મન કૃષ્ણમાં લાગે અને ઘરમાંથી ઓછું થતું જાય. જેમ લૌકિક માણસ રાતદિવસ પોતાના કુટુંબની ફિકર-જંજાળમાં ડૂબેલો રહે, તેમ વૈષ્ણવે શ્રીઠાકોરજીની સેવામાં મગ્ન રહેવું જોઇએ. શ્રીઠાકોરજીને હવે કેવા વાઘા-વસ્ત્ર જોઇશે, કેવા શૃંગાર જોઇશે, કેવી સામગ્રી આવશે? હવે કયો ઉત્સવ આવી રહ્યો છે? કયા મનોરથો કરીશું? આ પ્રકારે સતત તેનું ચિંતન મન લગાવીને કરવું જોઇએ.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે : સેવામાં વપરાતા બધા પદાર્થો સ્વરૂપાત્મક છે, પ્રભુની લીલાસંબંધી છે એમ જાણવું. જે પદાર્થ સેવામાં ન વપરાય તે આસુરી છે એમ જાણવું. જો ઘર પ્રભુની સેવામાં વપરાય તો તે દૈવી છે, ન વપરાય તો આસુરી છે. ધન જેટલું પ્રભુની સેવામાં વપરાયું તેટલું દૈવી. જેટલું લૌકિકમાં વપરાયું તેટલું આસુરી. સમય પણ જેટલો સેવાસ્મરણમાં ખર્ચાયો તે દૈવી, લૌકિકમાં ખર્ચાયો તેટલો આસુરી.

મર્યાદામાર્ગમાં કર્મનું ફળ મેળવવા માટે છ બાબતોની શુદ્ધિ આવશ્યક છે: દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ. આ છયે બાબતો જો શુદ્ધ હોય તો જ જીવે કરેલાં કર્મોનું ફળ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગમાં પણ વૈષ્ણવોએ પોતાના જીવનમાં આ છ બાબતોની શુદ્ધિ માટે આગ્રહ રાખવાની જરૂર છે. પુષ્ટિમાર્ગમાં દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છની શુદ્ધિ કેવી રીતે થાય? આ છનો વિનિયોગ કેવી રીતે થાય, એ શ્રીહરિરાયચરણ આપણને બતાવે છે. આપ આજ્ઞા કરે છે કે કયો દેશ શુદ્ધ? જ્યાં **પ્રભુ બિરાજે તે દેશ શુદ્ધ.** શ્રીગોપેશ્વરજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે જ્યાં શ્રીનાથજી બિરાજે છે, સાત સ્વરૂપો બિરાજે છે, શ્રીવલ્લભકુળ બિરાજે છે, આપણા ઘરમાં આપણા માથે શ્રીઠાકોરજી બિરાજે છે તે સર્વ દેશ અર્થાત્ તે સર્વ સ્થાન શુદ્ધ છે.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે હે વૈષ્ણવો, તમારું ઘર તમને મમતામાં ફસાવી દેશે, માટે ઘરનો ત્યાગ કરજો. પણ ઘરનો ત્યાગ ન સંભવી શકે તો ઘરને શ્રીઠાકોરજીનાં કાર્યોમાં વાપરજો. આપણને ઘરમાં રહેવાનો ત્યારે જ અધિકાર છે, જ્યારે ઘરમાં રહીને આપણે શ્રીઠાકોરજીની સેવા કરીએ. અથવા તો શ્રીઠાકોરજી અંગેનું ભગવદ્કાર્ય કરીએ. એ ઘરમાં કેવળ લૌકિક જીવન જીવવા માટે રહેવાનો આપણને અધિકાર નથી, એટલે જ આપણા પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં ભગવદ્સેવા બિરાજવી જોઇએ અને ભગવદ્સેવાનો પ્રકાર નભવો જોઇએ.

બીજું તત્ત્વ છે કાળ. કાળ એટલે સમય. સમયની શુદ્ધિ શાનાથી થાય?

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **તે સત્સંગથી થાય.** જેટલો સમય આપણો સત્સંગમાં વીતે તેટલો સમય શુદ્ધ છે, ઉત્તમ છે એમ જાણવું. માટે પેલા બે ભગવદીયો ૨૪ મિનિટની એક ઘડી એવી બે ઘડી એટલે કે ૪૮ મિનિટ વાવના પગથિયા પર બેસીને સત્સંગ કરતા હતા. એમણે લખ્યું કે બે ઘડી જીવ્યા! જિંદગીનું માપ ભૌતિક વર્ષોમાં ન કાઢશો, જિંદગીનું માપ સત્સંગનાં વર્ષોમાં કાઢજો.

સત્સંગનું ફળ અલભ્ય છે. શ્રીગુસાંઇજીના એક સેવક એક નાનકડા ગામડામાં રહે, જ્યાં સત્સંગ નહોતો. ઠાકોરજીની સેવા પહોંચી રોજ રાતે પાસેના મોટા ગામમાં સત્સંગ માટે જાય. એક વખત ચોમાસાની મેઘલી રાતે અંધારામાં રસ્તો ચૂકી ગયા. બીજે રસ્તે ચઢયા. ત્યાં તળાવને કિનારે એક બ્રહ્મરાક્ષસ સામે આવીને ઊભો. એ કહેઃ તમને ખાઇ જાઉં. વૈષ્ણવે કહ્યું : ભલે, તારા શરીરની ભૂખ મારા શરીરથી ભાગતી હોય તો મને આનંદ થશે. પણ મને આજની રાત ભગવદ્વાર્તા-સત્સંગનો આનંદ લઇ આવવા દે. આજે એકાદશીની રાત છે. બ્રહ્મરાક્ષસ માની ગયો. વૈષ્ણવ જરા પણ ચિંતાતૂર બન્યા વિના, સ્વસ્થ ચિત્તથી, આનંદથી આખી રાત ભગવદ્વાર્તાનો લાભ લે છે. સવારે એ માર્ગે પાછા આવી, બ્રહ્મરાક્ષસને બોલાવીને કહે છે : મને ખાઇ જા બ્રહ્મરમક્ષસ કહે છે : મારે હવે તમને ખાવા નથી, તમે ભગવદીય છો. માટે મારો ઉદ્ધાર થાય એટલા માટે ગઇકાલની રાતે તમે જે સત્સંગ કર્યો છે તેનું ફળ મને આપી દો. વૈષ્ણવ કહે છે : એ ફળ દૂર્લભ છે. એ તને નહીં અપાય. બહુ ખેંચતાણ ચાલે છે. છેવટે બ્રહ્મરાક્ષસ એમ કહે છે : ભલે, ત્યાં કીર્તન વખતે હાથની તાળી પાડીને તમે ઘણા તાલ આપ્યા હશે, તેમાંથી એક જ તાલનું ફળ મને આપો. પ્રભુની પ્રેરણા થવાથી વૈષ્ણવે એક જ તાલનું ફળ આપ્યું અને એ બ્રહ્મરાક્ષસની યોનિ છૂટી ગઇ, એનો તત્કાલ મોક્ષ થઇ ગયો.

પ્રિય વૈષ્ણવો, જો સત્સંગમાં પ્રેમથી, એકચિત્તથી થયેલાં કીર્તનના એક તાલનું આવું અલભ્ય ફળ હોય, તો આખાયે સત્સંગનું ફળ કેવું હોય! માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **સત્સંગમાં જે સમય વીતે ઉત્તમ સમય જાણવો.**

ત્રીજું તત્ત્વ છે દ્રવ્ય. પ્રભુએ આપણને જે દ્રવ્ય આપ્યું છે તેના આપણે ટ્રસ્ટી છીએ, માલિક નથી. આ વાત આપણે વિગતવાર સમજી ચૂક્યા છીએ. **જે દ્રવ્ય પ્રભુના ઉપયોગમાં આવે તે દૈવી દ્રવ્ય. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં વપરાય તે ઉત્તમ દ્રવ્ય.** પોતાના મોજશોખમાં ખર્ચાય તે કનિષ્ઠ દ્રવ્ય, હીન દ્રવ્ય કે આસુરી દ્રવ્ય. આપણે પ્રભુએ આપેલું દ્રવ્ય કયાં વાપરવું અને કયાં ન વાપરવું, તેનો વિવેક શીખવા જેવો

છે. પોતાની જાત માટે મોજશોખમાં ન વાપરતાં પ્રભુના સુખ માટે, પ્રભુને લાડ લડાવવામાં તે દ્રવ્યનો વિનિયોગ કરીએ તો તે દ્રવ્ય ઉત્તમ એમ જાણવું.

ચોથું તત્ત્વ છે કર્તા. બધું ઉત્તમ હોય, પણ જે કંઇ કર્મ કરવાનું છે તે કરનારનું હૃદય જો શુદ્ધ ન હોય, તેની બુદ્ધિ સ્થિર-શુદ્ધ ન હોય તોપણ કર્મનું ફળ મળતું નથી. સેવા કરનાર કર્તા એટલે આપણે, વૈષ્ણવો. આપણાં મન, બુદ્ધિ, હૃદય ક્યારે ઉત્તમ કહેવાય? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે: **એ બુદ્ધિમાં અભિમાન ન હોય, કર્તાપણાનો અહંકાર ન હોય તો માનવું કે કર્તા ઉત્તમ છે.** એનાં મન, બુદ્ધિ, હૃદય ઉત્તમ છે. સેવામાં જો અભિમાન આવ્યું કે મારા જેવી સેવા બીજું કોઇ કરતું નથી, તો પ્રભુ અપ્રસન્ન થાય છે, એ સેવાને અંગીકાર કરતા નથી.

દામોદરદાસજી સંભરવાળાનો પ્રસંગ છે. એક વખત રાજભોગ ધરીને દામોદરદાસજી એમના સેવ્ય શ્રીદ્વારકાધીશ પ્રભુનાં શૈયાજી સમારવા ગયા. જોયું તો શૈયાજીમાં બિલાડીએ બગાડ કર્યો છે. દામોદરદાસજીના મનમાં એવો એક દુર્ભાવ પ્રકટ્યો કે પ્રભુ પોતાની શય્યા પણ બિલાડીથી બચાવી શકતા નથી? આવા મહાન ભગવદીયની બુદ્ધિ પણ, અભિમાનથી બગડી. પ્રભુ રાજભોગ આરોગતાં અપ્રસન્ન થઇ, લાત મારીને સામગ્રીનો થાળ ફેંકી દે છે. દામોદરદાસજી ત્યાં દોડી જાય છે, વિનંતી કરે છે. મહારાજ! મારો શો અપરાધ થયો? પ્રભુ કહે છે : દામોદરદાસ, આજે નક્કી કરી લઇએ કે આપણા બેમાં સ્વામી કોણ અને સેવક કોણ? જો મારી શૈયા મારે પોતે સાચવવાની હોય, તો તારી જરૂર શી છે? તું સેવક છે કે હું ? દામોદરદાસજી હાથ જોડીને કહે છે : પ્રભુ! મારી ભૂલ થઇ. સેવક તો હું છું. શૈયા સાચવવાનું કામ મારું છે, આપનું નથી.

આમ, કર્તા પણ શુદ્ધ અને ઉત્તમ હોવો જરૂરી છે. જ્યાં સુધી હૃદયમાં અભિમાન છે, અહંતા અને મમતા છે, ત્યાં સુધી ચિત્ત કદી પ્રભુમાં લાગતું નથી. માટે સેવા કરનારના હૃદયમાં દીનતા હોવી ખૂબ આવશ્યક છે.

પાંચમું તત્ત્વ છે મંત્ર. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **આપણા માટે શ્રીમહાપ્રભુજીએ આપેલો શ્રીઅષ્ટાક્ષર મહામંત્ર ઉત્તમમાં ઉત્તમ છે.** બીજા મંત્રો શુદ્ધ અવસ્થામાં, અનુષ્ઠાનપૂર્વક બોલવા જોઇએ, જ્યારે શ્રીઅષ્ટાક્ષર મહામંત્રનું રટણ અને સ્મરણ જીવ કોઇ પણ સ્થળે, કોઇ પણ સમયે, કોઇ પણ સ્થિતિમાં કરી શકે છે. તે બોલતાં બોલતાં પણ માનો કે આવશ્યક વાત કરવી પડે તો તે કરીને પાછું તરત તે મંત્રનું રટણ શરૂ કરી શકાય છે. એમાં ભૂલી જવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

એટલું જ નહીં, એ જપવામાં જેમ સરળ છે તેમ તેનું અલૌકિક સ્વરૂપ પણ ઉત્તમ છે. જેને શ્રીઅષ્ટાક્ષર મહામંત્ર સિદ્ધ થાય તેના લૌકિક-અલૌકિક સર્વ મનોરથ આપોઆપ સિદ્ધ થાય છે. આવી અદ્‌ભુત શક્તિ આ મહામંત્રમાં છે. માટે તેને સર્વોપરી જાણવો. તેનું ચિંતન કરતાં કરતાં પ્રભુ શ્રીકૃષ્ણના અનેક ગુણ, એમની અનેક લીલાઓ વગેરેનું પણ ચિંતન કરવું.

છઠ્ઠું તત્ત્વ છે કર્મ. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને બીજું કોઇ વૈદિક કર્મ ફળ આપનારું નથી, **તેમને માટે ફલાત્મક કર્મ છે સેવા.** સેવાથી ચઢિયાતું બીજું કોઇ કર્મ હોઇ શકે નહીં, એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. આ જ વાત જગન્નાથપુરીના રાજાએ પંડિતસભામાં પૂછેલી : સૌથી મોટા દેવ કયા? સૌથી મોટો મંત્ર કયો? સૌથી મોટું શાસ્ત્ર કયું? અને સૌથી મોટું કર્મ કયું? ત્યારે સાક્ષાત્ ભગવાન જગન્નાથજીએ આજ્ઞા કરી કે મુખ્ય દેવ ભગવાન શ્રીકૃષ્ણ છે, મુખ્ય મંત્ર ભગવાન શ્રીકૃષ્ણનું નામ છે, મુખ્ય શાસ્ત્ર ભગવાન શ્રીકૃષ્ણે કહેલી ગીતા છે અને મુખ્ય કર્મ ભગવાન શ્રીકૃષ્ણની સેવા છે. મારી આ આજ્ઞામાં જેને શ્રદ્ધા નથી, તે તેના પિતાનો પુત્ર નથી એમ માનવું.

શ્રીહરિરાયચરણ પણ અહીં આ છ તત્ત્વોનો નિર્દેશ કર્યા પછી આજ્ઞા કરે છે : આ છયે તત્ત્વને સિદ્ધ કરવા માટે સત્સંગ અતિ આવશ્યક છે. સત્સંગની પ્રાપ્તિ માટે જ્યાં ભગવદ્ મંદિર આદિ હોય, જ્યાં ભગવદીયો વસતા હોય તેમની સમીપે અથવા તેમનાથી થોડેક દૂર જે રીતે આપણો ભગવદ્‌ભાવ સચવાય તે રીતે રહીને સત્સંગ માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

શ્રીહરિરાયચરણ પૂછે છે : ચિત્ત જ્યાં સુધી દોષિત હોય, ચિત્ત જ્યાં સુધી લૌકિક વિચારોમાં રમમાણ હોય ત્યાં સુધી સેવામાં ચિત્તનું પ્રવણ કેવી રીતે થાય? ચિત્તના પ્રવણ વિનાની કેવળ ક્રિયાત્મક સેવા, સાચી સેવા શી રીતે કહેવાય?

જેથી શ્રીહરિરાયચરણ હવે આપણને છેલ્લા બે શ્લોકમાં આવતા વર્ષ માટેનું હોમવર્ક (ગૃહકાર્ય) આપે છે, કે હે વૈષ્ણવો, તમે ત્રીસમા શિક્ષાપત્ર સુધી શ્રવણ-મનન કર્યું તેનો વિચાર કરજો, તેનું ચિંતન કરજો. પણ તમે એકલા બેસીને વિચાર કરવાનો પ્રયત્ન ન કરતા, કારણ કે એકલા બેસશો તો મન બીજી અનેક બાબતોમાં વળી જશે. જે કંઇ આ સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે, તેનું તમે બરાબર મનન-ચિંતન કરજો. મેં જે કંઇ કહ્યું છે તેનો બુદ્ધિપૂર્વક વિચાર કરજો, ખાલી માથું હલાવશો નહીં, તેને હૃદયમાં ઉતારવાનું છે. હૃદયમાં ત્યારે જ ઉતરે, જ્યારે બુદ્ધિમાં બેસી જાય. માટે બુદ્ધિપૂર્વક વિચાર કરી, હૃદયમાં તેનું સ્થાપન કરજો અને પોતાના ભાવનું અને બુદ્ધિનું

સંરક્ષણ કરવા ભગવદીયોની સાથે મળીને ચિંતન કરજો.

ટીકામાં શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે : વૈષ્ણવોની સાથે બેસીને વિચાર કરવો. ત્યારબાદ એકાંતમાં બેસીને આપણી સ્થિર અને સુંદર બનેલી બુદ્ધિથી ફરી ફરીને વિચાર કરવો. સેવા અને દર્શનના સમયમાં સેવા અને દર્શન કરવાં. અનોસરના સમયમાં ભગવદીયો સાથે મળી વિપ્રયોગ સંબંધી લીલાનો વિચાર કરવો. આ રીતે વૈષ્ણવોએ રહેવું, તો તેમનું સર્વ કાર્ય સિદ્ધ થશે.

આમ, શ્રીહરિરાયચરણ ત્રીસમા શિક્ષાપત્ર દ્વારા આપણને એ જ આજ્ઞા ફરી કરે છે કે તમારું હોમવર્ક પાકું કરવા તમે ભગવદીયો સાથેનો સત્સંગ છોડશો નહીં. આ જૈ નૈમિત્તિક ભગવદ્વાર્તાનો કાર્યક્રમ આપની કૃપાથી આજે પરિપૂર્ણ થઈ રહ્યો છે, તેને તમારા ઘર સુધી લંબાવીને લઈ જજો અને રોજ રાત્રે અથવા અનુકૂળ સમયે, ઘરનાં સૌ વૈષ્ણવોની સાથે મળીને ભગવદ્વાર્તાનો ક્રમ સમજપૂર્વક, આદરપૂર્વક અને પ્રયત્નપૂર્વક ચાલુ રાખજો.

॥ ઈતિ શ્રીહરિરાયજીવિરચિતં ત્રિશત્તમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્ ॥

શિક્ષાપત્ર ત્રીસમાનો સાંરાશ

શ્લોક સંખ્યા : ૧૪
વિષય : બુદ્ધિની રક્ષાનો ઉપાય,

- કલિકાળ બધી રીતે કરાળ છે, તેથી બુદ્ધિ બહિર્મુખ થાય છે.
- જગતની બધી જવાબદારીઓ વહન કરવા છતાં જગતને ભૂલી જવું અને હમેશાં પ્રભુનું સ્મરણ કરવું.
- પ્રભુમાં સ્નેહ હશે તો જ પ્રભુનું સારી રીતે સ્મરણ થશે.
- જગતને ભૂલી જવા માટે શ્રીઠાકોરજીની સેવા - સ્વરૂપ ભાવના, ભાવ-ભાવના અને લીલા-ભાવના વિચારીને કરવી.
- દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મની શુદ્ધિ માટે સાવધાન રહેવું.
- અભિમાનથી બુદ્ધિ બગડે છે, માટે દીનતા રાખવી.
- સત્સંગ માટે આગ્રહ રાખવો.

●

'શિક્ષાપત્ર'નું આચમન

પુષ્ટિમાર્ગમાં 'શિક્ષાપત્ર'નું આગવું મહત્ત્વ છે. શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયેલા શ્રીહરિરાયજી રચિત 'શિક્ષાપત્ર' પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પુષ્ટિ ભક્તિનો સદાચાર શીખવતો ગ્રંથ છે. શ્રીહરિરાયજીએ તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીને ઉદ્દેશીને સંસ્કૃતમાં લખેલા ૪૧ શિખામણના પત્રો આ ગ્રંથમાં હોવાથી, તેને 'શિક્ષાપત્ર' કહેવામાં આવે છે. તેના ઉપર શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં ટીકા લખી છે.

શ્રીહરિરાયજીના સમયથી જ વૈષ્ણવોની ભગવદ્‌મંડળીમાં ગામેગામ આ ગ્રંથનું નિત્ય વાચન થતું આવ્યું છે. તેના વાચન-શ્રવણ-મનન દ્વારા વૈષ્ણવ સમાજ પુષ્ટિભક્તિમય જીવન જીવતો રહ્યો છે. વૈષ્ણવી જીવન જીવવાનો રાજમાર્ગ આ ગ્રંથમાં બતાવવામાં આવ્યો છે.

આજના સમયમાં પણ આ ગ્રંથની ઉપયોગિતા ભૂતકાળ કરતાં ઘણી વધારે છે. સમયની ખેંચ, મનની અશાંતિ, કામધંધાનું ટેન્શન અનુભવતા આજના વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી આદિના ઘણા ગ્રંથો વાંચવા-સમજવા સમય અને શાંતિ નથી, ત્યારે આ 'શિક્ષાપત્ર' ગ્રંથ સમગ્ર પુષ્ટિમાર્ગીય સાહિત્ય અને સિદ્ધાંતોના સારરૂપ છે. તે આત્માસાત્ થાય તો કશું સમજવાનું બાકી રહે નહીં.

મહાત્મા ગાંધીજી જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ ગણતા હતા, તે શ્રીરાજચંદ્રે પોતાના શિષ્યોને સલાહ આપી હતી કે જીવનનો વિકાસ કરવા તમારે એક જ પુસ્તક વાંચવું હોય, તો શ્રીહરિરાયજીનું 'શિક્ષાપત્ર' વાંચજો. અન્ય ધર્મોપદેશકની આ સલાહ 'શિક્ષાપત્ર'નું મહત્વ કેટલું મોટું છે, તે બતાવે છે.

આ 'શિક્ષાપત્ર' આપણે નિત્ય વાંચીએ, વિચારીએ, જીવીએ.

- પ્રા. રમેશભાઈ વિ. પરીખ